BAOU Education for All

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

# ES-134

# વિશિષ્ટ શિક્ષણ

# (સ્પે. એજ્યુકેશન)

વિભાગ

# 1

## વિશિષ્ટ બાળક


એકમ-1 વિશિષ્ટ જરૂરિયાતવાળા બાળકોની સંકલ્પના

એકમ-2 વિશિષ્ટ બાળકોના પ્રકાર

એકમ-3 વિશિષ્ટ બાળકોની શૈક્ષણિક જોગવાઈ

**ES-134, વિશિષ્ટ શિક્ષણ(સ્પે. એજ્યુકેશન) (વિભાગ-1)**


| **લેખક** | |
|---|---|
| **ડૉ. દિવ્યા શર્મા** | આઈ. આઈ. ટી. ઈ. ગાંધીનગર |
| **પરામર્શક (વિષય)** | |
| **ડૉ. રામજીભાઈ એન. પટેલ** | એમ. એડ્. કૉલેજ, વડું |
| **પરામર્શક (ભાષા)** | |
| **ડૉ. સોનલ પટેલ** | ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ. |
| **સંપાદન અને સંયોજન** | |
| **પ્રો. (ડૉ.) અજીતસિંહ પી. રાણા** | નિયામકશ્રી (શિક્ષણશાસ્ત્ર)<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી.<br>અમદાવાદ. |
| **સંયોજન સહાય** | |
| **ડૉ. મીના આઈ. રાજપૂત** | ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી.<br>અમદાવાદ. |



**પ્રકાશક :** કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ-382481

**આવૃત્તિ :** પ્રથમ આવૃત્તિ-2020, **નકલ :** 1200
દ્વિતીય આવૃત્તિ-2021, **નકલ :** 1200

**ISBN : 978-93-5598-190-5**



Copyright © Registrar, Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad.
December 2020

While all efforts have been made by editors to check accuracy of the content, the representation of facts, principles, descriptions and methods are that of the respective module writers. Views expressed in the publication are that of the authors, and do not necessarily reflect the views of Dr. Babasaheb Ambedkar Open University. All products and services mentioned are owned by their respective copyrights holders, and mere presentation in the publication does not mean endorsement by Dr. Babasaheb Ambedkar Open University. Every effort has been made to acknowledge and attribute all sources of information used in preparation of this Self Learning Material. Readers are requested to kindly notify missing attribution, if any.

## ES-134 વિશિષ્ટ શિક્ષણ (સ્પે. એજ્યુકેશન)

**વિભાગ-1 : વિશિષ્ટ બાળક**

1. વિશિષ્ટ જરૂરિયાતવાળા બાળકોની સંકલ્પના
2. વિશિષ્ટ બાળકોના પ્રકાર
3. વિશિષ્ટ બાળકોની શૈક્ષણિક જોગવાઈ

**વિભાગ-2 : વિકલાંગતા ધરાવતા બાળકોનું શિક્ષણ**

4. વિશિષ્ટ શિક્ષણ
5. વિશિષ્ટ શિક્ષણનો વિકાસ
6. સંમિલિત શિક્ષણ

**વિભાગ-3 : શારીરિક ક્ષતિ ધરાવતા બાળકો**

7. શારીરિક વિશિષ્ટ બાળકો
8. બધિર બાળકો
9. અસ્થિવિષયક બાળકો
10. મંદબુદ્ધિ ધરાવતા બાળકો
11. અંધ બાળકો

**વિભાગ-4 : વિશિષ્ટ બાળકોનું અધ્યયન**

12. અધ્યયન વિશિષ્ટ બાળકો
13. ડિસ્લેક્સિક બાળકો
14. ડાયસગ્રાફિયા બાળકો
15. પ્રતિભાશાળી બાળકો

## દૂરવર્તી અધ્યયનમાં સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રીની ભૂમિકા

દૂરવર્તી શિક્ષણ પ્રણાલીમાં અસરકારક સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રી અનિવાર્ય છે. આ અભ્યાસ-સામગ્રીના લેખકો, અધ્યાપકો અને વિદ્યાર્થીઓ એકબીજાથી ઘણાં દૂર અને ક્યારેક તો ક્યારેય ન મળી શકે તેવી સ્થિતિમાં હોવાથી આવી અધ્યયન સામગ્રી સુગમ અને અસરકારક હોવી જરૂરી છે. દૂરવર્તી શિક્ષણ માટેની અભ્યાસ-સામગ્રીમાં વિદ્યાર્થીના બૌદ્ધિક ચિંતનને ઉદ્દીપ્ત કરવાની ક્ષમતા તથા આવશ્યક તમામ અધ્યયન પ્રવૃત્તિઓ હોવી જોઈએ. આ સામગ્રી પાઠ્યક્રમના સામાન્ય અને વિશિષ્ટ હેતુઓના અનુસંધાને વિદ્યાર્થીને પર્યાપ્ત માર્ગદર્શન આપવા સક્ષમ હોવી જોઈએ. સ્વ-અધ્યયન સામગ્રીમાં અભ્યાસક્રમમાં સૂચિત તમામ બાબતોનો સમાવેશ થાય તે જરૂરી છે.

અસરકારક અધ્યયન સિદ્ધ કરવા માટે અનેક પ્રકારના આયોજનનો ઉપયોગ કરવામાં આવે છે; જેનાથી વિદ્યાર્થી જ્ઞાનોપાર્જન કરી શકે. બૌદ્ધિક અને મનોશારીરિક કૌશલ્યો કેળવી શકે અને વર્તન તથા અભિગમમાં આવશ્યક પરિવર્તનો સાધી શકે. આથી જ વિદ્યાર્થીનું મૂલ્યાંકન પણ પાઠ્યસામગ્રીમાં આવરી લેવામાં આવ્યું છે.

દૂરવર્તી શિક્ષણની સ્વ-અધ્યયન અભ્યાસ સામગ્રીમાં ઉપયોગમાં લેવામાં આવેલી શૈક્ષણિક પ્રવૃત્તિઓનું સ્વરૂપ તે શિક્ષણના જ્ઞાનાત્મક, ભાવાત્મક કે મનોશારીરિક હેતુમાંથી કયા હેતુને સંલગ્ન છે ? તેના પર આધારિત છે. આ હેતુઓ ભવિષ્યમાં અનુક્રમે જ્ઞાન, બૌદ્ધિક કૌશલ્યો અને મનોશારીરિક કૌશલ્યોની ઉપલબ્ધિમાં પરિણમે છે. વિદ્યાર્થીએ મેળવેલ જ્ઞાનની પ્રાપ્તિ, ઉપયોગ અને અભિવ્યક્તિ કરવા માટે પ્રોત્સાહિત કરી શકાય. વિદ્યાર્થીઓના પૂર્વજ્ઞાનનો અને અનુભવોનો આધાર લઈને રચવામાં આવેલ શિક્ષણ સામગ્રી દ્વારા બૌદ્ધિક કૌશલ્યના હેતુને સિદ્ધ કરી શકાય છે અને તેના દ્વારા નવીન જ્ઞાન પ્રાપ્તિનો માર્ગ પ્રશસ્ત થાય છે.

અભ્યાસ-સામગ્રીમાં સ્વાધ્યાય પ્રોજેક્ટ અને પ્રતિપૃષ્ટિ(Feedback)ના સ્વરૂપે અભ્યાસનું આયોજન જરૂરી છે. શારીરિક કૌશલ્ય સંબંધિત શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં ચિત્રાત્મક રજૂઆત હોવી જોઈએ અને ત્યારબાદ ઉચિત અભ્યાસનું આયોજન હોવું જોઈએ. વર્તન અને અભિગમમાં પરિવર્તન માટે આયોજિત શિક્ષણ પ્રવૃત્તિઓ રસ જન્માવે તેવી તથા આ પરિવર્તન દ્વારા થતાં લાભ અને તેની જરૂરિયાતને પ્રતિબિંબિત કરે તેવી હોવી જોઈએ. ત્યાર પછી નવાં અભિગમોને અપનાવવાની અને તે સંબંધિત પ્રક્રિયાના યોગ્ય અભ્યાસનું ઉચિત આલેખન થવું જોઈએ.

**દૂરવર્તી શિક્ષણની ભૂમિકા.**

પ્રત્યક્ષ અધ્યાપનમાં જોવા મળતી પ્રત્યાયનની વિશેષતાઓ; જેવી કે અંતરાલાપ, પૂર્વઅભિસંધાન, યોગ્ય સ્થાને વિરામ, આરોહ-અવરોહ, ભાવ-ભંગીમાં, સ્વરભાર વગેરે દૂરવર્તી અધ્યયનમાં ઉપલબ્ધ નથી. આ ઉણપ વિશેષતઃ મુદ્રિત સાહિત્યમાં (લેખિત સાહિત્યમાં) જોવા મળે છે. વિદ્યાર્થી અને શિક્ષક વચ્ચેના વ્યવહારની આ ખૂટતી કડીને જોડવા માટે જ દૂરવર્તી સ્વ-અધ્યયન સામગ્રીમાં શૈક્ષણિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. માટે જ આવી પ્રવૃત્તિઓનું આયોજન વૈકલ્પિક નહીં; પરંતુ અનિવાર્ય છે.

સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રીને નાના એકમોમાં વિભાજિત કરીને શિક્ષણના ઉત્તમ સાધન તરીકે વિકસાવવાની સંકલ્પના છે. શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં વૈવિધ્ય દ્વારા શિક્ષણના વિવિધ ક્ષેત્રના હેતુઓ સિદ્ધ થાય તેવો પ્રયત્ન કરવાનો છે.

દૂરવર્તી શિક્ષણની સ્વ-અધ્યયન સામગ્રીનું આયોજન પૂર્વનિશ્ચિત શૈક્ષણિક નીપજને ધ્યાનમાં લઈને કરવાનું હોવાથી તેના હેતુઓ અને ધ્યેયો નિશ્ચિત હોય છે. વળી અધ્યેતાઓ દૂરસ્થ હોવાથી આ સામગ્રી દ્વારા તેઓ નિશ્ચિત અધ્યયન પ્રવૃત્તિઓમાં સંલગ્ન રહે તેવું આયોજન કરવામાં આવે છે. જેથી અધ્યેતાઓ સંબંધિત સંકલ્પનાઓને બરાબર સમજી શકે. સ્વ-અધ્યયન સામગ્રીમાં સાથે સંકળાયેલ સ્વાધ્યાયો, પ્રાયોગિક કાર્યો, પ્રવૃત્તિઓ અને પ્રકલ્પોનો પણ આ જ હેતુ છે. આ સામગ્રી માટે ઉચિત શૈક્ષણિક પ્રવૃત્તિઓની ઉદાહરણરૂપ સૂચિ ઘણી મોટી હોઈ શકે. આ સંદર્ભે શૈક્ષણિક પ્રવૃત્તિઓ વિદ્યાર્થીને અભિપ્રેરિત કરે છે, માર્ગદર્શન આપે છે અને વિદ્યાર્થીની પ્રગતિ અને પ્રદર્શનનું સતત માપન-મૂલ્યાંકન પણ કરે છે.

# એકમ 1 વિશિષ્ટ જરૂરિયાતવાળા બાળકોની સંકલ્પના

## : રૂપરેખા :


1.1 પ્રસ્તાવના

1.2 ઉદ્દેશો

1.3 વિશિષ્ટ બાળક એટલે શું?

1.3.1 વ્યાખ્યા, સંકલ્પના, સ્વરૂપ

1.3.2 વિશિષ્ટ બાળકોની વિશેષતાઓ

1.3.3 વિશિષ્ટ બાળકોની જરૂરિયાતો

1.3.4 વિશિષ્ટ બાળકો અને સામાન્ય બાળકો

1.3.5 વિશિષ્ટ બાળકો પ્રત્યંનું વલણ

1.4 સારાંશ

1.5 તમારી પ્રગતિ ચકાસો

1.6 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો


## 1.1 પ્રસ્તાવના

સામાન્ય રીતે આપણે શાળાઓમાં આવતાં જ બાળકોને તેમની કક્ષાનુસાર શિક્ષણ આપવાનો પ્રબંધ કરીએ છીએ. પંરતુ શિક્ષણ લેવા આવતાં બાળકોમાં વૈયક્તિક તફાવતો હોય છે. એક જ વર્ગખંડમાં અભ્યાસ કરતાં બાળકોની માનસિક કક્ષા જુદી જુદી હોય છે. બાળકો માનસિક કક્ષા,રસ-રૂચિ કે વલણો અને અભિયોગ્યતાઓના સંઘર્ષમાં વૈયકિતક તફાવતો ધરાવે છે. કેટલાંક બાળકોમાં શકિત વધારે હોય છે. તો કેટલાંક બાળકોમાં ઓછી શકિતઓ હોય છે. આથી કેટલાંક બાળકો સામાન્ય કક્ષાના જોવા મળે છે અને કેટલાંક નિમ્ન કક્ષાના જોવા મળે છે.વર્ગખંડમાં આપણે જે શિક્ષણ આપીએ છીએ તે સર્વ સામાન્ય બાળકો માટેનું સર્વ સામાન્ય શિક્ષણ હોય છે. પરંતુ જે બાળકો સામાન્ય બુધ્ધિકક્ષા ધરાવતાં નથી જે બાળકો માનસિક કે બૌધ્ધિક રીતે પછાત હોય છે તેમને માટે સામાન્ય બાળકોને માટે અપાતું શિક્ષણ આપવું હિતાવહ નથી. જે બાળકો વર્ગના અન્ય બાળકો જેવા સામાન્ય હોતાં નથી, પરંતુ તેમનામાં શારીરિક માનસિક રીતે કંઇક વિશિષ્ટતા હોય છે તેવાં બાળકોને વિશિષ્ટ બાળક કહેવામાં આવે છે.

## 1.2 ઉદ્દેશો

આ એકમ પછી વિદ્યાર્થીયો.

1) વિશિષ્ટ બાળકની વ્યાખ્યા, સંકલ્પના અને સ્વરૂપ જાણી શકશે

2) વિશિષ્ટ બાળકોની વિશેષતાઓ જાણી શકશે.

3) વિશિષ્ટ બાળકોની અને સામાન્ય બાળકો વચ્ચે તફાવત જાણી શકશે.

4) વિશિષ્ટ બાળકોની પ્રત્યેનું વલણ જાણી શકશે.

## 1.3 વિશિષ્ટ બાળક એટલે શું ?

**વ્યાખ્યા,સંકલ્પના અને સ્વરૂપ**

**વિશિષ્ટ બાળકનો અર્થ :**

વિશિષ્ટ બાળકોના શિક્ષણની આજે સમાજમાં ખૂબજ આવશ્યકતા છે, કારણકે સમાજમાં વિશિષ્ટ બાળકો વધારે સંખ્યામાં જોવા મળે છે.

**વિશિષ્ટ બાળકની વ્યાખ્યાઃ**

સૃષ્ટિ ઉદ્‌ગમકાળથી આજ સુધી એ જ વિશિષ્ટતા જોવા મળે છે. કે કોઇપણ પ્રાણી એક સરખા નથી હોતાં.કોઇ એક સરખો વ્યવહાર કરતાં નથી કે નહીં તેમની બુધ્ધિ સરખી હોતી.

બાળવિકાસના અનુસાર બાળકના બે પ્રકારો માનવામાં આવે છે.

1. સામાન્ય બાળક

2. વિશિષ્ટ  બાળક

મનોવૈજ્ઞાનિકોએ જોયું કે બાળકો કયારેય સમાન કે એક સરખા નથી હોતાં. ત્યાં સુધી કે જુડવા (જોડવા) બાળકો પણ એકબીજાથી ભિન્ન હોય છે. આથી આ નિષ્કર્ષ પર આવ્યા કે વધારેમાં વધારે વિદ્યાર્થીઓનો સમૂહ સામાન્યથી ભિન્ન કે અલગ હોય છે.

આથી કહેવાય છે કે,

''વિશિષ્ટ બાળક એ છે કે બીજા બાળકોથી શારીરિક,માનસિક,સંવેગાત્મક કે સામાજિક ગુણોમાં સામાન્ય છે,ભિન્ન છે.''

(An excetional child is he who os different from those children who are average in physical,mental,emotional and social characteristics)

ક્રો અને ક્રોના મતાનુસાર

"વિશિષ્ટ પ્રકાર અથવા વિશિષ્ટ શબ્દ કોઇ એક એવુ લક્ષણ અથવા એ લક્ષણ ધરાવતી વ્યકિત પર લાગુ કરવામાં આવે છે, જયારે લક્ષણને સામાન્યરૂપમાં રાખવાથી પ્રત્યેયની સીમા એટલી વધારે હોય છે,કે જેના કારણે વ્યકિત પોતાના સાથીઓનું વિશિષ્ટ ધ્યાન આકર્ષિત કરે છે, (પ્રાપ્ત કરે છે) અને વ્યવહાર તેના કારણે તેના વ્શવહારની પ્રતિક્રિયાઓ અને ક્રિયાઓ (પ્રવૃત્તિઓ) પ્રભાવિત થાય છે."

સચવાર્ટ્જ (sachwartz)ના મતાનુસાર

"જયારે આપણે કોઇને 'વિશિષ્ટ' કહીને વર્ણન કરીએ છીએ, ત્યારે આપણે તે વ્યક્તિને લોકો 'સામાન્ય' હોય  અને જેને આપણે એક એકથી વધારે લક્ષણોના સંબંધમાં જાણતા હોઇએ."

1) શારીરિક વિકલાંગતા ધરાવતાં બાળકો એટલે કે શારીરિક ખોડખાંપણ ધરાવતાં બાળકોની જેમ કે હાથ પગની ખોડવાળા અને મૂક અંધ

2) સામાન્ય માનસિક કક્ષા કરતાં ચઢિયાતાં કે ઉતરતી કક્ષાનાં બાળકો જેમ કે અતિ તેજસ્વી અને મેધાવી બાળકો કે માનસિક કે બૌધ્ધિક રીતે પછાત બાળકો.

### 1.3.1 વિશિષ્ટ બાળકની સંકલ્પના

WHO એ ઇ.સ. 1980 માં ઇન્ટરનેશનલ કલાસિફિકેન ઓફ ઇમ્પેરમેન્ટના પ્રકાશન દ્વારા આ ત્રણ શબ્દોની વ્યાખ્યા બાંધી છે.I.C.I.D.H.એ રોગોના પરિણામો સાથે સંબંધિત વર્ગીકરણનું મેન્યુઅલ છે.I.C.I.D.H.ઇમ્પેરમેન્ટ વગેરે ત્રણેયના ખ્યાલ અને વ્યાખ્યાઓ દર્શાવેલ છે અને એમની વચ્ચેનો સંબંધ ચર્ચે છે. એ રોગ હાનિ અને વિકલાંગતાથી માંડીને હેન્ડીકેપ સુધીનો વિકાસ સૂચવતા લિનિયર મૉડેલ (આકૃતિ-1) પર આધારિત છે.

Disease-Impairment → Disability → Handicap

**આકૃતિ -1 : I.C.I.D.H. મૉડેલ  (WHO-1980)**

**ઇમ્પેરમેન્ટની વ્યાખ્યા :** મુજબ ઇમ્પેરમેન્ટ એટલે સામાન્ય રીતે અવયવના લેવલે લેવાયેલ મનોવૈજ્ઞાનિક, શારીરિક અને એનોટોમિકલ સ્ટ્રકચર અથવા કાર્ય બાબતની કોઇપણ હાનિ અથવા અસ્વાભાવિકતા.

ઇમ્પેરમેન્ટ એ રોગ કે ટ્રોમાને કારણે શરીરના ટીસ્યુને થયેલ નુકસાન ગણાય જે માણસને રેટીના કે ઓપ્ટીક નર્વને નુકસાન થતું હોય તેને કારણે નબળી દૃષ્ટિની હાનિ કહી શકાય.

**ડિસેબલીટીની વ્યાખ્યાઃ** સામાન્ય રીતે વ્યકિતગત કક્ષાએ સ્વાભાવિક ગણી શકાય એવી કોઇપણ પ્રવૃત્તિ કરવા માટે આડખીલીરૂપ બંધન કે સામર્થ્યનો અભાવ (જે ઇમ્પેરમેન્ટને કારણે થયો હોય) એને ડિસેબલીટી 'વિકલાંગતા' કહેવાય.

ડિસેબલીટી એટલે કોઇપણ કાર્ય કરવા માટે વ્યકિતને અનુભવવી પડતી મુશ્કેલી / સમસ્યા ના પરિણામો. જે માણસને ઓપ્ટીક નર્વ કે રેટીનાને નુકસાન પહોંચાડયું હોય તેને આંખનો ઉપયોગ જેને માટે જરૂરી છે તેવાં કાર્ય કરવામાં બંધન કે મર્યાદા હોય છે.

**હેન્ડીકેપની વ્યાખ્યાઃ** I.C.I.D.H. મુજબ હેન્ડીકેપ એ વ્યકિત માટે એવોં ગેરલાભ છે કે જે ઇમ્પેરમેન્ટ અને વિકલાંગતાને લીધે થાય છે અને તે સરેરાશ નોર્મલ વ્યકિત જે કામ કરી શકે તે કામને મર્યાદિત કરે કે અટકાવી દે છે.

**પરિભાષા :(શબ્દ પ્રયોગનું પૃથક્કરણ)**

હેન્ડીકેપ વ્યકિત પર કોઇ વિશિષ્ટ સંજોગોમાં મુકાયેલ ડિમાન્ડ સૂચવે છે. (ડિમાન્ડ એટલે ઘણું કરીને બંધ) કોઇ વ્યક્તિને અમુક પરિસ્થિતિમાં વિકલાંગતા જરૂરી હોય પણ હેન્ડીકેપ ન પણ હોય. દા.ત. ઓપ્ટીકલ નર્વ કે રેટીનાને થયેલ નુકસાનના કારણે Visual Impairment હોય એવી વ્યક્તિને વાંચન કરવાનું આવે ત્યારે તે વાંચન ન કરી શકે.(હેન્ડીકેપ અનુભવે) પરંતુ તે અન્ય વિકલાંગ ન હોય એવાં લોકોની પેઠે બીજા સાથે વાતચીત કરી શકે કે સંગીત માણી શકે.

**સંકલ્પનાઓનું પૃથ્થકરણ : (Explanation)**

આપણે કેટલાંક વધારે ઉદાહરણો દ્વારા આ સંકલ્પનાઓ સમજીએ.ધારો કે કોઇ વ્યકિત રસોડામાં કામ કરતી વેળાએ હાથ પર દાઝી જાય છે. જે દાઝી જવાની ઘટના ઊંડી છે અને નુકસાન ચામડીનાં ટીશ્યુની આરપાર જઇને જ્ઞાનતંતુઓ સુધી પહોંચી ગયું છે. આ પરિસ્થિતિમાં હાથનાં કાર્ય પર તેની અસર કદાચ પડે. દાઝી જવાના કરણે જે Impairment (હાનિ) થઇ હોય તેને કારણે તે પોતાના હાથે ડિસેબીલીટી અનુભવશે એનો અર્થ એ કે તેને થયેલ નુકસાનનાં પ્રમાણમાં એ હાથથી કામ કરવામાં મુશ્કેલી – સમસ્યા ઊભી થશે. પ્રયોગ કરવાનો હોય તેવી બધી જ પ્રક્રિયા કરી શકશે. જેવી રીતે ખાવુ, વાળ ઓળાવા, લખવું વગેરે પરંતુ જેમાં બંને હાથની જરૂર પડે છે એવાં શાકભાજી સમારવા,બટન બંધ કરવા, વાહન ચલાવવું એવાં કામમાં તે હેન્ડીકેપ (અશકિત) અનુભવશે.

બીજું દષ્ટાંત લઇએ ભારતનાં કોઇ ગામડામાં રહેતી કોઇ સ્ત્રીનું ધારો કે રોજિંદા કામ દરમિયાન કોઇ અકસ્માત થતાં તેના ઘૂંટણની ઇજા પહોંચે છે.ઘરકામમાં વ્યસ્તતા ને કારણે તે ઘા પ્રત્યે બેદરકાર રહે છે. સારવારને અભાવે આ ઘાવ કરે છે. જંતુગ્રસ્ત બને છે અને ગેગ્રીંગમાં પરિણમે છે ને આના પરિણામે તેના પગને કાપી નાખવા પડે છે.(amputated) હવે તમને સ્પષ્ટ થઇ ગયું હશે કે જંતુગ્રસ્ત ઘા (impairment) પગ ગુમાવવા તરફ વિકલાંગતા તરફ દોરી ગયો છે.હવે સ્ત્રીને કૃત્રિમ અવયવો છે. જે એમને ઊભા રહેવામાં અને ચાલવામાં મદદ કરે છે.છતાં તે ગામડામાં રહે છે. તેથી તેને રસોઇ, અનાજ સાફ કરવા વગેરે કાર્યો બેઠાં બેઠાં કરવાં પડે છે. તેના અવયવો તેને જમીન પર સહેલાઇથી બેસવામાં આડા આવે છે. ભારતમાં સામાજિક, સાંસ્કૃતિ દ્રષ્ટિ એવી છે કે તેમાં સ્ત્રીને કુટુંબનાં ઉછેર પોષણનું કામ કરવાનું હોય છે અને તેથી સ્ત્રીએ ઉપર વણાવેલા કામો તેની આસપાસની ભૌતિક પરિસ્થિતિમાં ફેરફાર કે અનુકુળતા ઊભા કર્યા વગર તેને કરવાની ફરજ પડે છે. જો આ સ્ત્રી કોઇ જુદાં સમાજમાં (કે જયાં પુરૂષ પણ ઘરના કામ માટે સ્ત્રીના જેટલો જવાબદાર હોય છે.) અથવા તો શહેરમાં (કે જયાં રસોડામાં ઊભું રસોડું હોય છે.) હોત તો તે પોતાના રોજિંદા કામ માટે મુશ્કેલી વગર જ કરી શકત. પરંતુ સમાજની જે ઘરેડમાં અને જે એરિયામાં રહે છે ત્યાં તેની વિકલાંગતા તેને સ્વાભાવિક કાર્ય કરવા માટે હેન્ડીકેપ બનાવે છે.

હેન્ડીકેપ વિકલાંગતાને કારણે જન્મેલું એક બંધન મર્યાદા છે. આવી મર્યાદા અનિવાર્ય પરિણામે બને એવું હંમેશાં બનતું નથી. પણ તેને સામાજિક એને પરિસ્થિતિ મુજબ લાદી દેવામાં આવે છે. (પરિસ્થિતિ જ એવી હોય છે કે તેને કયારેક હેન્ડીકેપપણું ફરિજયાત અનુભવવું પડે છે.) વ્હીલચેરવાળો માણસ

વિકલાંગ હોય છે પણ તેને પગથિયાં કે રેમ્પવાળા ઘરમાં દાખલ થવાનું થાય ત્યારે જ તેને હેન્ડીકેપપણું અનુભવવું પડે છે.

જે બાળક અભ્યાસમાં પોતાના સહાધ્યાયોની સાથે રહી ન શકતોં તેને એક ગ્રેડમાંથી બીજા ગ્રેડમાં બઢતી મેળવવાની બાબતમાં હેન્ડીકેપપણું અંતરાય અનુભવવું પડતુ હોય એ બાબત કારણરૂપ હોઇ શકે. દષ્ટિની નબળાઇ ધરાવતાં બાળક જયારે તેની સામેની ટીમનાં સારી દષ્ટિ ધરાવતાં સાથે ક્રિકેટ રમતો હોય ત્યારે હેન્ડીકેપપણું અનુભવતો હોય તેવું બને, જો કે આવો બાળક સામાજિક વ્યવહારમાં સ્વાભાવિક રીતે કામ કરી શકતોં હોય.

આમ,જયારે વ્યકિત ઇમ્પેરમેન્ટ અને વિકલાંગતાને કારણે સમસ્યાઓનો સામનો કરતોં હોય ત્યારે એ સમસ્યાઓને હેન્ડીકેપ કહેવાય,ટેબલ-1,1 ઇમ્પેરમેન્ટ વિકલંગતા અને હેન્ડીકેપ વચ્ચેનો સંકલ્પનાત્મક (Conceptual) તફાવત દર્શાવે છે.

| **સ્થિતિ (Condition)** | **ની સાથે સંબંધિત (Concerned)** | **દર્શાવે છે (Represents)** |
|---|---|---|
| ઇમ્પેરમેન્ટ | શરીરનાં માળખા સાથે અવયવો, દેખાવ અને સિસ્ટમનું રોજિંદુ કાર્ય વગેરેની સાથે | અવયવ/ટીસ્યુ લેવલે ગડબડ (Disturbanced) |
| વિકલાંગતાઓ | કામ કરવાની બાબતો અને પ્રવૃતિઓની મર્યાદાઓ કે ખોટ | વ્યકિતગત કક્ષાાએ ડિસ્ટબન્સ (દર્શાવે છે.) |

### 1.3.2 વિશિષ્ટ બાળકની વિશેષતાઓ

આવા બાળકો સામાન્ય બાળકો કરતાં શારીરિક,માનસિક અને સામાજિક લક્ષણોમાં જુદાં પડે છે. આને લીધે તેમના શાળાકીય શિક્ષણમાં યોગ્ય પરિવર્તન લાવી તેમને સારી શૈક્ષણિક સેવાઓ પ્રદાન કરવી જોઇએ કે જેથી તેમની શકિતઓનો મહત્તમ વિકાસ સાધી શકે. અપવાદરૂપ બાળક એક એવું બાળક છે કે જેનો શારીરિક,માનસિક કે સામાજિક વિકાસ અસામાન્ય કે અનપેક્ષિત રીતે થયો હોય, આવું વિશિષ્ટ બાળક તેજસ્વી કે પછાત હોય શકે આવાં બાળકો

1) શારીરિક રીતે વિકલાંગ હોય,
2) બૌધ્ધિક રીતે પછાત હોય,
3) અતિ તેજસ્વી કે સર્જનશીલ હોય
4) મંદ ગ્રહણશકિત કે અધ્યયન શીલતા ધરાવતાં હોય
5) સામાજિક કે સાંવેગિક સંતુલન ખોઇ બેઠેલા હોય કે જેઓ બાળગુનેગારી દાદાગીરી અતડાયણું કે દિવાસ્વપ્નનો ભોગ બન્યા હોય,

મનોવિજ્ઞાનીઓ અને શિક્ષણકારો સામે આવા બાળકો પડકારરૂપ છે. તે ઇશ્વરનું સર્જન છે અને તેમને શૈક્ષણિક,સામાજિક મે વ્યાવસાયિક રીતે કોઇ અન્યાય ન થાય સમાજમાં તેઓ ગૌરપૂર્વક જીવી શકે અને સમાજમાં સામાન્ય સભ્ય તરીકે પોતાનું જીવન ગુજારી શકે તે માટે તેમની શૈક્ષણિક,વ્યાવસાયિક,સામાજિક અને સાંવેગીક સમસ્યાઓ સમજીને તેમને ઉચિત માર્ગદર્શન પુરૂ પાડતું એ આજનો યુગ ધર્મ થઇ પડે છે. શિક્ષકો અને શિક્ષણકારીઓ ઉપરોકત પ્રકારના બાળકોને મદદરૂપ થઇ શકે તે રીતે યોગ્ય માર્ગદર્શન આપીને તેમના તરફ સહાનુભૂતિ પૂર્ણ વલણ રાખીને તેમની સાથે ઉચિત વર્તાવ કરવો જોઇસ્એ.

### 1.3.3 વિશિષ્ટ બાળકોની જરૂરિયાતો

વિશિષ્ટ બાળકોની પહેલી જરૂરિયાત આ હોય છે કે તેમને વિશિષ્ટ ગણો,ક્ષમતાઓ અને ખામીઓના લીધે તેમને અનુકુળ શિક્ષણની વ્યવસ્થા કરવી જોઇએ કે જેથી તેઓ સમાજમાં પોતાને સમાયોજન

સાધી શકે. સામાન્ય બાળકોને આપવામાં આવતું શિક્ષણથી વિશિષ્ટ બાળકોને ફાયદો નથી થતો તેથી તેમને અલગ શિક્ષણની વ્યવસ્થા કરવી જોઇએ કારણકે તે સામાન્ય બાળકથી વિશેષ કે ઉત્તરતું છે.

વિશિષ્ટ બાળકોની બીજી જરૂરિયાત એમના માટે અનુકુળ શિક્ષણ કાર્યક્રમોમાં ફેરફાર કરીને તેમજ તેમાં વધારો કરીને યોજેલા શિક્ષણમાં શિક્ષણના હેતુઓ,અભ્યાસક્રમો પધ્ધતિઓ, સાધનો, પરીક્ષાઓ, માર્ગદર્શન સેવાઓ, શિક્ષણની લાયકાતો અને શિક્ષક તાલિકનો કાર્યક્રમ વગેરેને વિશિષ્ટ બાળકોની જરૂરિયાત પ્રમાણે વિકસિત કરવુ જોઇએ. અને તેમને પુરી કરવા માટે શૈક્ષણિક જોગવાઇઓ કરવી જોઇએ.

વિશિષ્ટ બાળકોની તીસરી ત્રીજી જરૂરિયાત છે. સમાન તક પુરી પાડવી. વિકલાંગ (સમાનતકો – અધિકારોનું રક્ષણ અને પૂર્ણ ભાગીદારી) ધારો-1995 એશીયા અને પેસિફિક વિસ્તારોમાં વિકલાંગ લોકોને પૂર્ણ ભાગીદારી અને સમાનતા આપવા માટે છે.

વિશિષ્ટ બાળક માટે કુટુંબ અને સમાજમાં સ્વીકૃતિનું ભાવ અને હકારાત્મક અભિગમ ને પ્રોત્સાહિત કરવા જોઇએ. વિકલાંગ બાળક માટે કાર્યરત સંસ્થાઓની મુલાકાતો યોજીને કુટુંબ તથા સમાજ ને જાગૃત કરી શકાય.

વિશિષ્ટ બાળક સ્વાવલંબી બને તેવો ખ્યાલ રૂઢ કરાવવો જોઇએ. બાળક સ્વાવલંબી બને તેવું પર્યાવરણ પુરૂ પાડવું જોઇએ.

વિશિષ્ટ બાળકને સામાજિક વિકાસ માટે માતા-પિતા કે માર્ગદર્શક સિવાય સગાં વહાલાં ગામના માણસોને ધ્યાન રાખવું જોઇએ.

### 1.3.4 વિશિષ્ટ બાળકો અને સામાન્ય બાળકો

સામાન્ય રીતે આપણે શાળાઓમાં આવતાં બધાં જ બાળકોને તેમની કક્ષાનુસાર શિક્ષણ આપવાનો પ્રબંધ કરીએ છીએ. પરંતુ,શિક્ષણ લેવા આવતાં બાળકોમાં વૈયકિતક તફાવતો હોય છે. આ બાળકોમાં વૈયકિતક તફાવતો હોય છે. એક જ વર્ગખંડમાં અભ્યાસ કરતાં બાળકોની માનસિક કક્ષા જુદી-જુદી હોય છે. આ બાળકો માનસિક કક્ષા, રસ-રૂચિ કે વલણો અને અભિયોગ્યતાઓના સંઘર્ષમાં વૈયકિતક તફાવતો ધરાવે છે. કેટલાંક બાળકોમાં શકિત વધારે હોય છે તો કેટલાંક બાળકોમાં ઓછી શકિતઓ હોય છે. આથી કેટલાંક બાળકો સામાન્ય કક્ષાનાં જોવા મળે છે જયારે કેટલાંક નિમ્ન કક્ષાના જોવા મળે છે. વર્ગખંડમાં આપણે જે શિક્ષણ આપીએ છીએ તે સર્વસામાન્ય (average)શિક્ષણ હોય છે. પરંતુ, જે બાળકો સામાન્ય બુધ્ધિકક્ષા ધરાવતાં નથી, જે બાળકો માનસિક કે બૌધ્ધિક રીતે પછાત હોય છે, જે બાળકો શારીરિક કે માનસિક રીતે વિકલાંગ હોય છે. તેમને માટે સામાન્ય (average)બાળકોને માટે અપાતું શિક્ષણ આપવું હિતાવહ નથી જે બાળકો વર્ગમાં અન્ય બાળકો જેવા સામાન્ય (normal)હોતાં નથી, પરંતુ તેમનામાં શારીરિક,માનસિક રીતે કંઇક વિશિષ્ટતા હોય છે તેવાં બાળકોને આપણે વિશિષ્ટ (Exceptional children) કહીશું. વિશિષ્ટ બાળકોમાં નીચેના જેવા બાળકોનો સમાવેશ કરી શકાય.

(i) શારીરિક વિકલાંગતા ધરાવતાં બાળકો એટલે કે શારીરિક ખોડખાંપણ ધરાવતાં બાળકો જેમ કે હાથ-પગની ખોડવાળાં અને મૂક અને બધિર બાળકો અને અંધ મંદબુધ્ધિ બાળકો,.

(ii) સામાન્ય માનસિક કક્ષા કરતાં ચઢિયાતાં કે ઉતરતી કક્ષાનાં બાળકો-જેમ કે, અતિ તેજસ્વી અને મેધાવી બાળકો કે માનસિક કે બૌધ્ધિક રીતે પછાત બાળકો.

(iii) પરાનુકૂલિત બાળકો કે સાંવેગિક સંતુલન ખોઇ બેઠેલાં બાળકો.

આવા બાળકોની વ્યાખ્યા આપતાં કિર્ક નામના મનોવૈજ્ઞાનિકે જણાવ્યુ કે. . . . .

"The exceptional child is defined as that child who deviates from the average or normal child in mental,physical or social characteristics to such an extent that they requires modifications in school practices or a special educational services in order to develop to his maximum capacities" ***- Kirk***

**આવાં બાળકો સામાન્ય બાળકો કરતાં :**

- શારીરિક, માનસિક અને સામાજિક લક્ષણોમાં જુદાં પડે છે.
- આને લીધે તેમના શાળાકીય શિક્ષણમાં યોગ્ય પરિવર્તનો લાવી તેમને સારી શૈક્ષણિક સેવાઓ પ્રદાન કરવી જોઇએ, કે જેથી તેમની શકિતઓનો તે મહત્તમ વિકાસ સાધી શકે.

આ ઉપરથી આપણે જોઇ શકીએ છીએ કે વિશિષ્ટ બાળક એક એવું બાળક છે કે જેનો શારીરિક, માનસિક કે સામાજિક વિકાસ અસામાન્ય કે અનપેક્ષિત રીતે થયો હોય.આવું વિશિષ્ટ બાળક તેજસ્વી કે પછાત હોઈ શકે, સાંસ્કૃતિક રીતે વંચિત કે બાળ ગુનેગાર પણ હોઇ શકે,આવાં બાળકો (1) શારીરિક રીતે વિકલાંગ હોય (૨) બૌધ્ધિક રીતે પછાત હોય (3) અતિ તેજસ્વી કે સર્જનશીલ હોય (4) મંદ ગ્રહણશકિત કે અધ્યયન શીલતા ધરાવતાં હોય (૫) સામાજિક કે સાંવેગિક સંતુલન ખોઇ બેઠેલા હોય કે જેઓ બાળ ગુનેગારી,દાદાગીરી,અતડાપણું કે દિવાસ્વપ્નોનો ભોગ બન્યા હોય.

મનોવિજ્ઞાનીઓ અને શિક્ષણકારો સામે આવાં બાળકો પડકારપ છે.તે ઇશ્વરનું સર્જન છે અને તેમને શૈક્ષણિક,સામાજિક કે વ્યાવસાયિક રીતે કોઇ અન્યાય ન થાય. સમાજમાં તેઓ ગૌરવપૂર્વક જીવી શકે તે માટે તેમની શૈક્ષણિક,વ્યાવસાયિક,સામાજિક અને સાંવેગિક સમસ્યાઓ સમજીને તેમને ઉચિત માર્ગદર્શન પૂરું પાડવુ એ આજનો યુગધર્મ થઇ પડે છે. શિક્ષકો અને શિક્ષણકારોએ ઉપરોકત પ્રકારનાં બાળકોને મદદરૂપ થઇ શકે તે રીતે યોગ્ય માર્ગદર્શન આપીને તેમના તરફ સહાનુભૂતિપૂર્ણ વલણ રાખીને તેમની સાથે ઉચિત વર્તાવ કરવો જોઇએ.

### 1.3.5 વિશિષ્ટ બાળકો પ્રત્યેનું વલણ

**પૂર્વભૂમિકા**

કોઇપણ બાળક વિકલાંગ છે તેમ માનવા કરતાં તે સૌથી પ્રથમ બાળક છે તેવું વિચારવામાં આવે તો આપણાં વિકલાંગ બાળક સાથે કામ કરવાનો અભિગમ બાળક સાથે કામ કરવાનો અભિગમ બદલાઈ જાય છે. આપણે જાણીએ છીએ કે વિકલાંગ બાળકો સાથે કામ કરવામાં ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. સામાન્ય બાળકો વિશેની જરૂરિયાતોનો ખ્યાલ બધા જ વર્ગશિક્ષકોનો હોતો નથી. તેમજ વિકલાંગ બાળક સાથે કામ કરવાની તાલીમ પણ દરેક વર્ગશિક્ષકે મેળવેલી હોતી નથી. શાળા સમય દરમ્યાન વિશિષ્ટ બાળક સૌથી વધારે સમય વર્ગશિક્ષક, તેના સહપાઠી, વાલી તેમજ બાળક સાથે જોડાયેલ તમામ વ્યક્તિએ વિવિધ પ્રકારની મુશ્કેલીઓમાંથી પસાર થવું પડે છે.

આ પ્રકારના વિશિષ્ટ બાળકની સ્થિતિ સમજવા માટે હકારાત્મક વલણ દાખવવું ખૂબ જ જરૂરી બને છે. વર્ગશિક્ષકને પોતાનું બાળક સોંપતી વખતે વાલી પણ એવું વિચારતા હોય છે કે તેમનું બાળક પણ અન્ય બાળકની સાથે કદમ મીલાવીને ચાલી શકશે.

**સામાન્ય શિક્ષક માટે માર્ગદર્શનરૂપ સૂચનો :**

(1) વિકલાંગ બાળકો સાથે પ્રેમ અને હૂંફથી વર્તવું જોઇએ. જેથી તેમનામાં રહેલી વિશિષ્ટ પ્રકારની શકિતઓ બહાર લાવી શકાય.

(2) પ્રત્યેક બાળકને તેના નામથી જ બોલાવવાનો આગ્રહ રાખીએ.

(3) વિકલાંગ બાળકને શિક્ષણકાર્ય વખતે પ્રથમ લાઇનમાં બેસાડીએ જેથી બાળક શિક્ષકના હાવભાવ અને સ્પષ્ટ ઉચ્ચારણને સમજી શકે.

(4) વિકલાંગ બાળકની સરખામણી સામાન્ય બાળકો સાથે કદાપી ન કરીએ.

(5) વિકલાંગ બાળક સાથે સમાનતાપૂર્વક સામાન્ય બાળક જેવો વ્યવહાર કરીએ.

(6) વિકલાંગ બાળકોને સામાન્ય બાળકોની જેમ શૈક્ષણિક,સહશૈક્ષણિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં સહભાગી બને તે માટે પ્રોત્સાહિત કરવા.

(7) બાળકની વિકલાંગતાને નહીં પરંતુ તેની રસ-રુચિને ધ્યાનમાં રાખીને કામની વહેંચણી કરીએ.

(8) વર્ગખંડમાં થતી તમામ શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં વિકલાંગ બાળકને પણ સમાન તક આપીએ.

(9) પ્રવૃત્તિ કે પ્રયોગની પ્રક્રિયા દરમ્યાન વિકલાંગ બાળકને સામાન્ય બાળકની જેમ સહભાગી બનાવીએ.

(10) વિકલાંગ બાળકને વિકલાંગ ન ગણતાં સામાન્ય બાળક તરીકે સ્વીકારીએ.

(11) બાળક કંઇક ને કંઇક નવું શીખે તેવી પ્રેરણાઓ સતત આપતા રહીએ.

(12) વિકલાંગતાને અનુરૂપ મળેલાં સાધનોનો બાળક ઉપયોગ કરે છે કે કેમ? તેની તકેદારી રાખીએ.

(13) સરકાર તરફથી મળતા વિવિધ લાભ વિશે માહિતી આપીએ.

(14) વિકલાંગ બાળકો પોતાના વિચારો, મંતવ્યો કે અભિપ્રાયો આપે ત્યારે તેને ધ્યાનથી સાંભળી બિરદાવીએ.

(15) વર્ગખંડમાં શૈક્ષણિક પાઠ્યપુસ્તકના શિક્ષણ સમયે શકય તેટલાં વિશિષ્ટ સાધનોનો ઉપયોગ કરીએ.

(16) વિકલાંગતાને કારણે બાળક લઘુતાગ્રંથિ કે ભય ન અનુભવે તેનો ખ્યાલ રાખીએ.

(17) સામાન્ય શાળાના શિક્ષકે વિકલાંગ બાળકો સાથે કામ કરતી વખતે વિકલાંગતાને અનુરૂપ જે તે શિક્ષણ પધ્ધતિઓનો ઉપયોગ કરવો જોઇએ.

(18) પરીક્ષા સમયે વિકલાંગ બાળકને જરૂરિયાત લાગે તેવાં પ્રશ્નોની યોગ્ય સમજ આપીએ.

(19) વિકલાંગતાને અનુરૂપ શૈક્ષણિક સાહિત્યનો અભ્યાસ કરીએ.

(20) વિકલાંગ બાળકના અનિચ્છનીય વર્તન વ્યવહાર દૂર કરવા પ્રયત્ન કરીએ.

(21) વિકલાંગ બાળકો માટે શૈક્ષણિક પ્રક્રિયાઓ આવી ગયેલ માહિતીના દઢીકરણ માટે વારંવાર પુનરાવર્તન કરાવીએ.

(22) વર્ગખંડના બારી-દરવાજામાંથી આવતો કુદરતી પ્રકાશ અવરોધાય નહીં તેની કાળજી રાખીએ.

(23) લખેલી સૂચનાઓ અને દૃશ્ય સામગ્રીઓનું વારંવાર ઉચ્ચારણ કરીએ.

(24) વિકલાંગ બાળકને સમજાય તેવી સરળ ભાષામાં સૂચનો આપીએ.

(25) બાળકને થોડું તેની વિકલાંગતાને ધ્યાનમાં રાખીને ઘરકામ આપી તેના વાલીને પણ શૈક્ષણિક પ્રક્રિયામાં સહભાગી બનાવીએ.

(26) માત્ર પુસ્તકની શૈક્ષણિક સામગ્રી ન આપતાં વ્યવહારું જ્ઞાન અભિવ્યકત કરવા માટેની પૂરી તક આપીએ.

(27) વિકલાંગ બાળકને પોતે શીખેલું જ્ઞાન અભિવ્યકત કરવા માટેની પૂરી તક આપીએ.

(28) બાળકની ક્ષતિ વિશેની સામાન્ય માહિતી મેળવી તેની ખામીને દૂર કરવા માટે પ્રયત્ન કરીએ.

(29) વિકલાંગ બાળકના શૈક્ષણિક કાર્યને લગતા અભિગમો અને શૈક્ષણિક પધ્ધતિ વિશે માહિતી મેળવીએ.

(30) વિકલાંગ બાળકની પ્રગતિ માટે સમસ્યા બાબતે વાલી સાથે સતત સંપર્કમાં રહીએ.

(31) વિકલાંગ બાળક વિષયક યોજાતી તાલીમમાં ભાગ લઇ તેના પ્રશ્નો ઉકેલવા પ્રયત્ન કરીએ.

આ માર્ગદર્શક સૂચનોનો અર્થ એ નથી કે,વર્ગશિક્ષક કરતાં વિશિષ્ટ શિક્ષક ચડિયાતો છે અથવા તો વધારે જાણકાર છે. પરંતુ આના માધ્યમ દ્વારા વર્ગશિક્ષક અને વિશિષ્ટ શિક્ષણને વધારે સારી રીતે અને સરળ બનાવી કઇ રીતે શ્રેષ્ઠ પરિણામ લાવી શકાય તેના પ્રયાસરૂપે છે.

## 1.4 સારાંશ

સામાન્ય રીતે શાળામાં આવતા બધા જ બાળકોને તેની કક્ષા અનુસાર શિક્ષણ આપવાનો પ્રબંધ કરીએ છીએ. વર્ગમાં બેઠેલા બાળકોમાં વૈયક્તિક તફાવત હોય છે. બાળકોની માનસિક કક્ષા જુદી જુદી હોય છે. પ્રસ્તુત પ્રકરણમાં વિશિષ્ટ બાળકની સંકલ્પના અને તેની વિશિષ્ટતાઓ તેમજ વિશિષ્ટ બાળકોની જરૂરિયાતોની ચર્ચા કરેલ છે. વિશિષ્ટ બાળકો અને સામાન્ય બાળકોમાં વિભિન્નતા અંગેની વાત કરેલ છે. આ ઉપરાંત વિશિષ્ટ બાળકો સાથે શિક્ષકોના વ્યવહાર અને વલણ વિશે ચર્ચા કરેલ છે. વિશિષ્ટ બાળક પ્રત્યે શિક્ષકોની શી ભૂમિકા અદા કરવાની છે તે જણાવેલ છે.

## 1.5 તમારી પ્રગતિ ચકાસો

**(1) વિશિષ્ટ બાળકની વ્યાખ્યા લખો.**

..................................................................................
..................................................................................
..................................................................................
..................................................................................
..................................................................................
..................................................................................

**(2) વિશિષ્ટ બાળકની વિશેષતાઓ ટૂંકમાં લખો.**

..................................................................................
..................................................................................
..................................................................................
..................................................................................
..................................................................................
..................................................................................

**(3) વિશિષ્ટ બાળક માટે કેવુ વલણ રાખવું જોઈએ.**

..................................................................................
..................................................................................
..................................................................................
..................................................................................
..................................................................................
..................................................................................

## 1.6 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

(1) પાના નં. 2 જુઓ

(2) પાના નં. 4 જુઓ

(3) પાના નં. 6 જુઓ

એકમ 2

# વિશિષ્ટ બાળકોના પ્રકાર

## : રૂપરેખા :

2.1 પ્રસ્તાવના

2.2 વિશિષ્ટ બાળકોના ઉદ્દેશો

2.3 વિશિષ્ટ બાળકોના પ્રકાર

2.3.1 શારીરિક વિશિષ્ટ બાળકો

2.3.1.1 દષ્ટ્રિદોષયુક્ત બાળકો

- દષ્ટ્રિહિનતા
- દષ્ટ્રિદોષયુક્ત વિકલાંગ બાળક
- વિશેષ આવશ્યકતાઓ અને સમસ્યાઓ
- દષ્ટ્રિદોષયુક્ત બાળકોનું શિક્ષણ અને સમાયોજન
- શારીરિક વિકલાંગ બાળકોને માર્ગદર્શન

2.3.1.2 શ્રવણદોષયુક્ત વિકલાંગ બાળકો

- શ્રવણમંદતા
- શ્રવણમંદતાનું પ્રમાણ
- શ્રવણદોષયુક્ત વિકલાંગ બાળકો

2.3.1.3 માનસિક વિશિષ્ટ બાળકો

- માનસિક વિશિષ્ટ બાળકો : વ્યાખ્યા, સંકલ્પના અને સ્વરૂપ
- બૌદ્ધિક રીતે ક્ષતિયુક્ત બાળકો
- માનસિક રીતે પછાત બાળકો : તેજસ્વી અને સર્જનશીલ બાળકોનું શિક્ષણ અને માર્ગદર્શન

2.3.1.4 સામાજિક વિશિષ્ટ બાળકો

- વ્યાખ્યા, સંકલ્પના અને સ્વરૂપ
- સામાજિક અને સાંસ્કૃતિક પછાત બાળકો
- બાળ ગુનેગારો તેના પ્રકાર અને શૈક્ષણિક માર્ગદર્શન

2.3.1.5 સાંવેગિક વિશિષ્ટ બાળકો

- વ્યાખ્યા, સંકલ્પના અને સ્વરૂપ

2.3.1.6 અધ્યયન વિશિષ્ટ બાળકો

- વ્યાખ્યા, સંકલ્પના અને સ્વરૂપ

2.3.1.7 માંસપેશીય અને અસ્થિદોષયુક્ત વિકલાંગ બાળકોનું શિક્ષણ અને સમાયોજન

- અસ્થિવિષયક વિશિષ્ટ

2.3.1.8 શારીરિક વિકલાંગ બાળકોને માર્ગદર્શન

2.4 સારાંશ

2.5 તમારી પ્રગતિ ચકાસો

## 2.6 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

## 2.1 પ્રસ્તાવના

સામાન્ય રીતે આપણે શાળાઓમાં આવતાં બધા જ બાળકોને તેમની કક્ષાનુસાર શિક્ષણ આપવાનો પ્રબંધ કરીએ છીએ, પરંતુ શિક્ષણ લેવા આવતાં બાળકોમાં વૈયક્તિક તફાવતો હોય છે. એક જ વર્ગખંડમાં અભ્યાસ કરતાં બાળકોની માનસિક કક્ષા જુદી-જુદી હોય છે. આ બાળકો માનસિક કક્ષા રસ રુચિ કે વલણો અને અભિયોગ્યતાઓનાં સંઘર્ષમાં વૈયક્તિક તફાવતો ધરાવે છે. આથી કેટલાંક બાળકો સામાન્ય કક્ષાનાં જોવા મળે છે અને કેટલાંક નિમ્ન કક્ષાનાં જોવા મળે છે. વર્ગખંડમાં આપણે જે શિક્ષણ આપીએ છીએ તે સર્વ સામાન્ય બાળકો માટેનું સર્વ સામાન્ય શિક્ષણ હોય છે. પરંતુ જે બાળકો સામાન્ય બુધ્ધિ કક્ષા ધરાવતાં નથી, જે બાળકો માનસિક કે બૌધ્ધિક રીતે પછાત હોય છે. જે બાળકો શારીરિક કે માનસિક રીતે વિકલાંગ હોય છે. તેમને માટે સામાન્ય બાળકોને માટે અપાતું શિક્ષણ આપવું હિતાવહ નથી. પરંતુ તેમનામાં શારીરિક,માનસિક રીતે કંઇક વિશિષ્ટતા હોય છે તેવાં બાળકોને આપણે વિશિષ્ટ યા અપવાદરૂપ કહીશું. વિશિષ્ટ બાળકોમાં નીચેના જેવા બાળકોનો સમાવેશ કરી શકાય.

- શારીરિક વિશિષ્ટ બાળકો
- માનસિક વિશિષ્ટ બાળકો
- સાંવેગિક વિશિષ્ટ બાળકો
- અધ્યયન વિશિષ્ટ બાળકો

## 2.2 વિશિષ્ટ બાળકોના ઉદ્દ્શો

વિશિષ્ટ બાળકોના ઉદ્દેશો

(1) શારીરિક વિશિષ્ટ બાળકોની વ્યાખ્યા,સંકલ્પના અને સ્વરૂપ સમજી શકશો.

(૨) માનસિક વિશિષ્ટ બાળકોની વ્યાખ્યા, સંકલ્પના અને સ્વરૂપ સમજી શકશો.

(3) સામાજિક વિશિષ્ટ બાળકોનો વ્યાખ્યા,સંકલ્પના અને સ્વરૂપ સમજી શકશો.

(4) સાંવેગિક વિશિષ્ટ બાળકોની વ્યાખ્યા, સંકલ્પના અને સ્વરૂપ સમજી શકશો.

(૫) અધ્યયન વિશિષ્ટ બાળકોની વ્યાખ્યા સંકલ્પના અને સ્વરૂપ સમજી શકશો.

## 2.3 વિશિષ્ટ બાળકોના પ્રકાર

a. શારીરિક વિશિષ્ટ બાળકો,વ્યાખ્યા,સંકલ્પના, સ્વરૂપ

b. માનસિક વિશિષ્ટ બાળકો,વ્યાખ્યા,સંકલ્પના, સ્વરૂપ

c. સામાજિક વિશિષ્ટ બાળકો,વ્યાખ્યા,સંકલ્પના, સ્વરૂપ

d. સાંવેગિક વિશિષ્ટ બાળકો,વ્યાખ્યા,સંકલ્પના, સ્વરૂપ

e. અધ્યયન વિશિષ્ટ બાળકો,વ્યાખ્યા,સંકલ્પના, સ્વરૂપ

### 2.3.1 શારીરિક વિશિષ્ટ બાળકો

**વ્યાખ્યા,સંકલ્પના,સ્વરૂપ**

''જે બાળકો શારીરિક ક્ષતિ ધરાવતાં હોય અથવા શારીરિક ખોડખાંપણ ધરાવતાં હોય તેમનો સમાવેશ'' આ વર્ગમાં કરવામાં આવે છે. આવા બાળકોને કેટલાંક શારીરિક ક્ષતિ કે વિકલાંગતા જન્મજાત હોય છે. અથવા કેટલાંક જન્મ પછી પાછળ થી શારીરિક ક્ષતિ કે વિકલાંગતાનો તેઓ ભોગ બન્યા હોય છે. કેટલીકવાર તેઓ કોઇ અકસ્માતનો ભોગ બન્યા હોય છે. તો કયારેક કોઇ રોગ ને લીધે તેઓમાં શારીરિક વિકલાંગતા આવી જાય છે. આવા બાળકોને શારીરિક વિશિષ્ટ બાળકો કહી શકાય. શારીરિક વિકલાંગ બાળકોનું વર્ગીકરણ નીચે પ્રમાણે કરી શકાય.

ઇંદ્રિયોની વિશિષ્ટતાઃ આ પ્રકારની વિશિષ્ટતામાં શારીરિક ઇંદ્રિયોના કારણે ઉદ્ભવતી વિશિષ્ટતા જેવા કે અંધત્વ,ઓછુ અંધત્વ,બધિરતા, ઓછું સાંભળવું વગેરેનો સમાવેશ થાય છે.

- સ્નાયવિક અને અસ્થિતંત્રની વિકલાંગતા જેમ કે બાળલકવો હાડકાંનો ક્ષય પંગુતા, અપોષણ કે કુપોષણને લીધે આવતી વિકલાંગતા વગેરે
- વાણીની વિકલાંગતા મૂંગાપણું,તોતડાપણું વગેરેનો સમાવેશ થાય છે.

"An individual who is affected with a physical improvement that,in any way,limits or in hibits his participation in normal activities may be returned to as physically handicapped."

**સ્વરૂપ અને સંકલ્પનાઃ-** શારીરિક રીતે વિકલાંગ બાળકો પરાવલંબી બની જાય છે. પોતાની જરૂરિયાતો માટે તેમના માતા પિતા સ્વજનો કે મિત્રો અને શિક્ષકોનો આશ્રય લેવો પડે છે.પોતાની દૈનિક ક્રિયાઓ માટે સમાજ અને સ્વજનો નો આશ્રય લેવો પડે છે. તેઓ અન્ય લોકો પર આધાર રાખવાને કારણે લઘુતાગ્રંથિથી પીડાય છે. અને કયારેક હતાશાનો ભોગ પણ બને છે.શારીરિક વિકલાંગ બાળકો સામાજિક વિકલાંગતાનો અનુભવ કરે છે. આ બાળકોની સામાજિકતાનો વિકાસ થતો નથી.

જેઓ સામાજિક પ્રવૃત્તિમાં નહિવત્ ભાગ લે છે.તેઓ માનસિક તંગદિલી અનુભવે છે.અને આથી તેમના સર્વાંગિક વિકાસ પર વિપરીત અસરો જન્મે છે.શારીરિક વિકલાંગ બાળકોના પ્રકારો આ પ્રમાણે છે.

**2.3.1.1 દૃષ્ટ્રિદોષયુક્ત બાળકો**

- **દૃષ્ટ્રિહિનતા**

**(1)** **દૃષ્ટ્રિ હીનતાઃ-** વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO) એ ઇ.સ.1992 માં જે વ્યાખ્યા આપી તેના આધારે સામાન્ય રીતે દૃષ્ટ્રિ ક્ષતિના ત્રણ પ્રકાર પાડી શકાય.

- **સંપૂર્ણ અંધઃ-** જેઓને દૃષ્ટ્રિનો સંપૂર્ણ અભાવ હોય તેઓને સંપૂર્ણ અંધ કહેવામાં આવે છે. આ ઉપરાંત 6/60 ની દૃષ્ટ્રિક્ષમતા ધરાવતાં વ્યિકતને સંપૂર્ણ અંધ ગણી શકાય.
- **અંશતઃઅંધઃ-** જેઓની દૃષ્ટ્રિક્ષમતા 3/60-6/60 હોય તેઓને અંશતઃ અંધ ગણી શકાય.
- **અલ્પ દૃષ્ટ્રિઃ-** જેઓની દૃષ્ટ્રિ ક્ષમતા 6/60 થી 18/60 હોય તેઓને અલ્પ દૃષ્ટ્રિ ગણવામાં આવે છે.

આમ,WHO ની વ્યાખ્યાને આધારે દૃષ્ટિની ક્ષતિને માની શકાય છે.

- **દૃષ્ટ્રિદોષથી યુક્ત વિકલાંગ બાળક (Visually Impaires Children)**

આ પ્રકારના બાળકોમાં એવા દૃષ્ટ્રિકોણ જોવા મળે છે જેના કારણે એમને કંઈપણ દેખાતું નથી. અથવા જેને મુશ્કેલી પડે છે અથવા એમને વાંચવા-લખવામાં અસુવિધાનો સામનો કરવો પડે છે. જેને દૃષ્ટ્રિ વિકલાંગતાનો શિકાર માનવામાં આવે છે. સામાન્ય રીતે આ પ્રકારના વિકલાંગ બાળકને પૂર્ણ દૃષ્ટ્રિહીન (Totally Blind) એક આંખવાળા (One Eyed) વર્ગીકૃત કરવામાં આવે છે.

- **વિશેષ આવશ્યકતાઓ અને સમસ્યાઓ (Special Needs and problems)**

- જોવામાં અસુવિધાના કારણે એમને ચાલવા ફરવામાં તથા ઊઠવા-બેસવામાં પોતાની દિનચર્યા સંબંધી કાર્યોને કરવામાં, વિદ્યાલય આવવા-જવામાં અને એની ગતિવિધિઓમાં ભાગ લેવામાં અસુવિધા હોય છે.
- જ્ઞાનેન્દ્રિયોમાં કેટલીક મહત્ત્વપૂર્ણ ઈન્દ્રિયોના દોષપૂર્ણ હોવાના કારણે એમને જ્ઞાન ગ્રહણ કરવામાં ઘણી અસુવિધા હોય છે.
- દૃષ્ટ્રિકોણ સંબંધી શારીરિક અક્ષમતા એમને સામાજિક કાર્યોમાં ભાગ લેવા, રમત-ગમતમાં

મિત્ર બનાવવામાં તથા વિદ્યાલયની ક્રિયાઓમાં ભાગ લેવાથી વંચિત થવાથી એમના ઉચિત સામાજિક અને સંવેગાત્મક સમાયોજનમાં અવરોધક બને છે.

- પોતાની વિકલાંગતાના કારણે તેમનામાં હાવભાવના ઉત્પન્ન થવાથી મનોવૈજ્ઞાનિક સમસ્યાઓનો શિકાર બને છે.
- એમને પોતાના દૃષ્ટિકોણના કારણે કેટલાંક ખાસ ઉપકરણો, સામગ્રી અને સહાયકોની આવશ્યકતા હોય છે. જેનાથી તે પોતાના પ્રાકૃતિક અને સામાજિક વાતાવરણ તથા શિક્ષણ વ્યવસ્થાની સાથે યોગ્ય સમાયોજન કરી શકે.

- **દૃષ્ટિ દોષયુક્ત બાળકોનું શિક્ષણ તથા સમાયોજન (Education and Adjustment of the Visually Impaired)**

પ્રજ્ઞાચક્ષુ બાળકના શિક્ષણ માટે વિશિષ્ટ વિદ્યાલય, સંકલિત શિક્ષણ તથા સંમલિત શિક્ષણનો લાભ આપવામાં આવે છે. જેના દ્વારા બાળક પોતાની ક્ષમતાઓ અનુસારનું શિક્ષણ પ્રાપ્ત કરી શકે. આ બાળકોને બ્રેઈલ (Braile) લિપિ માધ્યમથી ભણાવવામાં આવે છે. તેમજ લખવા સંબંધી કુશળતાને વિકસિત કરવાં માટે પણ કેટલાંક ખાસ ઉપકરણોનો ઉપયોગ કરવામાં આવે છે.

શરૂઆતમાં એમનો પાઠ્યક્રમએ વિકસિત કરવામાં આવે છે કે તે વાંચવા, લખવા, ગણતરી કરવામાં, સામાન્ય ગણિતની વાતોને જાણવામાં તથા પોતાના પર્યાવરણને સમજવા યોગ્ય બની શકે : ધીરે-ધીરે બ્રેઈલ લિપિના પાઠ્યપુસ્તકો દ્વારા એમને વિષયોનું વધુ જ્ઞાન અને સમજ તરફ લઈ જવામાં આવે છે.

- આ બાળકો પોતાના રોજબરોજના આવશ્યક કાર્યોને જાતે કરી શકે, જાતે હરી-ફરી શકે, વગેરેનું પ્રશિક્ષણ એમને આંકલન અને હલન ચલન (Corientation & Mobility)ની તાલીમ દ્વારા આપવામાં આવે છે.
- વિશેષ ઉપકરણો અને ક્રિયાઓ દ્વારા એમને અલગ-અલગ વ્યાયામ તથા અભિનય વગેરેની તાલીમ આપવામાં આવે છે.
- આવાં બાળકોને સંગીત અને કલા પ્રત્યે વધુ રૂચિ હોવાથી તેમને તેની પણ તાલીમ આપવામાં આવે છે.
- એમને સ્વાવલંબી બનાવવા માટે ઉદ્યોગનું પણ પ્રશિક્ષણ આપવામાં આવે છે. જેમ કે કેનિંગ કામ, ફાઈલ બનાવવી,પગ લૂછણિયાં તૈયાર કરવાં, બોક્ષ બનાવવા વગેરેમાં પ્રશિક્ષણ આપી તેમને વ્યાવસાયિક તાલીમ આપવામાં આવે છે.

પ્રજ્ઞાચક્ષુ બાળકોના શિક્ષણ અને સમાયોજન માટે આજે દેશના લગભગ બધા જ પ્રાંતમાં સરકાર તથા સ્વયંસેવી સંસ્થાઓ દ્વારા તેમના માટે કાર્ય કરી રહેલ છે. એમના શિક્ષણ તથા સમાયોજનને વધુને વધુ યોગ્ય બનાવવા માટે અનુસંધાન કાર્યને વધુ પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે જેમ કે રાષ્ટ્રીય સ્તરનું અનુસંધાન કેન્દ્ર "દૃષ્ટિ વિકલાંગ રાષ્ટ્રીય સંસ્થાન" (National Institute For the Visually Handi-capped) સન ઈ.સ.1971થી દેહરાદૂનમાં કાર્ય કરી રહ્યું છે.

**અસ્થિ વિષયક વિશિષ્ટ :-** "હાડકાં,સાંધા,સ્નાયુઓ અને ચેતાની ખામીને કારણે હલનચલનની પ્રક્રિયામાં ઉદ્ભવતી મુશ્કેલી" ને અસ્થિ વિષયક વિશિષ્ટતા કહેવાય છે.

'લક્ષ્યાંક અસ્થિ વિષયક વિકલાંગતા એ એક ક્ષતિ છે જે બાળકના શૈક્ષણિક લક્ષયાંક પર આડકતરી અસર પડે છે. આ વિકલાંગતા એ બાળકમાં જન્મજાત કે કોઇ રોગ દ્વારા આવેલી હોય શકે છે. જન્મજાત ક્ષતિઓ જેવી કે કલ્બ ફટ (વળેલા પંજા) અંગેનો અભાવ વગેરે.જયારે અન્ય કારણોથી થતી

ક્ષતિઓમાં ક્ષેરેબ્રલ પાલ્સી (મગજનો લકવો), કપાયેલા અંગો અને ફ્રેકચર અથવા દાઝી જવાથી આવેલા સ્નાયુઓનું સંકુચન.

અસ્થિ વિષયક વિશિષ્ટતાને મુખ્ય ચાર ભાગોમાં વર્ગીકૃત કરી શકાય છે.

- ચેતાતીય ખામીઓ – સેરેબલ પાલ્સી
  – સ્પાઈના બીફિડા
- સ્નાયુ અસ્થિ વિષયક સ્થિતિઓ – મસ્ક્યુલર ડિસ્ટ્રૂફી આથરાઈટસ
- જન્મજાત દોષ – સામાન્ય દોષ
  – વિષાણુ જન્મ દોષ
- અકસ્માત – પડી જવું – દાઝવું – પોલીયો

ઉપરોકત વિકલાંગતા ધરાવતાં બાળકોનો અવલોકન કરી ઓળખી શકાય છે.તેમજ શૈક્ષણિક અને વૈદકીય સારવારમાં સમાવિષ્ટ કરી શકાય છે.

- **શારીરિક વિકલાંગ બાળકોને માર્ગદર્શન (Gulding Physical Handicapped Children)**

- આ પ્રકારનાં બાળકો પ્રત્યે માતા-પિતા, સ્વજનો, શાળાના શિક્ષકો, આચાર્યો અને સમાજે સહાનુભૂતિપૂર્વક વર્તાવ રાખવો જોઈએ.
- તેમને શક્ય હોય ત્યાં સુધી આત્મનિર્ભર બનાવવાની કોશિશ કરવી જોઈએ.
- તેમની વિકલાંગતા દૂર થાય અથવા વિકલાંગતામાં મદદરૂપ થઈ શકે તેવાં સાધનો કે ઉપકરણો પૂરા પાડવાં જોઈએ જેમ કે બધિરો માટેનાં શ્રવણયંત્રો લૂલાં કે લગડાં બાળકો માટે ઘોડીઓ, લાકડાંના પગ, સાઈકલો વગેરે સાધનો પૂરાં પાડવા જોઈએ.
- એવા કેટલાંક બાળકો હોય છે જેમની શારીરિક, વિકલાંગતા તબીબી સહાયથી દૂર થઈ શકે તેવી હોય છે આવી વિકલાંગતા દૂર કરવાં માટે શિક્ષકોએ તબીબી સહાયની ગોઠવણ કરી આપવી જોઈએ.
- આવાં બાળકોના શિક્ષણ માટે વિશિષ્ટ જોગવાઈઓ કરવી જોઈએ જેમ કે–
- અંધ બાળકો માટે બ્રેઈલ લિપિનાં પુસ્તકોની ગોઠવણી (ગોઠવણ) કરવી જોઈએ.
- તેમને અનુકૂળ એવી રમતગમત કે અન્ય સહઅભ્યાસ પ્રવૃત્તિઓની ગોઠવણ કરવી જોઈએ.
- તેમને તેમનામાં રહેલી વિશિષ્ટ શક્તિઓનો ખ્યાલ આપી આપી તેમની વિશિષ્ટ શક્તિ ખીલે કે વિકસે તે માટે માર્ગદર્શન આપવું જોઈએ.
- તેમને સંગીત કે અન્ય કોઈ વિષયમાં રુચિ હોય તો તે પ્રકારના શિક્ષણની ગોઠવણ કરવી જોઈએ.
- આવાં બાળકો તરફ વ્યક્તિગત રીતે ધ્યાન આપીને, યોગ્ય માર્ગદર્શન આપી તેમના શિક્ષણમાં સહાયભૂત થઈ શકાય તેવી યોજના શાળામાં શિક્ષકે, આચાર્યો અને વાલીઓએ સંયુક્ત રીતે બનાવવી જોઈએ.
- મૂક કે બધિર અથવા મૂક અંધ બાળકોમાં શિક્ષણ માટે ખાસ તાલીમ પામેલ સહાનુભૂતિપૂર્ણ વલણો ધરાવતાં શિક્ષકોની નિયુક્તિ કરવી જોઈએ.

- સ્નાયવિક વિકલાંગ બાળકો અથવા અસ્થિ તેમની ખામીને લીધે, વિકલાંગ બાળકો માટે વિશિષ્ટ સહઅભ્યાસ પ્રવૃત્તિઓની જોગવાઈ કરવી.
- ખાસ કરીને આવાં બાળકો લઘુતાગ્રંથિનો ભોગ ન બને અથવા તો તેમનામાં હતાશ કે માનસિક તંગદિલી પેદા ન થાય તેની શિક્ષકે ખાસ કાળજી રાખવી જોઈએ.
- આવાં બાળકોને જાહેરમાં ઉતારી પાડવા જોઈએ નહિ.
- તેમનામાં રહેલી અભિયોગ્યતાની કે વિશિષ્ટ શક્તિઓ અને રસ-રુચિ કે વલણોની ચકાસણી કરી તેમને યોગ્ય રીતે શૈક્ષણિક અને વ્યાવસાયિક માર્ગદર્શન આપવું જોઈએ.
- આવાં બાળકો માટે તેમને અનુકૂળ તેવાં વ્યાવસાયિક અભ્યાસક્રમો શરૂ કરવાં જોઈએ. વાલીઓની સાથે સંપર્ક કરી અવારનવાર તેમની સભાઓ અભ્યાસક્રમોમાં દાખલ કરવાં માટેની સલાહ આપવી જોઈએ. સુથારીકામ, લુહારીકામ, સંગીત ચર્મોદ્યોગ, શિલ્પ સ્થાપત્ય, ચિત્રકામ, ભરતગૂંથણ એવા અભ્યાસક્રમો શરૂ કરી, બાળકોને તેમને યોગ્ય અભ્યાસક્રમમાં દાખલ કરવાંનું પ્રોત્સાહન આપવું જોઈએ જેથી તે આત્મનિર્ભર બની શકે.
- આ સાથે શાળાનાં અન્ય બાળકો સાથે તે હળી-મળી જાય, મૈત્રી કેળવે તેવું વાતાવરણ ઊભું કરવું જોઈએ.
- ખાસ આવશ્યક્તા ઊભી થાય તોજ આવાં ખોડ-ખાંપણવાળા બાળકોને તેમને માટેની વિશિષ્ટ શાળાઓમાં પ્રવેશ આપવો જોઈએ.
- આવી શારીરિક ખોડ-ખાંપણ ધરાવતાં બાળકોની વિશિષ્ટ સિદ્ધિઓનું સન્માન કરવું જોઈએ તેમનામાં રહેલી સર્જનાત્મકતા બહાર આવે તે માટે તેમણે રચેલી વિશિષ્ટ કૃતિઓનું પ્રદર્શન યોજવું જોઈએ.
- તેમના જેવી જ ખોડ-ખાંપણ ધરાવતાં કોઈ વિશિષ્ટ મહાનુભાવોનાં પ્રવચનો ગોઠવણ જોઈએ તેમની સિદ્ધિઓને બિરદાવી જોઈએ.
- આવાં બાળકો માટે વધુમાં વધુ જૂથ પ્રવૃત્તિઓ યોજવી (યોજી) તેમાં સામેલ કરવાં જોઈએ.
- જે બાળકો તોતડાપણાનો ભોગ બનતાં હોય તેમને માટે વાણીની વિશિષ્ટ તાલીમની જોગવાઈ કરવી જોઈએ તેમનામાં આત્મવિશ્વાસ પેદા થાય તે રીતે તેમને તાલીમ આપવી જોઈએ.

આમ શારીરિક રીતે વિકલાંગ બાળકોને તેમની વિકલાંગતાનો પ્રકાર જોઈને તેમને શૈક્ષણિક અને વ્યાવસાયિક માર્ગદર્શન આપવું જોઈએ. આ માટે શાળામાં વિકલાંગ બાળકો માટેનાં વિશિષ્ટ માર્ગદર્શન કેન્દ્રની વ્યવસ્થા હોય તો તે ઈચ્છનીય ગણાશે.

**2.3.1.2 શ્રવણદોષયુક્ત વિકલાંગ બાળકો**

- **શ્રવણમંદતા**

પર્યાવરણમાં થતા અવાજ ને પકડી અવાજનો વદનપૃથક્કરણ અને અર્થઘટન કરવું એ જ શ્રવણતંત્રનું કાર્ય છે. પરંતુ કોઇ વ્યકિત માટે ન થતું હોય અથવા અલ્પ પ્રમાણમાં થતુ હોય તેવી વ્યકિતને શ્રવણમંદ કહી શકાય.

60 ડેસીમલ અથવા તેનાથી વધારે શ્રવણ ખામી સારા કાનમાં અથવા બંને કાનમાં હોય તેવી વ્યકિતને શ્રવણમંદ કહેવાય છે.(વિકલાંગ ધારો-1995)

શ્રવણમંદતાના સાત પ્રકારો પાડી શકાય.

શ્રવણમંદતાના પ્રકારમાં બાળકને કયારેય કઇ ઉમરે ખામી આવી છે ને કયાં કારણોસર ખામી આવી છે,વગેર બાબતોને ધ્યાનમાં રાખી વર્ગીકરણ કરવામાં આવે છે.

**ઓર્ગેનિંક હિયરિંગ લોસ**

આ ખામી કાનની રચનાકીય ખામીના લીધે ઉદ્‌ભવે છે. બાહ્યકર્ણ,મધ્યકર્ણ કે અંતઃકર્ણ રચના કે શ્રવણમાં ખામી ઉદ્‌ભવતાં આ પ્રકારની ખામી સર્જાય છે. ઓળખવામાં આવે છે જેને નીચેના ભાગોમાં વહેંચી શકાય.

1. પેરીનેટલ હિયરિંગ લોસ- બાળકના જન્મ સમયે જુદાં જુદાં કારણોસર આવતી શ્રવણખાધ
2. પોસ્ટનેટલ હિયરિંગ લોસ - બાળકના જન્મ બાદ વિવિધ કારણોથી આવતી શ્રવણખાધ.
3. પ્રિ-લિંગ્યુઅલ હિયરિંગ લોસ - ભાષા પ્રાપ્તિની ઉંકર પહેલાં આવતી શ્રવણખાધ
4. પોસ્ટ-લિંગ્યુઅલ હિયરિંગ લોસ - ભાષા પ્રાપ્ત થાય બાદ આવતી શ્રવણખાધ.

**કાનની રચનાકીય ખામી પ્રમાણે શ્રવણમંદતાના પ્રકાર**

કાનની રચનાકીય ખામી પ્રમાણે શ્રવણમંદતાના મુખ્ય ત્રણ પ્રકારો પાડવામાં આવ્યાં છે.

1.કન્ડકિટવ હિયરિંગ લોસ

૨. સેન્સરી ન્યૂરલ હિયરિંગ લોસ

3. મિકસ હિયરિંગ લોસ

**કન્ડિકટવ હિયરિંગ લોસ**

બાહ્યકર્ણ કે મધ્યકર્ણની રચના કે કાર્યોમાં ખામી હોય પરંતુ અંતઃકર્ણ કાર્યરત હોય તેના લીધે આવતી શ્રવણ ખામીને કન્ડકિટવ હયિરીંગ લોસ કહે છે. તેમાં AC થ્રીશોલ્ડ અને BC થ્રીશોલ્ડ વચ્ચે dbથી વધુનો ગેપ હોય છે. આ લોસ થવાના કારણો નીચે મુજબ હોઈ શકે.

- કર્ણપલ્લવ,કર્ણનલિકા કે મધ્યકર્ણની અસ્થિ સાંકળ ગેરહાજર હોય ત્યારે.
- કાનમાં ચેપ લાગે અથવા સોજો આવી જાય.
- મધ્યકર્ણમાં ચેપ લાગવાથી કે સોજો આવવાથી,મધ્યકર્ણમાં પ્રવાહી જવાથી, કર્ણપટલના સ્થાનમાં ફેરફારથી આ પ્રકારની ખામી સર્જાય છે.
- બાહ્યકર્ણની કર્ણનલિકા બંધ થઇ ગઇ હોય.

**ઓટોસ્કલેરોસિસ**

આ રોગ વારસાગત જ સ્ત્રીઓમાં વધુ પ્રમાણમાં જોવા મળે છે આ રોગ નાની ઉંમરે થાય છે. આ રોગની પ્રક્રિયા મધ્યકર્ણની અસ્થિસાંકળે અસર કરે છે. અને સામાન્ય રીતે સખ્ત હાડકાંઓને પોચો બનાવી દે છે. લંબગોળ બારી ખાસ પ્રકારે ડીપોઝિટથી ઢંકાયેલી હોય છે અને પ્લેટ લંબગોળ બારીમાં એવી બેસી જાય છે કે સામાન્ય હલનચલન થઇ શકતી નથી. સ્પેસનું ફિકસેશન ધીમે ધીમે લાંબો સમય રહે અને ધીમે ધીમે બધિરતા વધતી જાય છે.સામાન્ય રીતે ઓટોકલેરોસિસ અંતઃકર્ણ સુધી ધ્વનિ તરંગોનું વહન ન થઇ શકવાના લીધે કંડકટીવ હિયરિંગ લોસ ઉત્પન્ન કરે છે, જે પછીના અંદરના તબકકે અંદરના કાન પર આક્રમણ કરી કેટલાંક મજજાતંતુઓનો નાશ કરે છે.

**ઉપચાર**

આ પ્રકારના હિયરિંગ લોસવાળા દર્દીઓનો દવાઓ કે શસ્ત્રક્રિયા દ્વારા ઉપચાર કરી શકાય છે, જેનાથી તેમની શ્રવણ પ્રક્રિયામાં સુધારો થાય છે. કાનમાં ઇન્ફેકશન હોય કે ઈજા થઇ હોય તો ડૉકટર પાસેથી દવા લઇ શકે છે. કાનમાં પ્રવાહી કે મેલ ભરાઇ ગયો હોય તો તેને કાઢી શકાય છે.

### સેન્સરી ન્યુરલ હિયરિંગ લોસ

અંતઃકર્ણમાં ખામી હોય કે,શ્રવણ ચેતાતંતુઓના સંદેશાઓ મગજતંતુઓ સુધી પહોંચતાં ન હોય અથવા બીજા શબ્દોમાં અવાજ યોગ્ય રીતે અંતઃકર્ણમાં આવે પણ અવાજનું યોગ્ય પૃથક્કરણ ન થાય ત્યારે જે શ્રવણખાધ આવે છે તેને સેન્સર સેન્યુરલ હિયરિંગ લોસ કહે છે. જેમાં એ કંડકશન અને બોન કંડકશન વચ્ચેનો ગેપ 10 db થી ઓછો હોય છે. આ શ્રવણખાધ જન્મથી જ અથવા પાછળથી પણ આવી શકે. છે.

આ લોસ થવાનાં કારણો નીચે પ્રમાણે હોય શકે.

- વારસાગત
- સગર્ભાસ્થિા દરમિયાન, માતાને રુબેલા,મેનેન્જાઈટિસ થાય તો ગર્ભને વિવિધ પ્રકારની ઈજાઓ થાય છે,જેનાં કારણે શ્રવણમંદતા આવે છે.
- માતાને કોઈપણ પ્રકારનું વ્યસન હોય કે, અમુક પ્રકારની હેવીડોઝ દવા લેતી હોય જેવી કે ક્વિનાઈન, સેલિસાઈલેક એસિડ વગેરે લેવાના કારણે પણ બાળકોમાં ખામી આવી શકે છે.
- જન્મ સમયે થતું હેમરેજ, લાંબી કે ઝડપી પ્રસૂતિના કારણે ટ્રોમાં,સિઝેરીયન,સેકશન બ્રીજ પ્રેનેટેશન, ફોર સેપ ડિલીવરી વગેરે.
- બાળકોને થતા ચેપી રોગો જેવાં કે ગાલપચોળા, અછબડા, ઓરી, ડિપ્થેરિયાના ચેપથી.
- બાળકને જન્મ સમયે પૂરતા પ્રમાણમાં ઑકિસજન વાયુ ન મળ્યો હોય.

#### ઉપચાર

સેન્સરી ન્યુરલ હિયરિંગ લોસ ધરાવતી વ્યકિતઓના ઉપચાર દવાઓ કે શસ્ત્રક્રિયા દ્વારા કરી શકાય નહી.આ ખામી કાયમી હોય છે. આ ખામી ધરાવતી વ્યકિતને હિયરિંગ એઈડ પહેરવાનું કહેવાય છે. તેને કોકલીયર ઈમ્પ્લાન્ટજી શસ્ત્રક્રિયા સાંભળવામાં મદદરૂપ બનાવી શકે. તેઓને પુનઃસ્થાન થવાની પ્રક્રિયા ઓડિટરી ટ્રનીંગ ભાષા ઉત્તેજક પ્રવૃત્તિઓ,વાલી માર્ગદર્શન,શ્રવણયંત્રનો સતત ઉપયોગ,વાણી સુધારણા દ્વારા કરી શકાય.

### મીકસ હિયરિંગ લોસ

જે વ્યકિતઓમાં કન્ડકિટવ એ સેન્સરી ન્યુરલ બંને પ્રકારની ખામી એક સાથે હોય તેને મિકસ હિયરિંગ લોસ કહે છે. આ ખામી કાનના અંતઃકર્ણ અને બાહ્યકર્ણ અથવા મધ્યકણ કે ત્રણેય ભાગમાં ખામી હોય શકે.તેના એરકંડકશન અને બોન કંડકશન વચ્ચેના ગેપ 15 db તેથી વધુ હોય છે અને બોન કંડકશનમાં પણ ખામી દર્શાવે AC માં BC કરતાં વધારે ખામી જોવા મળે છે.

### પ્રોગ્રેસીવ હિયરિંગ લોસ

જે શ્રવણખાધ સમય સાથે વધતી જાય છે તેને પ્રોગ્રેસીવ હિયરિંગ લોસ કહે છે. આ શ્રવણખાધ ચેપથી કોઈક વખત વારસાગત ક્ષતિને લીધે ઉદ્ભવે છે.

#### ઉપચાર

દવા, શસ્ત્રક્રિયા કે હિયરિંગ એઈડના ઉપયોગથી થઈ શકે.

| શ્રવણમંદતાનું પ્રમાણ | ખામીના પ્રમાણમાં ભાષાની સજજ ઉપર અસર | ચૈક્ષણિક ફરિજયાત |
|---|---|---|
| 20 થી 30 db માઇલ્ડ લોસ | - થોડે દૂરથી જો ધીમેથી બોલાય તો મુશ્કેલી પડે.<br>- શાળામાં તેના અનુભવની અભિવ્યકિતમાં અસ્પષ્ટ હોય<br>- છતાં સમજી શકાય તેવી વાણી ઉચ્ચારે | - એલ.આર. ની ટ્રેનીંગ આપવી.<br>- શબ્દભંડોળ વધારવા વિશેષ જાગ્રત રહેવું.<br>- યાળામાં શરુઆતની બે-ત્રણ લાઇનમાં બેસાડવો. |
| 30 થી 40 db મારજીનલ લોસ | - ત્રણ ફૂટ દૂરથી એવરેજ સ્પીચ લેવલ સમજી શકે<br>- પણ તેથી વધુ દૂર હોય તો મુશ્કેલી પડે<br>- શબ્દભંડોળ સમધારણ કરતા ઓછું હોય<br>- હાઇ ફ્રિકવન્સી લોસ હોય તો સ્પીચમાં ખામી દેખાય | - એલ.આર. ની ટ્રેનીંગ આપવી.<br>- યોગ્ય હિયરીંગ એઇડ<br>- વિશેષ રીતે શબ્દભંડોળ વધારવાની પધ્ધતિ અપનાવવી.<br>- શાળામાં આગળની જગ્યામાં બેસાડવા<br>- પ્રાથમિક એલ.આર. ની ટ્રેનીંગ આપવી.<br>- એલ.આર. ની ટ્રેનીંગ આપવી.<br>- પ્રાથમિક સ્તરની ભાષા પર વધુ ભાર દેવો |
| 40 થી 60 db મોડરેટ લોસ | - ત્રણ ફૂટ દૂરથી જો મોટેથી બોલાય તો સમજી શકાય<br>- તેની સાથે હેતુ કે કલ્યુ વગર વાત કરાય તો તેને ન સમજી શકે અથવા ગેરસમજ થાય<br>- શાળામાં વધુ તકલીફ પડે<br>- સમૂહ ચર્ચામાં ભાગ લેવાની ઇચ્છા ન કરે<br>- હાઇ ફ્રિકવન્સી લોસ હોય તો,સ,ઇ,ય,માં ખામી આવે<br>- અવેજી ઉચ્ચારણ કરે<br>- વિભકિત પ્રત્યેયનો ઉપયોગ ન કરે<br>- શબ્દભંડોળ મર્યાદિત | - એલ.આર./એ.ટી.<br>- ખામીને અનુરુપ બે હિયરીંગ એઇડ<br>- ભાષાની વિશિષ્ટ તાલીમ<br>- શબ્દભંડોળ વધારવાની વિશેષ પ્રયુકિતઓ<br>- વાંચનની પ્રયુકિતઓ<br>- વિશિષ્ટ શિક્ષકની મદદની જરુર<br>- જો 60 db સુધી લોસ હોય તો પૂર્વ પ્રાથમિકમાં પાયાની ભાષા કરી શકે પણ ઉપરના ભણતરમાં તકલીફ પડે. |
| 60 થી 70 db સિવિયર લોસ | - વ્યકિત દૂર હોય તો સાંભળવામાં અને સમજવામાં મુશ્કેલી પડે.<br>- પર્યાવરણના અવાજો સાંભળી શકે<br>- સ્વયં સ્ફૂરિત રીતે ભાષા અને વાણીનો વિકાસ થતો નથી, અવાજ કદાચ સારો હોય શકે.<br>- સ્વરોનો ભેદ પારખી શકે પણ વ્યંજનોનો ભેદ પારખી ન શકે. | - એલ.આર./એ.ટી.<br>- યોગ્ય હિયરીંગ એઇડ<br>- વિશિષ્ટ શિક્ષણનછ જરુર પડે<br>- વિશિષ્ટ શિક્ષક,તાલીમ,ટેકનીકલ મદદ જોઇએ. |
| 70 db થી સિવિયર લોસ | - એક ઇંચ દૂરથી બોલાયેલું કદાચ સાંભળે<br>- દૂરનું સાંભળી,સમજી પ્રતિભાવ ન આપી શકે.<br>- ઘણી પ્રેકટિસ પછી અવાજ પ્રત્યે જાગૃતતા આવે<br>- સારામાં સારા હિયરીંગ એઇડ હોય તો પણ ભાષા અને વાણી લગભગ વિકસતા નથી<br>- ટી.સી. પ જવાની જરુર પડે | - એલ.આર./એ.ટી.<br>- યોગ્ય હિયરીંગ એઇડ<br>- ભાષા અને વાણી વિકાસ માટે ઘણી વિશિષ્ટ ટેકનીકોનો સતત ઉપયોગ<br>- વિશિષ્ટ શિક્ષકની મદદ |

**શ્રવણેન્દ્રિયની તાલીમ (એ.ટી.)**

1. બાળકની શેષ શ્રવણશિકતનો વધારેમાં વધારે ઉપયોગ કરવા માટે બાળકને મદદ કરો.
2. શ્રવણકેન્દ્રિયની તાલીમથી બાળકની સાંભળવાની શકિત વધતી નથી પરંતુ મુખ્યત્વે બાળકની શેષ રહેલી શ્રવણશકિતનો ઉપયોગ કરવામાં આ તાલીમ મદદ કરે છે.
3. શ્રવણેન્દ્રિયની તાલીમ શરૂ કરતાં પહેલાં ધ્યાનમાં રાખવાની બાબતો:

- શ્રવણયંત્ર બરાબર કામ કરતું હોય.
- શ્રવણયંત્ર શરૂ હોય ચાલુ હોય
- બાળકશ્રવણયંત્ર પહેરતું હોય.

- **શ્રવણદોષયુક્ત વિકલાંગ બાળકો (Hearing Impair Children)**

જે બાળકમાં શ્રવણ દોષ જોવા મળે છે. જેના કારણે એમને કંઈપણ સંભળાતું નથી અથવા જેમને સ્પષ્ટ રૂપથી સાંભળવામાં, અવાજને ઓળખવામાં અને એનો સાચો અર્થ લગાવવામાં અસુવિધાનો સામનો કરવો પડે છે. શ્રવણ દોષવાળા બાળકો કહેવામાં આવે છે. આ પ્રકારના બાળકોમાં બે શ્રેણી જોવા મળે છે.

(1) પૂર્ણ શ્રવણક્ષતિ ધરાવતાં જેમને કશું સંભળાતું નથી (Deaf Children)

(2) ઓછું સાંભળતાં હોય તેવાં બાળક (Hand of Hearing)

પહેલી શ્રેણીમાં આવતાં બાળકોને કંઈપણ સંભળાતું નથી તે પોતાની વાત માત્ર ઈશારાથી જાણી શકે છે અને ઈશારાથી જ થોડું ઘણું સમજી શકે છે. બીજી-શ્રેણીમાં બાળકનામાં એવા શ્રવણદોષ હોય જેના કારણે એમને સામાન્ય વાતચીત, અવાજ જેને બીજાં બાળકો સારી રીતે સાંભળી શકે છે અને સમજી શકે છે. તેને આ બાળકો સાંભળી અને સમજી શકતાં નથી. એમની સામે મોટા અવાજે બોલવું પડે છે. શ્રવણયંત્રના ઉપયોગથી આ પરેશાની ઓછી થાય છે. આવા બાળકોનું શિક્ષણ સામાન્ય બાળકોની સાથે જ આયોજિત કરી શકાય છે.

- **શ્રવણયુક્ત બાળકોનું શિક્ષણ અને સમાયોજન (Education and adjustment of Hearing Impaired)**

શ્રવણક્ષતિ ધરાવતાં બાળકોની શિક્ષણ અને સમાયોજનની યોજના બનાવતી વખતે આપણે શ્રવણદોષની પ્રકૃતિ અને ગંભીરતાને ધ્યાનમાં રાખીને આગળ વધવાનું હોય છે જેના લીધે પૂર્ણ શ્રવણશક્તિ ધરાવતાં હોય તથા જે આંશિક રૂપથી શ્રવણશક્તિ ધરાવતાં હોય. આ બંને પ્રકારના બાળકોનું શિક્ષણ અને સમાયોજન માટે અલગ-અલગ પ્રકારની વ્યવસ્થા કરવાની જરૂર પડે છે.

- મૌખિકરૂપથી ભાષાની અભિવ્યક્તિ તથા ગ્રહણ કરવાની વાત તેઓની સાથે થતી નથી એટલે તેમના શિક્ષણમાં એમને મૌલિક ભાષારૂપી સાધનથી વંચિત રહેવું પડે છે.
- અવાજના સાંભળાવાથી એમનામાં જીવન જીવવામાં મુશ્કેલી પડે છે. અને એમનું સમાયોજન સામાન્ય બાળકોની જેમ થતું નથી આવાં ઘણાં બધાં શીખવાના અનુભવો અને ક્રિયાઓ જેનામાં અવાજનું સાંભળવું મહત્ત્વ રાખે છે તે આ બાળકોની દુનિયામાં નથી હોતું.
- શ્રવણશક્તિ ધરાવતાં બાળકોને એ પ્રકારના શીખવાના અનુભવ આપવામાં આવે જેના માધ્યમથી તેમને હાવભાવ, અંગ સંચાલન તથા હોઠનું સંચાલન માત્રથી જ ભાવો પર વિચારોનું ગ્રહણ કરવાંનો અભ્યાસ થઈ જાય.
- શ્રવણેન્દ્રિય બંધ થવાથી અથવા તેમાં દોષ થવાથી બાળકની શારીરિક, માનસિક, સર્જનાત્મક યોગ્યતાઓ તથા શક્તિઓમાં કોઈ ફર્ક પડતો નથી. એક તરફ કુદરત જ્યારે એક દરવાજો બંધ કરે તો એની ભરપાઈ માટે બીજો દરવાજો ખોલે છે આવાં બાળકોને પોતાની શક્તિઓના વિકાસ માટે તક આપવી જોઈએ.
- યોગ્ય રીતે કાર્ય અનુભવો ઉપયોગ વિષયો અને ક્રિયાઓને એના પાઠ્યક્રમના અનિવાર્ય અંગ માનવા જોઈએ. જેથી તે પોતાના સર્જનશીલ વ્યવહારનો યોગ્ય ઉપયોગ કરીને સમાજના ઉપયોગી સદસ્ય તરીકે પોતાને પ્રતિષ્ઠિત કરી શકે.
- આંખોથી નિરીક્ષણ કરવું, સ્પર્શથી અનુભવ કરવાં, જીભથી સ્વાદ ચાખવો વગેરે કરવાંથી

એમને જલ્દી સમજાય છે એટલે કે પાઠ્યપુસ્તકમાં કાનોથી સાંભળવા જેવા અનુભવો છોડીને અન્ય ઈન્દ્રિય અનુભવો તથા ક્રિયાઓને વિશેષ રૂપથી સ્થાન આપવું જોઈએ.

- સાંભળવામાં સહાયતા આપનારા શ્રવણયંત્રોનો ઉપયોગ દ્વારા એમને પ્રશિક્ષણ આપવું જોઈએ નિયમિત એનો ઉપયોગ કરે તેવી આદત બનાવવી જોઈએ.
- આવાં બાળકોના સમાયોજનમાં એ ધ્યાન રાખવું જોઈએ કે પોતાના શ્રવણદોષના કારણે તે ઉપેક્ષાનું કારણ ન બને અને એમની બિચારા અને અસહાય ન સમજે એમની દેખભાળ અને શિક્ષણ એ રીતે આપવું કે એમને પોતાની અક્ષમતા પ્રગટ ન થાય.
- અનુભવી મનોવૈજ્ઞાનિક તથા વિશેષજ્ઞોની સેવાનો પણ બાળકોના મનોવિજ્ઞાન સંબંધી શ્રવણદોષને દૂર કરવાં માટે કામમાં લઈ શકાય છે. બધી અવસ્થાઓમાં અધ્યાપક તથા માતા-પિતા દ્વારા આ પ્રકારના ઉત્સાહ અને પ્રોત્સાહનયુક્ત વાતાવરણનું નિર્માણ કરવું જોઈએ.

**2.3.1.3 માનસિક વિશિષ્ટ બાળકો**

- **માનસિક વિશિષ્ટ બાળકો : વ્યાખ્યા, સંકલ્પના અને સ્વરૂપ**

માનસિક ક્ષતિગ્રસ્તતા એ બૌધ્ધિક ખામી કે જેનો ઇલાજ શકય નથી તેને નિર્દેશ કરે છે. જયારે માનસિક પછાતપણું એ બુધ્ધિની સામાન્ય કક્ષા કરતાં નિમ્ન કક્ષાની ક્રિયાન્વિતતાનો નિર્દેશ કરે છે. માનસિક ક્ષતિગ્રસ્તતાને મટાડી શકાતી નથી. તેનો ઇલાજ શકય નથી. જયારે માનસિક પછાત પણાનો ઇલાજ શકય છે. અને બુધ્ધિની ક્રિયાન્વિતતાનો સામાન્ય કક્ષા સુધી લઇ જઇ શકાય છે.

મનોવિજ્ઞાનીઓનાં મંતવ્ય મુજબ “The Children who are below their grade placement in terms of their age” એટલે કે બાળક અમુક ઉંમરે જે વર્ગ કે શ્રેણીમાં અભ્યાસ કરતું હોવું જોઇએ. શ્રેણીમાં તે પહોંચી શક્યું ન હોય તેવાં બાળકોને માનસિક રીતે વિશિષ્ટ બાળકો કહી શકાય.

મંદબુધ્ધિ એ એક એવી પરિસ્થિતિ છે કે જેમાં મગજનો સામાન્ય અથવા પૂરતો વિકાસ થયેલ નથી. આવી વ્યકિતઓ પોતાની શારીરિક વય પ્રમાણે અપેક્ષિત સ્તરે વર્તન કે કામ કરી શકતાં નથી — ટેડ ગોલ્ડ-1996

માનસિક વિશિષ્ટ બાળકો શૈક્ષણિક રીતે પછાત કે અક્ષમ હોય છે. આવાં બાળકો મંદગ્રહણ શકિત ધરાવતાં હોય છે. તેઓ મંદ અધ્યયન શીલતા ધરાવતાં જોવા મળે છે. માનસિક વિશિષ્ટતા વાતાવરણ જન્ય પરિબળો કે વારસાગત કારણોથી થઇ શકે છે. આવા બાળકો માનસિક અને સામાજીક રીતે એટલા મંદ હોતાં નથી કે જેથી નિયમિત શાળા જીવનમાં તેમને શિક્ષિત ન કહી શકાય.આવા બાળકો ને શોધી કાઢવા માટે કેટલીક પ્રયુકિતઓનો આશ્રય લેવો જોઇએ. આવા બાળકો મૂર્ત અને સ્થૂળ પદાર્થોને જલ્દી ઓળખી શકે છે. અમૂર્ત બાબતો સહેલાઇથી ગ્રહણ કરી શકતાં નથી.

માનસિક વિશિષ્ટ બાળકોમાં જુદાં જુદાં બુધ્ધિઆંક જોવા મળે છે. આવા બાળકો ને નીચે પ્રમાણેનો પ્રકાર પાડી શકાય છે.

- શૈક્ષણિક રીતે વિશિષ્ટ
- મનોવૈજ્ઞાનિક રીતે વિશિષ્ટ
- મેડીકલ રીતે વિશિષ્ટ

**1. શૈક્ષણિક રીતે**

એજયુકેશનની દષ્ટ્રિ એ મંદબુધ્ધિ બાળકોના ત્રણ પ્રકાર પાડવામાં આવે છે :-

1. એજયુકેબલ (અભ્યાસક્ષમ બાળકો)
2. ટ્રેનેબલ (તાલીમી બાળકો)
3. કસ્ટોડીયલ (સંપૂર્ણ પરાવલંબી બાળકો)

- **એજયુકેબલ (અભ્યાસક્ષમ બાળકો)**

- આવા બાળકોનો બુધ્ધિઆંક 50 થી 70 હોય છે.
- તેઓ પોતાની સંભાળ જાતે જ લઇ શકે છે.
- તેઓ સાદા દાખલા અને ગણિત પણ ગણી શકે છે.
- આવા બાળકો માધ્યમિક કક્ષા સુધી ભણી શકે છે.
- આવા બાળકો મોટા ભાગના લોકોને ઓળખી શકે છે.
- આવા બાળકો એકલા બહાર આવ-જા કરી શકે છે.
- આવા બાળકો એકલા પણ મુસાફરી કરી શકે છે.
- આવા બાળકો ખાસ ટ્રેનિંગ દ્વારા ફાઇલો વગેરે બનાવતાં શીખી શકે છે.
- આવા બાળકોને શિક્ષણ-પ્રશિક્ષણથી સુધારો લાવી શકાય છે.

- **ટ્રેનેબલ (તાલીમી બાળકો)**

- આવા બાળકોનો બુધ્ધિઆંક 35 થી 49 વચ્ચે હોય છે.
- આવા બાળકો પોતાની સ્વ-સંભાળ રાખી શકે છે.
- આવા બાળકોને હળવા કાર્ય માટે તાલીમ આપીને શીખવી શકાય છે.
- આવા બાળકો કપડાં જાતે પહેરી શકે છે,અથવા તો બટન બીડવામાં તકલીફ પડે છે.
- આવા બાળકો વધુ પડતું અઘરું કાર્ય કરી શકતાં નથી. આવા બાળકોને કુદરતી હાજત પર અંકુશ મેળવવામાં વાર લાગે છે.
- આવા બાળકોને જાતે નાવું, ધોવું,ખાવું,કપડાં પહેરવા વગેરે કાર્ય શીખવી શકાય છે.

- **કસ્ટોડીયલ (સંપૂર્ણ પરાવલંબી બાળકો)**

- આવા બાળકોનો બુધ્ધિઆંક 25 થી ઓછો જોવા કળે છે.
- આવા બાળકોનું ઝાડા-પેશાબ (કુદરતી હાજત) નું ભાન હોતું નથી.
- આવા બાળકો સંપૂર્ણપણે બીજાની ઉપર આધારિત હોય છે.
- આવા બાળકો પોતાની સાર – સંભાળ રાખી શકતાં નથી.
- આવા બાળકોને ખવડાવવું પણ પડે છે.
- આવા બાળકોને નવડાવવા,કપડાં પહેરાવવા તેમજ બીજા બધાં જ રોજીંદા જીવનનાં કાર્યો કરાવવા પડે છે.
- આવા બાળકો માત્ર શારીરિક અસ્તિત્ત્વ દર્શાવતાં હોય છે.

**૨. મનોવૈજ્ઞાનિક રીતે**

| | પ્રકાર | બુધ્ધિઆંક (IQ) |
|---|---|---|
| 1. | જીનિયસ | - 140 થી ઉપર |
| 2. | સુપર ઇનટેલિજન્ટ | -130 – 140 |
| 3. | ઇન્ટેલિજન્ટ | - 110 – 130 |
| 4. | સામાન્ય | - 90-110 |
| 5. | સ્લો લર્નર | -80 – 89 |
| 6. | બોર્ડર લાઇન | - 70 – 79 |

7. માઈલ્ડ - 50 થી 70

8. મોડરેટ - 35 થી 49

9. સિવીયર - 20 થી 34

10. પ્રોફાઉન્ડ - 20 થી નીચો

**1. માઈલ્ડ (સાધારણ)**

આવા બાળકોનો બુધ્ધિઆંક 50 થી 70 જોવા મળે છે. માનસિક દુર્બળતાનો આ વેગ માનસિક વિકાસની દષ્ટિએ સર્વશ્રેષ્ઠ છે. આવા પ્રકારના બાળકોનો ચહેરો સામાન્ય બાળક જેવો લાગે છે. તેમનું વર્તન અને શારીરિક દેખાવ સામાન્ય બાળક જેવો લાગે છે. આવા બાળકો કિશોરાવસ્થામાં હોય તેવી કાલ્પનિક શકિત ધરાવતાં નથી. સામાન્ય રીતે મગજની ઈજા,શારીરિક ખોડખાંપણ નથી હોતી. તેઓને સામાન્ય દેખરેખની જરૂર પડતી હોય છે.આવા બાળકોને મા-બાપ તેમજ શિક્ષક દ્વારા પ્રાથમિક શિક્ષણ આપી સ્વાવલંબી બનાવી શકાય છે. આવા બાળકોની શારીરિક અને માનસિક સ્થિતિ બીજા પ્રકારના બાળકો કરતાં સારી હોય છે. આવા બાળકોના દેખાવ પરથી મંદબુધ્ધિનાં લાગતાં હોવાથી જુદી શાળામાં તેમનો વિકાસ સિમાંત રેખા પરની વ્યકિત તરીકે કરવામાં આવે છે. આવા બાળકો સાધારણ પ્રકારનું શિક્ષણ મેળવી શકે છે.

**૨. મોડરેટ (અતિ સાધારણ)**

આવા બાળકોનો બુધ્ધિઆંક 35 થી 49 જેટલો હોય છે. આવા બાળકોમાં ગ્રહણ કરવાની શકિત ધીમી હોય છે. આમાંનાં ઘણાં બાળકો સામાન્ય સરળ ભાષા અને અંકગણિતનું જ્ઞાન મેળવી શકે છે. આમાંના મોટાભાગનાં બાળકો પોતાની સાર-સંભાળ રાખી શકે છે. આવાં બાળકો દેખાવમાં જુદાં લાગે છે. જો આ બાળકોને ખાસ તાલીમ આપવામાં આવે તો કોઈપણ જાતની દેખરેખ હેઠળ તેઓ કાર્ય કરી શકે છે. આમાંનાં ઘણાં બાળકો વર્તનને લગતી સમસ્યા ધરાવે છે. તેમને તાલીમ દ્વારા તૈયાર કરી શકાય છે.

**3. સિવીયર (ગંભીર)**

આવા બાળકોનો બુધ્ધિઆંક 20 થી 34 જેટલો હોય છે. આવા બાળકોમાં ભાષાનો વિકાસ પૂરતો જોવા મળતો નથી. તેમનામાં રોગપ્રતિકારક શકિત ઓછી જોવા મળે છે. આવા બાળકોને સતત દેખરેખની જરૂર હોય છે. આવા બાળકો કોઈપણ વાતારવણમાં સમાયોજન સાધવાની શકિત ધરાવતાં નથી.

**4. પ્રોફાઉન્ડ (અતિ ગંભીર)**

આવા બાળકોનો બુધ્ધિઆંક 20 થી ઓછો જોવા મળે છે. આવા બાળકોમાં મગજની ઘણી ખામીઓ જોવા મળે છે. આવા બાળકો પાછળ ખૂબ જ મહેનત તેમજ દેખરેખ રાખવી પડતી હોય છે. તેઓ પોતાની જરા પણ દેખરેખ રાખી શકતાં નથી. આવા બાળકોને એ પણ ખ્યાલ નથી હોતોં કે દેખરેખ કોણ રાખી રહ્યું છે. આવા બાળકોને જીવે ત્યાં સુધી વ્યકિતગત દેખરેખ રાખવી પડતી હોય છે. આવા બાળકોની જીંદગી ટૂંકી હોય છે. આવા બાળકો સંપૂર્ણ પરાવલંબી હોય છે.

- **મેડીકલ રીતે વિશિષ્ટ**

બાળકોની શારીરિક અને માનસિક ખામીને ધ્યાનમાં રાખીને મંદબુધ્ધિના પ્રકારો પાડવામાં આવ્યા છે. આવા બાળકોમાં માનસિક ક્ષતિની સાથે સાથે શારીરિક તકલીફ પણ જોવા મળે છે.

**1. માઈક્રોસેફાલી (Microcephaly)**

સામાન્ય લોકોની માથાની ખોપરીનાં પરીઘ ૨૨ ઈંચ જેટલો હોય છે, પણ મંદબુધ્ધિ ધરાવતાં

આ પ્રકારના બાળકોના માથાનો પરીઘ 17 ઈંચથી ઓછો હોય છે, ખોપરીનો આધાર ત્રિશંકુ જેવો હોય છે. હડપચી અને કપાળ અંદર બેસી ગયેલ,વાળ બરછટ હોય છે. આ પ્રકારના બાળકો તીવ્ર મંદબુધ્ધિથી સાધારણ મંદબુધ્ધિ (Servere to Moderate) નાં હોય છે. આવા બાળકોના માથાનો વિકાસ ગર્ભાવસ્થાના ચોથા કે પાંચમાં માસથી ઓછો હોય છે, જેથી તેમનું મગજ પહેલેથી જ અવિકસિત હોય છે.

**2. હાઈડ્રોસેફાલી (Hydrocephaly)**

આ પ્રકારના બાળકોની ખોપરી, કરોડરજજુ તથા મગજના ભાગોમાં પ્રવાહીનું પ્રમાણ વધતાં તે મોટા થાય છે. આવા બાળકોના માથાની ખોપરીનો પરીઘ 25 થી 35 ઈંચ જેટલો હોય છે. આવા બાળકોના હાથ-પગ કે શરીરના અન્ય અવયવોની સરખામણીમાં માથાનો વિકાસ વધુ થયેલ જોવા મળે છે. મગજના પ્રવાહીનું પ્રમાણ વધી જતાં મગજ વિકૃતિનો ભોગ બને છે અને માનસિક ક્ષતિ ઉપરાંત બાળકોમાં શારીરિક ખોડ જેવી કે અંધાપો,બહેરાશ વગેરે આવી શકે છે.

**3. ડાઉન સિન્ડ્રોમ**

ઇ.સ. 1956માં ઇંગ્લેન્ડના સર લેંગનન ડાઉન્સ નામના વ્યકિતએ આ પ્રકારની મંદબુધ્ધિ ધરાવતી હોય વ્યકિતઓનું વર્ણન કર્યું હોય તેમના નામ પરથી આ પ્રકારનો ડાઉન સિન્ડ્રોમ નામ આપવામાં આવેલ છે.

મંદબુધ્ધિ ધરાવતાં હોય તેવાં બાળકોમાં મોટાભાગના બાળકો ડાઉન સિડ્રોમના કારણે મંદબુધ્ધિ ધરાવતાં તેવું જોવા મળે છે. આવા બાળકોની સંખ્યા વધુ પ્રમાણમાં જોવા મળે છે. આથી ડાઉન સિડ્રોમની સમજૂતી મેળવવી જરુરી છે.

મનુષ્યના જીવનમાં દરેક મનુષ્યમાં દૈહિક કોષમાં રંગસૂત્રોની સંખ્યા 46 હોય છે. તેમાંથી 22 જોડી (44 રંગસૂત્રો) દૈહિક રંગસૂત્રોની અને 23 મી લિંગી રંગસૂત્રોની હોય છે. આવા રંગસૂત્રોની જે નિશ્ચિત સંખ્યા છે. જો તેમાં 22 મી જોડના રંગસૂત્રોમાં વધઘટ થાય તો આ પ્રકારની ખામીવાળું બાળક જન્મે છે.

- **ડાઉન સિન્ડ્રોમ ધરાવતી વ્યકિતના લક્ષણો**

આવી વ્યકિતઓ મોંગોલોઇડ પ્રકારની હોય છે.તેમનામાં શારીરિક દૃષ્ટિએ જોઇએ તો તેમનું કદ ઠીંગણું,ટૂંકી ગરદન,મોટું માથું તેમજ નાક ચપટું અને નાનું,હોઠ મોટા,જાડી જીભ, હથેળી સપાટ, નાના પંજા, હાથ – પગની આંગળીઓ જાડી અને અકકડ હોય છે. તેમજ આંખના પોપચાં,ગડીવાળાં જોવા મળે છે. આવી વ્યકિતઓ માનસિક મંદતા ધરાવતી હોય છે.

આવી વ્યકિતઓ શારીરિક રીતે નબળી તેમજ માનસિક ક્ષમતા ઓછી અને શરીરના અવયવો પર ઓછો કાબૂ જોવા મળે છે. તેમનામાં સામાન્ય માણસ કરતાં લાગણી અને સંવેદનાઓ વધુ જોવા મળે છે.

**4. ક્રિટિનિઝમ (Crotonism) (થાઈરોઇડ)**

વિશ્વમાં આ પ્રકાર ખૂબ જ ઓછા પ્રમાણમાં જોવા મળે છે. કંઠગ્રંથિમાંથી ઝરતાં થાયરોકસીન નામના સ્ત્રાવને લીધે આ પરિસ્થિતિ ઉદ્ભવે છે.જેમાં આયોડિનનું પ્રમાણ 60 ટકા જેટલું હોય છે. આ ગ્રંથિનો સ્ત્રાવ શારીરિક તથા માનસિક વિકાસ પર સીધી અસર કરે છે. થાયરોકસીન સ્ત્રાવના પ્રમાણમાં સમતુલા ન જળવાય કે તેની વધઘટને લીધે માનસિક તથા શારીરિક વિકૃતિ ઉદ્ભવતી જોવા મળે છે. ક્રિટિનિઝમમાં છ માસથી લઈને બે વર્ષ સુધીમાં શારીરિક લક્ષણો દેખાવા લાગે છે.

**૫. મગજનો પક્ષઘાત**

બાળકના મંદબુધ્ધિ થવા પાછળના મુખ્ય બે કારણો કારણરૂપ હોય છે.

1. રંગસૂત્રોની વધઘટ કે ખામીયુકત જોડાણ

2. મગજના લકવા (પક્ષઘાત) ના કારણે આવા બાળકોને સેરેબ્રલ પાલ્સી કહેવામાં આવે છે. આવા બાળકોને કોઇ કારણસર મગજના કોષને કે ભાગને નુકસાન થતું હોય છે. પરિણામે વ્યકિતને હલન-ચલન અને શરીરની સ્થિતિમાં ઘણી મુશ્કેલીઓ થાય છે. મગજના ભાગોમાં નુકસાન થવાના કારણે દૃષ્ટ્રિમાં,શ્રવણશકિતમાં અસર કરે છે. આવા બાળકોને માતા-પિતાનો સહકાર,યોગ્ય સારવાર દ્વારા આત્મનિર્ભર બનાવી શકાય છે. પરંતુ તેના માટે લાંબા સમયની યોગ્ય સારવાર જરૂરી છે. તેમજ સી.પી. બાળક મંદબુધ્ધિવાળું હોઈ પણ શકે અને ન પણ હોય.

- **સેરેબ્રલ પાલ્સી ધરાવતાં બાળકને કેવી રીતે ઓળખી શકાય છે ?**

1. બાળકના મોઢામાંથી સતત લાળ પડયા કરતી હોય.
2. સેરેબ્રલ પાલ્સી (મગજના લકવાવાળું) બાળક જન્મ સમયે લોચા જેવું કે સુસ્ત જણાય છે.
3. બાળક પોતાના અંગનો ઓછો ઉપયોગ કરે.ઘણીવાર હાથનો ઉપયોગ અથવા એક જ વસ્તુ પકડી – મૂકી શકે.
4. બાળકને જન્મ સમયે રડવામાં વાર લાગવી, થોડું રડવું,શરીર ભૂરૂ થઇ જવું
5. બાળક સતત રડતું હોય કે ખૂબ ચિડીયા સ્વભાવનું બની જાય.
6. બીજાં બાળકો સાથે હળે-મળે નહીં.વાતચીત પણ ન કરે.આવા બાળકો પોતાના અંગો પર સમતોલ ન રાખી શકે,બેસતા કે ચાલતાં તેમજ આજુ બાજુ ફરવાનું મોડું અથવા ધીમું હોય.
7. બાળકને ખેંચ અથવા તાણ આવતી હોય,મોટો અવાજ થાય તો ગભરાઇ જાય,ગુસ્સે થઇ જાય,એકદમ રડવા લાગે.
8. બાળકની ભાષા-વાણી અસ્પષ્ટ હોય,વાણી વિકાસમાં ધીમું કે મોડું હોય.
9. સેરેબ્રલ પાલ્સી બાળકો ઘણીવાર મંદબુધ્ધિના બાળકો જેવાં લાગતાં હોય છે.પરંતુ ઘણીવાર એવું બને કે તેમનામાં દેખાય છે તેના કરતાં સમજણ શકિત વિશેષ હોય છે.

**6. ઓટીઝમ (સ્વલીનતા)**

1. આવા બાળકો પોતાની મસ્તીમાં જ હોય છે.

૨. તેમને આજુ-બાજુની ખબર પડતી નથી.

3. તેમના હાથ-પગનું હલનચલન પણ વિચિત્ર હોય છે.

**7. મસ્તષ્કીય જલવિધિ**

1. માથામાં પાણી ભરાઇ જવાની ક્રિયાને મસ્તષ્કીય જલવિધિ કહે છે.

૨. માથુ ખૂબ પોચું હોય છે.

- **બૌદ્ધિક રીતે ક્ષતિયુક્ત બાળકો (Children with Intellectual defeciency)**

જે બાળકો બૌદ્ધિક રીતે ક્ષતિયુક્ત જન્મેલાં હોય અથવા જેઓ મનોવૈજ્ઞાનિક કે પર્યાવરણના પરિબળોને લીધે બૌદ્ધિક રીતે ક્ષતિગ્રસ્ત થયાં હોય તેવા બાળકોને સામાન્ય રીતે વિકલાંગ બાળકો કહેવામાં આવે છે. સામાન્ય રીતે જે વ્યક્તિનો બુદ્ધિઆંક (IQ) 70 અથવા તેથી નીચો હોય તેવી વ્યક્તિઓ આ કક્ષામાં આવે છે. 70 અથવા તેથી નીચેનાં બુદ્ધિઆંક ધરાવતાં બાળકો નિર્બળ માનસિકતાવાળાં (Feeblemided) કહેવામાં આવે છે નિર્બળ માનસિકતા ધરાવતાં બાળકોનું વર્ગીકરણ પણ કેટલાંક મનોવૈજ્ઞાનિક નીચે પ્રમાણે કરે છે.

| કક્ષા | બુદ્ધિઆંક |
|---|---|
| નિમ્ન બુદ્ધિ (Moron) | 50-70 |
| મૂઢ, મૂર્ખ (Imbecile) | 25-50 |
| મહામૂર્ખ (Idiot) | 25થી નીચે |

માનસિક ક્ષતિગ્રસ્ત (Mental deficiency) ની વ્યાખ્યા આપતાં એક મનોવૈજ્ઞાનિકે નીચે પ્રમાણે જણાવ્યું છે "Mental deficiency is a condition of Subnormal Mental Development Present at birth or early Childhood and characterisd Mainly by limited intelligence and social inadequacy"

**– Page**

"માનસિક ઉણપ યા ક્ષતિગ્રસ્તતા એ માનસિક વિકાસની નિમ્ન સામાન્ય અવસ્થાનો નિર્દેશ કરે છે.આવી ઉણપ બાળકોમાં ક્યારેક જન્મજાત હોય છે કે શિશુ અવસ્થાના કે બાલ્યાવસ્થાના પ્રારંભથી જોવા મળે છે. આવાં બાળકોમાં બુદ્ધિમત્તા અને સામાજિક સભાનતા મર્યાદિત પ્રમાણમાં હોય છે."

માનસિક ઉણપ એ માનસિક નિર્બળતાનો નિર્દેશ કરે છે. નિર્બળ મનોસ્થિતિ ધરાવતાં બાળકો આ કક્ષામાં મૂકી શકાય.

**મહામૂર્ખ (Idiot) :-**

- ટર્મનના વર્ગીકરણ પ્રમાણે જેમનો બુદ્ધિઅંક 25થી ઓછો હોય તેવાં બાળકો આ કક્ષામાં આવે છે પરંતુ પેજ જેવાં મનોવિજ્ઞાનીઓ 20થી ઓછા બુદ્ધિ અંક ધરાવતાં બાળકોનો આ કક્ષામાં સમાવેશ કરે છે.

**લાક્ષણિકતાઓ :**

- આવાં બાળકોનો બુદ્ધિઅંક સામાન્ય રીતે 25થી નીચેનો હોય છે.
- તેમનો માનસિક અને સામાજિક વિકાસ ત્રણ વર્ષના સામાન્ય બાળકથી ઓછો હોય છે.
- તેના શારીરિક બંધારણની અસરો તેના શારીરિક હલનચલન પર પડે છે. આથી એમ કહી શકાય કે તે શારીરિક ખામી પણ ધરાવતોં થઈ જાય છે.
- તેનો ભાષાકીય વિકાસ યોગ્ય રીતે થયેલો હોતો નથી તે યોગ્ય રીતે બોલી શકતો નથી તે ઉંહકારા કરે છે. એક જ જાતનાં ઉચ્ચારણો કરે છે.
- કેટલીકવાર એવું જોવામાં આવે છે કે આવાં બાળકો બાળલકવા અથવા અન્ય પદ્ધતિઓનાં ભોગ બનેલાં હોય છે.
- તેઓ જલ્દી ભૂખ્યાં થાય છે અને અકરાંતિયાની જેમ ખાય છે.
- આવાં બાળકો જલ્દી ગુસ્સે થઈ જાય છે તેઓ સતત ભયગ્રસ્ત રહેતાં હોય છે.

  આથી તેઓ ઘણીવાર તોફાન કરે છે ભાંગફોડ કરે છે.

**શિક્ષણ અને માર્ગદર્શન :-**

- આવાં બાળકો બુદ્ધિમાં અતિ પછાત હોય છે. તેઓ ખૂબ મહેનતે શીખી શકે છે.
- તેઓને શીખવી શકાય ખરું. શિક્ષકે આવાં બાળકો તરફ ખૂબ સહાનુભૂતિ રાખીને સ્નેહવર્ષણ કરીને, તેમને વિશ્વાસમાં લઈને ખૂબ ધીરજથી શીખવવાનો પ્રયાસ કરવો જોઈએ.

- આવાં બાળકોને વ્યક્તિગત રીતે માર્ગદર્શન આપીને શીખવવાનો પ્રયાસ કરવો જોઈએ.
- તેમને ખૂબ ધીરજથી કેટલાંક કાર્યો શીખવી શકાય. વસ્તુઓનો ઢગલો કરવો ભોયતળિયું સાફ કરવું વગેરે.
- જુદાં-જુદાં કાર્યો કરવામાં તેમને ઘનિષ્ઠ તાલીમ આપી શકાય. દરરોજના તેમનાં કપડાં પહેરવા, કપડાં કાઢવાં વગેરે શીખવી શકાય.
- તેમને જો વાણીની તાલીમ આપવામાં આવે તો તેઓ ધીરે ધીરે શબ્દો બોલતાં શીખે છે આ માટે શિક્ષકે ટેપરેકોર્ડરનો ઉપયોગ કરવો જોઈએ.
- વ્યક્તિગત રીતે ધ્યાન કેન્દ્રિત કરીને તેમને વ્યક્તિગત વાણીની તાલીમ આપવી જોઈએ.
- બુધ્ધિ કસોટીઓનો યોગ્ય ઉપયોગ કરવો જોઈએ.
- માતા-પિતા કે વાલીઓ સાથે ઘનિષ્ઠ સંપર્ક રાખીને આવાં બાળકોની સમસ્યાઓ જાણીને મા-બાપને યોગ્ય માર્ગદર્શન આપવું જોઈએ.
- તેમની તરફ ઉપેક્ષાવૃત્તિ દાખવવી જોઈએ નહિ.
- આવાં કેટલાંક બાળકોમાં યાંત્રિક અભિયોગ્યતા હોય છે આથી અભિયોગ્યતા કસોટી આપીને તેમની વિશિષ્ટ શક્તિઓ જાણીને તેમને શૈક્ષણિક અને વ્યાવસાયિક માર્ગદર્શન આપવું જોઈએ. કેટલાંકને ચિત્રકલા કેટલાંકને સંગીત વગેરેમાં રસ હોય છે. આથી આવાં બાળકોને માટે અનુરૂપ અભ્યાસક્રમો માટે માર્ગદર્શન આપવું જોઈએ.

**જડ (Imbecile)**

જે બાળકોનો બુદ્ધિઅંક 25થી 50 વચ્ચે હોય તેવાં બાળકોને આ કક્ષામાં મૂકવામાં આવે છે. બુદ્ધિકસોટીઓનો ઉપયોગ કરીને આવાં બાળકોનો બુદ્ધિઅંક જાણી લેવો જોઈએ આવાં બાળકોની માનસિક વય 3થી $7\frac{1}{2}$ વર્ષ સુધી હોય છે તેઓ ઉપલી કક્ષાના બાળકો કરતાં વધારે બુદ્ધિશાળી હોય છે. ખાસ કરીને પુખ્ત વયના આવાં લોકોની માનસિક $7\frac{1}{2}$ થી વધારે વર્ષની હોતી નથી.

**લાક્ષણિકતાઓ :**

- આવાં બાળકોનો શારીરિક દેખાવ તેમની બુદ્ધિકક્ષાનો નિર્દેશ કરી દે છે.
- શારીરિક દેખાવ પરથી માનસિક ક્ષતિગ્રસ્તાનો અણસાર આવી જાય છે.
- તેઓ વધારે સ્નાવયિક હલનચલન કરી શકતાં નથી. તેમની ઈન્દ્રિયોના હલનચલનમાં સંવાદિતા હોતી નથી.
- તેમનાં વર્તન વ્યવહાર ગૂંચવાડો સર્જે છે.
- તેઓ પોતાનું કામ આડેધડે કરે છે. તેમાં સ્પષ્ટ આયોજનનો અભાવ હોય છે.
- આવાં બાળકો મોટાં થઈને કંઈ અર્થોપાર્જન કરી શકે તેવી હાલતમાં હોતાં નથી તેઓ મોટે ભાગે પરાવલંબી બને છે.
- કેટલીકવાર આ પ્રકારની ઉણપ વારસાગત જોવા મળે છે.
- આવાં બાળકો ક્યારેક પોતાની જાતની કાળજી લે છે.

**શિક્ષણ અને માર્ગદર્શન :**

- આવાં બાળકો માટે શિક્ષકે પ્રેમ અને સહાનુભૂતિનું વાતાવરણ સર્જવું જોઈએ.
- તેમના પર વ્યક્તિગત ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ.
- અન્ય બાળકોની તુલનામાં આવાં બાળકો એકલાં-અટૂલા ન પડી જાય તેની ખાસ કાળજી રાખવી જોઈએ.
- તેમની ઉપેક્ષા કરવી નહિ.
- આવાં બાળકોનું સમાજમાં પુનઃસ્થાપન થાય અને તેઓ સ્વમાનભેર જીવી શકે તે માટે તેમની વિશિષ્ટ શક્તિઓ અનુસાર શૈક્ષણિક અને વ્યાવસાયિક માર્ગદર્શન આપવું જોઈએ.
- આવાં બાળકો સામાન્ય શાળાઓમાંથી બહુ ઓછું પ્રાપ્ત કરી શકે છે આમાંથી કેટલાંક તેજસ્વી બાળકો પંદર વર્ષની ઉંમર થાય ત્યાં સુધીમાં શાળાના પહેલા ધોરણના બાળક જેટલી શૈક્ષણિક ક્ષમતાએ પહોંચે છે.
- આવાં બાળકો માટે તેમની અભિયોગ્યતાઓ જાણી તેમને શિક્ષણ આપવું જોઈએ.
- વિવિધ શૈક્ષણિક ઉપકરણોનો યથાયોગ્ય ઉપયોગ કરીને તેમને શિક્ષણ આપવું જોઈએ.
- માતા-પિતાની અવાર નવાર મુલાકાત લઈને આવાં બાળકોના માતા-પિતાને યોગ્ય માર્ગદર્શન આપવું જોઈએ.

**મંદબુદ્ધિ (MORON) (કમ અક્કલ)**

જ્યારે બાળકોનો બુદ્ધિઆંક 50 થી 70 વચ્ચેનો હોય છે ત્યારે એવાં બાળકો મંદબુદ્ધિનાં કે કમ અક્કલવાળાં બાળકો હોવામાં જણાય છે. આવાં બાળકોમાં કેટલી બુદ્ધિશક્તિ છે તેની ઝટ ખબર પડતી નથી તેમની માનસિક આયું 7 થી 12 વર્ષ જેટલી હોય છે આ બાળકોને સ્વચ્છતાના પાઠો શીખવી શકાય છે. ખાસ તો તેમનામાં તર્કશક્તિ અને વિચારશક્તિનો અભાવ હોય છે. તેઓને જેવી ટેવો પાડીએ તે રીતે તે જીવન પસાર કરે છે આ બાળકોની લાક્ષણિકતાઓ નીચે મુજબ છે.

**લાક્ષણિકતાઓ :**

- આવાં બાળકો 50 થી 70 જેટલો બુદ્ધિઅંક ધરાવે છે.
- તેમની માનસિક આયુ 7 થી 12 વર્ષ જેટલી હોય છે.
- તે પ્રાથમિક કક્ષા સુધી પરાણે પહોંચે છે.
- ટેવોને આધારે તે જીવન જીવે છે.
- તેમનામાં તર્કશક્તિ અને સારાસાર વિવેકશક્તિનો અભાવ જોવા મળે છે.
- ખાસ કરીને આવાં બાળકો મંદસ્મૃતિ ધરાવે છે.
- તેમની અન્ય માનસિક શક્તિઓનો વિકાસ પ્રમાણમાં ઓછો થયેલો હોય છે.
- ખાસ કરીને આવાં બાળકો મંદસ્મૃતિ ધરાવે છે.
- તેમની અન્ય માનસિક શક્તિઓનો વિકાસ, પ્રમાણમાં ઓછો થયેલો હોય છે.
- તેમનામાં મૌલિકતા, સર્જનાત્મકતા, વિશ્લેષણ શક્તિ વગરેના અભાવ જોવા મળે છે.

- તેમનામાં અન્ય માનસિક ક્ષતિગ્રસ્ત બાળકો કરતાં બુદ્ધિશક્તિ વધારે હોવાથી કેટલાંક અસામાજિક તત્ત્વો તેમનો દુરૂપયોગ પણ કરે છે.

**શિક્ષણ અને માર્ગદર્શન :**

- આ બાળકોને યોગ્ય હૂંફ અને સહાનુભૂતિની આવશ્યકતા હોય છે.
- તેઓને જો ધીરજપૂર્વક શીખવવામાં આવે તો તેઓ લેખન અને વાંચન કરી શકે છે.
- શિક્ષક વ્યક્તિગત રીતે ધ્યાન આપીને શિક્ષણકાર્ય કરે તો આવો બાળકો ધીરે ધીરે અમુક કક્ષા સુધીનું શિક્ષણ મેળવી શકે છે.
- આવાં બાળકોને જો યોગ્ય રીતે માર્ગદર્શન આપવામાં આવે તો તેઓ પોતાનું કામ જાતે કરી શકે છે, ઘરનું કામ કરે છે, વસ્ત્રોની સફાઈ કરે છે, છાપાં વહેંચી શકે છે, અને ઢોરઢાંખરની સંભાળ રાખી શકે છે.
- આવાં બાળકો શારીરિક રીતે ક્ષતિગ્રસ્ત હોવાથી તેમને માટે યોગ્ય એવાં શૈક્ષણિક અને વ્યાવસાયિક અભ્યાસક્રમોનું આયોજન કરવું જોઈએ.
- શિક્ષકોએ માતા-પિતાના સંપર્કમાં રહીને, આવાં બાળકો માટેનાં શિક્ષણકાર્યની યોગ્ય સલાહ આપવી જોઈએ.
- આવાં બાળકો વર્ગમાં એકલાં અટૂલાં ન પડી જાય તેની કાળજી લેવી જોઈએ.
- ખાસ કરીને I.Q. ટેસ્ટ આપીને બાળકોની કક્ષા નક્કી કરીને તેમના શિક્ષણ અને માર્ગદર્શનની યોગ્ય વ્યવસ્થા કરવી જોઈએ
- જો કે મનોવિજ્ઞાનીઓના મંતવ્ય પ્રમાણે 100 માનસિક ક્ષતિગ્રસ્ત બાળકોમાંથી 75 બાળકો મંદબુદ્ધિ (Morons) બાળકો મૂર્ખ કે જડ (Imbeciles) અને 5 બાળકો અતિમૂર્ખ (Idiots) ની કક્ષામાં આવી શકે તેવાં હોય છે.

- **માનસિક રીતે પછાત બાળકો (Mental Retardation)**

ખાસ તો આપણે માનસિક ક્ષતિગ્રસ્તના (Mental Defficiency) અને માનસિક પછાતપણું (Mental Retardedness) વચ્ચેનો ભેદ સમજી લેવો જોઈએ.

માનસિક ક્ષતિગ્રસ્તતા એ બૌદ્ધિક ખામી કે જેનો ઈલાજ શક્ય નથી તેનો નિર્દેશ કરે છે, જ્યારે માનસિક પછાતપણું એ બુદ્ધિની સામાન્ય કક્ષા કરતાં નિમ્નકક્ષાની ક્રિયાનો નિર્દેશ કરે છે માનસિક ક્ષતિગ્રસ્તતા મટાડી શકાતી નથી. તેનો ઈલાજ શક્ય નથી. જ્યારે માનસિક પછાતપણાનો ઈલાજ શક્ય છે, અને બુદ્ધિની ક્રિયાન્વિનતાને સામાન્ય કક્ષા સુધી લઈ જઈ શકાય છે. મનોવિજ્ઞાનીઓના મંતવ્ય મુજબ "The Children who are below their grade placement in terms of their age"

એટલે કે બાળક અમુક ઉંમરે જે વર્ગ કે શ્રેણીમાં અભ્યાસ કરતું હોવું જોઈએ તે શ્રેણીમાં તે પહોંચી શક્યું ન હોય તેવાં બાળકોને માનસિક રીતે વિકલાંગ (Retarded) બાળકો કહી શકાય છે.

**લાક્ષણિકતાઓ :**

- આવાં બાળકો અમુક ઉંમરે જે કક્ષામાં અભ્યાસ કરતાં હોવાં જોઈએ તે કક્ષા કરતાં નીચેની કક્ષામાં હોય છે.

- માનસિક રીતે પછાત બાળકો શૈક્ષણિક રીતે પછાત કે અક્ષમ હોય છે.
- આવાં બાળકો મંદ ગ્રહણશક્તિ ધરાવતાં હોય છે. તેઓ મંદ અધ્યયનશીલતા (Slow Learning) ધરાવતાં જોવા મળે છે કેટલાંક મનોવૈજ્ઞાનિકોના મંતવ્ય મુજબ "Mentally retarded are those Whose mental and social handicaps are not so severe to prevent their being educate winthin the confines of regular school system"

  – L. X. Magnifico

  આવાં બાળકો માનસિક અને સામાજિક રીતે એટલા મંદ હોતાં નથી કે નિયમિત શાળા જીવનમાં તેમને શિક્ષિત ન કરી શકાય.
- તેઓ તેમના વર્તમાન અનુભવોને ભૂતકાળના અનુભવો સાથે સાંકળી શક્તાં નથી.

**શિક્ષણ અને માર્ગદર્શન :**

- આવાં બાળકોને શોધી કાઢવા માટે કેટલીક પ્રયુક્તિનો આશ્રય લેવો જોઈએ. સમૂહ બુદ્ધિ કસોટીઓનો ઉપયોગ કરીને આવાં બાળકો જુદાં તારવી શકાય.
- ભણવામાં આવાં બાળકો હોય છે, આથી સિદ્ધિ કસોટીઓનો પણ ઉપયોગ કરી શકાય.
- અનુકૂલન માટેની કસોટીઓના પણ ઉપયોગ કહી શકાય.
- કેટલાંક વિદ્યાર્થીઓ માટે વ્યક્તિ-અભ્યાસ (Case Study) પણ ઉપયોગી નીવડી શકે.
- આવાં બાળકો મૂર્ત અને સ્થૂળ પદાર્થોને જલ્દી ઓળખી શકે છે. અમૂર્ત બાબતો સહેલાઈથી ગ્રહણ કરી શકતાં નથી. આથી વિવિધ પ્રકારનાં દશ્ય-શ્રાવ્ય શૈક્ષણિક ઉપકરણોનો, તેમજ પ્રતિકૃતિઓ, ચાર્ટસ, પદાર્થો વગેરેનો ઉપયોગ કરી તેમને શિક્ષણ આપવું જોઈએ. વેલિન (Wallin) નામના મનોવિજ્ઞાનીએ સમુચિત રીતે કહ્યું છે કે

"The Mental retardads are thin Minded eye-Minded and ear Minded rather than word-Minded or thought minded. -
***Wallin"***

- આવાં બાળકોને ક્રમિક રીતે શિક્ષણ તરફ વાળવાં જોઈએ. શિક્ષકે ધીરજપૂર્વક આવા બાળકોમાં વ્યક્તિગત ધ્યાન આપવું જોઇએ.
- આવાં બાળકોને વિવિધ અભિગમ તૈયાર કરીને શિક્ષણ આપી શકાય.
- તેમના રસ, રૂચિ કે વલણો અને અભિયોગ્યતાઓ ચકાસીને તેમના માટે વ્યાવસાયિક અભ્યાસક્રમોનું આયોજન કરી શકાય.
- બની શકે તો આવાં બાળકોને જુદાં તારવી ખાસ તાલીમ પામેલાં કુશળ, દષ્ટિવંત શિક્ષકોને તેમનું શિક્ષણકાર્ય સોપવું જોઈએ.
- આવાં બાળકોના શૈક્ષણિક અને વ્યાવસાયિક માર્ગદર્શન માટે શાળામાં યોગ્ય સુવિધા હોવી જોઈએ.
- આવાં બાળકોની ક્રમિક પ્રગતિનો અહેવાલ વાલીઓને મોકલવો જોઈએ. વાલીઓ સાથે યોગ્ય પરામર્શ કરીને તેમના બાળકોના શિક્ષણનું આયોજન કરવું જોઈએ.

### 1.4.3 તેજસ્વી કે મેધાવી બાળકો (Gifted Children)

વિશિષ્ટ બાળકોના વર્ગમાં તેજસ્વી કે મેધાવી બાળકોનો પણ સમાવેશ થાય છે. મનોવિજ્ઞાની ટર્મને આવાં બાળકોના શિક્ષણ પર ખાસ ભાર મૂક્યો છે. સામાન્ય રીતે અતિ તેજસ્વી કે મેધાવી બાળકોનો બુદ્ધિઆંક (લગભગ) 180 કે તેથી ઉપરનો હોય છે.

**તેજસ્વી બાળકોની લાક્ષણિકતાઓ (Characteristics of The gifted)**

"Gified Child is an individual with social abilities talents and traits"

- Terman

જેનામાં વિશિષ્ટ શક્તિઓ વિશિષ્ટ બુદ્ધિ પ્રતિભા અને વિશિષ્ટ ગુણોનો સમુચ્ય હોય તેને તેજસ્વી બાળક કહી શકાય.

- આવાં બાળકોમાં ઉચ્ચ ગુણો હોય છે.
- તેમની ગ્રહણશીલતા સામાન્ય બાળકો કરતાં ખૂબ ઊંચા પ્રકારની હોય છે.
- તેઓ સતત પ્રયત્ન કરતાં રહી પોતાના ધ્યેયોને સિદ્ધ કરવાં પ્રયાસ કરે છે.
- તે સામાન્ય બાળકો કરતાં અતિ શીઘ્રતાથી વસ્તુ કે પરિસ્થિતિનો તાગ મેળવી લે છે.
- તેમની નિર્ણય શક્તિ અને સારાસાર વિવેક શક્તિ ઉચ્ચ કક્ષાની હોય છે.
- તેમનામાં સારી એવી રમૂજવૃત્તિ હોય છે તેઓ મુક્ત અને પ્રસન્ન હોય છે. તેમનું વ્યક્તિત્ત્વ સદાય પલ્લવિત રહેતું હોય છે.
- તેમની બુદ્ધિ શક્તિ અન્ય પ્રકારના બાળકો કરતાં ઉચ્ચ કક્ષાની હોય છે.
- તેમનામાં તર્કશક્તિ, સામાન્યીકરણની શક્તિ અને સંયોજન શક્તિ ઉચ્ચ પ્રકારની હોય છે.
- તેઓ અન્ય બાળકો કરતાં વધુ સંવેદનશીલ હોય છે.

  તેઓ બુદ્ધિપૂર્વકનો સંયમ દાખવી શકે છે.
- તેમનામાં શીઘ્ર સમજશક્તિ, તીવ્ર જિજ્ઞાસા તીક્ષ્ણ સ્મૃતિનું વિશાળ શબ્દભંડોળ સાંખ્યિક ગણતરીમાં રસ, નવું નવું જાણવાની અને ખોજ કરવાની વૃત્તિ ભારોભાર હોય છે.

  આ બધાં લક્ષણોને લીધે તેજસ્વી બાળકો સામાન્ય બાળકો કરતાં જુદાં પડે છે અને અનેક વિશિષ્ટતાઓ ધરાવે છે. આ ઉપરાંત આવાં બાળકો ગણિતશાસ્ત્રમાં વધુ રસ ધરાવે છે.
- તેઓ ઝડપથી વાંચન શીખે છે અને શીઘ્ર વાંચન કરે છે.
- તેમને જોડણીની ભૂલો અન્ય બાળકો કરતાં ઓછા પ્રમાણમાં થાય છે. તેઓ ચોકસાઈપૂર્વક અને ચીવટથી જોડણીને વળગી રહે છે.
- આમ છતાં તેઓ ઘણાં વિષયોમાં એકસાથે રસ ધરાવે છે.
- આવાં બાળકો સમાજમાં અન્ય લોકો સાથે વધુ સમાયોજન સાધે છે.
- તેઓ પોતાની સમસ્યાઓ જાતે ઉકેલી શકે તેવી ક્ષમતા ધરાવે છે.

  આમ સામાન્ય કે સરાસરી બાળક કરતાં તે વધુ સુખી આનંદી અને પ્રફુલ્લિત રહે છે.

- **તેજસ્વી બાળકોને શિક્ષણ અને માર્ગદર્શન**

- જુદાં-જુદાં પ્રકારની બુદ્ધિ કસોટીઓ કે અન્ય કસોટીઓનો ઉપયોગ કરીને આવાં બાળકોને અલગ તારવી દેવાં જોઈએ.

- શક્ય હોય તો આવાં બાળકોનો અલગ વર્ગ બનાવીને શિક્ષણ આપવાનો પ્રબંધ કરવો જોઈએ.
- તેમના તરફ વ્યક્તિગત ધ્યાન આપીને તેમના શિક્ષણમાં રસ લેવો જોઈએ.
- તેમને માટે વિશિષ્ટ વાંચન સામગ્રી પસંદ કરીને તેમને અભ્યાસમાં મદદ કરવી જોઈએ
- પ્રાથમિક કક્ષાથી જ આવાં તેજસ્વી બાળકો માટેની વિશિષ્ટ શિક્ષણ વ્યવસ્થા ગોઠવાય તે ઈચ્છનીય છે.
- આવાં તેજસ્વી બાળકોને તેમના મનપસંદ અથવા તેમનાં રસ-રુચિ કે અભિયોગ્યતાઓને ધ્યાનમાં રાખીને અભ્યાસક્રમના વિષયો પસંદ કરવાની છૂટ આપવી જોઈએ.
- આ માટે આવાં તેજસ્વી બાળકોનાં વાલીઓનો સંપર્ક કરીને બાળકની વિશિષ્ટતાઓ જણાવીને તેમના અભ્યાસ અંગે માર્ગદર્શન પૂરું પાડવું જોઈએ.
- આવાં બાળકોના અભ્યાસ માટે શાળામાં પૂરતી સુવિધાઓ હોવી જોઈએ. સારાં પુસ્તકોવાળું ગ્રંથાલય, યોગ્ય દૃશ્ય શ્રાવ્ય ઉપકરણો, કેટલીક મનોવૈજ્ઞાનિક કસોટીઓ વિશ્વકોશ, અને સાઈકલોપીડિયા હોવાં વગેરેની સુવિધાઓ હોવી જોઈએ.
- તેમને વધુમાં વધુ સારી રીતે શૈક્ષણિક અનુભવ પૂરા પાડવા જોઈએ.
- તેમને અનુરૂપ એવી સહભ્યાસ પ્રવૃત્તિઓનું આયોજન થવું જોઈએ એટલું જ નહિ, પરંતુ આ પ્રકારની પ્રવૃત્તિઓમાં આયોજન અને અમલીકરણનું તેમને નેતૃત્વ સોંપવું જોઈએ.
- શક્ય હોય તો આવાં વિદ્યાર્થીઓની ઝડપી ગતિ જોતાં, તેમનો અભ્યાસક્રમ વધારે ઝડપી ગતિએ પૂરી થઈ શકે તો તેમને આગળની કક્ષા કે શ્રેણીમાં લઈ જવાં જોઈએ સૌથી તેમનો ઉત્સાહ પણ જળવાઈ રહેવાનો સંભવ છે.
- તેજસ્વી વિદ્યાર્થીઓ ઝડપી પ્રગતિ કરીને આગળની કક્ષાઓનો અભ્યાસ સંપૂર્ણપણે પૂરો કરે તો તેમનાં સમય અને શક્તિનો બચાવ થાય છે.
- તેજસ્વી વિદ્યાર્થીઓની ઝડપી ગ્રહણશીલતાને ધ્યાનમાં રાખીને તેમને જે તે વિષયક વિષયોમાં તેનાં સમૃદ્ધ અને ઊંડા અભ્યાસક્રમો આપવાં જોઈએ કે જેથી તેમની માનસિક કક્ષાએ અનુરૂપ તેઓ અભ્યાસ કરીને જે તે વિષય કે વિષયોમાં ઝડપી અને તલસ્પર્શી નૈપુણ્ય પ્રાપ્ત કરી શકે.
- આ ઉપરાંત પ્રવાસ અને પર્યટનો સારી ફિલ્મો, દૂરદર્શનના સમૃદ્ધ કાર્યક્રમો, આકાશવાણીના અસરકારક કાર્યક્રમો, સમૃદ્ધ પુસ્તકાલય વગેરેનો તેઓ ભરપૂર ઉપયોગ કરી શકે તેવી વ્યવસ્થા ગોઠવવી જોઈએ.
- તેમની પ્રગતિનો સંપૂર્ણ આલેખ દર્શાવતું સંગ્રહીત પ્રગતિપત્રક તૈયાર કરીને તેમને અને વાલીઓને યોગ્ય માર્ગદર્શક આપવું જોઈએ.

આ રીતે તેજસ્વી અથવા મેધાવી વિદ્યાર્થીને શિક્ષણ અને માર્ગદર્શન આપવાનો યોગ્ય પ્રયાસ થવો જોઈએ.

**સર્જનશીલ બાળકો (Creative Children)**

સર્જનાત્મકતા એટલે કંઈક નૂતન સર્જન યા નૂતન રચના જે તદ્દન મૌલિક હોય અને કશાની ઉણપ લાગતાં સર્જન થયું હોય. સર્જનાત્મકતાનો પાયો વ્યક્તિની મૌલિક કલ્પના શક્તિ હોય છે. પ્રવર્તમાન પરિસ્થિતિમાં બાળકોમાં શિક્ષણ દ્વારા સર્જનાત્મકતાનો ખાસ વિકાસ થતો નથી પ્રવર્તમાન

પરિસ્થિતિમાં સર્જનાત્મક વિચારશક્તિ, તર્કશક્તિ અને ચિંતન શક્તિનો બાળકમાં કેળવણી દ્વારા વિકાસ થાય તે અત્યંત જરૂરી છે. બાળકો જાતે કંઈક કરતાં શીખે, મૌલિક ચિંતન કરીને નવું સર્જન કરતાં શીખે એ અત્યંત મહત્ત્વનું છે આ માટે શિક્ષણ એવું હોવું જોઈએ કે જે બાળકોની સર્જનાત્મક પ્રતિભાનો વિકાસ કરે.

**સર્જનશક્તિ બાળકનાં લક્ષણો (Characteristics of the creative Child)**

જે બાળકોમાં સર્જનાત્મકતા હોય છે તેવાં બાળકો કે તેવી વ્યક્તિઓમાં સામાન્ય રીતે નીચેનાં લક્ષણો જોવા મળે છે. આવાં બાળકોમાં :

(1) સાહસવૃત્તિ (2) સતત ચિંતનશીલતા (3) વિચારશીલતા (4) તીવ્ર જિજ્ઞાસાવૃત્તિ (5) સતત ચિંતાશીલતા (6) રહસ્યમય (7) નિર્ણયાત્મકતા (8) સતત આગળ (9) મૌલિકતા (10) પહેલ વૃત્તિ (11) આત્મવિશ્વાસ (12) સરળતા (13) મેધાવીપણું

આમ આવાં બાળકોમાં કલ્પનાશક્તિ, જિજ્ઞાસાવૃત્તિ, પહેલવૃત્તિ, આત્મવિશ્વાસ, જિજ્ઞાસા અને પહેલ કરવાની સાહસિકતા નજરે ચઢે છે.

**સર્જનશીલ બાળકોનું શિક્ષણ અને માર્ગદર્શન (Education and Guidence For creative children)**

- આવાં સર્જનશીલ બાળકોનું માનસિક સ્વાસ્થ્ય ઊંચા પ્રકારનું હોવું જોઈએ.
- તેઓ પોતાની આપમેળે પ્રવૃત્તિ કરવાં પ્રેરાવા જોઈએ.
- આવાં બાળકો અન્ય બાળકો કરતાં વિશિષ્ટ છે તેમનામાં કેટલીક વિશિષ્ટતાઓ કે મહત્તાઓ છે તેનો પરિચય હોવો જોઈએ.
- માનસિક ખુલ્લાપણું હોવું જોઈએ પોતાની સાથે અન્યના મતોની સ્વીકૃતિ માટેની નિખાલસના હોવી જોઈએ.
- અન્ય વ્યક્તિઓ સાથે ઉષ્માપૂર્ણ પારસ્પરિક સંબંધ કેળવવા જોઈએ.
- આવાં ગુણોથી તેમની સર્જનાત્મકતા કેળવાઈ શકે.

આવાં બાળકોને શિક્ષણ આપતી વખતે નીચેની બાબતોની કાળજી શિક્ષકોએ રાખવી જોઈએ.

**સર્જનશીલ બાળકોને શિક્ષણ આપતી વખતે શિક્ષકોએ ધ્યાનમાં રાખવા જેવી બાબતો**

(1) આવાં બાળકોને તેના કાર્ય માટે શિક્ષકોએ પ્રોત્સાહિત કરવાં જોઈએ. તેમને યોગ્ય પારિતોષિકો કે ઈનામોથી નવાજવા જોઈએ.

(2) આવાં બાળકોમાં પડેલી સર્જનાત્મકતાને શિક્ષકોએ શોધી કાઢવી જોઈએ. આને માટે તેમનું અવલોકન, તેમની ગ્રહણ શક્તિ, તેમની જિજ્ઞાસાની નોંધ લેવાવી જોઈએ. વિવિધ કસોટીઓનો ઉપયોગ કરી સર્જનશીલ બાળકોને શોધી કાઢવા જોઈએ.

(3) તેમનામાં રહેલાં સર્જનાત્મક અંગોને યોગ્ય માર્ગે વાળવા જોઈએ તેમનું કોઈપણ રીતે અન્ય વ્યક્તિઓ કે સંસ્થાઓ દ્વારા શોષણ ન થવું જોઈએ.

(4) કેટલીકવાર આકસ્મિક રીતે બાળકોમાં સર્જનાત્મકતા મહોરી ઊઠે છે. શિક્ષકે આવી તકોનો ભરપૂર પ્રમાણમાં ઉપયોગ કરવો જોઈએ.

(5) આવાં સર્જનશીલ બાળકો સમક્ષ ચોક્કસ ધ્યેયો કે લક્ષ્યાંકો રજૂ કરવાં જોઈએ. તેઓ સર્જનાત્મક તરફ પ્રતિબદ્ધ થાય તેવું વાતાવરણ સર્જવું જોઈએ, સર્જનશીલતા તેમના જીવનનું મિશન બની રહેવું જોઈએ.

(6) તેની સર્જનાત્મકતા ચીમળાઈ ન જાય તેની શિક્ષકે સતત તકેદારી રાખવી જોઈએ.

(7) શિક્ષકોએ તેમનામાં એવાં કૌશલ્યોનો વિકાસ કરવો જોઈએ કે જેથી તેમની સર્જનશક્તિઓ ખીલી ઊઠે.

(8) આવાં સર્જનશીલ બાળકોને તેમની કક્ષાનાં સામાન્ય બાળકોથી વધુ જુદાં પાડવાં જોઈએ નહિ. જો તેમને અલગ તારવવામાં આવે તો તેઓ કેટલીકવાર આત્મવિશ્વાસ ગુમાવીને અતડાં પડી જાય છે તેમને સામાન્ય બાળકોના પ્રવાહથી તદ્દન અલગ પાડવાં જોઈએ નહિ. ખૂબ સંભવ અને જતનપૂર્ણ તેમને સાહજિક બનાવવાં જોઈએ.

(9) સર્જનશીલ બાળકોમાં તંદુરસ્ત જાતિય વલણોનો વિકાસ થાય તે ધ્યાનમાં રાખવું જોઈએ કેટલીકવાર આવાં બાળક અત્યંત સંવેદનશીલ ઋજુ સ્વભાવના હોય છે તેમની યોગ્ય સંભાળ લેવી જોઈએ.

(10) આવાં બાળકો ક્યારેક એકાંતપ્રિય હોય છે. તેઓ ક્યારેક અતડાં પડી જાય છે. આ પરિસ્થિતિમાં તેઓ સમસ્યાત્મક વર્તન કરતાં ન થાય તે જોવું જોઈએ. આ માટે તેમના વાલીઓનો યોગ્ય સંપર્ક સાધી તેમને માર્ગદર્શન આપવું જોઈએ.

(11) ખૂબ ઊંચી સર્જનાત્મકતા ધરાવતાં બાળકો અતડાં પડી જાય છે. તેઓ સામાજિક સભાનતા કેળવી શકતાં નથી તેમનો સામાજિક વિકાસ ક્યારેક રૂંધાતો જોવા મળે છે આવાં બાળકો અન્ય બાળકો સાથે અને સમાજમાં મુક્તપણે હળી-મળી શકે તે માટે તેમને સામૂહિક સામાજિક પ્રવૃત્તિઓમાં પણ સંલગ્ન કરવાં જોઈએ આથી તેમનું સામાજિક પ્રત્યાયન વધવા સંભવ છે.

(12) કેટલીકવાર એવું જોવામાં આવે છે કે આવાં બાળકો અજ્ઞાત ચિંતા અને ભયનો ભોગ બને છે. આ બાળકોને શિક્ષકોએ તેમનામાં આત્મ વિશ્વાસ પ્રેરીને ચિંતામુક્ત અને ભયમુક્ત કરવાં જોઈએ.

(13) શિક્ષકોએ તેમને મુશ્કેલીઓ અને નિષ્ફળતાઓનો સામનો કરતાં શીખવવું જોઈએ તેમનામાં એવાં ગુણો અને આત્મવિશ્વાસ પ્રેરવા જોઈએ કે જેથી તે ગમે નિષ્ફળતાઓ અને ગમે તેવાં અવરોધોનો સફળતાપૂર્વક સામનો કરી શકે.

આવાં બાળકોને શિક્ષણ આપનાર શિક્ષકમાં ભરપૂર આત્મવિશ્વાસ, પહેલવૃત્તિ, જિજ્ઞાસાવૃત્તિ હોવાં જોઈએ. તેમનામાં ભરપૂર વિદ્યાર્થી વત્સલતા અને ધીરજ હોવાં જોઈએ. તેઓમાં સર્જનાત્મકતા હોય તે ઈચ્છનીય છે. તો જ તેઓ આવાં બાળકોને યોગ્ય શિક્ષણ, યોગ્ય માર્ગદર્શનને ન્યાય પ્રદાન કરી શકશે.

**2.3.1.4 સામાજિક વિશિષ્ટ બાળકો**

- **વ્યાખ્યા, સંકલ્પના અને સ્વરૂપ**

**વ્યાખ્યા –**

સામાન્ય રીતે આપણા બૃહદ્ સમાજમાં એવાં ઘણાં બાળકો સામાજિક અને સાંસ્કૃતિક રીતે પછાત હોય છે. અનુ મહત્વનું કારણ સમાજમાં પ્રવર્તતી ગરીબી છે.સમાજમાં એવાં ઘણાં કુટુંબો છે કે જે ગરીબી રેખા નીચે જીવતાં હોય આવાં પરિવારના બાળકોને પૂરતા પ્રમાણમાં શિક્ષણનો અને ઉચ્ચ સંસ્કારોનો લાભ મળતો નથી. તેથી તેઓ સમાજમાં સાંસ્કૃતિક પ્રવાહોથી વંચિત રહી જાય છે. તેમનો શૈક્ષણિક વિકાસ ગરીબીને લીધે થઇ શકતો નથી. આવા બાળકો શ્રમિકો કે બાળમજૂરો તરીકે

જીવનનાં પ્રારંભના વર્ષો ગૂમાવી દે છે.જે બાળકોને શિક્ષણને અભાવે સામાજિક કે સાંસ્કૃતિક વિરાસતથી વંચિત રહી જાય છે. તેવાં બાળકોને સામાજિક વિશિષ્ટ બાળકો કહેવામાં આવે છે.

આવા બાળકો સમયાન્તરે સમાજમાં સમસ્યાત્મક બાળકો બની જાય છે. અને સમાજ સામે એક સાંસ્કૃતિક અને સામાજિક પડકાર ઊભો થાય છે. આનાં મહત્વનાં કારણોથી તે ખાસ કરીને આવા બાળકોનો સમૂહ તદ્દન નિમ્ન પ્રકારનાં સામાજિક આર્થિક જૂથોમાં જોવા મળે છે.

આવા જૂથમાં રહેતા માતા પિતા બાળકોને ઉચિત શૈક્ષણિક સુવિધાઓ પૂરી પાડવા અસમર્થ હોય છે. આવા બાળકો સમયાન્તરે સમાજમાં સમસ્યાત્મક બાળકો બની જાય છે અને સમાજ સામે એક સાંસ્કૃતિક અને સામાજિક પડકાર ઊભો થાય છે. કારણ કે આ બાળકો સમાજની પંરપરાઓ,મૂલ્યો,માન્યતાઓ કે આદર્શોથી પરિચિત થતો નથી તેઓને સાંસ્કૃતિક કે સામાજિક પ્રવાહોની માહિતી હોતી નથી.

“Cultural Deprivation refers to a complex set of conditions which create intellectrial deficiency in a child.These conditions include an anstimulated environment, lack of verbal interactions with adults,poor sensory experience and other deteteriovs environmental factors associated with poverty”

**સંકલ્પના અને સ્વરૂપ :-** સામાજિક વિશિષ્ટ બાળકોમાં બૌધ્ધિક ક્ષમતામાં સતત ઘટાડો થાય છે. આવા બાળકોના ઘરોમાં શૈક્ષણિક વાતાવરણનો અભાવ જોવા મળે છે. અને તેમના માતા પિતા પુસ્તકો,અખબારો કે સામાયિકોની વ્યવસ્થા કરી શકતાં નથી. બાળકો નાની ઉંમરથી જ નિશાળને બદલે અન્ય સ્થળે શ્રમ કરવા જાય છે કે જેથી માતા પિતાને આર્થિક રીતે પછાત હોવના કારણે પૂરતું પોષણ મળતું નથી. આ કારણસર બાળકોનું શારીરિક સ્વાસ્થ્ય નબળું જોવામાં આવે છે.

તેઓને વાંચતા - લખતાં પૂરતા પ્રમાણમાં આવડતું નથી.આ ઉપરાંત કેટલીકવાર બાળકો સાંસ્કૃતિક,કોમી સંઘર્ષોનો ભોગ બને છે. અને તેમના પ્રતિ સામાજિક ભેદભાવ અને પૂર્વગ્રહો રાખવામાં આવે છે.આ વર્ગના બાળકો તરફ સમાજ સૂગાળવી નજરે ઉપેક્ષા ભાવથી કયારેક નિહાળે છે.

આવા સમાજ જૂથોમાં માતા – પિતા અને બાળકો વચ્ચેના સ્નેહસેતુ કે સંપર્કસેતુનો અભાવ હોય છે. સામાજિક વિશિષ્ટ બાળકો કયારેક લઘુગ્રંથિનો ભોગ બને છે. તેથી આવાં બાળકો વિપથગામી બને છે. અને કયારેક ગુનાહિત પ્રવૃત્તિઓ તરફ વળી જાય છે.

સામાજિક વિશિષ્ટ બાળકોના શિક્ષણ માટે સમાજ સરકાર અને સ્વૈચ્છિક સંસ્થાઓએ જાગૃત પ્રયાસો કરવા જોઇએ.એમના માટે પ્રવેશ અને શિક્ષણ માટેની ખાસ જોગવાઇઓ હોવી જોઇએ.

આવા બાળકોની આર્થિક – સામાજિક સમસ્યાઓને નજર અંદાજ કરી શકાય નહી.તેમના ગરીબીની સમસ્યાઓનો અભ્યાસ કરી તેમને વિશ્વાસમાં લઇ તેમનાં બાળકોના શિક્ષણ માટે ખાસ પ્રબંધ કરવો જોઇએ.બાળકોની શૈક્ષણિક સમસ્યાઓને ઉકેલવામાં સરકાર,સ્વૈચ્છિક સંસ્થાઓ,શિક્ષણવિદ્દો,શિક્ષકો અને વાલીઓના ઘનીભૂત પ્રયાસો જરૂરી છે.

- **સામાજિક અને સાંસ્કૃતિક રીતે પછાત બાળકો (Socially and cultuarally deprived Children)**

સામાન્ય રીતે બૃહદ્ સમાજમાં એવા ઘણાં બાળકો સામાજિક અને સાંસ્કૃતિક રીતે પછાત હોય છે. આનું મહત્ત્વનું કારણ સમાજમાં પ્રવર્તતી ગરીબી છે. સમાજમાં એવા ઘણાં કુટુંબો છે કે ગરીબીની રેખા નીચે જીવતાં હોય આવાં પરિવારનાં બાળકોને પૂરતા પ્રમાણમાં શિક્ષણનો અને ઉચ્ચ સંસ્કારોનો લાભ મળતો નથી. તેથી તેઓ સમાજમાં સાંસ્કૃતિક પ્રવાહોથી વંચિત રહી જાય છે. તેમનો શૈક્ષણિક વિકાસ ગરીબીને લીધે થઈ શકતો નથી. આવાં બાળકો શ્રમિકો કે બાળમજૂરો તરીકે જીવનનાં પ્રારંભના વર્ષો ગુમાવી દે છે- જે બાળકોને શિક્ષણને અભાવે સામાજિક કે સાંસ્કૃતિક વિરાસતથી વંચિત રહી જાય છે. તેવાં બાળકોને (Socially and Culturally deprived) બાળકો કહેવામાં આવે છે. આ

બાળકો શ્રમિકો કે બાળ મજૂરો તરીકે જીવનનાં પ્રારંભના વર્ષો ગુમાવી દે છે. આ બાળકો સમાજની પરંપરાઓ, મૂલ્યો, માન્યતાઓ કે આદર્શોથી પરિચિત થતાં નથી. તેઓને સાંસ્કૃતિક કે સામાજિક પ્રવાહોની માહિતી હોતી નથી. કારણ કે આવાં બાળકોમાં શિક્ષણ દ્વારા સંસ્કારોનું સિંચન થવું જોઈએ તેવાં સંસ્કારોથી તે વંચિત રહી જાય છે. ખાસ કરીને આવાં બાળકોનો સમૂહ તદ્દન નિમ્ન પ્રકારનાં સામાજિક આર્થિક જૂથોમાં જોવા મળે છે. આવાં જૂથમાં રહેલાં માતા-પિતા બાળકોને ઉચિત શૈક્ષણિક સુવિધાઓ પૂરી પાડવા અસમર્થ હોય છે. આવાં બાળકો સમયાંતરે સમાજમાં સમસ્યાત્મક બાળકો બની જાય છે અને સમાજ સામે એક સાંસ્કૃતિક અને સામાજિક પડકાર ઊભો થાય છે. આનાં મહત્ત્વનાં કારણો નીચેના જેવાં હોય છે તેમ ઘણાં મનોવિજ્ઞાનીઓ માને છે.

**કારણો :**

- આવાં બાળકોના ઘરોમાં શૈક્ષણિક વાતાવરણનો અભાવ જોવા મળે છે.
- આવાં ગરીબ માતા-પિતા પોતાના પરિવારમાં પુસ્તકો, અખબારો કે સામાયિકોની વ્યવસ્થા કરી શકતાં નથી.
- તેઓ બાળકોને નાની ઉંમરથી જ નિશાળને બદલે અન્ય સ્થળે શ્રમ કરવાં મોકલે છે. બાળકો માતા-પિતાને આજીવિકા મેળવવા માટે આર્થિક સહાય કરે છે.
- આથી આવાં બાળકો શિક્ષણથી વંચિત રહી જાય છે.
- માતા-પિતા કે સમાજમાં અન્ય લોકો તરફથી પૂરતા પ્રમાણમાં બાળકોને પ્રોત્સાહન મળતું નથી.
- બાળકોને પૂરતું પોષણ મળતું નથી તેઓ અપૂરતા પોષણનો ભોગ બને છે.
- આથી અપૂરતા પોષણવાળા બાળકોનું શારીરિક સ્વાસ્થ્ય નબળું જોવામાં આવે છે.
- તેઓને વાંચતા લખતાં પૂરતા પ્રમાણમાં આવડતું નથી.
- આ ઉપરાંત કેટલીકવાર બાળકો સાંસ્કૃતિક, કોમી સંઘર્ષોનો ભોગ બને છે.
- કેટલાંક બાળકો તરફ સામાજિક-ભેદભાવ અને પૂર્વગ્રહો રાખવામાં આવે છે.
- આ વર્ગના બાળકો તરફ સમાજ સૂગાળવી નજરે ઉપેક્ષા ભાવથી ક્યારેક નિહાળે છે.
- અમુક બાળકો તરફ તોછડાઈ દાખવવામાં આવે છે.
- આવાં સમાજ જૂથોમાં માતા-પિતા અને બાળકો વચ્ચેના સ્નેહસેતુ કે સંપર્ક-સેતુનો અભાવ હોય છે.
- આ સમાજ જૂથનાં બાળકો લઘુતાગ્રંથિનો ક્યારેક ભોગ બને છે.
- તેથી આવાં બાળકો વિપક્ષગામી બને છે અને ક્યારેક ગુનાહિત પ્રવૃત્તિઓ તરફ વળી જાય છે.

**શિક્ષણ અને માર્ગદર્શન :**

- આવાં બાળકોના શિક્ષણ માટે સમાજ, સરકાર અને સ્વૈચ્છિક સંસ્થાઓએ જાગૃત પ્રયાસો કરવાં જોઈએ
- સામાજિક અને આર્થિક પછાત વર્ગના બાળકો માટે પ્રવેશ અને શિક્ષણ માટેની ખાસ જોગવાઈઓ હોવી જોઈએ.

- વાલીઓને આર્થિક પ્રોત્સાહન પૂરું પાડવું જોઈએ.
- બાળમજૂરી પ્રતિબંધ ધારો લાગું કરવો જોઈએ.
- આવાં બાળકોના શિક્ષણ માટે ફી, પુસ્તકો, નોટબુકો ગણવેશ વગેરે સામગ્રી પૂરી પાડવી જોઈએ.
- આવાં જૂથનાં બાળકોના શિક્ષણ માટે શિક્ષણનું પ્રચાર-પ્રસાર અભિયાન ચલાવવું જોઈએ. વાલીઓની મુલાકાત લેવી, તેમની સામાજિક આર્થિક સમસ્યાઓ જાણી તેમાં મદદરૂપ થવું, શિક્ષણનું મહત્ત્વ સમજાવવું વગેરે બાબતોનો સમાવેશ થવો જોઈએ.
- આવાં સામાજિક-સાંસ્કૃતિક જૂથોનું આર્થિક અને સામાજિક સર્વેક્ષણ કરવું.
- શાળામાં મોકલવા યોગ્ય અને શાળામાં નહિ આવતાં બાળકોનું સર્વેક્ષણ કરીને વાલીઓમાં આ અંગે જાગૃતિ લાવવી.

**શાળામાં શિક્ષણ :**

- શાળામાં આચાર્ય અને શિક્ષકોએ વિવિધ પ્રકારની બુદ્ધિ કસોટીઓ દ્વારા બાળકોનું વર્ગીકરણ કરીને તેમના શિક્ષણનો પ્રબંધ કરવો જોઈએ.
- આવાં બાળકોને પ્રેમ, વિશ્વાસ અને સહાનુભૂતિથી જીતી લેવા જોઈએ.
- તેમને અન્ય બાળકો સાથે સામાન્ય પ્રવાહમાં લાવવા માટે તેમનાં અલગ જૂથો બનાવી તેમની ખાસ કાળજી લઈ તેમને વાંચન-લેખન અને અન્ય પ્રકારનું ખૂબ ધીરજપૂર્વક શિક્ષણ આપવું જોઈએ.
- આવાં બાળકોમાં રહેલાં તેજસ્વી બાળકો માટે શિક્ષણની વિશિષ્ટ વ્યવસ્થા કરવી જોઈએ.
- શિક્ષકોએ બાળકોના વાલીઓની ખાસ મુલાકાત લઈને બાળકોના શિક્ષણ માટે ખાસ માર્ગદર્શન આપવું જોઈએ.
- આવાં બાળકોમાં ઉચ્ચારણની અને વાંચનની ભાષાકીય ક્ષતિઓ હોય છે તે ક્ષતિઓ ધીરજપૂર્વક શિક્ષકે દૂર કરવાં ઉપાયો વિચારવા જોઈએ.
- આવાં બાળકોની ઉપેક્ષા કરવી જોઈએ નહિ.
- આવાં બાળકોના શિક્ષણ માટે ખાસ તાલીમ પામેલાં દષ્ટિવંત શિક્ષકોને મૂકવાં જોઈએ.
- આવાં બાળકોના શિક્ષણ માટે વિવિધ શૈક્ષણિક ઉપકરણો જેવાં કે દશ્ય-શ્રાવ્ય સાધનો, નકશાઓ, ચાર્ટ્સ પ્રતિકૃતિઓ વગેરેનો ભરપૂર પ્રમાણમાં ઉપયોગ કરવો જોઈએ.

ખાસ તો આવાં બાળકોની આર્થિક સમસ્યાઓને નજર અંદાજ કરી શકાય નહિ તેમના ગરીબ વાલીઓની પણ સમસ્યાઓનો અભ્યાસ કરી તેમને વિશ્વાસમાં લઈ તેમનાં બાળકોના શિક્ષણ માટે ખાસ પ્રબંધ કરવો જોઈએ. ભારત જેવાં દેશમાં આવાં બાળ શિક્ષણની વિકરાળ સમસ્યા છે. આ સમસ્યાને ઉકેલવા સરકાર સ્વૈચ્છિક સંસ્થાઓ, શિક્ષણવિદ્ શિક્ષકો અને વાલીઓના ઘનીભૂત પ્રયાસો જરૂરી છે.

- **બાળગુનેગારો (The Delinquent Children)**

સામાન્ય રીતે બાળગુનેગારો સમાજમાંથી પેદા થાય છે. બાળકો ગુનાહિત પ્રવૃત્તિઓ તરફ વળે છે. તેનું મહત્ત્વનું કારણ સમાજની પરિસ્થિતિ છે. આવાં બાળકો સામાન્યતઃ ગરીબ કુટુંબો, જે ગરીબીની

રેખા નીચે જીવતા હોય તેમાંથી આવે છે. પ્રવર્તમાન પરિસ્થિતિમાં સમાજનું પરિવર્તન અતિ ઝડપથી થઈ રહ્યું છે. છેલ્લાં દોઢસો કે બસો વર્ષમાં સમાજનું પરિવર્તન જે રીતે થતું હતું તેનાથી તીવ્ર ઝડપે છેલ્લાં ચાર કે પાંચ દાયકાથી થઈ રહ્યું છે. સમાજના માળખામાં સમાજની પરંપરાઓ અને પ્રણાલીઓમાં સમાજના આંતરવ્યવહારોમાં વગેરેમાં ઔદ્યોગિક ક્રાંતિ, શિક્ષણ અને વિજ્ઞાન અને ટેકનોલોજીની અસરોને લીધે તીવ્ર ઝડપે સમાજ પરિવર્તનનો ભોગ બન્યા છે. આથી ગામડાં તૂટ્યાં છે. શહેરોમાં સિમેન્ટ કોન્ક્રીટનાં જંગલો વધવાની સાથે ઝૂંપડપટ્ટીઓ વધવા લાગી છે. ગામડામાંથી શહેરો તરફ માનવ મહેરામણ ઉમટવા લાગ્યો છે. આ પરિસ્થિતિમાં શહેરોમાં ઝૂંપડપટ્ટીઓની સાથે ગરીબી વધવા માંડી છે. તદ્પરાંત શહેરનાં કેટલાંક આકર્ષણોએ માનવજીવનને અસ્તવ્યસ્ત કરી નાખ્યું છે. જે પરિવારમાં શિશુ અવસ્થાના બાળકોની શારીરિક, માનસિક કે સાંવેગિક જરૂરિયાતો દીપ્ત થતી નથી તેમની આર્થિક કે સામાજિક જરૂરિયાતો પૂરતા પ્રમાણમાં સંતોષાતી નથી. તેવાં બાળકો અનેક ગ્રંથિઓ અને પૂર્વગ્રહોનો ભોગ બનીને ગુન્હાહિત પ્રવૃત્તિઓ તરફ આકર્ષાય છે અને પોતાના જીવનનો નકશો વિકૃતિ બનાવી દે છે. સામાજિક ઝડપી પરિવર્તન લીધે નિમ્ન આર્થિક-સામાજિક પરિવારના બાળકોમાં પરાનુકૂલનની સમસ્યાઓ પેદા થાય છે આથી એક મનોવિજ્ઞાનીએ નોંધ્યુ છે

"Modern Society is passing through a period of extensive changes and social disorenisation, Maladjustments seem to be the inevitable consequences of rapid and unequal changes in the social order-juveniles in particular, seem to be affected in an unusual way by those repeatedly changing conditions"

**-M.H.Neamayer**

આથી એમ કહી શકાય કે બાળ ગુનેગારી એક સામાજિક સમસ્યા છે. સામાજિક વિચ્છિન્નતાને લીધે જે અસલામતી લાગણી જન્મે છે તેમાંથી આવી સમસ્યાઅઓ ઊભી થાય છે. બદલાતી જતી પરિસ્થિતિના સંદર્ભમાં પરિવારોની અસામાન્ય સામાજિક ગતિશીલતાને લીધે બાળકોની મૂળભૂત જરૂરિયાતો દિપ્ત થતી નથી. તેમાંથી આવી સમસ્યાઓ ઊભી થાય છે આમ જોઈએ તો બાળગુનેગારી માટે નીચેનાં કારણો જવાબદાર ગણી શકાય.

1. માતા-પિતાની આર્થિક ગરીબી
2. સામાજિક અસમાનતા
3. વારંવાર સ્થળાંતર
4. માતા-પિતાની નિરક્ષરતા
5. સમાજની ઉપેક્ષા
6. પૂરતા પોષણનો અભાવ
7. બાળકોની આર્થિક, સામાજિક અને સાંવેગિક જરૂરિયાતોની પૂર્તિનો અભાવ
8. માતા-પિતાનું ગુનાહિત આચરણ
9. ભૌમિક જરૂરિયાતોની તૃપ્તિનો અભાવ
10. બાળકોના શિક્ષણની ઉપેક્ષા
11. ઘરનું કલેશમય વાતાવરણ
13. આજુબાજુના સમાજમાં આચરાતી ગુનાહિત પ્રવૃત્તિઓનું નિરીક્ષણ

12. ઘરનું ક્લેશમય વાતાવરણ

14. ખરાબ સોબત

15. સતત માનસિક તંગદિલી

16. શિક્ષકો તરફથી ઉપેક્ષાપૂર્ણ વર્તન

17. શાળામાં થતાં શિક્ષા કે દંડ

18. સમૂહમાધ્યમોની વિપરીત અસરો

આવાં વિભિન્ન કારણોને લીધે બાળગુનેગારો પેદા થાય છે આમ તો સમાજમાન્ય કાનૂનકે કાયદાનો બાળકો દ્વારા થતો ભંગએ બાળગુનેગારી કહેવાય છે.

**બાલગુનેગારીના પ્રકારો (Crimes Connected with Juvnile delinau ency) :**

1. કાયદાનો કે કાનૂનનો છડેચોક ભંગ

2. દાદાગીરી

3. રીઢા ગુનેગારો સાથેનું ગઠબંધન

4. માતા-પિતા કે વાલીઓનો છડેચોક અનાદર

5. નાના ગુનાઓ જેવાં કે ચોરી- ચપાટી કરવી

6. આક્રમણ કરીને ઈજા પહોંચાડવી

7. માતા-પિતાની સંમતિ સિવાય ઘરેથી ભાગી જવું

8. અનૈતિક આચરણ

9. બીભત્સ શબ્દ પ્રયોગ, ગાળો અને બીભત્સ વાણીનો ઉપયોગ

10. અસામાજિક તત્ત્વો સાથે ઘરોબો

11. કોઈની વસ્તુઓ પડાવી લેવી

12. જુગાર કે દારૂના અડ્ડા પર જવું- તેમનું સંચાલન કરવું

13. જાહેરમાં અનુચિત વર્તન

14. ગેરકાનૂની ધંધાઓમાં જોડાવું

15. વારંવાર સિગારેટ કે માદક દ્રવ્યોનું સેવન કરવું.

16. રાત્રે મોડા સુધી બહાર રહેવું અને અનૈતિક-કાર્યો કરવાં

17. માદક દ્રવ્યો કે ડ્રગ્સનું સતત સેવન કરવું.

18. પાગલની જેમ વર્તાવ કરવો.

19. ભીખ માંગવી

20. દારૂ પીવો

21. ગેરકાનૂની સ્થળે સતત આવજા કરવી

22. નશીલા પદાર્થોનું સેવન કરી વાહન ચલાવવાં

23. સંમતિ સિવાય લગ્ન કરવાં, અત્યાચાર કે બળાત્કાર કરવો.

ઉપરનાં કૃત્યો બાળગુનેગારી દર્શાવે છે. યોગ્ય ઉછેર કે સંસ્કાર સંવર્ધનના અભાવમાં બાળગુન્હાહિત પ્રવૃત્તિઓ તરફ વળે છે.

● **બાળગુનેગારોને શિક્ષણ અને માર્ગદર્શન :- [Education and Quidennce For Delinaent Children]**

આપણે જોયું કે બાળગુનેગારો, સમાજની ઉપેક્ષાના પરિણામે અને તેમના સંવર્ધનમાં કે સંસ્કાર સિંચનમાં રહેલી ખામીઓને પરિણામે પેદા થાય છે. આથી આ સંજોગોમાં બાળગુનેગારોને યોગ્ય માર્ગે વાળવા માટે કેટલાંક રચનાત્મક ઉપાયો (શિક્ષણ અને માર્ગદર્શન) સહિતના જરૂરી બને છે.

**શિક્ષણ અને માર્ગદર્શન અંગેના ઉપાયો**

- સૌ પ્રથમ તો આવાં બાળકોને યોગ્ય માર્ગે વાળવા સામાજિક વાતાવરણમાં સુધારો લાવવો જરૂરી છે.
- માતા-પિતાએ બાળકોના ઉછેરમાં ખૂબ કાળજી રાખવી જોઈએ. તેમને પૂરતા પ્રમાણમાં પ્રેમ સહાનુભૂતિ પૂરાં પાડવાં જોઈએ.
- બાળકોની ક્યારેય ઉપેક્ષા કરવી જોઈએ નહિ. તેમની જરૂરિયાતો તરફ પૂર્ણ ધ્યાન આપવું જોઈએ.
- શિક્ષકોએ આવાં બાળકોની ઉપેક્ષા કરવાંને બદલે તેમને પ્રેમ અને સહાનુભૂતિથી જીતી લઈને તેમનામાં આત્મવિશ્વાસ પેદા કરવો જોઈએ તેમને ખાસ હૂંફની હોય છે.

આ બાબતમાં કેર ફ્રેન્ડલેન્ડર નામના મનોવિજ્ઞાનીએ ત્રણ સોપાનો સૂચવ્યા છે. તેમણે સામાજિક, આર્થિક અને પારિવારિક ક્ષેત્રોને ધ્યાનમાં લઈને સુધારા સૂચવ્યાં છે. બાળક બાળગુનેગારીમાં સીધો પ્રવેશતો નથી તેનામાં એનાં કેટલાંક લક્ષણો પ્રારંભિક અવસ્થામાં દેખાય છે આથી તેમણે ત્રણ તબક્કાઓમાં બાળકોના સુધારા માટે ઉપાયો સૂચવ્યાં છે.

**બાળગુનેગારી (Latent delinauency)**

આ અવસ્થાની બાબતમાં બાળ ગુનેગારીનાં કેટલાંક લક્ષણો જોવા મળે છે. આ અવસ્થામાં જો સંભાળપૂર્વક કાળજી લેવામાં આવે, માતા-પિતા અને શિક્ષકો જો આવાં બાળકો તરફ દુર્લક્ષ ન સેવે તો તેમને વિકૃતિઓમાંથી બચાવી શકાય છે. આ અવસ્થાના સુધારા માટે ત્રણ ઉપાયો સૂચવવામાં આવ્યાં છે.

**1. આર્થિક સુધારો :-**

માતા-પિતાની સ્થિતિ સુધારી શકાય. બાળકોની ભૌતિક કે આર્થિક જરૂરિયાતો તરફ પૂરતું ધ્યાન આપીને તેમની જરૂરિયાતો સંતોષવામાં આવે તો તે ગુનાહિત પ્રવૃત્તિ કરતાં અટકી જાય છે. આવાં બાળકોનો સર્વે કરી તેમનાં માતા-પિતાને બાળકોના શિક્ષણ માટે જો યોગ્ય આર્થિક સહાય પૂરી પાડવામાં આવે તો બાળકો મુગ્ધાવસ્થામાં સહેલાઈથી પાછાં વળી જશે.

**2. માતા-પિતા કે વાલીઓને શિક્ષિત કરવાં :-**

ખાસ કરીને જે માતા-પિતા કે વાલી નિરક્ષર હોય છે, જેઓ બાળકને અન્યાય કરે છે તેમનું યોગ્ય સંવર્ધન કે સંસ્કાર સિંચન કરી શકતાં નથી આથી માતા-પિતાને શિક્ષિત કરી, તેમને યોગ્ય શિક્ષણ આપી બાળકોના શિક્ષણનું મહત્ત્વ સમજાવવામાં આવે તો તે બાળકોમાં સદ્ગુણોનું સંસ્કાર સિંચન કરી શકશે.

3. **અપાનુકૂલિન માતા-પિતાની સારવાર :-**

એમ કહેવાય છે કે (Problem Parents have Problem Children) જેમનાં માતા-પિતાનું વર્તન સમસ્યાત્મક હોય તેવાં બાળકો પણ સમસ્યાત્મક બની જાય છે. આપણે જાણીએ છીએ કે 'બાપ તેવાં બેટા અને વડ જેવા ટેટા'. મા-બાપ જો ગુન્હાહિત આચરણ કરતાં હોય તો બાળકો તેમનું અનુકરણ કરે છે. (Malad justed parents have maladjusted Children and delinaunent parents have delinquent Children) જેમાં માતા-પિતા સમાજ સાથે અનુકૂલન સાધી શકતાં ન હોય જે સામાન્ય વર્તન કરતાં ન હોય. તેમનાં બાળકો ગુનેગારો બને છે. આથી નાનાં બાળકોમાં બાળગુનેગારીનાં લક્ષણો જણાય તો, સૌ પ્રથમ તેમના માતા-પિતાની યોગ્ય સારવાર કરી તેમને યોગ્ય માર્ગેવાળી શકાય તો જ બાળગુનેગારીને અંકુરિત થતાં ડામી શકાય.

**બાળગુનેગારીનો અવિર્ભાવ :**

બાળગુનેગારી અંકુરિત થઈને જ્યારે બીજાં તબક્કામાં પહોંચે ત્યારે બાળકનું વર્તન સમાજમાન્ય ન રહેતાં અસામાજિક (antisocial) બની જાય છે તે છડેચોક ગુનાખોરી આચરે છે, તે ચોરી કરે છે, બીભત્સ ચેનચાળા કરે છે. ગાળાગાળી કે દાદાગીરી કરે છે, આક્રમણ કરે છે. આ બધા લક્ષણો ખુલ્લેઆમ ગુનેગારી દર્શાવે છે. આ પરિસ્થિતિમાં માતા-પિતાને યોગ્ય માર્ગદર્શન આપવા ઉપરાંત નીચે જેવા ઉપાયો યોજવા :

1. **શિક્ષણ :-**

આવાં બાળકોને ચીલાચાલુ પદ્ધતિએ શિક્ષણ આપવા કરતાં નૂતન પદ્ધતિઓ અને પ્રયુક્તિઓનો આશ્રય લઈ તેમને શિક્ષણ આપવું જોઈએ. વિદ્યાર્થીઓને સક્રિય ભાગીદારી વધે તેવાં પ્રયોગો વર્ગખંડમાં કરવાં જોઈએ. તેમની જિજ્ઞાસાવૃત્તિને ઉત્તેજે અને તેમનામાં સ્વ-અધ્યયન પ્રતિ રુચિ પેદા થાય તે માટે દશ્ય-શ્રાવ્ય અને અન્ય શૈક્ષણિક ઉપકરણોનો ઉપયોગ કરી તેમને શિક્ષણ આપવું જોઈએ. ખાસ તો તેઓ સ્વ-અધ્યયન માટે પ્રેરાય તેવી રસપ્રદ પદ્ધતિઓ અને પ્રયુક્તિઓ વર્ગખંડમાં આશ્રય લઈ, શિક્ષકોએ શિક્ષણ આપવું જોઈએ.

2. વર્ગખંડમાં જે વિદ્યાર્થીનું વર્તન વિકૃત કે વિપક્ષગામી અથવા અસામાજિક લાગે, તેવાં વિદ્યાર્થીઓ તરફ નિષ્કાળજી રાખ્યા સિવાય તાત્કાલિક ઉપાયો યોજવા જોઈએ. તેની આર્થિક સામાજિક ભૂમિકાની તપાસ, તેની અંગત સમસ્યાઓ વગેરેની તપાસ કરી તેનાં વર્તનનું સતત અવલોકન કે નિરીક્ષણ કરતાં રહેવું જોઈએ. પ્રારંભિક અવસ્થામાં આવાં લક્ષણો દેખાય તો તેમને ઉગતા જ દાબી દેવામાં શ્રેય રહેલું છે.

3. શાળામાં આવાં અસામાજિક વર્તનો કરતાં બાળકોને સતત પ્રવૃત્તિમય રાખવા જોઈએ. આવાં બાળકો માટે યોગ્ય સહઅભ્યાસ કે અભ્યાસિક પ્રવૃત્તિઓનું આયોજન કરી સંલગ્ન કરવાં જોઈએ. તેમને જે પ્રવૃત્તિઓમાં આનંદ આવે તેવી પ્રવૃત્તિઓ યોજવી જોઈએ.

2. **શાળા છોડ્યા પછીની પ્રવૃત્તિઓ :-**

આ પ્રકારનાં વિદ્યાર્થીઓ વધુને વધુ અસામાજિક તત્ત્વોના હાથા ન બને, તેઓ વધુ ગુનાહિત પ્રવૃત્તિઓમાં ન સંકળાય તે માટે શાળાજીવન દરમિયાન તેમને શૈક્ષણિક ઉપરાંત અન્ય પ્રકારનું માર્ગદર્શન આપવું જોઈએ કે જેથી તેઓ પોતાના ભાવિજીવનની સુખદ રૂપરેખા કંડારી શકે.

(1) **વ્યાવસાયિક માર્ગદર્શન** - શાળાજીવન દરમિયાન આવાં વિદ્યાર્થીઓની રસ-રુચિ અને અભિયોગ્યતાઓ જાણીને તેમને વ્યાવસાયિક માર્ગદર્શન આપવાનો પ્રયાસ કરવો જોઈએ વાલીઓને પણ આ અંગેનું યોગ્ય માર્ગદર્શન આપવું જોઈએ.

(2) તેમને યોગ્ય કાર્ય મળી રહે તેવો પ્રબંધ કરવો જોઈએ. કેટલીકવાર શાળા જીવન પછી બેકાર બનેલાં વિદ્યાર્થીઓ વધુ અસામાજિક પ્રવૃત્તિઓમાં સંડોવાય છે. આથી તેમના માટે યોગ્ય કામ યા પ્રવૃત્તિ મળી રહે તેવો પ્રબંધ કરવો જોઈએ.

(3) બાળગુનેગારીમાં (બાલગુનેગારી) સંડોવાયેલાં વિદ્યાર્થીઓને જાતિય શિક્ષણ યોગ્ય અને પ્રૌઢ શિક્ષકો દ્વારા આપવાનો પ્રબંધ થવો જોઈએ કેટલીકવાર આવાં વિદ્યાર્થીઓ જાતિય શિક્ષણને અભાવે ગુનાહિત પ્રવૃત્તિઓ આચરતા જોવા મળે છે. આ સંજોગોમાં જો શાળાજીવન દરમ્યાન તેમને યોગ્ય રીતે જાતિય શિક્ષણ આપવામાં આવ્યું હોય તો તેમની જાતિયવૃત્તિઓનું માર્ગાન્તરીકરણ કે ઉદર્વીકરણ શક્ય બને છે.

(4) શાળાજીવન દરમ્યાન જો એમ લાગે કે આવાં બાળકોનાં ઘરનું કે પરિવારનું વાતાવરણ યોગ્ય નથી, તેમનાં માતા-પિતા તેમને યોગ્ય માર્ગદર્શન આપી શકે તેમ નથી, તો આવાં વિદ્યાર્થીઓને યોગ્ય સંસ્થાઓમાં આશ્રય આપવાનો પ્રબંધ કરવો જોઈએ.

**ગુનાહિત પ્રવૃત્તિ આચર્યા પછી :-**

કેટલીકવાર આવાં બાળકો જાણ્યે-અજાણ્યે આવી ગુનાહિત પ્રવૃત્તિઓમાં સંડોવાઈ જતાં હોય છે તેમનું વિકૃત વર્તન તેમને ક્યારેક ગુનો (Crime) કરવાં પ્રેરે છે જે કાનૂની દૃષ્ટિએ ગુનો લેખાય છે આવાં સંજોગોમાં બાળગુનેગારો તરફ સહાનુભૂતિ રાખીને :-

1. તેઓની તરફ સહાનુભૂતિ રાખીને તેમની વૈજ્ઞાનિક અને મનોવૈજ્ઞાનિક ચિકિત્સા કરીને તેમને યોગ્ય સ્થળે મોકલીને, રિમાન્ડ હોમ કે કોઈ સ્વૈચ્છિક સંસ્થાઓમાં તેમની યોગ્ય મનોવૈજ્ઞાનિક સારવાર કરવી જોઈએ. આમ થવાથી તે ભવિષ્યમાં ભયંકર ગુનાઓ કરવામાંથી બાકાત રહી શકશે.

2. આ પ્રકારની ચિકિત્સા અને સારવાર માટે યોગ્ય પ્રકારના ઉમેદવારોને કે ક્ષેત્રિય કાર્યકરોને તાલીમ આપી તૈયાર કરવાં જોઈએ કે જેથી તેઓ આવાં બાળકોની જરૂરિયાતો સમજીને યોગ્ય સારવાર અને માર્ગદર્શન આપી શકે.

આજે જ્યારે સમાજમાં બાળગુનેગારી વ્યાપક પ્રમાણમાં વધી રહી છે. બાળકો દિનપ્રતિદિન બેફામ અને સ્વછદી વર્તન કરતાં થયાં છે. ક્યાંક ચોરી, ક્યાંક બળાત્કાર, ક્યાંક છેડતી, ક્યાંક અત્યાચાર જેવા ગુનાઓમાં બાળકો અને યુવાનો દિનપ્રતિદિન વધુને વધુ સંડોવાતા જાય છે. આ સ્વસ્થ સમાજનું લક્ષણ નથી. તે રોગિષ્ઠ સમાજ વ્યવસ્થાનો નિર્દેશ કરે છે. સારું અને ઉચિત શિક્ષણ જે વૈજ્ઞાનિક, નૈતિક, અને આધ્યાત્મિક મૂલ્યોનું સિંચન કરતું હોય તેવાં શિક્ષણની અને યોગ્ય માર્ગદર્શનની આજના તરુણો અને યુવાનોને તાતી જરૂરિયાત છે સંવેદનશીલ શિક્ષકો, શિક્ષણવિદ્દો અને સમાજના અગ્રણીઓ જેટલી વહેલી આ સમજ કેળવશે તેટલા પ્રમાણમાં બાળગુનેગારીનો આંક ઓછો થશે. આજના સ્વપ્નદ્દષ્ટા બાળકો આપણા માર્ગદર્શનની યોગ્ય પ્રતીક્ષા કરે છે અને વિશિષ્ટરૂપે બાળકોને કઈ રીતે કેળવવા તેની ભૂમિકા આપણે સૌએ અદા કરવાની છે અને વિકટ તેઓની પરિસ્થિતિથી કઈ રીતે બહાર લાવવા તેનાં પ્રયાસો કરવાં.

### 2.3.1.5 સાંવેગિક વિશિષ્ટ બાળકો

- **વ્યાખ્યા, સંકલ્પના અને સ્વરૂપ**

વ્યકિતના સમગ્ર જીવન દરમ્યાન તેનો જે વિકાસયાત્રા શરૂ થાય છે તેના અનેક વિકાસલક્ષી લક્ષણોનો વિકાસ શિશુ અવસ્થાથી શરૂ થાય છે.તેમાં મુખ્યત્વે શારીરિક વિકાસ,સાંવેગિક વિકાસ,માનસિક વિકાસ અને સામાજિક વિકાસનો સમાવેશ થાય છે. આ પ્રત્યેક વિકાસલક્ષી લાક્ષણિકતાના વિકાસનો ચોકકસ તરેહ હોય છે. આ પ્રત્યેક લાક્ષણિકતાના વિકાસનો તરેહ સામાન્ય અને સંતુલિત હોય તેવી વ્યકિતને સુગ્રથિત વ્યકિતવાળી વ્યકિત ગણવામાં આવે છે.પરંતુ જો આ પૈકી કોઇ એક લાક્ષણિકતાનો તરેહનું સંતુલન જોખમાય કે તેમાં વિરૂપતા આવે તો વ્યકિતના સમગ્ર વ્યકિતત્ત્વમાં વિરૂપતા કે વિચલિતતા આવે છે. પરિણામે બાળકોમાં કેટલીક વર્તન સમસ્યાઓ ઊભી થાય છે.

વ્યાખ્યા :- ' A child is said to be regarded technically as a delinquent,when his anti-social terdencies appear so gave that he become or ought to become the suggest of official action'

'બાળકના સાંવેગિક વિકાસના તરેહમાં વિક્ષેપ પાડવાથી સાંવેગિક ખલેલ અનુભવે છે. આવા બાળકો સંવેગ ઉત્પન્ન કરવા ઉદ્દીપકો પ્રત્યે સપ્રમાણ પ્રતિચાર આપી શકતાં નથી. સામાજિક વિકાસમાં ખામી ધરાવતાં આવા બાળકોને સાંવેગિક વિશિષ્ટ કહેવાય છે.

સંકલ્પના જ્યારે વ્યક્તિનો વિવિધ પરિસ્થિતિઓમાં વારંવાર ચોક્કસ રીતે થતાં વર્તનો જોવામાં આવે ત્યારે તેના વર્તનનો એક સાતત્યપૂર્ણ તરેહ ઊપસે છે. આ સાતત્યપૂર્ણ તરેહ તેના ચોક્કસ વ્યક્તિત્ત્વ બંધારણ અને પ્રક્રિયાની હાજરી સૂચવે છે. અર્થાત વ્યક્તિનું ચોક્કસ વ્યક્તિત્ત્વ બંધારણ વ્યક્તિ વડે થયેલો પ્રક્રિયાનું પરિણામ છે. સાંવેગિક વિશિષ્ટ બાળકોમાં આ બધી જ પ્રક્રિયાઓમાં વિક્ષેપ ઉત્પન્ન થાય છે. આવા બાળકો અનેક ક્ષેત્રોમાં અનુકૂલનની સમસ્યા અનુભવે છે. તરુણાવસ્થામાં શારીરિક ફેરફારોનો અવસ્થાના કારણે તરુણના વર્તનમાં વિચલિતતા આવે છે. તરુણનું વર્તનક કુટુંબ અને સમાજ પ્રત્યે વધુ આક્રમક બને છે. અમુક સમય કેટલાંક મા બાપ બાળકના ઉછેર આપખુદ કે સત્તાવાહી વર્તન તરેહથી ડરે છે. તેથી આવાં બાળકો ભવિષ્યમાં નિર્ણય લેવામાં નબળાં અને ભીરુ જોવા મળે છે. આવા બાળકો વધુ અચંબિત હોય છે. મા બાપ બાળક સાથે ક્ષમતા, પ્રભાત કે સ્વીકૃતિની બાબતમાં આત્યંતિક બને ત્યારે પણ બાળકનું વ્યક્તિત્ત્વ વિચલિત બને છે. બાળકો સ્વતંત્ર નિર્ણય લઈ શકતાં નથી અને તે વધુ મિજાજી બની જાય છે. નિમ્ન આર્થિક-સામાજિક સ્થિતિ ધરાવતાં કુટુંબોનો વર્તન સમસ્યાવાળાં બાળકોનું પ્રમાણ વિશેષ જોવામાં આવે છે. સાંવેગિક વિશિષ્ટ બાળકો સ્વ-સંકલ્પનાનો વિરુદ્ધ જાય છે અન તેમાંથી સૌમ્ય મનોવિકૃતિ ઉદ્ભવે છે.

સ્વરૂપ-બાળક શિશુ અસ્થાયી શરૂ કરી તરુણાવસ્થાના અંત સુધીમાં આસપાસના પર્યાવરણમાં અનેક વ્યક્તિઓ સાથે આંતરક્રિયા રે છે. આ આંતરક્રિયાનો તેના વ્યક્તિત્ત્વ પર ચોક્કસ રીતે અસર થાય છે. બાળકના વ્યક્તિત્ત્વ ઘડતરનો સાંવેગિક વિકાસમાં મહત્ત્વની ભૂમિકા છે. બાળકના સાંવેગિક વિકાસનો તરેહમાં વિક્ષેપ પડવાથી બાળકોમાં સાંવેગિક વિશિષ્ટતા ઉદ્ભવે છે. આ વર્તન સમસ્યાવાળા બાળકો માટે ભિન્ન શબ્દપ્રયોગો થયા છે. સમાજ તેને ખરાબ છોકરે કે છોકરા તરીકે ઓળખાવે છે. શિક્ષકે તેને વર્તન સમસ્યારૂપ બાળક કહે છે. મનોચિકિત્સકો કે મનોવૈજ્ઞાનિકો તેને સાંવેગિક ખલેલ યુક્ત (Emblionally Disturbed) તરીકે ઓળખાવે છે. કાયદાકીય ભાષામાં તેને ગુનાહિત (Deligent) કહેવામાં આવે છે. આ બાળકો શાળા કે સમાજની અપેક્ષાઓ પરિપૂર્ણ કરી શકતાં નથી તે જાણવામાં નિમ્ન સિદ્ધિ ધરાવે છે અને શાળામાં દરરોજ હાજરી આપતા નથી. તે ઘણી વખત શાળા છોડી દે છે અને અપરાધમાં લિપ્ત થઈ જાય છે. આવા બાળકોના પુનઃશિક્ષણ અને પુનઃસ્થાપનનો પ્રશ્ન શિક્ષક, ન્યાયાધીશ, સામાજિક કાર્ય કરે અને મનોવૈજ્ઞાનિકો સાથે મળીને હાથ ધરવાં જોઈએ.

### 2.3.1.6 અધ્યયન વિશિષ્ટ : વ્યાખ્યા, સંકલ્પના, સ્વરૂપ

અધ્યયન વિશિષ્ટ બાળકોમાં શીખવાની અશક્યતાઓ જોવા મળે છે. આ અશક્યતાઓ વાંચન, લેખન અને અથવા ગણિત શીખવામાં દખલ કરી શકે છે. આ વિશિષ્ટતા ઉચ્ચ કૌશલ્યો જેવાં કે

સંગઠન, સમય આયોજન, અમૂર્ત ચિંતન, લાંબા અથવા ટૂંકા ગાળાની સ્મૃતિ પ્રભાવિત કરે છે.

વ્યાખ્યા - Learning disabilities refers to a number of disorders which may affect the acquisition, organisation, retention, understanding or 420 verbal or non verbal information.

અધ્યયન વિશિષ્ટતા, માહિતી પ્રાપ્તિ, સંપાદન, સંગઠન, સમજ વગેરેની વિકૃતિઓ સાથે સંબંધિત છે.

સંકલ્પના-અવયવ-વિશિષ્ટ બાળકોના વર્તન, ધ્યાન, આવેદનમાં અનેક પ્રકારની વિશિષ્ટતા જોવા મળે છે. આ બાળકોના વર્તનમાં અને વિચલિતતાઓ જોવા મળે છે. આવા બાળકો વધુ પડતી ક્રિયાશીલતા કે આક્રમકતા દર્શાવે છે. અવયવ વિશિષ્ટ બાળકોનો પ્રકાર આ પ્રમાણે છે.

ધ્યાન કેન્દ્રિત સંબંધિત

વર્તન સંબંધિત

આવેદન સંબંધિત

બાળગુનેગારો

અધ્યયન વિશિષ્ટ બાળકોમાં નીચેની લાક્ષણિકતાઓ જોવા મળે છે :

1 ધીમો વાંચન દર અને લેખન દર

2 વાંચનમાં સમસ્યાઓ

3 મુખ્ય વિચારો અથવા મહત્ત્વપૂર્ણ બિંદુઓ શોધવામાં મુશ્કેલી

4 વાંચેલું યાદ રાખવામાં મુશ્કેલી

5 વારંવાર જોડણી ભૂલો

6 વિપરીત અક્ષર વાંચવા કે લખવા

7 વધારે પડતાં મોટા હસ્તાક્ષર

8 તર્ક અને અમૂર્ત વિધાનો સાથે સમસ્યા

9 ગણિતના દાખલાઓ અને તથ્ય યાદ રાખવામાં મુશ્કેલી

સ્વરૂપ-અધ્યયન વિશિષ્ટતા, સામાન્ય બુદ્ધિ અને અધ્યયન માટેનો હક હોવા છતાં, અધ્યયનમાં પડતી મુશ્કેલીનો એક પ્રકાર કે આ વિશિષ્ટતાને સ્વાસ્થ્ય સમસ્યા, ભાવનાત્મક વિક્ષેપ અથવા સંવેદનાત્મક ખોટ સાથે જોડી શકતાં નથી. શાળામાં માતાં બાળકોમાં આ વિશિષ્ટતાના ન્યાય સામાન્યત 3% થી 9% સુધીનાં છે. પરંતુ અમુક સમય આ ન્યાય 20% થી 25% સુધી વધી શકે છે.

અધ્યયન વિશિષ્ટ બાળકોમાં વર્ગખંડમાં પડતી મુશ્કેલીનું પ્રમાણ ઊંચુ જોવા મળે છે. આ કારણસર આત્મ-સન્માન અને પીઅર સંબંધો પર નકારાત્મક અસર જોવા મળે છે. વિશિષ્ટ બાળકોના વ્યવહાર કારણસર, કુટુંબ કાર્યો અને સંબંધો પર ગંભીર અને કાયમી અસર કરી શકે છે.

ટૂંકમાં અધ્યયન વિશિષ્ટતા વિવિધ લક્ષણોનું એક સમૂહને જે વિકાસ અને સિદ્ધિ ઉપર અસર કરે છે. આ લક્ષણો કેટલાંક બાળકોમાં તેમના વિકાસ દરમિયાન જોવા મળે છે. આવા લક્ષણોમાં ટૂંકા ધ્યાન, ઓછી સ્મૃતિ, દિશાઓને સમજવામાં મુશ્કેલી, અશાંત લક્ષણોનો સમાવેશ થાય છે.

**માંસપેશીય અને અસ્થિદોષોયુક્ત વિકલાંગ બાળક (Orthopadically Impaired or Cripped Children)**

આ પ્રકારનાં વિકલાંગ બાળક એ બાળક હોય છે. જેમની માંસપેશીઓ અને અસ્થિઓમાં એવા દોષ જોવામાં આવે છે. જેના કારણે એમને વિભિન્ન પ્રકારના અંગના સંચાલનમાં અતિશય મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે ત્યાં સુધી કે ચાલવા-ફરવામાં તથા કર્મેન્દ્રિયો દ્વારા કાર્ય કરવાં અને

શીખવાના અનુભવ મેળવવામાં ઘણી મુશ્કેલીઓ આવે છે જેના કારણે એમને સમાયોજન સંબંધી અને વિકાસ સંબંધી અનેક સમસ્યાઓનો સામનો કરવો પડે છે.

- હાથ-પગ ન હોવાં અથવા એવા દોષ હોવાં જેના કારણે લખવા અથવા તો કોઈ હાથનું કાર્ય કરવામાં મુશ્કેલી પડે.
- શરીરની રચના અથવા બનાવવામાં ખામી હોય કરોડરજ્જુમાં દોષ હોય જેના કારણે ચાલવા-વાંચવા-લખવામાં વગેરેમાં મુશ્કેલી પડે છે અથવા કોઈ વિશેષ ઉપકરણ અથવા સાધનનો પ્રયોગ કર્યા વગર શરીરને યોગ્ય રીતે સ્થિર, ગતિશીલ નથી રાખી શકાતા.

### 2.3.1.7 માંસપેશીય અને અસ્થિદોષોયુક્ત વિકલાંગ બાળકોનું શિક્ષણ અને સમાયોજન (Education and Adjustment of the Orthopadically Impaired Children)

માંસપેશીય અને અસ્થિદોષયુક્ત વિકલાંગ બાળકોને સમાયોજન અને વિકાસની દષ્ટ્રિથી એ વાત વધુ ઈચ્છનીય છે કે વિદ્યાલયમાં સામાન્ય બાળક સાથે શિક્ષણ આપવું જોઈએ. મુશ્કેલીઓને ધ્યાનમાં રાખીને એમને પોતાની સીમાઓની અંદર પૂરી રીતે આગળ વધવાની યોગ્ય તક આપવી જોઈએ.

- સ્વાવલંબી બનાવવા પ્રયત્નો સંબંધી ક્રિયાઓ તથા અનુભવ આપવા જોઈએ. એવું પ્રશિક્ષણ આપવું જોઈએ જેથી તે જાતે જ પોતાની ગતિ, બેસવા-ઉઠવા, ચાલવા-ફરવા તથા અંગ સંચાલનને પોતાની રીતે પૂર્ણ આત્મવિશ્વાસથી કરી શકે.
- એમના પાઠ્યક્રમમાં એવા અનુભવ સામેલ કરવાં જોઈએ જેમાં પોતાની શારીરિક કમજોરી અથવા અપંગતા હોવા છતાં એમને જીવનમાં સફળ હોવા તથા આત્મ-વિશ્વાસથી પરિપૂર્ણ રહેવામાં વધુમાં વધુ સહાયતા કરી શકે.
- જે બાળકમાં જે પ્રકારની શારીરિક અક્ષમતા હોય એને ધ્યાનમાં રાખીને એના માટે એવી શીખવાની પરિસ્થિતિઓ અને શીખવાના અનુભવોનું નિર્માણ કરવું જોઈએ જેથી તેને શિક્ષણના ઉદ્દેશ્યોની પ્રાપ્તિમાં ભરપૂર સહાયતા મળી શકે.
- આ બાળકોનાં સર્વાંગી વિકાસ માટે જુદી જુદી પાઠ્યક્રમ સિવાયની ક્રિયાઓની સુવિધાઓની દષ્ટિથી આયોજિત કરવાંનો પ્રયત્ન કરવો જોઈએ.
- શારીરિક રૂપથી અપંગ બાળક આ પ્રકારે કેટલીક એવી ક્રિયાઓ, કાર્યો તથા વિષયોના જ્ઞાનમાં પર્યાપ્ત કુશળતા પ્રાપ્ત કરવાની ક્ષમતા રાખે છે.

જેમાં એમની શારીરિક અક્ષમતા આડે આવતી નથી આ બાળકોની વિશેષ રુચિ, વિચારસરણીનું સૂક્ષ્મ અધ્યાપન કરવું જોઈએ અને એના આધારે બધી વ્યક્તિગત અને પાઠ્યક્રમ સંબંધી સહાયતા આપવી જોઈએ પાઠ્યક્રમમાં આ પ્રકારના અનુભવોનો ઔપચારિક અને અનૌપચારિક સમાવેશ થતા સમાયોજન આ બાળકોના કલ્યાણ માટે અવશ્ય ઉપયોગ કરવો.

- સમાયોજનની દષ્ટિથી એમને ચિકિત્સા આપવી જોઈએ. કોઈ ઓપરેશન અથવા દવાથી એને લાભ થાય તેમ હોય તો તેને તે પૂરુ પાડવું જોઈએ. કૃત્રિમ અંગોનો ઉપયોગ આ દિશામાં વધુ પ્રભાવશાળી સિદ્ધ થઈ શકે છે તેથી તેમને આ બાબતમાં સહાય કરી સમાયોજન કરવામાં મદદ કરવી જોઈએ.

વિકલાંગતાની સમસ્યા વ્યક્તિગત સમાધાન ન હોઈને સામૂહિક અને રાષ્ટ્રીય સમસ્યા છે. ગરીબ અને અસહાય બાળકોને તથા વ્યક્તિગત મદદ માટે આ સંસ્થાઓ દ્વારા કૃત્રિમ અંગ લગાવવા એમની મુક્ત ચિકિત્સક સહાયતા કરવાં તથા એમને યોગ્ય વ્યાવસાયિક શિક્ષણ વગેરે પ્રદાન કરીને રોજગારી આપવામાં સેવા આપે છે. વિકલાંગોના શિક્ષણ, પ્રશિક્ષણ તથા સમાયોજનના ક્ષેત્રોમાં યોગ્ય અનુસંધાન કાર્ય દ્વારા વધુ પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે કલકત્તામાં રાષ્ટ્રીય પર 19 પ્રસ્થાપિત 'અસ્થિ' અને માંસ પેશી વિકલાંગતા રાષ્ટ્રીય સંસ્થા (National Institute Orthopadially Handicapped) પણ અનુસંધાન (સંશોધન) પ્રશિક્ષણ કાર્યક્રમ ઉપકરણો અને કૃત્રિમ અંગોનું નિર્માણ શૈક્ષણિક ચિકિત્સા સલાહ અને વ્યાવસાયિક સમાયોજન સેવાઓ આપવાનું કહી રહ્યાં છે.

**2.3.1.8 શારીરિક વિકલાંગ બાળકોને માર્ગદર્શન (Gulding Physical Handicapped Children)**

- આ પ્રકારનાં બાળકો પ્રત્યે માતા-પિતા, સ્વજનો, શાળાના શિક્ષકો, આચાર્યો અને સમાજે સહાનુભૂતિપૂર્વક વર્તાવ રાખવો જોઈએ.
- તેમને શક્ય હોય ત્યાં સુધી આત્મનિર્ભર બનાવવાની કોશિશ કરવી જોઈએ.
- તેમની વિકલાંગતા દૂર થાય અથવા વિકલાંગતામાં મદદરૂપ થઈ શકે તેવાં સાધનો કે ઉપકરણો પૂરા પાડવાં જોઈએ જેમ કે બધિરો માટેનાં શ્રવણયંત્રો લૂલાં કે લગડાં બાળકો માટે ઘોડીઓ, લાકડાંના પગ, સાઈકલો વગેરે સાધનો પૂરાં પાડવા જોઈએ.
- એવા કેટલાંક બાળકો હોય છે જેમની શારીરિક, વિકલાંગતા તબીબી સહાયથી દૂર થઈ શકે તેવી હોય છે આવી વિકલાંગતા દૂર કરવાં માટે શિક્ષકોએ તબીબી સહાયની ગોઠવણ કરી આપવી જોઈએ.
- આવાં બાળકોના શિક્ષણ માટે વિશિષ્ટ જોગવાઈઓ કરવી જોઈએ જેમ કે—
- અંધ બાળકો માટે બ્રેઈલ લિપિનાં પુસ્તકોની ગોઠવણી (ગોઠવણ) કરવી જોઈએ.
- તેમને અનુકૂળ એવી રમતગમત કે અન્ય સહઅભ્યાસ પ્રવૃત્તિઓની ગોઠવણ કરવી જોઈએ.
- તેમને તેમનામાં રહેલી વિશિષ્ટ શક્તિઓનો ખ્યાલ આપી આપી તેમની વિશિષ્ટ શક્તિ ખીલે કે વિકસે તે માટે માર્ગદર્શન આપવું જોઈએ.
- તેમને સંગીત કે અન્ય કોઈ વિષયમાં રુચિ હોય તો તે પ્રકારના શિક્ષણની ગોઠવણ કરવી જોઈએ.
- આવાં બાળકો તરફ વ્યક્તિગત રીતે ધ્યાન આપીને, યોગ્ય માર્ગદર્શન આપી તેમના શિક્ષણમાં સહાયભૂત થઈ શકાય તેવી યોજના શાળામાં શિક્ષકે, આચાર્યો અને વાલીઓએ સંયુક્ત રીતે બનાવવી જોઈએ.
- મૂક કે બધિર અથવા મૂક અંધ બાળકોમાં શિક્ષણ માટે ખાસ તાલીમ પામેલ સહાનુભૂતિપૂર્ણ વલણો ધરાવતાં શિક્ષકોની નિયુક્તિ કરવી જોઈએ.
- સ્નાયવિક વિકલાંગ બાળકો અથવા અસ્થિ તેમની ખામીને લીધે, વિકલાંગ બાળકો માટે વિશિષ્ટ સહઅભ્યાસ પ્રવૃત્તિઓની જોગવાઈ કરવી.
- ખાસ કરીને આવાં બાળકો લઘુતાગ્રંથિનો ભોગ ન બને અથવા તો તેમનામાં હતાશ કે માનસિક તંગદિલી પેદા ન થાય તેની શિક્ષકે ખાસ કાળજી રાખવી જોઈએ.

- આવાં બાળકોને જાહેરમાં ઉતારી પાડવા જોઈએ નહિ.
- તેમનામાં રહેલી અભિયોગ્યતાની કે વિશિષ્ટ શક્તિઓ અને રસ-રુચિ કે વલણોની ચકાસણી કરી તેમને યોગ્ય રીતે શૈક્ષણિક અને વ્યાવસાયિક માર્ગદર્શન આપવું જોઈએ.
- આવાં બાળકો માટે તેમને અનુકૂળ તેવાં વ્યાવસાયિક અભ્યાસક્રમો શરૂ કરવાં જોઈએ. વાલીઓની સાથે સંપર્ક કરી અવારનવાર તેમની સભાઓ અભ્યાસક્રમોમાં દાખલ કરવાં માટેની સલાહ આપવી જોઈએ. સુથારીકામ, લુહારીકામ, સંગીત ચર્મોદ્યોગ, શિલ્પ સ્થાપત્ય, ચિત્રકામ, ભરતગૂંથણ એવા અભ્યાસક્રમો શરૂ કરી, બાળકોને તેમને યોગ્ય અભ્યાસક્રમમાં દાખલ કરવાંનું પ્રોત્સાહન આપવું જોઈએ જેથી તે આત્મનિર્ભર બની શકે.
- આ સાથે શાળાનાં અન્ય બાળકો સાથે તે હળી-મળી જાય, મૈત્રી કેળવે તેવું વાતાવરણ ઊભું કરવું જોઈએ.
- ખાસ આવશ્યક્તા ઊભી થાય તોજ આવાં ખોડ-ખાંપણવાળા બાળકોને તેમને માટેની વિશિષ્ટ શાળાઓમાં પ્રવેશ આપવો જોઈએ.
- આવી શારીરિક ખોડ-ખાંપણ ધરાવતાં બાળકોની વિશિષ્ટ સિદ્ધિઓનું સન્માન કરવું જોઈએ તેમનામાં રહેલી સર્જનાત્મકતા બહાર આવે તે માટે તેમણે રચેલી વિશિષ્ટ કૃતિઓનું પ્રદર્શન યોજવું જોઈએ.
- તેમના જેવી જ ખોડ-ખાંપણ ધરાવતાં કોઈ વિશિષ્ટ મહાનુભાવોનાં પ્રવચનો ગોઠવણ જોઈએ તેમની સિદ્ધિઓને બિરદાવી જોઈએ.
- આવાં બાળકો માટે વધુમાં વધુ જૂથ પ્રવૃત્તિઓ યોજવી (યોજી) તેમાં સામેલ કરવાં જોઈએ.
- જે બાળકો તોતડાપણાનો ભોગ બનતાં હોય તેમને માટે વાણીની વિશિષ્ટ તાલીમની જોગવાઈ કરવી જોઈએ તેમનામાં આત્મવિશ્વાસ પેદા થાય તે રીતે તેમને તાલીમ આપવી જોઈએ.

આમ શારીરિક રીતે વિકલાંગ બાળકોને તેમની વિકલાંગતાનો પ્રકાર જોઈને તેમને શૈક્ષણિક અને વ્યાવસાયિક માર્ગદર્શન આપવું જોઈએ. આ માટે શાળામાં વિકલાંગ બાળકો માટેનાં વિશિષ્ટ માર્ગદર્શન કેન્દ્રની વ્યવસ્થા હોય તો તે ઈચ્છનીય ગણાશે.

## 2.4 સારાંશ

સામાન્ય રીતે શાળામાં આવતા બાળકોમાં વૈયક્તિક તફાવત હોય છે. બાળકોની માનસિક કક્ષા જુદી જુદી હોય છે. બાળકોના રસ, રુચિ વલણ જુદા જુદા હોય છે. બાળકોમાં શારીરિક, માનસિક, સાંવેગિક તેમજ અધ્યયન વિશિષ્ટતા જોવા મળે છે. શારીરિક વિશિષ્ટ બાળકોમાં દષ્ટિહીનતા, શ્રવણમંદતા જોવા મળે છે. માનસિક રીતે વિશિષ્ટ બાળકોમાં બૌદ્ધિક ભિન્નતા જોવા મળે છે. કેટલાંક બાળકો મંદબુદ્ધિના જોવા મળે છે. સર્જનશીલ બાળકો પણ વર્ગખંડમાં અસ્તિત્વ ધરાવે છે. શિક્ષકે આવા બાળકોને ઓળખી તેમની શક્તિ મુજબ તેને કાર્ય સોંપી સર્વાંગી વિકાસ કરવાનો હોય છે. આમ, આ ઉપરોક્ત સામાજિક અને સાંવેગિક વિશિષ્ટ બાળકો અને તેના લક્ષણો તેમજ તેની સાથે અધ્યાપન કરવા માટે જરૂરી માર્ગદર્શન વિશે સમજૂતી આપેલ છે. બાળગુનેગારી તેના લક્ષણો અને તેની સાથે વ્યવહાર વિશે વિસ્તૃત સમજૂતી આપેલ છે. ટૂંકમાં શિક્ષકે વિવિધ કૌશલ્ય ધરાવતા બાળકને પીછાણી તેની સાથે કેવું વર્તન કરવું તેની સમજ આપેલ છે.

## 2.5 તમારી પ્રગતિ ચકાસો

1. વિશિષ્ટ બાળકોના પ્રકાર જણાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

2. શારીરિક વિકલાંગ બાળકોના પ્રકાર લખો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

3. દૃષ્ટિ દોષયુક્ત બાળકની વિશેષ આવશ્યકતાઓ અને સમસ્યાઓ જણાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

4. શ્રવણદોષયુક્ત બાળકની સમસ્યાઓ અને ઉપાયો જણાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

5. સર્જનશીલ બાળકોને શિક્ષણ આપતી વખતે કઈ બાબતો ધ્યાનમાં લેવી જોઈએ.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

## 2.6 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

1. પાનાં નં. 10 જુઓ.
2. પાનાં નં. 11 જુઓ.
3. પાનાં નં. 12 જુઓ.
4. પાનાં નં. 18 જુઓ.
5. પાનાં નં. 31 જુઓ.

# એકમ 3 વિશિષ્ટ બાળકોની શૈક્ષણિક જોગવાઈ

## : રૂપરેખા :


**3.1 પ્રસ્તાવના**

**3.2 સંમિલિત શાળા અને શિક્ષણ**

**3.3 વિશિષ્ટ શાળા**

**3.3.1 વિશિષ્ટ શાળાના હેતુઓ**

**3.4 વિશિષ્ટ બાળકોની વિવિધ કલ્યાણકારી યોજનાઓ**

**3.5 વિશિષ્ટ બાળકોના સમુદાયિક જાગૃતિના પ્રયાસો**

**3.6 વિશિષ્ટ બાળકો માટે વિશિષ્ટ દિનોની ઉજવણી**

**3.7 સારાંશ**

**3.8 તમારી પ્રગતિ ચકાસો**

**3.9 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો**

**3.10 સંદર્ભો**


## 3.1 પ્રસ્તાવના

ઇ.સ. :- 1986 ની રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં સમાજના નબળા વર્ગો અને વિકલાંગો બાળકોના શિક્ષણનો વિચાર કરવામાં આવ્યો. આના માટે શિક્ષણનો સમાન તક આપવાની વાત ભારત સરકારે સ્વીકારી. તેના સ્વરૂપે વિકલાંગ ધારો-1995 ની કલમ 26 દ્વારા 18 વર્ષની વય સુધી વિકલાંગ બાળકોને સામાન્ય બાળક સાથે જ શિક્ષણ મળી રહે તેવી જોગવાઈ કરવામાં આવી છે. (વિકલાંગ ધારો 1995) વિકલાંગ બાળકો માટેની સંકલિત શિક્ષણ યોજનાનું અમલીકરણ ભારત સરકારના માનવ સંસાધન વિકાસ મંત્રાલય દ્વારા સમગ્ર દેશમાં કરવામાં આવ્યું. યોજનાની જોગવાઈ અનુસાર શિક્ષણ વિભાગ દ્વારા આ.ઈ.ડી.સી સેલની ઇ.સ.1992 માં સ્થાપના કરવામાં આવી જે તારીખ 1-8-1998 થી પ્રાથમિક શિક્ષણની ક્ચેરીમાંથી નિયામકશ્રી જી.સી.ઈ.આર.ટી. ક્ચેરીમાં તબદીલ કરવામાં આવી. સેલમાં આ ક્ચેરી દ્વારા નાયબ નિયામક કો-ઓર્ડિનેટર અને સ્પેશલ એજ્યુકેટરની નિમણૂક કરીને તેમના દ્વારા વિવિધ કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. આ યોજનામાં સ્વૈચ્છિક સંસ્થાઓનો માધ્યમથી પ્રવાસી શિક્ષકો દ્વારા શાળાના વિકલાંગ બાળકોને અને વાલીઓને માર્ગદર્શન આપવામાં આવે છે.

## 3.2 સંમિલિત શાળા અને શિક્ષણ

વિવિધ પ્રકારની વિકલાંગતા ધરાવતાં બાળકો પોતાના જ માતા પિતા સાથે રહીને પોતાના જ વિસ્તાર કે ગામનો સામાન્ય શાળામાં સામાન્ય બાળકો સાથે શિક્ષણ મેળવતા થાય તેવી વ્યવસ્થાને સંકલિત શિક્ષણ કહેવામાં આવે છે.

માનસિક શક્તિ, શારીરિક ક્ષમતા, સાંવેદનિક ક્ષમતા, પ્રત્યાપન કૌશલ્ય, વ્યક્તિત્ત્વ વગેરેમાં વૈયક્તિક ભિન્નતાવાળા અધ્યેતાઓને સામાન્ય વિદ્યાર્થીઓને સાથે રાખીને વર્ગ-અધ્યાપન કરવામાં આવે ત્યારે સમાવેશ કર્યો કહેવાય. આવા વર્ગને સંમિલિત શાળા કહેવાય અને આવી શાળા કે જે વિશિષ્ટ વિદ્યાર્થીઓને સામાન્ય વિદ્યાર્થીઓ સાથે અભ્યાસ કરવાની તક આપે છે તે સંમિલિત શાળા કહેવાય છે. સંમિલિત શાળામાં સામાન્ય અધ્યેતાઓની સાથે બૌદ્ધિક, શારીરિક, સાંવેધિક, પ્રત્યાયન અને વ્યક્તિત્ત્વ સંબંધિત અક્ષમતઓવાળા અધ્યેતાઓનો સમાવેશ થતો હોય છે.

પ્રવર્તમાન સમયમાં મંદબુદ્ધિ બાળકો માટે અલગ શાળાઓ ચલાવવામાં આવે છે. બાળગુનેગારો તે

ખાસ સંસ્થાઓમાં દાખલ કરવામાં આવે છે. બહેરાં મૂંગાઓની સંસ્થાઓ અલગ છે. આમ ભિન્ન વિશિષ્ટતાઓ ધરાવતાં બાળકોને સામાન્ય અધ્યેતાઓ સાથે રાખીને એક જ સાથે અધ્યાપન કરાવતી શાળાને સંમિલિત શિક્ષણ કહેવામાં આવે છે.

વિશિષ્ટ અધ્યેતાઓના શિક્ષણની આ પ્રકારની ખાસ વ્યવસ્થાની અધ્યેતાઓનો અધ્યયન સંબંધિત જરૂરિયાતો સંતોષાય છે. પરંતુ અન્ય કેટલીક મનૌવેજ્ઞાનિક વિપરીત અસરો જોવા મળી છે. ઉપરાંત પ્રવર્તમાન મનોવૈજ્ઞાનિકો માને છે કે અસાધારણ બાળકોના અસરકારક અધ્યાપન માટે શિક્ષક પાસે ખાસ કૌશલ્ય હોવા જરૂરી નથી. આવા વિદ્યાર્થીઓ વર્ગમાં હોય ત્યારે શિક્ષક પાસે બે બાબતો જરૂરી છે.

1. સારી રીતે શીખવાની આવડત

2. તમામ વિદ્યાર્થીઓ પ્રત્યે સંવેદનશીલતા

આથી વિશિષ્ટ બાળકોને ખાસ વર્ગો કે સંસ્થાઓમાં શિક્ષણ આપવાને બદલે સામાન્ય બાળકોની સાથે સામાન્ય શાળાઓમાં અભ્યાસ કરવાની છૂટ આપવી જોઈએ. આ પ્રકારની સામાન્ય શાળાઓને સંમિલિત શાળાઓ કહેવાય છે.

સંમિલિત શાળા વિશિષ્ટ વિદ્યાર્થીઓને સામાન્ય વિદ્યાર્થીઓ સાથે સમાન તક આપે છે. આથી વિશિષ્ટ વિદ્યાર્થીઓને સારું શિક્ષણ મેળવવાની સમાન તક મળે છે. સંમિલિત શાળામાં દાખલ કરવાથી વિશિષ્ટ બાળકો વિપરીત અસર અને લઘુતાગ્રંથિમાંથી મુક્તિ પામે છે. અને તેમનો સુગ્રથિત વિકાસ શક્ય બને છે.

## 3.3 વિશિષ્ટ શાળા

ભારતમાં વિકલાંગ બાળકોના શિક્ષણનો ઈતિહાસ આમ તો 100 વર્ષ કરતાં જૂનો છે. પરંતુ એ શિક્ષણકાર્ય વિકલાંગ બાળકોની વિશિષ્ટ નિવાસી શાળાઓ દ્વારા જ થતું.

વિકલાંગ બાળકોને સમાન શિક્ષણનો તક, સમાજમાં સમાયોજન સાધી શકે તેવાં ઓછા ખર્ચે વધુ વ્યાપ-સંખ્યાને ઝડપથી આવરી લેવાના ઉદ્દેશથી ભારત સરકારે ઈ.સ.1974 માં આ યોજના કલ્યાણ મંત્રાલય દ્વારા અમલી બનાવી.

ઈ.સ.1886 નો નવો રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં આ યોજનાનો ઉલ્લેખ થતાં કલ્યાણ મંત્રાલયથી સ્થાનાંતર કરીને ભારત સરકારના શિક્ષણ વિભાગમાં (એમ.એચ.આર.ડી) ખસેડવામાં આવે. જેને 'વિકલાંગ બાળકો માટેનો કેન્દ્રીય પુરસ્કૃત સંકલિત શિક્ષણ યોજના' (1992) થી ઓળખવામાં આવે છે.

ભારતમાં વિશિષ્ટ શાળાની સંકલ્પના જૂની છે. ભારતમાં હાલમાં 3000 વિશિષ્ટ શાળાઓ કાર્યરત છે. 900 શાળાઓ શ્રવણમંદ બાળકો માટે, 400 વિશિષ્ટ શાળાઓ દષ્ટિહિન બાળકો માટે, 1000 વિશિષ્ટ શાળાઓ મંદબુદ્ધિ બાળકો માટે અને 700 શાળાઓ શારીરિક વિકલાંગ બાળકો માટે કાર્યરત છે.

ઈ.સ.1950 થી 1966 માં વિશિષ્ટ શાળામાં જ આપવામાં આવતો હતો. વિશિષ્ટ શાળામાં શિક્ષણ આપવાને બદલે ઉપચાર પ્રક્રિયા પર વધારે ભાર મુકવામાં આવતો હતો. ઈ.સ. 1970 થી વિશિષ્ટ શાળાઓમાં આપવામાં આવતું શિક્ષણ પર ભાર મુકવામાં આવ્યો.

વિશિષ્ટ શાળામાં શિક્ષણની જગ્યા ઉપચાર પર ભાર મુકવામાં આવે છે. વિશિષ્ટ શાળાના સમય ઓછા હોવાના કારણે ઘણી મુશ્કેલીનો સામનો કરવો પડે છે. ઉપચાર ઉપર ભાર હોવાના કારણે શૈક્ષણિક અને સામાજિક વિકાસ ઉપર ધ્યાન આપવામાં આવતો નથી જેના કારણે બાળકમાં આત્મનિર્ભરતાનો વિકાસ થતો નથી. વિશિષ્ટ શિક્ષણમાં સમાજ અને વાલીની ભૂમિકાના અભાવ હોવાના કારણે સમુચિત સામાજિક વિકાસ શક્ય થતો નથી.

### 3.3.1 વિશિષ્ટ શાળાઓના હેતુઓ

પ્રજ્ઞાચક્ષુઓ-

1) પ્રજ્ઞાચક્ષુઓના શિક્ષણ અને પુનઃ સ્થાપનાના તમામ પાસાંનું સંશોધન હાથ ધરવું, પુરસ્કૃત કરવું, સંકલન કરવું અથવા આર્થિક સહાય કરવી.
2) સંશોધનોનું અસરકારક મૂલ્યાંકન અથવા યોગ્ય શસ્ત્રક્રિયા અથવા તબીબી કાર્ય પદ્ધતિ અથવા નવા સાધનોનાં વિકાસને લગતા જીવ-તબીબી ઈજનેરીમાં સંશોધન હાથ ધરવું, પુરસ્કૃત કરવું, સંકલન કરવું અથવા આર્થિક સહાય કરવી.
3) પ્રજ્ઞાચક્ષુઓના મૂલ્યાંકન, તાલીમ અને પુનઃસ્થાપનને ઉત્તેજન આપતા સંસ્થા દ્વારા તાલીમાર્થીઓ અને શિક્ષકો, રોજગાર અધિકારીઓ, મનોચિકિત્સકો, વ્યાવસાયિકો, સલાહકારો અને જરૂરી જણાય તેવાં અન્ય કર્મચારીઓની તાલીમ હાથ ધરતી અથવા પુરસ્કૃત કરવા.
4) પ્રજ્ઞાચક્ષુના શિક્ષણ પુનઃ સ્થાપના અથવા ઉપચાર પદ્ધતિના કોઈ પાસાને ઉત્તેજન આપવા તૈયાર કરેલ અથવા તમામ સાધનોના મૂળ નમૂનાના ઉત્પાદનને પ્રોત્સાહન માટે વિતરણ અથવા આર્થિક સહાય કરવી અને વિતરણ વ્યવસ્થા કરવી.

**વિશિષ્ટ બાળકો માટેની શાળાઓના હેતુઓ**

1) વિશિષ્ટ બાળકોને નોકરીની જોગવાઈ કરવા માનવ શક્તિ વિકસાવવી જેમ કે અંગ, વ્યાયામ, ચિકિત્સક, વ્યાયામ ઉપચારક, વિકલાંગ અને કૃત્રિમ અંગ ટેકનેશિયન, રોજગાર અને નિમણૂક અધિકારીઓ, વ્યાવસાયિક સલાહકારો વગેરેની તાલીમ.
2) પુનઃ સ્થાપના, શસ્ત્રક્રિયા, સાધનો અને ઓજારો, વ્યાવસાયિક તાલીમ વગેરે ક્ષેત્રોમાં વિશિષ્ટ લોકો માટે નોકરી વિકસાવવી.
3) વિશિષ્ટ લોકોને વિશિષ્ટ નોકરી પૂરી પાડવી.
4) વિશિષ્ટ લોકોને પૂરે પૂરી પુનઃ સ્થાપનને લગતાં તમામ પાસામાં સંશોધન હાથ ધરવું અને પુરસ્કૃત કરવું.
5) વિશિષ્ટ બાળકો માટેના સાધનો અને ઉપકરણો ધોરણસરનાં કરવા અને તેના ઉત્પાદનને અને વિતરણને ઉત્તેજન આપવું.
6) વિશિષ્ટ બાળકોના ક્ષેત્રોમાં ટોચ દસ્તાવેજીકરણ અને માહિતી કેન્દ્ર તરીકે સેવા આપવી.
7) વિશિષ્ટ બાળકોની પુનઃ સ્થાપના માટે કામ કરતી રાજ્ય સરકારો અને સેવા સંસ્થાઓમાં સલાહ પૂરી પાડવી.

**વિશિષ્ટ શાળાની મર્યાદા**

1. વિશિષ્ટ શાળામાં શિક્ષણને બદલે ઉપચાર આપવામાં આવે છે.
2. શાળાનો સમયગાળો ઓછો હોય છે.
3. સામાજિક આંતરક્રિયાનો અભાવ હોય છે.
4. વધારે ખર્ચાળ પ્રક્રિયા છે.
5. બાળકોના વિકાસ અટકી જાય છે.
6. સંકલિતતાનો અભાવ.

વિશિષ્ટ શાળાના બદલે જો વિશિષ્ટ બાળકોનો શિક્ષણ સંમિલિત શાળામાં થાય તો બાળકોને અસરકારક શિક્ષણ પૂરું પાડી શકાય.

## 3.4 વિશિષ્ટ બાળકો માટેનો વિવિધ કલ્યાણકારી યોજનાઓ

**પૂર્વભૂમિકા :**

રાજ્યમાં અનેક સામાજિક-સ્વૈચ્છિક સંસ્થાઓ વિકલાંગો માટે કાર્યરત છે. રાજ્ય હસ્તકની ઘણી બધી ક્ચેરીઓ દ્વારા પણ વિકલાંગોના ઉત્કર્ષ માટેની વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી રહી છે. તેમજ કેન્દ્ર સરકાર તરફથી ઘણી પુરસ્કૃત યોજનાઓ અમલમાં મુકાય છે.

આ બધી જ કલ્યાણકારી યોજનાઓનો બહોળા પ્રમાણમાં વિકલાંગનો જ લાભ મેળવી શકે તે માટે આપણે તેને મદદરૂપ થઈને અને આ કલ્યાણકારી યોજનાઓ વિશેની સાચી માહિતી આપી દિશા બતાવી પ્રામાણિક પ્રયત્નો કરી વિકલાંગજનોને વિવિધ કલ્યાણકારી યોજનાનાં લાભાન્વિત બનાવવા સહભાગી બનીએ.

**વિકલાંગોને ઓળખપત્ર :**

વિકલાંગજનોને પોતાની વિકલાંગતા દર્શાવતું ઓળખપત્ર મેળવવા માટે સમાજ સુરક્ષા ક્ચેરી ખાતેનો સંપર્ક કરી મેળવી શકે છે. આ મેળવવા માટેનાં જરૂરી દસ્તાવેજી પુરાવા નીચે મુજબ છે.

1 સિવિલ સર્જન દ્વારા અપાયેલ વિકલાંગતાની ટકાવારી દર્શાવતા પ્રમાણપત્રની પ્રમાણિત નકલ

2 સ્ટેમ્પ (ટિકિટ) સાઈઝના ત્રણ ફોટા

3 વિકલાંગતા દર્શાવતો પોસ્ટકાર્ડ સાઈઝનો આખો ફોટો-1

4 બ્લડગ્રુપ રિપોર્ટ

5 રેશનકાર્ડ નકલ-1

6 જન્મ તારીખના દાખલાની નકલ-1

7 વાર્ષિક રૂા.55,000 (રૂપિયા પંચાવન હજાર)થી ઓછી આવકનો દાખલો (મામલતદાર સાહેબ/ તાલુકા વિકાસ અધિકારી)

**શૈક્ષણિક સેવાઓ/શૈક્ષણિક લાભો :**

1. કેન્દ્રિય પુરસ્કૃત વિકલાંગ બાળકો માટેની શૈક્ષણિક સંકલિત શિક્ષણ યોજના

2. વિશ્વ વિદ્યાલય અનુદાન પંચે (યુનિ.ગ્રાન્ટ કમિશન) વિશ્વવિદ્યાલયને ફાળવણી અધ્યેતાવૃત્તિના 1% વિકલાંગજનો માટે અનામત રાખેલી છે.

3 ITI અભ્યાસક્રમમાં પ્રવેશ માટે ITI ની સંસ્થાઓમાં વિકલાંગો માટે રાજ્ય સરકારોએ 3% બેઠકો અનામત રાખેલી છે. કારીગર તાલીમ કાર્યક્રમ હેઠળ ઇ.સ.1961 ના તાલીમ ઉમેદવાર ધારા હેઠળ કેન્દ્ર/રાજ્ય કક્ષાએ પ્રવર્તમાન 136 નામ ધરાવતી હસ્ત કારીગરીઓમાંથી શિખાઉ ઉમેદવારો માટે યોગ્ય ગણાય તેવી હાથકારીગરોની નિશ્ચિત ઓળખ કરવાની સૂચનાઓ આપવામાં આવેલી છે. જાહેર અને ખાનગી ક્ષેત્રો ભેગા મળીને થતાં તમામ સ્થાપિત એકમો ગણતરીમાં લઈને સૌનો લક્ષ્યાંક સિદ્ધ કરી શકાય. તે માટે વિકલાંગજનોને તાલીમ આપવાનું અને મહત્તમ સંખ્યામાં શિખાઉ ઉમેદવારોને લાગતા વળગતા સ્થાપિત એકમોમાં ગોઠવવાનું હાથ ધરવામાં આવ્યું છે.

4 યુનિયન પબ્લિક સર્વિસ કમિશન સેકન્ડરી સર્ટિફીકેટ પરીક્ષા વગેરે માટે નિયત કરેલી અરજીની અને પરીક્ષા ફીની રકમ ભરવામાંથી વિકલાંગ વ્યક્તિઓને મુક્તિ આપવામાં આવી છે.

5 કેટલાંક રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો તરફથી વિકલાંગજનો માટે છાત્રાલય સુવિધાઓ પૂરી પાડવામાં આવી છે.

6 સમાજ કલ્યાણ ખાતું : જે તે રાજ્ય સરકારો ધોરણ-1થી 8 સુધીના અભ્યાસમાં વિકલાંગજનોને પ્રોત્સાહિત કરવા શિક્ષણ લેવા માટે શિષ્યવૃત્તિની જોગવાઈ કરે છે.

7 અપંગ શિષ્યવૃત્તિ યોજના : વિકલાંગ વિદ્યાર્થીઓને અપંગ શિષ્યવૃત્તિ આપવાની યોજના

ઇ.સ.1979થી આપવામાં આવેલ છે. વિકલાંગ વિદ્યાર્થીની અપંગતા 40% થી વધારે હોવી જોઈએ, તથા પ્રવર્તમાન ધારા ધોરણો મુજબની આવક હોય તેવાં વિદ્યાર્થીઓ શિષ્યવૃત્તિ મેળવવા હકદાર બને છે.

8. સંત સુરદાસ યોજના

**લાભ કોને મળે :**

- 45 વર્ષથી ઓછી વય જૂથની અતિતીવ્ર અપંગતા ધરાવતી વ્યક્તિ (અસ્થિવિષયક-75% અંધ 100% તથા મંદબુદ્ધિમાં 50% નીચે I.Q. ધરાવતાં વ્યક્તિને)
- લાભાર્થીને 21 વર્ષથી વધુ વયનો પુત્ર ન હોવો જોઈએ. પરંતુ પુત્ર માનસિક અસ્થિર 75% થી વધુ અપંગતા હોય તો મળી શકે.
- ગુજરાત રાજ્યમાં ઓછામાં ઓછા 10 વર્ષનો રહેવાસી હોવો જોઈએ.

**9. સાધન સહાય :**

5 વર્ષથી 50 વર્ષ સુધીની વ્યક્તિને 40% કે તેથી વધુ વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને કુટુંબની વાર્ષિક આવક રૂા.11,000થી ઓછી હોય અને ગુજરાત રાજ્યના વતની હોય અને વિકલાંગ ઓળખકાર્ડ ધરાવતાં હોય તેવાં. વિકલાંગ વ્યક્તિને નીચે જેવાં સાધનો મેળવી શકે.

- બગલઘોડી
- કેલીપર્સ (બુટ)
- ટ્રાયસિકલ (ત્રણ પૈડાંવાળી)
- સાયકલ (બે પૈડાંવાળી)

નોંધ : આ યોજના હેઠળ સહાયની રકમ રોકડમાં ચૂકવણી થતી નથી પરંતુ સાધન સ્વરૂપે જ આપવામાં આવે છે.

**- રોજગારી માટેનાં સાધનો :**

- સિલાઈ મશીન
- સુથારીકામ માટેનાં સાધનો
- મોચીકામ માટેનાં સાધનો
- ઈલેક્ટ્રીક રીપેરીંગનાં સાધનો
- ભરતગુંથણ અને એમ્બ્રોયડરી મશીન
- કમ્પ્યૂટર રિપેરીંગનાં સાધનો
- અંધ વ્યક્તિઓ માટે સંગીતના સાધનો
- શ્રવણમંદ વ્યક્તિઓ માટે શ્રવણયંત્ર

સરકારશ્રીએ નિયત કરેલ મુજબ રૂ.1000/-થી રૂા.5000/- સુધીનાં સાધનો સહાયના રૂપમાં મળી શકે છે.

**નોકરીઓમાં તથા ઉચ્ચ શિક્ષણની જગાઓમાં અનામત :**

ઇ.સ.1997થી કેન્દ્ર સરકાર દ્વારા વિશેષ વિવિધ સંવર્ગમાં તેમની વિકલાંગતા અનુસાર કાર્યશક્તિ મુજબ 3% જ ટકા અનામત રાખેલ છે. આ અનામતનો તમામ ખાલી જગાઓ માટે નથી પરંતુ વિકલાંગ જ સંતોષકારક રીતે કામ કરી શકે તેવાં સવર્ગો પૂરતું જ મર્યાદિત છે.

V.I. - દૃષ્ટિહીન- 1%

H.I - મૂક-બધિર - 1%

O.H.- અસ્થિવિષયક વિકલાંગ - 1%

## 3.5 વિશિષ્ટ બાળકો માટે સામુદાયિક જાગૃતિના પ્રયાસો

### પૂર્વભૂમિકા

વિકલાંગ બાળકો/ વ્યક્તિઓ 'લોક-સહયોગ' થી સમાજમાં સારી રીતે ગોઠવાઈ શકે છે, જરૂર છે માત્ર સમાજ દ્વારા જેવો છે તે સ્વરૂપે જો તેઓનો 'સ્વીકાર' કરતાં થાય !

### સમુદાય એટલે શું ?

સમુદાય એ વિવિધ વંશીય જૂથનાં, વિવિધ ભાષા બોલનારા, સાંસ્કૃતિક વૈવિધ્ય ધરાવનારા તેમજ વિવિધ ધર્મના લોકો ચોક્કસ વિસ્તારમાં સાથે મળીને સંગઠન બનાવીને ચોક્કસ નીતિ નિયમોથી વળગી રહેવાનું એક સ્વરૂપ છે.

સમુદાયો સામાજિક, આર્થિક અને ભૌગોલિક સ્વરૂપ તથા કદની દૃષ્ટિએ ભલે એકબીજાંથી જુદાં પડે તેમ છતાં તેના સભ્યો વિવિધ માત્રામાં, સાંસ્કૃતિક, સામાજિક આર્થિક તેમજ રાજકીય ક્ષેત્રે તેમજ રસના વિષય, આકાંક્ષાઓની સાથે-સાથે આરોગ્યની દૃષ્ટિએ સમાનતા અનુભવે છે.

સમુદાયના સભ્યો પર એકબીજાંના રસ-રુચિ, હિતો તથા સહભાગિતા તેઓનું અસ્તિત્ત્વ ટકાવી રાખવામાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે તેમના પ્રગતિ કે વિકાસમાં મદદરૂપ બને છે.

### સમુદાયની સહભાગિતા શા માટે જરૂરી...

**(1)** **સામાજિકરણ :** ગ્રામીણ ક્ષેત્રે વિકલાંગોની મનોદશાને લક્ષમાં રાખીને તેના સંબંધો, નજીકનાં વ્યક્તિઓ તેમજ સ્થાનિક રહેવાસીઓ તેમના સામાજિકરણમાં મદદરૂપ બની શકે.

**(2)** **અનુકૂલન :** વિકલાંગો પોતાના ઘરનો તેમજ શાળાના પરિવેશનો સમુદાયનો સહભાગિતાથી સર્વાંગી શિક્ષણ માટેનાં કાર્યસ્થળ બનાવવાં. ઝોમજ સમુદાયને તેઓનો અનુકૂલન સાધી તાદાત્મય કેળવી શકે તેવો માહોલ ભેગો કરવામાં મદદરૂપ બની શકે.

**(3)** **સમાજનું ઉપયોગી અંગ** વિકલાંગતા ધરાવનાર વ્યક્તિ સમાજ માટે બોજારૂપ ન બની રહેતાં લોકસહયોગથી પોતાનો સર્વાંગી વિકાસ સાધે અને સમાજને ઉપયોગી (ઉત્પાદકીય) વ્યક્તિ બની સમાજનું અભિન્ન અંગ બની શકે.

**(4)** **જનજાગૃતિ** વિકલાંગ વ્યક્તિઓમાં રહેલી સુષુપ્ત શક્તિ તેમજ ક્ષમતાનો પરિચય, માહિતી પત્રિકાઓ, સફળ વિકલાંગ વ્યક્તિઓની મુલાકાત, દશ્ય-શ્રાવ્ય સાધનો, શેરી નાટકો પ્રદર્શનો તેમજ વિવિધ તહેવારોની ઉજવણી, પપેટ શો, ભીંતસૂત્રો વગેરે દ્વારા જનજાગૃતિ ફેલાવવી જોઈએ.

(5) સ્વાવલંબી અને વિકલાંગ બાળકો કે વ્યક્તિઓ રોજિંદી ક્રિયાઓ, જાત સંભાળના કૌશલ્યો તથા આસપાસના વાતાવરણને સમજીને લોક-સહયોગ મેળવીને તાદાત્મ્ય સાંધીને સ્વાવલંબી બને.

- સમુદાયમાં કોનો સમાવેશ થઈ શકે ?

  ગ્રામ્ય તથા શહેરી વિસ્તારમાં નીચે મુજબનાં વ્યક્તિઓનો સમાવેશ કરી શકાય જે જનજાગૃતિ ફેલાવવામાં મહત્ત્વની ભૂમિકા અદા કરી શકે જેવા કે......

- ગામના મુખ્ય આગેવાનો, પ્રમુખ, તલાટી, સરપંચ વગેરે...
- શહેરના મેયરશ્રી, સંસદસભ્ય, ધારાસભ્ય વગેરે રાજકીય આગેવાનો
- દરેક પ્રકારના તબીબો, શિક્ષકો, પ્રોફેસરો, વકીલો, જજ વગેરે વ્યાવસાયિકો..
- ધાર્મિક આગેવાનો તથા ધર્મગુરૂઓ
- સ્વૈચ્છિક સંગઠનો (NGO) તથા સામાજિક કાર્યકરો
- પોલીસમેન, બસ ડ્રાઈવર, બસ કંડકટર

- અગ્રણી ઉદ્યોગપતિઓ, દુકાનદારો, સહકારી મંડળીના પ્રતિનિધિઓ, બેંક કર્મચારીઓ, જીવન વીમા કંપનીઓના કર્મચારીઓ વગેરે.....
- શાળા તથા કૉલેજના વિદ્યાર્થીઓ......
- સમુદાય દ્વારા વિકલાંગની ઉન્નતિમાં ભાગીદાર થવાનાં ક્ષેત્રો

1. વિકલાંગ વ્યક્તિને શાળાપ્રવેશથી લઈને સરકારશ્રીની વિવિધ શૈક્ષણિક લાભો આપતી યોજનાઓના લાભ, સહભાગિતા, સમાન તક, તેમના અધિકારીઓનું રક્ષણ તથા શોષણ ન થાય તે માટે સમુદાયની સક્રિય સહભાગિતા મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે.
2. લોક સહયોગ દ્વારા વિવિધ કેમ્પોના આયોજન દ્વારા વિકલાંગતાની ઓળખ, નિદાન, માર્ગદર્શન, જરૂરી સાધનોની સહાય, ઉપચાર તેમજ સામાજિક, શૈક્ષણિક તેમજ આર્થિક પુનર્વસન શક્ય બનાવી શકાય.
3. વિકલાંગો માટે નાના-મોટા પ્રવાસનું સમુદાયના સહયોગ દ્વારા આયોજન કરીને જાહેર સ્થળો, ધાર્મિક-સ્થળો, ઐતિહાસિક સ્થળો તેમજ આનંદ પ્રમોદના સ્થળોની મુલાકાત લઈ, તેનો પરિચય આપી સામાન્ય જ્ઞાનની સાથે-સાથે તેઓનું સામાજીકરણ સરળતાથી કરી શકાય.
4. વિવિધ પ્રદર્શનો તથા મેળાવડાનું આયોજન કરી વિકલાંગ વ્યક્તિઓમાં રહેલી પ્રતિભા બહાર લાવી સમાજમાં દર્શાવી શકાય.
5. વિવિધ પ્રકારની સ્પર્ધાઓ તેમજ રમત-ગમતના આયોજન દ્વારા પણ સમાજ સક્રિયપણે સહભાગી થઈને વિકલાંગતાનો આત્મવિશ્વાસ વધારી ક્ષમતાઓનો વિકાસ કરાવી શકાય.
6. નાટક, અભિનય ગીત, સાંસ્કૃતિક કાર્યક્રમ વગેરે દ્વારા વિકલાંગોમાં રહેલી સામર્થ્યતાને સમાજ સમક્ષ રજૂ કરી એ રીતે અભિવ્યક્તિનું સબળ માધ્યમ આપી શકાય.
7. સમૂહ માધ્યમો દ્વારા વિકલાંગ વ્યક્તિઓને મળતી સવલતો, કાયદાકીય જોગવાઈઓ તથા વિવિધ યોજનાઓ વિશે માહિતી પૂરી પાડી શકાય.
8. ટી.વી., રેડિયો, ઈન્ટરનેટ જેવા દશ્ય શ્રાવ્ય માધ્યમો દ્વારા સફળ વિકલાંગ વ્યક્તિઓની સંઘર્ષમય સિદ્ધિઓને આદર્શ રૂપે રજૂ કરી શકાય.
9. જુદાં-જુદાં વ્યાવસાયિકો, ઉદ્યોગપતિઓ તેમજ દુકાનદારોની મદદ લઈને વિકલાંગ વ્યક્તિઓને આર્થિક પુનર્વસન દ્વારા સ્વનિર્ભર બનાવવા માટે સમાજ મહત્ત્વની ભૂમિકા ભજવી શકે છે.
10. 'જીવનસાથી પસંદગી' મેળાવડાનું આયોજન સમુદાયની મદદથી કરવામાં આવે તો વિકલાંગ વ્યક્તિઓ યોગ્ય પાત્ર સાથે જોડાઈને સમાજમાં ગૌરવપૂર્ણ સ્થાન પામી શકે.
11. સમાજમાં ખ્યાતનામ વ્યક્તિઓ કે જેમણે પોતાના ક્ષેત્રમાં આગવું પ્રદાન કરેલ હોય જેમ કે સાહિત્યકારો, રમતવીરો, ટીવી તથા ફિલ્મક્ષેત્રના કલાકારો વગેરેનાં માધ્યમો દ્વારા એકત્રિત કરવામાં આવેલ જનસમુદાયનો વિકલાંગતા પ્રત્યેના નકારાત્મક દષ્ટિકોણ, પૂર્વગ્રહો તથા ખોટા ખ્યાલો દૂર કરી શકાય.

**ઉપસંહાર**

પ્રત્યેક જનમાનસમાં નકારાત્મક વલણો બદલાય, વિકલાંગને સંપૂર્ણ સહભાગિતા સાથે જો સમાજ તકોનું સર્જન કરી શકે તો તેઓ પણ સર્વાંગી ઉત્થાન પામી સ્વમાનભેર જીવન વ્યતિત કરી શકે છે. કુટુંબ, શાળા, તથા સમુદાયની સહકારયુક્ત સહભાગિતાના ત્રિવેણી સંગમથી જ ભારતમાં વિકલાંગ વ્યક્તિઓનું ભાવિ ઉજ્જવળ છે.

## 3.6વિશિષ્ટ બાળકો માટે વિશિષ્ટ દિનોની ઉજવણી

**પૂર્વભમિકા**

શું આપણે વિકલાંગજનોને અસહાય દશામાં જીવન જીવતાં જોઈ શકીશું ખરા ? કદાપિ નહિં, પરંતુ આપણે વિકલાંગજનો જેવા કે દ્દષ્ટિહિન, મૂકબધિર, માનસિક ક્ષતિ, અસ્થિ વિષયક ક્ષતિ વગેરે માટે સમાજ એક સ્વસ્થ દ્દષ્ટિકોણ કેળવાય, સમાજ તેઓને સાચા અર્થમાં સહર્ષ સ્વીકૃતિ આપી સહાનુભૂતિ પ્રદાન કરે તે દિશા તરફના સકારાત્મક પ્રયાસોમાં આપણે સૌએ યતકિંચિત ફાળો આપી, વિકલાંગજનોને સ્વાવલંબનની દિશા તરફ અગ્રેસર કરવા જ રહ્યા.

રાષ્ટ્ર, સમાજ, જાહેર સેવાભાવિ સંસ્થાઓ, સરકારી સંસ્થાઓ જાહેર નિગમો સૌએ સાથે મળીને સમગ્ર વર્ષ દરમિયાન નીચે દર્શાવેલા વિકલાંગજનો માટેના વિશિષ્ટ દિવસોની ઉજવણી કરીશું તો મહાત્મા સંત તુલસીદાસની નીચેની પંક્તિને સાચા અર્થમાં ચરિતાર્થ કર્યાનો એક આત્મસંતોષ થશે.

'પરહિત સરીસ નહિ ધરમ ભાઈ
પર પીડા સમ નાહિ અધમાઈ'

**વર્ષ દરમિયાન ઉજવાતા વિશિષ્ટ વિકલાંગ દિન :**

**1. 4થી જાન્યુઆરી- લૂઈ બ્રેઈલ જન્મજયંતિ દિવસ :**

લૂઈ બ્રેઈલનો જન્મ ફ્રાન્સમાં એક સાધારણ ફ્રાંસીસી પરિવારમાં થયો હતો. તેમના પિતાશ્રી સિમોન બ્રેઈલ ઘોડાઓ માટેની લગાત તથા જીન બનાવવાનું કામ કરતાં હતાં. એક વખત બાળક લૂઈ બ્રેઈલ પોતાનું અનુકૂલન કરતાં હતા અને તેમાંથી ઓમર તેમની આંખમાં વાગવાથી તેઓએ પોતાની આંખની રોશની ગુમાવી.

દસ વર્ષની ઉંમરે તેમની પેરિસની અંધશાળામાં ભણવા મોકલ્યા ત્યારબાદ લૂઈ બ્રેઈલે છ ટપકાંની ઉપસતી બિંદીઓ પર આધારિત સ્પર્શ લિપિનો વિકાસ કર્યો જે બ્રેઈલ લિપિના નામે ઓળખાય છે. તેમનો જન્મ તા.4 જાન્યુઆરી ઇ.સ.1809માં થયો હતો અને ઇ.સ.1852માં 43 વર્ષની ઉંમરે તેઓનું અવસાન થયું હતું.

આમ, બ્રેઈલ લિપિના શોધક અને નેત્રહિનોના જ્યોતિર્ધરની સ્મૃતિમાં તેમનો જન્મ દિવસ બ્રેઈલ-ડે તરીકે ઉજવાય છે. આ શુભ દિવસે આપણા દૂરદર્શન ચેનલ પરથી પ્રાદેશિક સમાચારમાં સાંજે 7 વાગે દ્દષ્ટિહીન વ્યક્તિને બ્રેઈલ લિપિમાં સમાચાર વાંચન કરવાનું કાર્ય સોંપી એક સાચા અર્થમાં શ્રધ્ધાસુમન અર્પણ કરે છે. આ દિવસે સમગ્ર રાષ્ટ્ર અને રાજ્યમાં લૂઈ બ્રેઈલના જીવન કથન આધારિત વકતૃત્ત્વ સ્પર્ધા, લેખન-વાંચન સ્પર્ધાનું આયોજન કરવામાં આવે છે.

**2. 1 માર્ચ : વિશ્વ રસીકરણ દિન :**

રાજ્ય અને કેન્દ્ર સરકાર સંયુક્ત રીતે દેશના ભાવિ પેઢીના બાળકોને તંદુરસ્ત રાખવા સતત પ્રયત્નશીલ છે. બાળકોને વિવિધ રોગો સામે રક્ષણ આપવા જરૂરી રોગપ્રતિકારક રસીઓ દ્વારા તેમને રોગોથી તેમજ વિપરીત પરિણામોથી બચાવી શકાય છે. બાળકને ક્ષય વિરોધી, ત્રિગુણી, પોલિયો, ઓરી વિરોધી, ધનુર વિરોધી રોગપ્રતિકારક રસીઓના ડોઝ યોગ્ય સમયે આપી બાળકોના તંદુરસ્ત જીવન માટેની અમૂલ્ય તકને પ્રત્યેક માતા-પિતા/વાલીઓને અવશ્ય ઝડપી લઈ પોતાના બાળકને રોગથી થતી વિકલાંગતા અટકાવવાની સાવધાની રાખવી જોઈએ.

**3. 7 એપ્રિલ : વિશ્વ આરોગ્ય દિન :**

સાતમી એપ્રિલ, ઇ.સ.1498ના દિવસે વિશ્વ આરોગ્ય સંસ્થા WHO ની સ્થાપના થયેલી, જ્યારે સમગ્ર વિશ્વ કેટલાંક અસાધ્ય રોગો-બિમારી સામે દયનીય હતું. ત્યારે સંયુક્ત રાષ્ટ્રની પરિષદે વિશ્વ સ્વાસ્થ્યના મુદ્દાને ધ્યાનમાં લઈને 22મી જુલાઈ, 1946ના દિવસે જીનીવામાં આંતરરાષ્ટ્રીય સંમેલન બોલાવી વિશ્વ આરોગ્ય સંસ્થાનું સંવિધાન સ્વીકૃત કર્યાનો વિચાર કર્યો

હતો. જેને 7મી એપ્રિલ, 1948ના રોજથી લાગુ પાડવામાં આવ્યું હતું. ત્યારથી આજદિન સુધી આ સંસ્થા વિશ્વ આરોગ્યની તથા અન્ય મહત્ત્વની કામગીરી બજાવે છે.

સમગ્ર વિશ્વમાં આ દિવસે ઠેર-ઠેર ચર્ચા સભાઓ-સેમિનારો યોજી લોકોના આરોગ્ય સંબંધી અનેક યોજનાઓ ઘડી વિચાર-વિમર્શ અને જનજાગૃતિ લાવવાનો પ્રયાસ કરવામાં આવે છે. સમગ્ર આરોગ્ય બાબતે તંદુરસ્ત સમાજના નિર્માણ માટે આ દિનની ઉજવણી કરવામાં આવે છે.

**4. 27મી જુલાઈ- હેલન કેલર ડે :**

વિવિધ વિકલાંગતા ધરાવતાં મહિલા વિદૂષી હતા. તેમના જીવનચરિત્ર પર આધારિત સંજય લીલા ભણસાલી દિગ્દર્શિત 'બ્લેક' માં દૃષ્ટિહીન અને મુખબધીર હેલન-કેલરના પાત્રને બખૂબી દર્શાવી હેલનકેલરના જીવનચિત્રને જીવંતતા બક્ષી છે.

ભારતના પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નહેરૂએ આ મહિલા વિદૂષીની પ્રત્યક્ષ મુલાકાત સમયે તેમની કાર્યક્ષમતાને બિરદાવી હતી. હેલન કેલર મહાત્મા લૂઈ બ્રેઈલને શ્રદ્ધાંજલી આપતાં કહ્યું હતું કે, અંધત્વના અસીમ રણને લૂઈની અખૂટ શક્તિ અને આનંદ રમ્યતાને હર્યું ભર્યું કરી દીધું. તેમની પદ્ધતિએ નેત્રહીન તરૂણોના શિક્ષણને સરળતા પ્રદાન કરી સ્થિરતા આપી. હેલન કેલરનું ધ્યેય વાક્ય હતું-×મુશ્કેલીઓથી ગભરાઈને ભાગવા કરતાં તેમનો સામનો કરવો જીવન એક જંગ છે, જંગ વિનાનું જીવન મૃત્યુ છે.

**5. 14મી સપ્ટેમ્બર : અંધજન ધ્વજદિન :**

વસ્તી ગણતરી અનુસાર... જેમાં સંપૂર્ણ દષ્ટ્રિહીન અને અલ્પદષ્ટ્રિ ધરાવતી વ્યક્તિઓનો સમાવેશ થાય છે.

સમાજના વિશાળ માનવ સમુદાયના શિક્ષણ, તાલીમ, રોજગારી, સામાજિક પુનર્વસન તથા દષ્ટ્રિના નિવારણ અર્થે જનજાગૃતિ લાવવા, તેમના ઉત્થાન અને સામાજિક સુરક્ષા માટે ચાલતી પ્રવૃત્તિઓને વિકસાવવા-ગુણવત્તાસભર સેવા આપવાના ઉદ્દેશથી નાણાંકીય ભંડોળ એકત્રિત કરવાની પ્રવૃત્તિમાં સમાજની સહભાગીદારી મળી રહે તે હેતુસર પ્રતિવર્ષ નેશનલ એસોશિએશન ફોર ધી બ્લાઈન્ડ દ્વારા 14 સપ્ટેમ્બરના રોજ ×અખિલ હિન્દ અંધજન ધ્વજદિન×ની ઉજવણી કરવામાં આવે છે. આપણે આપણી શક્તિ મુજબ દષ્ટ્રિહીનોના કલ્યાણ માટે યથાશક્તિ ફાળો આપવો તે આપણી નૈતિક ફરજ ગણાય.

ઈ.સ.1952ની 19મી જાન્યુઆરીના રોજ ઉપરોક્ત બાબતે રાષ્ટ્રીય કામગીરી બજાવવા માટે મુંબઈ ખાતે નેશનલ એસોસિએશન ફોર ધી બ્લાઈન્ડ-ઈન્ડિયાની સ્થાપના કરવામાં આવી છે. જેની દરેક રાજ્યમાં તેની રાજ્ય શાખા સાથે જિલ્લા અને તાલુકા શાખાઓ દ્વારા અંતરીયા વિસ્તારના દષ્ટ્રિહીનો સુધી સેવાકાર્યનું વિસ્તરણ કર્યું છે.

**6. 28 મી સપ્ટેમ્બર- વિશ્વ બધિર દિન :**

આ દિવસનું મહત્ત્વ એવું છે કે, આખા વિશ્વમાં જે બધિરો સમાજના કલ્યાણમાં જે યોગદાન આપેલ તેને યાદ કરી ઉજવવામાં આવે છે. એમાં થોમસ આલ્વા એડીસન જેમણે દુનિયાને અજવાળું આપ્યું. લોપની શોધ કરી હતી એવી રીતે અન્ય બધિર મહાનુભાવોએ સમાજપ્રયોગી કાર્ય કર્યું હોય તેને યાદ રાખવામાં આવે છે, અને આ દિવસે શ્રવણમંદ બાળકોનો સાંસ્કૃતિક કાર્યક્રમ યોજી તેમનામાં રહેલી વિશિષ્ટ વ્યક્તિને પ્રોત્સાહિત કરવામાં આવે છે. રેલીના સ્વરૂપે નગરમાં ફરી દરેકને તેની યાદ તાજી કરાવવામાં આવે છે.

**7. 15મી ઓક્ટોબર- વર્લ્ડ વ્હાઈટ કેન ડે - (સફેદ લાકડી દીન)**

સફેદ લાકડી નેત્રહીનો માટે સાચો સાથી છે. નેત્રહિન વ્યક્તિ સ્વતંત્ર રીતે રસ્તો ઓળંગવા, ચોક્કસ સ્થળે પહોંચવા માટે ઉપયોગી બને છે. નેત્રહિન વ્યક્તિના હાથમાં સફેદ લાકડી હોવાથી સામી વ્યક્તિને ખ્યાલ આવશે કે નેત્રહિન આવી રહ્યો છે. જેનાથી સલામતી સચવાય છે. સફેદ

લાકડીના કારણે હરવા-ફરવાનું કાર્ય સાધારણ અને સરળ બને છે. ચલિષ્ણુતા દરમિયાન આવતાં અવરોધો સામે સફેદ લાકડી રક્ષણ આપવાનું કાર્ય કરે છે. આ દિવસે રેલીનું આયોજન કરી સ્વતંત્ર રીતે આકલન કરી તથા વિવિધ કાર્યક્રમોના આયોજન દ્વારા 'વ્હાઈટ કેન-ડે'ની ઉજવણી કરવામાં આવે છે.

**8. 3જી ડિસેમ્બર- વિશ્વ વિકલાંગ દિન :**

વિશ્વના વિકલાંગોની સમસ્યાઓને વાચા આપવા અને તેમની સર્વાંગી પ્રગતિને સાચા અર્થમાં ઉજાગર કરવાના હેતુસર 3જી ડિસેમ્બરે વિશ્વ વિકલાંગ દિનની આંતરરાષ્ટ્રીય-સ્તરે ઉજવણી કરવામાં આવે છે. વિકલાંગ વ્યક્તિ પણ સમાજનું અભિન્ન અંગ છે અને સામાન્ય નાગરીકોની જેમ જ તેને પણ જીવન જીવવાનો અધિકાર છે આ દિવસે વિકલાંગોની રેલીનું આયોજન, ચર્ચાસભા, રમત-ગમત, સાહિત્ય વિતરણ, વકતૃત્ત્વ સ્પર્ધા તથા અન્ય પ્રવૃત્તિઓનું સુંદર આયોજન કરવામાં આવે છે અને આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.

**9. 8મી ડિસેમ્બર- નેશનલ માનસિક દિવસ (મંદબુદ્ધિ બાળદિન) :**

આજે જ્ઞાન-વિજ્ઞાનની રીતે આપણે 21મી સદીમાં પ્રવેશી ચૂક્યા છીએ ત્યારે પણ સમાજમાં માનસિક ક્ષતિગ્રસ્ત બાળકોની સંખ્યામાં દિન-પ્રતિદિન વધારો થતો રહ્યો છે. ત્યારે આવા બાળકો અને સમાજમાં જનજાગૃતિ માટે આ દિનની ઉજવણી વિવિધ પ્રવૃત્તિઓના આયોજન દ્વારા કરવામાં આવે છે. આ દિવસે મંદબુદ્ધિ થવાના કારણો, લક્ષણો અને ઉપાયો વિશે સમાજમાં જાગરૂકતા વધે તેવાં પ્રયાસો માટેના વિવિધ માર્ગદર્શન કાર્યક્રમોનું આયોજન કરી આ દિનની ઉજવણી કરવામાં આવે છે.

વિશિષ્ટ બાળકો માટે ઉજવવામાં આવતાં વિશિષ્ટ દિનો :-

8 મી જાન્યુઆરી- લૂઈ બ્રેઈલ જન્મજયંતિ દિવસ

1 માર્ચ - વિશ્વ રસીકરણ દિન

7 એપ્રિલ - વિશ્વ આરોગ્ય દિન

20 મી જુલાઈ - હેલન કેલર ડે

18 મી સપ્ટેમ્બર - અંધજન ધ્વજદિન

28 મી સપ્ટેમ્બર - વિશ્વ બધિર દિન

15 મી ઓક્ટોબર - વર્લ્ડ વ્હાઈટ કેન ડે

3 જી ડિસેમ્બર - વિશ્વ વિકલાંગ દિન

8 મી ડિસેમ્બર - નેશનલ માનસિક દિવસ

વિકલાંગો માટેની વિવિધ કલ્યાણકારી યોજનાઓમાં :-

1. વિકલાંગોને ઓળખપત્ર
2. શૈક્ષણિક સેવાઓ
3. સંત સુરદાસ યોજના
4. સાધન સહાય
5. નોકરીઓમાં તથા ઉચ્ચ શિક્ષણની જગાઓમાં અનામત જેવી યોજનાઓનો સમાવેશ થાય છે.

## 3.7 સારાંશ

શાળામાં આવતાં બાળકોમાં વૈયક્તિક તફાવતો જોવા મળે છે. બાળકોમાં વિવિધ શક્તિ રહેલી છે. વિશિષ્ટ બાળકોને સંમિલિત શાળામાં શિક્ષણ આપવા માટેની વ્યવસ્થા કરવાની જોગવાઈ તેમજ સંમિલિત શાળાના હેતુઓ તેમજ વિશિષ્ટ બાળકોના વિકાસ માટેની સરકારશ્રીની વિવિધ કલ્યાણકારી

યોજનાઓ તેમજ વિશિષ્ટ બાળકો માટે સામુદાયિક જાગૃતિના પ્રયાસો અંગેની છણાવટ કરેલ છે. વિશિષ્ટ બાળકો માટે વિશિષ્ટ દિનની ઉજવણી દ્વારા સકારાત્મક અભિગમ કેળવવા માટેના પ્રયાસોની સમજ આપેલ છે. શાળા, શિક્ષક અને સમાજે વિશિષ્ટ બાળકોના વિકાસ માટે શું કરવું જોઈએ તેની ચર્ચા કરેલ છે.

## 3.8 તમારી પ્રગતિ ચકાસો

1. **વિશિષ્ટ શાળા અને તેના હેતુઓ જણાવો.**

   ..................................................................

   ..................................................................

   ..................................................................

   ..................................................................

   ..................................................................

   ..................................................................

2. **વિશિષ્ટ બાળકો માટેની વિવિધ કલ્યાણકારી યોજનાઓ વિશે સમજાવો.**

   ..................................................................

   ..................................................................

   ..................................................................

   ..................................................................

   ..................................................................

   ..................................................................

3. **વિશિષ્ટ બાળકો માટે સામુદાયિક જાગૃતિ માટે શું કરવામાં આવે છે સમજાવો.**

   ..................................................................

   ..................................................................

   ..................................................................

   ..................................................................

   ..................................................................

   ..................................................................

4. **વિશિષ્ટ બાળકો માટે કયા કયા વિશિષ્ટ દિનોની ઉજવણી કરવામાં આવે છે ?**

   ..................................................................

   ..................................................................

   ..................................................................

   ..................................................................

   ..................................................................

   ..................................................................

## 3.9 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

(1) પાના નં 49-50 જુઓ

(2) પાના નં. 51 જુઓ

(3) પાના નં. 53 જુઓ

(4) પાના નં 55-57 જુઓ

## 3.10 સંદર્ભો


(1) અધ્યેતાનો વિકાસ અને અધ્યાપન, અધ્યયન પ્રક્રિયા, Editor : નટુભાઈ બી.રાવલ, 2016 Pub.Nirav Prakashan

(2) શિક્ષકનું મનોવિજ્ઞાન,

લેખક : Dr.Nanubhai S.Donga 2010

Pub. Nirav Prakashan

(3) શૈક્ષણિક મનોવિજ્ઞાન

લેખક : Dr. Vinubhai, Dr.Mogariya, Dr.Vina Vaishnaw. Dr. Ramjibhai N. Patel

Pub. Akshar Publication 2008.

BAOU Education for All

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

**ES-134**

# વિશિષ્ટ શિક્ષણ (સ્પે. એજ્યુકેશન)

વિભાગ

2

## વિકલાંગતા ધરાવતા બાળકોનું શિક્ષણ

એકમ-4 વિશિષ્ટ શિક્ષણ

એકમ-5 વિશિષ્ટ શિક્ષણનો વિકાસ

એકમ-6 સંમિલિત શિક્ષણ

**ES-134, વિશિષ્ટ શિક્ષણ(સ્પે. એજ્યુકેશન) (વિભાગ-2)**


| **લેખક** | |
|---|---|
| **ડૉ. સોનલ પટેલ** | ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ. |
| **પરામર્શક (વિષય)** | |
| **ડૉ. રામજીભાઈ એન. પટેલ** | એમ. એડ્. કૉલેજ, વડું |
| **પરામર્શક (ભાષા)** | |
| **ડૉ. દિવ્યા શર્મા** | આઈ. આઈ. ટી. ઈ. ગાંધીનગર |
| **સંપાદન અને સંયોજન** | |
| **પ્રો. (ડૉ.) અજીતસિંહ પી. રાણા** | નિયામકશ્રી (શિક્ષણશાસ્ત્ર)<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી.<br>અમદાવાદ. |
| **સંયોજન સહાય** | |
| **ડૉ. મીના આઈ. રાજપૂત** | ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી.<br>અમદાવાદ. |



**પ્રકાશક :** કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ-382481

**આવૃત્તિ :** પ્રથમ આવૃત્તિ-2020, **નકલ :** 1200
દ્વિતીય આવૃત્તિ-2021, **નકલ :** 1200

**ISBN : 978-93-5598-191-2**



Copyright © Registrar, Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad.
December 2020

While all efforts have been made by editors to check accuracy of the content, the representation of facts, principles, descriptions and methods are that of the respective module writers. Views expressed in the publication are that of the authors, and do not necessarily reflect the views of Dr. Babasaheb Ambedkar Open University. All products and services mentioned are owned by their respective copyrights holders, and mere presentation in the publication does not mean endorsement by Dr. Babasaheb Ambedkar Open University. Every effort has been made to acknowledge and attribute all sources of information used in preparation of this Self Learning Material. Readers are requested to kindly notify missing attribution, if any.

## ES-134 વિશિષ્ટ શિક્ષણ (સ્પે. એજ્યુકેશન)

**વિભાગ-1 : વિશિષ્ટ બાળક**

1. વિશિષ્ટ જરૂરિયાતવાળા બાળકોની સંકલ્પના
2. વિશિષ્ટ બાળકોના પ્રકાર
3. વિશિષ્ટ બાળકોની શૈક્ષણિક જોગવાઈ

**વિભાગ-2 : વિકલાંગતા ધરાવતા બાળકોનું શિક્ષણ**

4. વિશિષ્ટ શિક્ષણ
5. વિશિષ્ટ શિક્ષણનો વિકાસ
6. સંમિલિત શિક્ષણ

**વિભાગ-3 : શારીરિક ક્ષતિ ધરાવતા બાળકો**

7. શારીરિક વિશિષ્ટ બાળકો
8. બધિર બાળકો
9. અસ્થિવિષયક બાળકો
10. મંદબુદ્ધિ ધરાવતા બાળકો
11. અંધ બાળકો

**વિભાગ-4 : વિશિષ્ટ બાળકોનું અધ્યયન**

12. અધ્યયન વિશિષ્ટ બાળકો
13. ડિસ્લક્સિક બાળકો
14. ડાયસગ્રાફિયા બાળકો
15. પ્રતિભાશાળી બાળકો

## દૂરવર્તી અધ્યયનમાં સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રીની ભૂમિકા

દૂરવર્તી શિક્ષણ પ્રણાલીમાં અસરકારક સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રી અનિવાર્ય છે. આ અભ્યાસ-સામગ્રીના લેખકો, અધ્યાપકો અને વિદ્યાર્થીઓ એકબીજાથી ઘણાં દૂર અને ક્યારેક તો ક્યારેય ન મળી શકે તેવી સ્થિતિમાં હોવાથી આવી અધ્યયન સામગ્રી સુગમ અને અસરકારક હોવી જરૂરી છે. દૂરવર્તી શિક્ષણ માટેની અભ્યાસ-સામગ્રીમાં વિદ્યાર્થીના બૌદ્ધિક ચિંતનને ઉદ્દીપ્ત કરવાની ક્ષમતા તથા આવશ્યક તમામ અધ્યયન પ્રવૃત્તિઓ હોવી જોઈએ. આ સામગ્રી પાઠ્યક્રમના સામાન્ય અને વિશિષ્ટ હેતુઓના અનુસંધાને વિદ્યાર્થીને પર્યાપ્ત માર્ગદર્શન આપવા સક્ષમ હોવી જોઈએ. સ્વ-અધ્યયન સામગ્રીમાં અભ્યાસક્રમમાં સૂચિત તમામ બાબતોનો સમાવેશ થાય તે જરૂરી છે.

અસરકારક અધ્યયન સિદ્ધ કરવા માટે અનેક પ્રકારના આયોજનનો ઉપયોગ કરવામાં આવે છે; જેનાથી વિદ્યાર્થી જ્ઞાનોપાર્જન કરી શકે. બૌદ્ધિક અને મનોશારીરિક કૌશલ્યો કેળવી શકે અને વર્તન તથા અભિગમમાં આવશ્યક પરિવર્તનો સાધી શકે. આથી જ વિદ્યાર્થીનું મૂલ્યાંકન પણ પાઠ્યસામગ્રીમાં આવરી લેવામાં આવ્યું છે.

દૂરવર્તી શિક્ષણની સ્વ-અધ્યયન અભ્યાસ સામગ્રીમાં ઉપયોગમાં લેવામાં આવેલી શૈક્ષણિક પ્રવૃત્તિઓનું સ્વરૂપ તે શિક્ષણના જ્ઞાનાત્મક, ભાવાત્મક કે મનોશારીરિક હેતુમાંથી કયા હેતુને સંલગ્ન છે ? તેના પર આધારિત છે. આ હેતુઓ ભવિષ્યમાં અનુક્રમે જ્ઞાન, બૌદ્ધિક કૌશલ્યો અને મનોશારીરિક કૌશલ્યોની ઉપલબ્ધિમાં પરિણમે છે. વિદ્યાર્થીએ મેળવેલ જ્ઞાનની પ્રાપ્તિ, ઉપયોગ અને અભિવ્યક્તિ કરવા માટે પ્રોત્સાહિત કરી શકાય. વિદ્યાર્થીઓના પૂર્વજ્ઞાનનો અને અનુભવોનો આધાર લઈને રચવામાં આવેલ શિક્ષણ સામગ્રી દ્વારા બૌદ્ધિક કૌશલ્યના હેતુને સિદ્ધ કરી શકાય છે અને તેના દ્વારા નવીન જ્ઞાન પ્રાપ્તિનો માર્ગ પ્રશસ્ત થાય છે.

અભ્યાસ-સામગ્રીમાં સ્વાધ્યાય પ્રોજેક્ટ અને પ્રતિપૃષ્ટિ(Feedback)ના સ્વરૂપે અભ્યાસનું આયોજન જરૂરી છે. શારીરિક કૌશલ્ય સંબંધિત શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં ચિત્રાત્મક રજૂઆત હોવી જોઈએ અને ત્યારબાદ ઉચિત અભ્યાસનું આયોજન હોવું જોઈએ. વર્તન અને અભિગમમાં પરિવર્તન માટે આયોજિત શિક્ષણ પ્રવૃત્તિઓ રસ જન્માવે તેવી તથા આ પરિવર્તન દ્વારા થતાં લાભ અને તેની જરૂરિયાતને પ્રતિબિંબિત કરે તેવી હોવી જોઈએ. ત્યાર પછી નવાં અભિગમોને અપનાવવાની અને તે સંબંધિત પ્રક્રિયાના યોગ્ય અભ્યાસનું ઉચિત આલેખન થવું જોઈએ.

**દૂરવર્તી શિક્ષણની ભૂમિકા.**

પ્રત્યક્ષ અધ્યાપનમાં જોવા મળતી પ્રત્યાયનની વિશેષતાઓ; જેવી કે અંતરાલાપ, પૂર્વઅભિસંધાન, યોગ્ય સ્થાને વિરામ, આરોહ-અવરોહ, ભાવ-ભંગીમાં, સ્વરભાર વગેરે દૂરવર્તી અધ્યયનમાં ઉપલબ્ધ નથી. આ ઉણપ વિશેષતઃ મુદ્રિત સાહિત્યમાં (લેખિત સાહિત્યમાં) જોવા મળે છે. વિદ્યાર્થી અને શિક્ષક વચ્ચેના વ્યવહારની આ ખૂટતી કડીને જોડવા માટે જ દૂરવર્તી સ્વ-અધ્યયન સામગ્રીમાં શૈક્ષણિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. માટે જ આવી પ્રવૃત્તિઓનું આયોજન વૈકલ્પિક નહીં; પરંતુ અનિવાર્ય છે.

સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રીને નાના એકમોમાં વિભાજિત કરીને શિક્ષણના ઉત્તમ સાધન તરીકે વિકસાવવાની સંકલ્પના છે. શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં વૈવિધ્ય દ્વારા શિક્ષણના વિવિધ ક્ષેત્રના હેતુઓ સિદ્ધ થાય તેવો પ્રયત્ન કરવાનો છે.

દૂરવર્તી શિક્ષણની સ્વ-અધ્યયન સામગ્રીનું આયોજન પૂર્વનિશ્ચિત શૈક્ષણિક નીપજને ધ્યાનમાં લઈને કરવાનું હોવાથી તેના હેતુઓ અને ધ્યેયો નિશ્ચિત હોય છે. વળી અધ્યેતાઓ દૂરસ્થ હોવાથી આ સામગ્રી દ્વારા તેઓ નિશ્ચિત અધ્યયન પ્રવૃત્તિઓમાં સંલગ્ન રહે તેવું આયોજન કરવામાં આવે છે. જેથી અધ્યેતાઓ સંબંધિત સંકલ્પનાઓને બરાબર સમજી શકે. સ્વ-અધ્યયન સામગ્રીમાં સાથે સંકળાયેલ સ્વાધ્યાયો, પ્રાયોગિક કાર્યો, પ્રવૃત્તિઓ અને પ્રકલ્પોનો પણ આ જ હેતુ છે. આ સામગ્રી માટે ઉચિત શૈક્ષણિક પ્રવૃત્તિઓની ઉદાહરણરૂપ સૂચિ ઘણી મોટી હોઈ શકે. આ સંદર્ભે શૈક્ષણિક પ્રવૃત્તિઓ વિદ્યાર્થીને અભિપ્રેરિત કરે છે, માર્ગદર્શન આપે છે અને વિદ્યાર્થીની પ્રગતિ અને પ્રદર્શનનું સતત માપન-મૂલ્યાંકન પણ કરે છે.

એકમ 4

# વિશિષ્ટ શિક્ષણ

## : રૂપરેખા :

**4.1 પ્રસ્તાવના**

**4.2 ઉદ્દેશો**

**4.3 વિશિષ્ટ શિક્ષણ એટલે શું ?**

**4.3.1 વ્યાખ્યા સંકલ્પના અને સ્વરૂપ**

**4.3.2 વિશિષ્ટ શિક્ષણના હેતુઓ**

**4.3.3 વિશિષ્ટ શિક્ષણના સિધ્ધાંતો**

**4.3.4 વિશિષ્ટ શિક્ષણની જરૂરિયાત**

**4.3.5 વિશિષ્ટ શિક્ષણની વિશેષતાઓ**

**4.4 સારાંશ**

**4.5 તમારી પ્રગતિ ચકાસો**

**4.6 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો**

## 4.1 પ્રસ્તાવના

ભારતમાં પ્રત્યેક બાળકને પ્રાથમિક શિક્ષણ નિઃશુલ્ક, ફરજિયાત અને સાર્વત્રિક મળશે. આ બાબત આપણા બંધારણની કલમ 89 માં સૂચવાયું છે. અર્થાત પ્રત્યેક બાળકને શિક્ષણ મળી રહે તેવી ગોઠવણની સંપૂર્ણ જવાબદારી પ્રત્યેક રાજ્ય સરકાર તેમજ તેમના સંબંધિત સત્તા મંડળનો રહેશે.

સન 1986 ની નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં વિકલાંગ બાળકોને સામાન્ય શાળામાં શિક્ષણનો સામાન્ય તક આપવાનો બાબતોનો ઉલ્લેખ કરીને સ્વીકાર કરવામાં આવ્યો.

સામાન્ય બાળકો સામે વિશિષ્ટ બાળકોના શિક્ષણની જવાબદારીની જોગવાઈ કરવામાં આવી. ભારતમાં વિશિષ્ટ બાળકોના શિક્ષણનો ઈતિહાસ આમ તો 100 વર્ષ જૂનો છે. જે ફક્ત કલ્યાણકારી પ્રવૃત્તિ, સહ વ્યાવસાયિક તાલીમ સાથે રહેવા-જમવાની સુવિધા પૂરી પાડી પુનર્વસનના મુખ્ય ધ્યેય સાથે સ્વૈચ્છિક મશીનરી સંસ્થાઓ દ્વારા મોટાભાગે થતું જોવા મળ્યું છે.

આમ છતાં વિશિષ્ટ બાળકોને શિક્ષણ મળતું ન હતું. ભારતભરમાં વિકલાંગ બાળકોની સંખ્યા અને નિવાસી વિશિષ્ટ શાળાઓનો શિક્ષણ આપવાની સંખ્યા ક્ષમતામાં જમીન-આસમાનનો તફાવત છે.

વિશિષ્ટ બાળકો માટે સ્પેશ્યલ શાળા મોટાભાગે દરેક રાજ્યના મોટા શહેરો અથવા તો જિલ્લા કક્ષાએ જ હોય છે. આવા કારણસર બાળકો શિક્ષણથી વંચિત રહી જાય છે. પ્રસ્તુત એકમમાં વિશિષ્ટ બાળકો માટે વિશિષ્ટ શિક્ષણની વ્યવસ્થા વિશે ચર્ચા કરવામાં આવે છે. વિશિષ્ટ શિક્ષણની સંકલ્પના, સ્વરૂપ, હેતુઓ, સિદ્ધાંતો, જરૂરિયાત અને વિશેષતાઓની ચર્ચા અહીં કરેલ છે.

આ ઉપરાંત વિશિષ્ટ શિક્ષણનાં વિકાસમાં વિશિષ્ટ શિક્ષણનો આંતરરાષ્ટ્રીય મંતવ્યો, ઈતિહાસ, દિશા, સંકલિત શિક્ષણના લાભાલાભનો વિગતવાર સમજૂતી આપવામાં આવી છે. અંતમાં વર્તમાન વિશિષ્ટ શિક્ષણ એટલે કે સંમેલિત શિક્ષણનો અર્થ, સંકલ્પના, સ્વરૂપ, વિશેષતાઓ, હેતુઓ સિદ્ધાંતો અને જરૂરિયાતનીય સમજૂતી આપી છે.

## 4.2 ઉદ્દેશો -

આ એકમનો અધ્યયન વધી તમે :-

(1) વિશિષ્ટ શિક્ષણની સંકલ્પના અને સ્વરૂપ સમજી શકશો.

(2) વિશિષ્ટ શિક્ષણના હેતુઓ લખી શકશો.

(3) વિશિષ્ટ શિક્ષણના સિદ્ધાંતો લખી શકશો.

(4) વિશિષ્ટ શિક્ષણની જરૂરિયાત સમજી શકશો.

(5) વિશિષ્ટ શિક્ષણની ભૂમિકા જાણી શકશો.

## 4.3 વિશિષ્ટ શિક્ષણ એટલે શું ?

### 4.3.1 વ્યાખ્યા, સંકલ્પના અને સ્વરૂપ

**વિશિષ્ટ શિક્ષણની વ્યાખ્યા**

"Education must aim giving the special child a knowledge of the mealities around him, the confidence to Gre with these reality and the beeling that he is recognized as accept as an inindividual in his own right." ***- Berthold Lownfeld.***

''સામાન્ય શિક્ષણની જોગવાઈઓ વડે જેમણે પોતાની વયને અનુરૂપ શૈક્ષણિક, સામાજિક અને સિદ્ધિઓનાં સ્તર પ્રાપ્ત કર્યા નથી અને જેઓ પ્રાપ્ત કરી શકે, તેવાં શિક્ષણનાં સ્વરૂપને વિશિષ્ટ શિક્ષણ કહેવામાં આવે છે.'' ***યુનેસ્કો (1983)***

**વિશિષ્ટ શિક્ષણની સંકલ્પના અને સ્વરૂપ :**

વિશિષ્ટ બાળકોની પહેલી આવશ્યકતા આ હોય છે કે તેમને વિશિષ્ટગુણો, ક્ષમતાઓ અને ખામીઓના લીધે તેમને અનુકૂળ શિક્ષણની વ્યવસ્થા કરવી જોઈએ કે જેથી તેઓ સમાજમાં પોતાને સમાયોજન સાધી શકે અને સમાજને તેમનાથી લાભો થઈ શકે.

સામાન્ય બાળકોને આપવામાં આવતું શિક્ષણથી વિશિષ્ટ બાળકોને ફાયદો નથી થતો. તેથી તેમને અલગ શિક્ષણની વ્યવસ્થા કરવી જોઈએ. કારણ કે તે સામાન્ય બાળકથી વિશેષ કે ઉત્તરતું છે.

આપણી શાળાઓમાં વર્ગશિક્ષણ સામાન્ય (એવરેજ) બાળકોને ધ્યાનમાં રાખીને અપાય છે. અપવાદરૂપ બાળકોના વિકાસ માટે સામાન્ય વર્ગ શિક્ષણ પૂરતું નથી 140 કે તેથી વધુ બુદ્ધિઆંક ધરાવનાર વિદ્યાર્થીનો સમય સામાન્ય વર્ગશિક્ષણમાં વેડફાય છે. આવા પ્રતિભાશાળી વિદ્યાર્થીને જો વિશિષ્ટ શિક્ષણ ન મળે તો સમાજ તેની પ્રતિભાનો પૂરતો લાભ ઉઠાવી શકતોં નથી. તેવી જ રીતે મંદબુદ્ધિવાળા બાળકોને શિક્ષણ ન મળે તો આવા બાળકો સમાજને બોજારૂપ બને છે. આમ સામાજિક હિત માટે પણ અપવાદરૂપ બાળકોને વિશિષ્ટ શિક્ષણ જરૂરી છે.

સામાન્ય બાળક માટેના શિક્ષણ-કાર્યક્રમોમાં ફેરફાર કરીને તેમજ તેમાં વધારો કરીને યોજેલા શિક્ષણમાં શિક્ષણનાં હેતુઓ, અભ્યાસક્રમો, પદ્ધતિઓ, સાધનો, પરીક્ષાઓ, માર્ગદર્શન સેવાઓ, શિક્ષકની લાયકાતો અને શિક્ષક તાલીમનો કાર્યક્રમ આ બધું અપવાદરૂપ બાળકોની જરૂરિયાત અનુસાર હોય છે.

આ વિશિષ્ટ શિક્ષણની વ્યવસ્થા-નિવાસ્થાન સહિતની ખાસ શાળાઓમાં અથવા ખાસ સુવિધાઓ અને કાર્યક્રમોવાળી સામાન્ય શાળાઓમાં અપાય છે. ભારતમાં આવા બાળકોને ખાસ શાળા કે વર્ગોમાં મૂકવાને બદલે સામાન્ય વર્ગોમાં મૂકીને ભણાવવાની ઝુંબેશ જોર પકડતી જાય છે. શાળાઓ અપવાદરૂપ બાળકોની જરૂરિયાતો સંતોષી શકે એટલ સમૃદ્ધ અને વૈવિધ્યપૂર્ણ બનતી જાય છે.

યુનેસ્કો (1983) એ અત્યંત સર્વગ્રાહી અને યથા યોગ્ય એવી વિશિષ્ટ શિક્ષણની વ્યાખ્યા કરી છે તે આ પ્રમાણે છે -

''સામાન્ય શિક્ષણની જોગવાઈઓ વડે જેમણે પોતાની વયને અનુરૂપ શૈક્ષણિક, સામાજિક અને અન્ય સિદ્ધિઓનાં સ્તર પ્રાપ્ત કર્યા નથી. અને જેઓ પ્રાપ્ત કરી શકે, તેવાં શિક્ષણનાં સ્વરૂપને વિશિષ્ટ શિક્ષણ કહેવામાં આવે છે.''

જગીરા (1986) વિશિષ્ટ શિક્ષણને સ્પષ્ટ કરતાં લખે છે -

''બાળકોની એવી વિશેષ શૈક્ષણિક-જરૂરિયાતો જે સામાન્ય શિક્ષણની પ્રાપ્ત વ્યવસ્થાથી પુરી થઈ શકે તેમ નથી, તેમને પુરી કરવા માટે શૈક્ષણિક જોગવાઈઓ કરવાની પ્રક્રિયા તે વિશિષ્ટ શિક્ષણ''

આઝાદીના 50 વર્ષ પછી શિક્ષણની સમાન તક પૂર્ણ કરવા અને શિક્ષણનું સાર્વત્રિકરણ કરવા અનેક પ્રયત્નો કર્યા છે. બંધારણની કલમ 45 માં પ્રાથમિક શિક્ષણને મફત ફરજિયાત અને સાર્વત્રિક કરવામાં આવ્યું.

એનસીઈઆરટી દ્વારા 1993માં હાથ ધરાયેલા છઠ્ઠા અખિલ ભારતીય શિક્ષણ સર્વેક્ષણના જણાવ્યા અનુસાર શાળાએ જવાની ઉંમર ધરાવતાં 1.259 કરોડ બાળકો એક યા બીજા પ્રકારની વિકલાંગતા ધરાવે છે. ગ્રામ વિસ્તારોમાં 272 અને શહેરી વિસ્તારોમાં 630 વિશેષ શાળાઓ છે. ધામ વિસ્તારોમાં 37,419 બાળકોને તેઓ શિક્ષણ પૂરું પાડે છે. આમ, માત્ર 47,202 બાળકોને જ વિશેષ (વિશિષ્ટ) શાળાઓમાં શિક્ષણ મળે છે.

### 4.3.2 વિશિષ્ટ શિક્ષણના હેતુઓ

1. વિશિષ્ટ બાળકોને સામાન્ય શાળામાં શિક્ષણ લેવાની તક આપવી.
2. વિશિષ્ટ બાળકો શૈક્ષણિક સામાજિક વિકાસ કરી શકે તે માટે પ્રયત્નો કરવા.
3. શાળાઓ દ્વારા અપવાદરૂપ બાળકોની જરૂરિયાતો સંતોષવી.
4. વિશિષ્ટ બાળકોને તેમની રુચિ અનુસાર તક આપી ઊચિત શિક્ષણ આપવું.
5. વિશિષ્ટ બાળકોનું મૂલ્યાંકન તેમની વિશિષ્ટતાને આધારે કરવું.

### 4.3.3 વિશિષ્ટ શિક્ષણના સિદ્ધાંતો

1. **બધા જ ને સામેલ કરવું (Zero Rejection) :** વિશિષ્ટ શિક્ષણના અસિદ્ધાંત મુજબ કોઈ પણ બાળકને એમની વિશિષ્ટતાના કારણસર અસ્વીકાર કરવામાં આવતો નથી. આ સિદ્ધાંત મુજબ શિક્ષકો અથવા આચાર્ય બાળકોની સાથે કામ કરવામાં મુશ્કેલી અથવા બાળકનો અસમર્થતાના કારણસર શાળાથી નિકાળી શકતોં નથી.
2. **સમાન મૂલ્યાંકન (Non discrimimelory evaluation) :** વિશિષ્ટ બાળકોનું મૂલ્યાંકન એમની વિશિષ્ટતાને ધ્યાનમાં રાખીને હોવાં જોઈએ. વિશિષ્ટ બાળકને એમની સુષુપ્ત શક્તિઓને ખોલવા શાળામાં થતી સહઅભ્યાસી પ્રવૃત્તિઓમાં ભાગ લેતાં કરવો જોઈએ અને અભ્યાસી અને સહઅભ્યાસી પ્રવૃત્તિઓમાં ભાગ લેતાં કરવો જોઈએ અને અભ્યાસી અને સહઅભ્યાસી બંને પ્રવૃત્તિઓને મૂલ્યાંકનમાં સામેલ કરવું જોઈએ.
3. **ઉચિત શિક્ષણ (Appropriate Education) :** વિશિષ્ટ બાળકોને એમની વિશિષ્ટતા મુજબ ઉચિત શિક્ષણ આપવું જોઈએ. સામાન્ય શાળાના આચાર્ય અને વર્ગ શિક્ષક વિશિષ્ટ બાળકના સંકલનનું કામ કરવું અને વિશિષ્ટ બાળકનો રસ, રૂચિ, ક્ષમતા અને નબળાઈઓને જાણી ઉચિત શિક્ષણની વ્યવસ્થા કરવી જોઈએ.
4. **સહકારમુક્ત વાતાવરણ** - વિશિષ્ટ બાળકોને હૂંફ, પ્રેમ અને લાગણી યુક્ત વાતાવરણ આપવું કે જેથી બાળક સ્વાવલંબી બની શકે. વિશિષ્ટ બાળકને પોતે શીખેલું જ્ઞાન અભિવ્યક્ત કરવા માટેની તક આપવી, ઉચિત શૈક્ષણિક પ્રક્રિયાઓનો ઉપયોગ કરવું કે જેથી બાળકને ખુલ્લું વાતાવરણ મળી શકે.

5 **વાલી અને બાળકનો સહભાગીદારી :** વિશિષ્ટ બાળક સર્વ પ્રથમ બાળક યા તેથી કુટુંબ અને

સમાજને જાગૃત કરી બાળકના વિકાસમાં સહભાગીદાર બનાવતું બાળક સાથે સુગમ અને સરળ વ્યવહાર દાખવવાં જોઈએ.

### 4.3.4 વિશિષ્ટ શિક્ષણની જરૂરિયાત

વિશિષ્ટ શિક્ષણ બાળકોની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને શિક્ષણ આપવાની એક પ્રક્રિયા છે. વિદ્યાર્થીઓનો અભિયોગ્યતા અને અભિરૂચિઓની સમાનતાને આધારે વિશિષ્ટ વર્ગો, વિશિષ્ટ શાળાઓની સ્થાપના આજના સમયમાં જરૂરી છે. વિશિષ્ટ શિક્ષણ સમૃદ્ધ અને વૈવિધ્યપૂર્ણ અભ્યાસક્રમથી બાળકોને ભણાવવાની તક પૂરી કરે છે. વિશિષ્ટ શિક્ષણની જરૂરિયાતના મુખ્ય કારણો નીચે મુજબના છે.

1 ભારતની મોટાભાગની વસ્તીનું ગ્રામ્ય વિસ્તારમાં રહેઠાણ છે. આ લોકો સુધી વિશિષ્ટ શિક્ષણની સુવિધા આપવી.

2 વિશિષ્ટ બાળકોને સામાન્ય બાળકોની જેમ સમાન શિક્ષણની તક પૂરી પાડવા માટે વિશિષ્ટ શિક્ષણ જરૂરી છે.

3 વિશિષ્ટ બાળકોનો સર્વાંગીણ વિકાસ રાખવા માટે વિશિષ્ટ શિક્ષણ જરૂરી છે.

4 વિશિષ્ટ બાળકોનું સમાજિકરણનો તક આપવામાં અને તેમના પુનર્વસન માટે વિશિષ્ટ શિક્ષણ જરૂરી છે.

5 સરકાર તરફથી શિક્ષણ અર્થે ફાળવાયેલી ચોક્કસ રકમને યોગ્ય ધ્યેયલક્ષી સમાજના છેવાડાના વિશિષ્ટ બાળકો સુધી પહોંચતી કરવા માટે.

6 શિક્ષણનો ઓછા ખર્ચ વધુ ન્યાય માટે

7 વિશિષ્ટ બાળકો સુધી શિક્ષણમાં મૂળભૂત અધિકાર પહોંચતો કરવા માટે.

8 'સૌને માટે શિક્ષણ' એ ઉદ્દેશની પરિપૂર્તતા કરવા માટે

### 4.3.5 વિશિષ્ટ શિક્ષણની વિશેષતાઓ

1. વિશિષ્ટ શિક્ષણ વિશિષ્ટ બાળકોની વિશિષ્ટ જરૂરિયાતો પૂરી કરવાની તક આપે છે.
2. વિશિષ્ટ શિક્ષણ નિધાનાત્મક હોય છે.
3. વિશિષ્ટ શિક્ષણ વિકાસાત્મક હોય છે.
3. વિશિષ્ય શિક્ષણ હેતુલક્ષી અને સતત હોય છે.
4. વિશિષ્ટ શિક્ષણ સંશોધન કેન્દ્રી અને પ્રયોગાત્મક હોય છે.
5. વિશિષ્ટ શિક્ષણ માપન યોગ્ય અને પરીક્ષણ યોગ્ય હોય છે.
6. વિશિષ્ટ શિક્ષણ વૈશ્વિક છે.

### વિશિષ્ટ શિક્ષકની ભૂમિકા

**પૂર્વભૂમિકા :**

સંકલિત શિક્ષણ યોજનામાં વિશિષ્ટ શિક્ષકની ભૂમિકા મહત્ત્વનું અંગ છે. વિશિષ્ટ શિક્ષક પોતાના કલસ્ટરના વિદ્યાર્થીઓની અઠવાડિયામાં ઓછામાં ઓછી એકવાર મુલાકાત લઈ તેને વિશિષ્ટ શિક્ષણ જેવું કે વિશિષ્ટ સાધનોનો ઉપયોગ, બ્રેઈલ, ઓરિએન્ટેશન, મોબિલીટી, જ્ઞાનેન્દ્રિયોની તાલીમ, દૈનિક જીવનની ક્રિયાઓ વગેરેનુ જ્ઞાન આપે છે.

**સ્વૈચ્છિક સંસ્થા સાથે :**

1. સંસ્થાએ મૂકેલ વિશ્વાસને ધ્યાનમાં રાખી જવાબદારીપૂર્વક પોતાની ફરજ બનાવવી જોઈએ.
2. સંસ્થા દ્વારા સોંપાતા વિવિધ કાર્યો ઉત્સાહભેર કરવાં જોઈએ.
3. સંસ્થા દ્વારા સર્વાંગીણ વિકાસની જાણકારી આપવી જોઈએ.

4. ફિલ્ડમાં પડતી મુશ્કેલીઓની ચર્ચા કરી તેનો ઉકેલ મેળવવો જોઈએ.
5. સમયાંતરે થતી સ્વૈચ્છિક સંસ્થામાં યોજાતી તાલીમોમાં ભાગ લેવો જોઈએ.

**સામાન્ય શાળાના આચાર્ય અને વર્ગ શિક્ષક :**

1. સામાન્ય શાળાના આચાર્ય અને વર્ગશિક્ષક સાથે વિકલાંગ બાળકના સંકલનનું કામ કરવું જોઈએ.
2. વિશિષ્ટ શિક્ષકે વિશિષ્ટ કામગીરી કરી બતાવી સામાન્ય શિક્ષક અને આચાર્યને પ્રેરણા પૂરી પાડવી જોઈએ.
3. વિશિષ્ટ શિક્ષકે શાળામાં કરેલ વિશિષ્ટ સૂચનોનો અમલ કરે છે કે નહિં તે ખાસ જોવું જોઈએ.
4. વર્ગશિક્ષકને વર્ગમાં થતી તમામ પ્રવૃત્તિમાં આ વિદ્યાર્થીને કેવી રીતે પ્રવૃત્તિમાં સાંકળવો જોઈએ તેનું સતત માર્ગદર્શન આપતા રહેવું જોઈએ.
5. વર્ગ-શિક્ષક આચાર્ય વિષય-શિક્ષક તથા સહધ્યાયીઓને મળીને બાળકના શિક્ષણ અંગેની જાણકારી પ્રાપ્ત કરવી જોઈએ.
6. વિકલાંગ બાળકની સુષુપ્ત શક્તિઓને ખીલવવા શાળામાં થતી તમામ સહઅભ્યાસી પ્રવૃત્તિઓમાં ભાગ લેવડાવવા બાળકને તૈયાર કરવું જોઈએ.
7. બાળકોની મર્યાદા પ્રત્યે પણ ધ્યાન રાખવું જોઈએ.
8. અવનવાં સંશોધનો, કાયદાકીય જોગવાઈઓ, તાલીમની જાણકારી વખતો વખત આપવી જોઈએ.

**કુટુંબ તથા સમાજ સાથે :**

1. વિકલાંગ બાળક સર્વપ્રથમ બાળક છે. તેવો ખ્યાલ દૃઢ કરાવવો જોઈએ.
2. આ ક્ષેત્રે કાર્યરત સંસ્થાઓની મુલાકાતો યોજીને કુટુંબ તથા સમાજને જાગૃત કરી શકાય.
3. જનજાગૃતિ માટે જાહેર મેળવડા, જાહેર ચર્ચા, શેરી નાટકો, વિશિષ્ટ સ્લોગનો દ્વારા કુટુંબ અને સમાજને સહભાગી કરીને.
4. આ બાળક સાથે સુગમ અને સરળ વ્યવહાર દાખવવો જોઈએ.
5. હકારાત્મક અભિગમ દાખવી કુટુંબ તથા સમાજમાં સ્વીકૃતિનું કાર્ય પ્રચાર-પ્રસાર કરવું જોઈએ.
7. સમાજે દરેક કાર્યમાં તેને સમાન તક, હક્ક અને સહભાગીદારી આપવી જોઈએ.

**બાળક પ્રત્યે**

1. નવા મળતા વિકલાંગ બાળકોનું એસેસમેન્ટ તથા તેના શિક્ષણનું આયોજન કરવું જોઈએ તથા યોગ્ય માર્ગદર્શન પૂરું પાડવું જોઈએ.
2. સ્વાવલંબી બને તેવું પર્યાવરણ પૂરું પાડવું જોઈએ.
3. આવા બાળકોને હૂંફ, પ્રેમ અને લાગણી સતત મળી રહે તેવી વિશિષ્ટ ભૂમિકા ભજવવી જોઈએ.

**રિસોર્સરૂમનો મહત્તમ ઉપયોગ થાય તેવું સુયોગ્ય આયોજન :**

1. દરેક બાળકની વ્યક્તિગત ફાઈલમાં તેની વિકલાંગતાને લગતી સંપૂર્ણ તબીબી માહિતી અને વિશિષ્ટ માહિતીની નોંધ રાખવી જોઈએ અને તે સેન્ટર પર હાજરી દરમિયાન નોંધવી.
2. રિસોર્સ સેન્ટર ખાતે આવતાં વિશિષ્ટ બાળકોનું સંસ્થાએ વસાવેલ સાધનો અને ઉપકરણો દ્વારા જરૂરિયાત અનુસાર તાલીમ આપવી જોઈએ.

3. નવા આવતાં બાળકોની વ્યવસ્થિત નોંધ અંગેની ફાઈલમાં એકસૂત્રતા જાળવવી.

**વિશિષ્ટ શિક્ષક દ્વારા વિકલાંગ બાળકોને મળતા લાભ તથા પુનઃસ્થાપન અંગેનું માર્ગદર્શન :**

વિકલાંગતા ક્ષેત્રે કાર્ય કરતાં તમામ મિત્રો કે જેઓ સરકારી, જાહેર સેવાભાવી સંસ્થાઓ સાથે પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે સંકળાયેલા હોય છે. સર્વે દ્વારા મળતા વિકલાંગોને અલગ તારવીને તેમના સકારાત્મક માર્ગદર્શન માટે ક્રમવાર બેઠકોનું આયોજન કરી તેની વર્તમાન પરિસ્થિતિ જાણીને તેનું ભાવિ આયોજન કરવું જોઈએ. તથા તેમને મળતી સરકારી સવલતોની જાણકારી આપીને મદદરૂપ થવું જોઈએ.

**એક કરતાં વધારે વિકલાંગતા ધરાવતાં બાળકના વાલીને માર્ગદર્શન :**

1. ફિલ્ડમાં કામ કરતાં બહુ વિકલાંગ બાળક આપણને મળી આવે તો જે તે વિકલાંગતાના તજ્જ્ઞ પાસે યોગ્ય સલાહસૂચન, માર્ગદર્શન માટે મોકલવો.
2. આવાં એક કરતાં વધારે વિકલાંગતા ધરાવતાં બાળકનાં તમામ પાસાંનું મૂલ્યાંકન જે તે તજ્જ્ઞ દ્વારા થયા બાદ જે તે સમયે બાળકની જરૂરિયાત અનુસાર તાલીમની વ્યવસ્થા કરવી જોઈએ.

આ રીતે વિશિષ્ટ શિક્ષક વિકલાંગ બાળકોની માતાઓને, કુટુંબને તથા સમાજને A Friend, Philosofer and Guide બનીને પૂરી પાડશે તો ચોક્કસ આ ક્ષેત્રે વિશિષ્ટ શિક્ષક સાચો પથદર્શક અને જીવનની રાહ ચિંધ્યાનો એક અનોખો આનંદ અને પ્રસન્નતા પોતે અનુભવશે, જેથી આ ક્ષેત્રે સતત નવા અનુભવો, નવી તરાહ શીખવા ઉત્સુક રહેશે અને પોતે મેળવેલ સઘન અનુભવોનું ભાથું વિકલાંગ બાળક, કુટુંબ અને સમાજને પીરસીને વધુને વધુ જાગરૂતતા આ ક્ષેત્રે લાવી શકશે.

**વિશિષ્ટ શિક્ષક દ્વારા વર્ગશિક્ષકને માર્ગદર્શન તથા સૂચન**

**પૂર્વભૂમિકા**

કોઈપણ બાળક વિકલાંગ છે તેમ માનવા કરતાં તે સૌથી પ્રથમ બાળક છે તેવું વિચારવામાં આવે તો આપણાં વિકલાંગ બાળક સાથે કામ કરવાનો અભિગમ બદલાઈ જાય છે. આપણે જાણીએ છીએ કે વિકલાંગ બાળકો વિશેની જરૂરિયાતોનો ખ્યાલ બધા જ વર્ગશિક્ષકોને હોતો નથી. તેમજ વિકલાંગ બાળક સાથે કામ કરવાની તાલીમ પણ દરેક વર્ગશિક્ષકે મેળવેલી હોતી નથી. શાળા સમય દરમ્યાન વિશિષ્ટ બાળક સૌથી વધારે સમય વર્ગ શિક્ષક, તેના સહપાઠી, વાલી તેમજ બાળક સાથે જોડાયેલ તમામ વ્યક્તિએ વિવિધ પ્રકારની મુશ્કેલીઓમાંથી પસાર થવું પડે છે.

આ પ્રકારના વિશિષ્ટ બાળકની સ્થિતિ સમજવા માટે હકારાત્મક વલણ દાખવવું ખૂબ જ જરૂરી બને છે. વર્ગ શિક્ષકને પોતાનું બાળક સોંપતી વખતે વાલી પણ એવું વિચારતા હોય છે કે તેમનું બાળક પણ અને અન્ય બાળકની સાથે કદમ મિલાવીને ચાલી શકશે જ.

**સામાન્ય શિક્ષક માટે માર્ગદર્શનરૂપ સૂચનો :**

1. વિકલાંગ બાળકો સાથે પ્રેમ અને હૂંફથી વર્તવું જોઈએ. જેથી તેમનામાં રહેલી વિશિષ્ટ પ્રકારની શક્તિઓ બહાર લાવી શકાય.
2. પ્રત્યેક બાળકને તેના નામથી જ બોલાવવાનો આગ્રહ રાખીએ.
3. વિકલાંગ બાળકોને શિક્ષણકાર્ય વખતે પ્રથમ લાઈનમાં બેસાડીએ જેથી બાળક શિક્ષકના હાવભાવ અને સ્પષ્ટ ઉચ્ચારણને સમજી શકે.
4. વિકલાંગ બાળકની સરખામણી સામાન્ય બાળકો સાથે કદાપિ ન કરીએ.
5. વિકલાંગ બાળક સાથે સમાનતાપૂર્વક સામાન્ય બાળક જેવો વ્યવહાર કરીએ.
6. વિકલાંગ બાળકોને સામાન્ય બાળકોની જેમ શૈક્ષણિક, સહશૈક્ષણિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં સહભાગી બને તે માટે પ્રોત્સાહિત કરવા.
7. બાળકની વિકલાંગતાને નહીં પરંતુ તેની રસ-રુચિને ધ્યાનમાં રાખીને કામની વહેંચણી કરીએ.
8. વર્ગખંડમાં થતી તમામ શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં વિકલાંગ બાળકને પણ સમાન તક આપીએ.

9. પ્રવૃત્તિ કે પ્રયોગની પ્રક્રિયા દરમિયાન વિકલાંગ બાળકને સામાન્ય બાળકની જેમ સહભાગી બનાવીએ.
10. વિકલાંગ બાળકને વિકલાંગ ન ગણતાં સામાન્ય બાળક તરીકે સ્વીકારીએ.
11. બાળક કંઈકને કંઈક નવું શીખે તેવી પ્રેરણાઓ સતત આપતા રહીએ.
12. વિકલાંગતાને અનુરૂપ મળેલાં સાધનોનો બાળક ઉપયોગ કરે છે કે કેમ ? તેની તકેદારી રાખીએ.
13. સરકાર તરફથી મળતા વિવિધ લાભ વિશે માહિતી આપીએ.
14. વિકલાંગ બાળકો પોતાના વિચારો, મંતવ્યો કે અભિપ્રાયો આપે ત્યારે તેને ધ્યાનથી સાંભળી બિરદાવીએ.
15. વર્ગખંડમાં શૈક્ષણિક પાઠ્યપુસ્તકના શિક્ષણ સમયે શક્ય તેટલાં વિશિષ્ટ સાધનોનો ઉપયોગ કરીએ.
16. વિકલાંગતાને કારણે બાળક લઘુતાગ્રંથિ કે ભય ન અનુભવે તેનો ખ્યાલ રાખીએ.
17. સામાન્ય શાળાના શિક્ષકે વિકલાંગ બાળકો સાથે કામ કરતી વખતે વિકલાંગતાને અનુરૂપ જે તે શિક્ષણ પદ્ધતિઓનો ઉપયોગ કરવો જોઈએ.
18. પરીક્ષા સમયે વિકલાંગ બાળકને જરૂરિયાત લાગે તેવાં પ્રશ્નોની યોગ્ય સમજ આપીએ.
19. વિકલાંગતાને અનુરૂપ શૈક્ષણિક સાહિત્યનો અભ્યાસ કરીએ.
20. વિકલાંગ બાળકના અનિચ્છનીય વર્તન વ્યવહાર દૂર કરવા પ્રયત્ન કરીએ.
21. વિકલાંગ બાળકો માટે શૈક્ષણિક પ્રક્રિયાઓ આવી ગયેલ માહિતીના દૃઢીકરણ માટે વારંવાર પુનરાવર્તન કરાવીએ.
22. વર્ગખંડના બારી-દરવાજામાંથી આવતો કુદરતી પ્રકાશ અવરોધાય નહીં તેની કાળજી રાખીએ.
23. લખેલી સૂચનાઓ અને દૃશ્ય સામગ્રીઓનું વારંવાર ઉચ્ચારણ કરીએ.
24. વિકલાંગ બાળકને સમજાય તેવી સરળ ભાષામાં સૂચનો આપીએ.
25. બાળકને થોડું તેની વિકલાંગતાને ધ્યાનમાં રાખીને ઘરકામ આપી તેના વાલીને પણ શૈક્ષણિક પ્રક્રિયામાં સહભાગી બનાવીએ.
26. માત્ર પુસ્તકની શૈક્ષણિક સામગ્રી ન આપતાં વ્યવહારુ જ્ઞાન આપવાનો પ્રયાસ કરીએ.
27. વિકલાંગ બાળકને પોતે શીખેલું જ્ઞાન અભિવ્યક્ત કરવા માટે પૂરી તક આપીએ.
28. બાળકની ક્ષતિ વિશેની સામાન્ય માહિતી મેળવી તેની ખામીને દૂર કરવા માટે પ્રયત્ન કરીએ.
29. વિકલાંગ બાળકના શૈક્ષણિક કાર્યને લગતા અભિગમો અને શૈક્ષણિક પદ્ધતિ વિશે માહિતી મેળવીએ.
30. વિકલાંગ બાળકની પ્રગતિ માટે સમસ્યા બાબતે વાલી સાથે સતત સંપર્કમાં રહીએ.
31. વિકલાંગ બાળક વિષયક યોજાતી તાલીમમાં ભાગ લઈ તેના પ્રશ્નો ઉકેલવા પ્રયત્ન કરીએ.

આ માર્ગદર્શક સૂચનોનો અર્થ એ નથી કે, વર્ગશિક્ષક કરતાં વિશિષ્ટ શિક્ષક ચડિયાતો છે અથવા તો વધારે જાણકાર છે. પરંતુ આના માધ્યમ દ્વારા વર્ગશિક્ષક અને વિશિષ્ટ શિક્ષક સાથે મળીને વિકલાંગ બાળકનાં શિક્ષણને વધારે સારી રીતે અને સરળ બનાવી કઈ રીતે શ્રેષ્ઠ પરિણામ લાવી શકાય તેના પ્રયાસરૂપે છે.

## 4.4 સારાંશ

ભારતમાં પ્રાથમિક શિક્ષણ મફત અને ફરજિયાત કરવામાં આવ્યું છે. જે બાળકો તેમની વય અનુસાર શૈક્ષણિક સામાજિક અને સિદ્ધિઓના સ્તર પ્રાપ્ત કર્યા નથી તેમના માટે વિશિષ્ટ શિક્ષણની જોગવાઈ કરવામાં આવે છે. પ્રતિભાશાળી અને મંદબુદ્ધિના બાળકોને એકસરખી રીતે શિક્ષણ માટે ખાસ સુવિધા આપવામાં આવે છે. પ્રસ્તુત એકમમાં વિશિષ્ટ શિક્ષણના સંકલ્પના, હેતુઓ, સિદ્ધાંતો તેમજ

વિશેષતાઓની ચર્ચા કરેલ છે. વિશિષ્ટ શિક્ષણ દ્વારા બાળકને તેની કક્ષા અનુસાર પ્રગતિ કરી શકે તે માટેનો અભિગમ હોય છે.

## 4.5 તમારી પ્રગતિ ચકાસો

1. વિશિષ્ટ શિક્ષણના બે સિદ્ધાંત લખો ?

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

2. વિશિષ્ટ શિક્ષણની બે જરૂરિયાત લખો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

3. વિશિષ્ટ શિક્ષણની એક વ્યાખ્યા લખો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

## 4.6 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

1. પાના નં. 3 જુઓ
2. પાના નં. 4 જુઓ
3. પાના નં. 2 જુઓ

એકમ 5

# વિશિષ્ટ શિક્ષણનો વિકાસ

: રૂપરેખા :

5.1 વિશિષ્ટ શિક્ષણનો વિકાસ

5.1.1 વિશિષ્ટ શિક્ષણમાં આંતરાષ્ટ્રીય મંતવ્યો

5.1.2 વિશિષ્ટ શિક્ષણનો સંક્ષિપ્ત ઈતિહાસ

5.1.3 ભારતમાં વિશિષ્ટ શિક્ષણ

5.1.4 વિશિષ્ટ શિક્ષણ અંતર્ગત સંકલિત શિક્ષણ

5.1.5 વિશિષ્ટ શિક્ષણ માટેની રાષ્ટ્રીય સંસ્થાઓ

5.2 સારાંશ

5.3 તમારી પ્રગતિ ચકાસો

5.4 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

## 5.1 વિશિષ્ટ શિક્ષણનો વિકાસ

વિશિષ્ટ શિક્ષણના વિકાસમાં અનેક સંસ્થાઓની મહત્ત્વની ભૂમિકા છે. વિશિષ્ટ બાળકો માટે વિશિષ્ટ શિક્ષણની જરૂરિયાત ઉપર શિક્ષણ વિશેની વિવિધ પંચો, જાહેરનામાઓ અને નીતિઓ અમલમાં મૂકવામાં આવી. આ નીતિઓ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ જાહેર થયેલ છે. ભારત સરકારે ઈ.સ. 1986ની નવી શિક્ષણનીતિમાં વિશિષ્ટ બાળકો માટે સંકલિત શિક્ષણની યોજના દાખલ કરી હતી. આના માટે શિક્ષણની સમાન તક આપવાની વાત ભારત સરકારે સ્વીકારી હતી. વિશિષ્ટ શિક્ષણકક્ષોને દેશભરમાં મુખ્ય સંસ્થાઓ વપરાયેલી છે.

1 નેશનલ ઈન્સ્ટીટ્યૂટ ફોર વિઝ્યુઅલી હેન્ડીકેપ્ડ

2 નેશનલ ઈન્સ્ટીટ્યૂટ ફોર ઓર્થોપેડીકલી હેન્ડીકેપ્ડ

3 નેશનલ ઈન્સ્ટીટ્યૂટ ફોર પુનર્વસન તાલીમ અને સંશોધન

4 ઈન્સ્ટીટ્યૂટ ફોર ફીઝીકલી હેન્ડીકેપ્ટ

5 અલિયાતરજંગ નેશનલ ઈન્સ્ટીટ્યૂટ ફોર હીયરિંગ હેન્ડીકેપ્ડ

6 અલિયાતરજંગ નેશનલ ઈન્સ્ટીટ્યૂટ ફોર મેન્ટલી હેન્ડીકેપ્ડ

**ઉદ્દેશો :** આ એકમના અધ્યયન પછી તમે :

1 વિશિષ્ટ શિક્ષણના આંતરરાષ્ટ્રીય મંતવ્યો સમજી શકશો.

2 વિશિષ્ટ શિક્ષણના ઈતિહાસ વિશે જાણકારી મેળવી શકશો.

3 ભારતમાં વિશિષ્ટ શિક્ષણના ઈતિહાસ જાણી શકશો.

4 સંકલિત શિક્ષણની સંકલ્પના સમજી શકશો.

5 ભારતમાં કાર્યરત વિશિષ્ટ શિક્ષણ માટેની રાષ્ટ્રીય સંસ્થાઓ વિશે માહિતી મેળવશો.

### 5.1.1 આંતરરાષ્ટ્રીય મંતવ્યો :

સર્વ શિક્ષા અભિયાન, વિકલાંગ ધારો તથા બંધારણની વિવિધ કલમોનો અમલ કરવા માટે હવે સંમેલિત શિક્ષણ એક શ્રેષ્ઠ વિકલ્પ છે.

વિકલાંગ બાળકો સહિત પ્રત્યેક નાગરિક માટે શિક્ષણ પ્રાપ્ય બનવું જોઈએ એ વાત પર ભાર મૂકતાં

શિક્ષણ વિશેના વિવિધ પંચો, જાહેરનામાઓ અને નીતિઓના સારાંશ રજૂ થયા છે. તેમાંના કેટલાંક વિધાન નીચે મુજબ છે.

- વિકલાંગ બાળક સહિત દરેકને શિક્ષણનો અધિકાર છે. (માનવ અધિકારો માટે વૈશ્વિક જાહેરનામુ-1948) (યુનિવર્સલ ડિક્લેરેશન ઓફ હ્યુમન રાઈટ્સ)
- વિકલાંગ બાળકોનું શિક્ષણ સામાન્ય શિક્ષણ પ્રણાલીનું એક અવિભાજ્ય અંગ છે (ઈન્ડિયન એજ્યુકેશન કમિશન-1964-66)
- વિકલાંગ બાળકો નિયમિત શાળાઓમાં અભ્યાસ કરી શકે તે માટે આંતરગ્રથિત કાર્યક્રમો વિકસાવવાના દરેક પ્રયત્ન કરવાં જોઈએ. (શિક્ષણ વિશેની રાષ્ટ્રીય નીતિ-1967)
- અન્ય કોઈપણ બાળક જે બધા અધિકાર ભોગવે છે તે વિકલાંગ બાળક ભોગવશે (યુ.એન.જનરલ એસેમ્બલી ડિકલેરેશન ઓન ધ રાઈટ્સ ઓફ પર્સન વીથ ડિસેબીલીટીઝ, 1975)
- વિકલાંગ બાળકોનાં શિક્ષણનાં વ્યાપક વિસ્તરણ માટે શક્ય તે દરેક પ્રયત્ન કરવો જોઈએ (નેશનલ પોલીસી ઓન અએજ્યુકેશનલ-1979)
- તમામ પ્રકારના વિકલાંગ બાળકોને નિયમિત શાળાઓમાં પ્રવેશ મળે તે માટે વિશેષ સહાયકારી સાધનો અને ઉપકરણો પૂરાં પાડવાં જોઈએ. (વર્કિંગ ગૃપ ડિસેબીલીટીઝ, મે-1980)
- ગમે તેવાં વ્યક્તિગત તફાવતો હોય તો પણ દરેક વ્યક્તિને શિક્ષણનો અધિકાર તો છે જ. (વર્લ્ડ કોન્ફરન્સ ફોર ઓલ-1990)
- વિકલાંગ બાળકને જો સામાન્ય શાળામાં શિક્ષણ આપી શકાતું હોય તો તેને ફક્ત ત્યાં જ શિક્ષણ આપવું જોઈએ. (નેશનલ પોલિસી ઓન એજ્યુકેશન-1992)
- વિકલાંગોનું શિક્ષણ શિક્ષણ પ્રણાલીનો એક સંપૂર્ણ સ્વતંત્ર ભાગ છે. (યુ.એન.સ્ટેન્ડર્ડ રૂલ્સ વીથ ઈક્વલાઈઝેશન ઓફ અપોર્ચ્યુનિટિઝ ફોર પર્સન્સ વીથ ડિસેબીલીટીઝ-1993)
- સામાન્ય શિક્ષણ પ્રણાલીમાંના વિશેષ શૈક્ષણિક જરૂરિયાતવાળા બાળકોને શિક્ષણ પૂરું પાડવું. (જાહેરનામું-1994)
- વિકલાંગ બાળકોને દાખલ કરી શકાય તે માટે તમામ પૂર્વ પ્રાથમિક અને પ્રાથમિક શાળાઓને તાલીમ પામેલાં માનવશક્તિ અને સુવિધાઓથી સજ્જ કરી સબળ બનાવવી. (રાઈટ્સ ઓફ ચિલ્ડ્રન વીથ ડિસેબીલીટીઝ, એનઆઈવીસીસીડી-1999)
- વર્ષ-2002 સુધીમાં વિકલાંગ બાળકો અને પ્રૌઢો તેમના ઓછામાં ઓછા 75%ને બિન-વિકલાંગ સહાધ્યાયીઓ સાથે સમાનતાના ધોરણે વૈધિક અને બિન-વૈધિક શૈક્ષણિક કાર્યક્રમોમાં ભાગ લઈ શકે તેવાં બનાવવા. (એશિયા પેસિફિક ડિકેડ ફોર પર્સન્સ વીથ ડિસેબીલીટઝ)

### 5.1.2 વિશિષ્ટ શિક્ષણનો સંક્ષિપ્ત ઈતિહાસ

સંયુક્ત રાષ્ટ્રોએ ઈ.સ. 1982 ના વર્ષને- 'અપંગો માટેનું આંતરરાષ્ટ્રીય વર્ષ' જાહેર કરીને આવા બાળકો તરફ દુનિયાનું ધ્યાન ખેંચ્યું

કમનસીબે આઝાદીના પણ વર્ષ વીત્યા પછી પણ લગભગ 50 ટકા વસ્તી નિરક્ષર છે. એટલે વિકલાંગોની સાક્ષરતાની સ્થિતિ વિશે તો આસાનીથી કલ્પના થઈ શકે છે. જો કે, વિકલાંગો વિશે કોઈ ચોક્કસ માહિતી પ્રાપ્ત થતી નથી. આપણી પાસે પ્રાણીઓ અને નિર્જીવ વસ્તુઓ વિશેની માહિતી છે. પણ વિકલાંગો વિશે માહિતી નથી. એક અંદાજ અંગ પણ કહે છે કે ભારતમાં કુલ વસ્તીના 10 ટકા લોકો વિકલાંગ છે એક બીજો અંદાજ એમ કહે છે કે 5.21 % લોકો વિકલાંગ છે.

ઈ.સ. 1991નો એનએસએસઓનો અંદાજ 1.9 ટકાનો છે. જો 5 ટકા વસ્તી વિકલાંગની ગણીએ પણ 5 કરોડ લોકો દેશમાં વિકલાંગ છે. તેમાંથી એક તૃતીયાંશ બાળકો છે એમ કહેવાય એમાંથી માત્ર પાંચ ટકા બાળકો શાળાએ જાય છે. બાકીના 95 ટકા તો ઘરમાં જ છે. પરંતુ વિકલાંગ ધારો ઈ.સ.

1995 વિકલાંગ બાળકો માટેની સંકલિત શિક્ષણ યોજના અમલી બની જે 100 ટકા કેન્દ્ર પુરસ્કૃત યોજના છે. જેના પરિણામ સ્વરૂપે વિકલાંગ બાળકો માટેની સંકલિત શિક્ષણ યોજનાનું અમલીકરણ ભારત સરકારના માનવ સંશાધન વિકાસ મંત્રાલય દ્વારા સમગ્ર દેશમાં કરવામાં આવ્યું.

વિકલાંગ (સમાન તકો-અધિકારોનું રક્ષણ અને પૂર્ણ ભાગીદારી) ધારો-1995

આ ધારો એશિયા અને પેસિફિક વિસ્તારમાં વિકલાંગ લોકોને પૂર્ણ ભાગીદારી અને સમાનતા આપવા માટે થયેલ જાહેરાતને અમલમાં મૂકવા માટેનું વિધેયક જ્યારે એશિયા અને પેસિફિક વિસ્તારમાં વિકલાંગો માટે ઈ.સ. 1993 થી ઈ.સ. 2002ના દાયકાનો શઊભારંભ કરવા બેઈજીંદ ખાતે 1લીથી 5મી ડિસેમ્બર ઈ.સ. 1992 દરમ્યાન મળેલ એશિયા અને પેસિફિકના આર્થિક અને સામાજિકપંચની સભાએ સ્વીકારેલ એશિયા અને પેસિફિક વિસ્તારમાં વિકલાંગ લોકોની પૂર્ણ ભાગીદારી તથા સમાનતાની જાહેરાત કરી.

(1) આ ધારો વિકલાંગ (સમાનતકો, અધિકારોનું રક્ષણ અને પૂર્ણ ભાગીદાર) ધારો 1995 તરીકે ઓળખાશે.

(2) તે જમ્મુ-કાશ્મીર રાજ્ય સિવાયના સમગ્ર ભારતમાં લાગુ પાડશે.

(3) તે કેન્દ્ર સરકાર જાહેરનામા દ્વારા નક્કી કરે તે તારીખથી અમલમાં આવશે.

- અપંગ વિકલાંગ બાળકો અને જે તેમના ઉમદાપણું, સ્નાયુઓનું સંકલન અને હાથની કુશળતામય શક્તિની વ્યાપક અશક્તતા ધરાવતાં પુખ્તોના શિક્ષણ, તાલીમ અને પુનઃ સ્થાપનને પ્રોત્સાહન આપવા કોલકત્તા ખાતે વિકલાંગ રાષ્ટ્રીય સંસ્થાની સ્થાપના કરવામાં આવી હતી. એપ્રિલ, ઈ.સ. 1982માં તેની નોંધણી કરવામાં આવી હતી.
- ઈ.સ. 1986ની રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં દષ્ટિહીન, અલ્પદષ્ટિ, બહેરા-મૂંગા, મંદબુદ્ધિ, શારીરિક ખોડખાંપણ અને લર્નિંગ ડીસએબિલિટીઝ જેવી વિકલાંગતા ધરાવતાં બાળકોને

સમાન શિક્ષણની તક આપવાની બાબત સરકારે સ્વીકારી.

- સમાજના લોકોને અપંગોના પ્રશ્ને જાણકારી થાય તથા અપંગોના પ્રશ્ને લોક જાગૃતિ કેળવાય તે માટે

1. 'વિશ્વ અંધ દિન'- દરે વર્ષે 14મી સપ્ટેમ્બરે (ફ્લેગ ડે) વિશ્વભરમાં ઉજવવામાં આવે છે.
2. 'વિશ્વ વૃદ્ધ દિન' - દર વર્ષે 2લી ઓક્ટોબરે વિશ્વભરમાં ઉજવવામાં આવે છે.
3. 'વિશ્વ અપંગ દિન'- દર વર્ષે 3જી ડિસેમ્બરે વિશ્વભરમાં ઉજવવામાં આવે છે.
4. 'વિશ્વ માનસિક વિકલાંગ દિન'- દર વર્ષે 8મી ડિસેમ્બરે વિશ્વભરમાં ઉજવવામાં આવે છે.

### 5.1.3 ભારતમાં વિશિષ્ટ શિક્ષણ

ભારત સરકારે ઈ.સ. 1986ની નવી શિક્ષણનીતિમાં વિકલાંગ બાળકો માટે સંકલિત શિક્ષણની યોજના દાખલ કરી હતી. આના માટે શિક્ષણની સમાન તક આપવાની વાત ભારત સરકારે સ્વીકારી તેના સ્વરૂપે વિકલાંગ ધારો-1995 ની કલમ 26 દ્વારા 18 વર્ષની વય સુધી વિકલાંગ બાળકોને સામાન્ય બાળક સાથે જ શિક્ષણ મળી રહે તેવી જોગવાઈ કરવામાં આવી છે.

વિકલાંગ ધારો ઈ.સ. 1996 વિકલાંગોને સમાન તકો, અધિકારોનું રક્ષણ અને પૂર્ણ ભાગીદારી બક્ષે છે. ભારત સરકાર દ્વારા ઈ.સ. 1986થી વિકલાંગ બાળકો માટેની -'સંકલિત શિક્ષણ યોજના' વિકલાંગ બાળકો માટેની સંકલિત શિક્ષણ યોજનાનું અમલીકરણ ભારત સરકારના માનવ સંસાધન વિકાસ મંત્રાલય દ્વારા સમગ્ર દેશમાં કરવામાં આવ્યું.

ગુજરાત રાજ્યમાં સને ઈ.સ.1986-87થી વિવિધ વિકલાંગના શિક્ષણ અને પુનઃવસન ક્ષેત્રે કાર્ય કરતી સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા આ યોજનાનું અમલીકરણ કરવામાં આવ્યું. યોજનાની જોગવાઈ અનુસાર શિક્ષણ વિભાગ દ્વારા આઈઈડીસી સેલની ઈ.સ. 1992માં સ્થાપના કરવામાં આવી જે

તારીખ 1-8-1998થી પ્રાથમિક શિક્ષણની ક્ચેરીમાંથી નિયામકશ્રી જીસીઈઆરટી ક્ચેરીમાં તબદીલ કરવામાં આવી. સેલમાં આ ક્ચેરી દ્વારા નાયબ નિયામક ડો.ઓર્ડિનેટર અને સ્પે.એજ્યુકેશનની નિમણૂક અને તેમના દ્વારા વિવિધ કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. આ યોજનામાં સ્વૈચ્છિક સંસ્થાઓના માધ્યમથી પ્રવાસ શિક્ષકો દ્વારા શાળાના વિકલાંગ બાળકોનો અને વાલીઓને માર્ગદર્શન આપવામાં આવે છે.

ગુજરાત રાજ્યમાં સન 1986-87થી જ વિવિધ વિકલાંગોના શિક્ષણની શરૂઆત થઈ એમ કહેવાય.

[ટૂંકમાં ભારતમાં વિકલાંગ બાળકોના શિક્ષણનો ઈતિહાસ આમ તો 100 વર્ષ કરતાં જૂનો છે, પરંતુ એ શિક્ષણકાર્ય વિકલાંગ બાળકોની વિશિષ્ટ નિવાસી શાળાઓ દ્વારા જ થતું.]

વિકલાંગ બાળકોને સમાન શિક્ષણની તક, સમાજના સમાયોજન સાધી શકે તથા ઓછા ખર્ચે વધુ વ્યાપ-સંખ્યાને ઝડપથી આવરી લેવાયાના ઉદ્દેશથી ભારત સરકારે ઈ.સ.1974માં આ યોજના કલ્યાણ મંત્રાલય દ્વારા અમલી બનાવી.

ઈ.સ.1886ની નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં આ યોજનાનો ઉલ્લેખ થતાં કલ્યાણ મંત્રાલયથી સ્થાનાંતર કરીને ભારત સરકારના શિક્ષણ વિભાગમાં (એમ.એમ.આર.ડી.)ખસેડવામાં આવી જેને 'વિકલાંગ બાળકો માટેની કેન્દ્રીય પુરસ્કૃત 'સંકલિત શિક્ષણ યોજના' (1992)થી ઓળખવામાં આવે છે.

આ યોજનાની વિશેષતા એ છે કે, 'વિકલાંગ બાળક તેના માતા-પિતા સાથે જ રહીને, પોતાના ગ્રામ-વિસ્તારની સામાન્ય શાળામાં સામાન્ય બાળકો સાથે જ અભ્યાસ કરે છે.'

આ યોજના હેઠળ કાર્ય કરતાં વિશિષ્ટ શિક્ષકોનાં પગાર-ભથ્થાં, વિકલાંગ બાળકોની જરૂરિયાત અનુસારની વિશિષ્ટ શૈક્ષણિક સાધન સામગ્રી, સ્ટેશનરી-પુસ્તકો, ગણવેશ, વાંચન ભથ્થું એસ્કાર્ટ ભથ્થું (શારીરિક ક્ષતિ ધરાવતાં બાળક) વગેરે જેવાં માન્ય ખર્ચ કેન્દ્ર સરકાર તથા ગુજરાત સરકાર દ્વારા કરવામાં આવે છે.

ગુજરાત રાજ્યમાં શિક્ષણ વિભાગના ઘનિષ્ઠ પ્રયત્નોથી ઈ.સ.1986થી 13 જિલ્લાઓમાં વિકલાંગ બાળકોના શિક્ષણક્ષેત્રે કાર્ય કરતી કુલ 19 સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા આ યોજનાનું અમલીકરણ થઈ રહ્યું છે. જેમાં વિવિધ વિકલાંગતા ધરાવતાં કુલ 1827 બાળકો આપણી સામાન્ય પ્રાથમિક શાળાઓ તથા માધ્યમિક શાળાઓમાં દ્વારા અભ્યાસ કરી રહ્યાં છે. આવાં બાળકોને સહાયક સેવાઓ પૂરી પાડવા માટે વિશિષ્ટ શિક્ષણકાર્ય માટે વિશેષ (વિકલાંગતા અનુસાર) લાયકાત ધરાવતાં કુલ 156 રિસોર્સ શિક્ષકો સેવા બજાવે છે.

વિકલાંગતા ધરાવતાં બાળકોના અભ્યાસ માટે વિશિષ્ટ તાલીમ પામેલાં શિક્ષકો તૈયાર કરવા માટે કોર્ષ ગુજરાત રાજ્યમાં નીચેની સંસ્થાઓ ચલાવે છે.

**(અ) દૃષ્ટિની ક્ષિત-દૃષ્ટિહીન વિકલાંગો માટે :**

(1) 'અંધજન મંડળ'
ડૉ.વિક્રમ સારાભાઈ રોડ,
આઈ.આઈ.એમ.પાસે, વસ્ત્રાપુર, અમદાવાદ

(2) 'અંધશાળા'
આશ્રમરોડ, નવરંગપુરા,
અમદાવાદ

**(બ) મૂક-બધિર વિકલાંગ બાળકો માટે**

(1) મૂક-બધિરની શાળા,
આશ્રમ રોડ, નવરંગપુરા,
અમદાવાદ

(2) શ્રી.કે.એલ. ઈન્સ્ટીટ્યૂટ ફોર ધી કેફ

51, વિદ્યાનગર, ભાવનગર.

**(ક) માનસિક ક્ષતિ વિકલાંગ બાળકો માટે :**

(1) બી.એમ.ઈન્સ્ટીટ્યૂટ ઓફ મેન્ટલ હેલ્થ,

આશ્રમ રોડ, નહેરુબ્રીજ

નવરંગપુરા, અમદાવાદ

(2) મેડિકલ કેર સેન્ટર ટ્રસ્ટ.

ચિલ્ડ્રન હોસ્પિટલ, કારેલી બાગ, વડોદરા.

### 5.1.4 વિશિષ્ટ શિક્ષણ અંતર્ગત સંકલિત શિક્ષણ

આપણા બંધારણની કલમ 45માં સૂચવાયું છે કે ×ભારતભરમાં પ્રત્યેક બાળકને પ્રાથમિક શિક્ષણ નિઃશુલ્ક,ફરજિયાત અને સાર્વત્રિક મળશે.× અર્થાત્ પ્રત્યેક બાળકને શિક્ષણ મળી રહે તેવી ગોઠવણની સંપૂર્ણ જવાબદારી પ્રત્યેક રાજ્યસરકાર તેમજ તેમના સંબંધિત સત્તા મંડળની રહેશે.

સન 1986ની નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં વિકલાંગ બાળકોને સામાન્ય શાળામાં શિક્ષણની સામાન્ય તક આપવાની બાબતોનો ઉલ્લેખ કરીને સ્વીકાર કરવામાં આવ્યો.

વિકલાંગ વ્યક્તિઓનો (સમાન તક, અધિકારોનું રક્ષણ અને સહભાગિતા) અધિનિયમ ઈ.સ. 1995ના પ્રકરણ-5ની કલમ:26 ની જોગવાઈ અનુસાર ''કોઈપણ પ્રકારની વિકલાંગતા ધરાવતું બાળક 18 વર્ષનું થાય ત્યાં સુધી યોગ્ય પર્યાવરણમાં નિઃશુલ્ક શિક્ષણ આપવાની જવાબદારી જે તે રાજ્ય સરકારો અથવા સત્તા મંડળોની રહેશે.'' તદ્ઉપરાંત સામાન્ય શાળામાં વિકલાંગ બાળકોનું સંકલન થાય તેવાં પ્રયાસોને વેગ આપવાની સ્પષ્ટ જોગવાઈ છે.

ભારતમાં વિકલાંગ બાળકોના શિક્ષણનો ઈતિહાસ આમ તો 100 વર્ષ જૂનો છે. જે ફક્ત કલ્યાણકારી પ્રવૃત્તિ સહ વ્યાવસાયિક તાલીમ સાથે રહેવા-જમવાની સુવિધા પૂરી પાડી પુનર્વસનના મુખ્ય ધ્યેય સાથે સ્વૈચ્છિક મશીનરી સંસ્થાઓ દ્વારા મોટાભાગે થતું જોવા મળ્યું છે. બીજા શબ્દોમાં કહીએ તો એ શિક્ષણકાર્ય વિકલાંગ બાળકોને શિક્ષણ મળતું ન હતું. ભારતભરમાં વિકલાંગ બાળકોની સંખ્યા અને નિવાસી વિશિષ્ટ શાળાઓની શિક્ષણ આપવાની સંખ્યા ક્ષમતામાં જમીન-આસમાનનો તફાવત હોવાથી તેમજ આવી નિવાસી સ્પે.શાળા મોટાભાગે દરેક રાજ્યના મોટા શહેરો અથવા તો જિલ્લા કક્ષાએ જ ગણીગાંઠી હોવાથી વિકલાંગ બાળકો શિક્ષણથી વંચિત રહી જતા તેવું અનેક સંશોધનાત્મક અભ્યાસ લેખોથી જાણવા મળ્યું છે.

સામાન્ય રીતે સમાજમાં એવું વલણ પ્રવર્તે છે કે વિકલાંગ બાળકોમાં ખાસ કરીને દૃષ્ટિહીન, મૂક-બધિર અને માનસિક ક્ષતિ ધરાવતાં બાળકોની વિશિષ્ટ શાળાઓમાં જ અભ્યાસ કરાવી શકાય. જો આ સામાન્ય ગણાતી બાબત ઉપર ગંભીરતાથી વિચારવામાં આવે તો વિકલાંગ બાળકોની જરૂરિયાત અનુસાર વિશિષ્ટ શાળા, શિક્ષકો, ભૌતિક સગવડો એમ બધું જ વિશિષ્ટ પ્રકારનું પર્યાવરણ પૂરું પાડી અભ્યાસ આપવામાં આવે.શિક્ષણની આ પ્રક્રિયા અંતે વિશિષ્ટ શાળા, શિક્ષકો, હૉસ્ટેલ, ભૌતિક સુવિધાઓમાંથી પોતાના ઘર, સમાજમાં પરત થવાનું વસવાટ કરવાનું થાય છે. ત્યારે આ બધું વિશિષ્ટ પ્રકારનું પર્યાવરણ પૂરું પાડવું વાલી, સમાજ અથવા તો સરકકાર માટે અશક્ય છે. આથી અત્યંત ગહન ચિંતનનાં અંતે આ વિશિષ્ટ નિવાસી શાળા દ્વારા થતી શૈક્ષણિક પદ્ધતિને હવે સંશોધન કક્ષમાં તબદીલ કરવાનો સમય પાકી ગયો હોય તેવો જણાય છે.

જેના પરિણામ સ્વરૂપ ભારત સરકારે સન 1974માં 'સંકલિત શિક્ષણ યોજના' કલ્યાણ મંત્રાલય દ્વારા ખુલ્લી મુકવામાં આવી. જેનું બૃહદ અમલીકરણ ઈ.સ. 1981થી કરવામાં આવ્યું અને શિક્ષણના ખરા અર્થમાં ઈ.સ. 1987 પછી ભારતભરમાં વેગ મળ્યો.

સન 1986ની નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં આ યોજનાનો ઉલ્લેખ થતાં કલ્યાણ મંત્રાલયમાંથી સ્થળાંતર

કરીને ભારત સરકારના શિક્ષણ વિભાગ માનવ સંશાધન અને વિકાસ મંત્રાલયમાં ખસેડવામાં આવી. જેને હાલ 'કેન્દ્રિય પુરસ્કૃત વિકલાંગ બાળકો માટેની સંકલિત શિક્ષણ યોજના-1992' તરીકે ઓળખવામાં આવે છે.

ગુજરાત રાજ્યમાં ઈ.સ. 1986થી 1997 સુધી વિકલાંગતા શિક્ષણ, તાલીમ અને પુનર્વસન ક્ષેત્રે કાર્યરત રાષ્ટ્રીય અંધજન મંડળની રાજ્ય તેમજ જિલ્લા શાખાઓ દ્વારા મોટેભાગે દૃષ્ટિહીન બાળકોને સંકલિત શિક્ષણમાં સમાવિષ્ટ કરીને અમલીકરણ કરવામાં આવ્યું હતું.

આ યોજનાની જોગવાઈ અનુસાર 'શિક્ષણ વિભાગ' દ્વારા IEDC Cell ની ઈ.સ. 1992માં સ્થાપના કરવામાં આવી જે તા.1-8-98થી પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની ક્ચેરીમાંથી નિયામકશ્રી, ગુજરાત રાજ્ય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ ગાંધીનગરની ક્ચેરીમાં તબદીલ કરવામાં આવી. આ સેલમાં નાયબ નિયામક, કો-ઓર્ડિનેટર અને સ્પે.એજ્યુકેટરની નિમણૂક કરીને તેમના દ્વારા આ યોજનાના વહીવટીય પ્રશ્નો, મોનીટરીંગ, સલાહ-સૂચન, માર્ગદર્શન અને સુચારું અમલીકરણ અર્થેની વિવિધ કામગીરી હાથ ધરીને રાજ્યના દૂર-દૂરના દુર્ગમ વિસ્તારોના વિકલાંગ બાળકો સુધી શિક્ષણ મળી રહે તેવી બાબતો ઉપર ધ્યાન કેન્દ્રિત કરી સહયોગ આપે છે.

**સંકલિત શિક્ષણ એટલે શું ?- અર્થ :**

દૃષ્ટિહીન, અલ્પ દૃષ્ટિ, શ્રવણક્ષતિ, મંદબુદ્ધિ અને અસ્થિવિષયક વિકલાંગતા ધરાવતાં બાળકો, માતા-પિતા, ભાઈ-બહેન તથા પોતાના મિત્રો સાથે રહીને પોતાના જ ગામની સામાન્ય શાળામાં સામાન્ય બાળકોની સાથે જ રહીન અભ્યાસ કરે તેને આપણે સંકલિત શિક્ષણ તરીકે ઓળખીશું.

માનીના મતાનુસાર ×સંકલિત શિક્ષણ એવોં સંદર્ભ સૂચવે છે કે નિરંતર ચાલતા રહેતા એક નિશ્ચિત ઉદાહરણ સ્વરૂપ નિયમિત શૈક્ષણિક કાર્યક્રમમાં બને તેટલા શક્ય અને લાભદાયક પ્રમાણમાં આ વિકલાંગ બાળકોને અર્થપૂર્ણ રીતે ઓતપ્રોત કરવા, જેનું અંતિમ લક્ષ્ય દરેક બાળકની સૈદ્ધાંતિક, સામાજિક તેમજ વ્યક્તિગત સ્થાયી સમજ વિકસાવવાનું હોય.×

ઈ.સ. 1986ની શિક્ષણ નીતિમાં પણ કહ્યું છે કે, ×જે આપણા શારીરિક અને માનસિક વિકલાંગતા ધરાવતાં બાળકો છે તેઓને આમ સમુદાયમાં સમાન આથીઓની જેમ સ્વાભાવિક વિકાસ માટે તૈયાર કરવા જેથી તેઓ સમાજનું અભિન્ન અંગ બની આત્મવિશ્વાસભેર પોતાનો સર્વાંગીણ વિકાસ સાધીને પોતાનું જીવન ઉન્નત શિખરો સર કરી સામાજિક સંકલન સાધી શકે.×

**હેતુઓ :**

- સમાજના વિવિધ સ્તર અને વિસ્તારોમાંથી વિકલાંગ બાળકોની ઓળખ કરી તેમને સામાન્ય શાળામાં અભ્યાસર્થે પ્રવેશ અપાવવો.
- વિકલાંગ બાળકોને સામાન્ય શાળામાં સમાન શૈક્ષણિક તકો પૂરી પાડવી.
- સામાન્ય શાળા પ્રવેશ બાદ તેઓની વિકલાંગતાને અનુરૂપ વિશિષ્ટ શિક્ષકની સેવા પૂરી પાડવી.
- વિકલાંગ બાળકોના સામાન્ય શાળામાં સ્થાયીકરણ અને પુનર્વસન માટે સહાયક સેવાઓ પૂરી પાડવી.
- વિકલાંગ બાળકોની સામાજિક સ્વીકૃતિ થાય તેવાં પ્રયાસોને વેગ આપવો.
- અવરોધ મુક્ત (સામાજિક, ભૌતિક, શૈક્ષણિક) પર્યાવરણ સર્જવાની સહાયક સેવાઓ પૂરી પાડવી.

**જરૂરિયાતો :**

- ભારતની મોટાભાગની વસતીનું ગ્રામ્ય વિસ્તારમાં રહેઠાણ
- સમાન શિક્ષણની તકો પૂરી પાડવા.
- વિકલાંગ બાળકોનો સર્વાંગીણ વિકાસ સાધવા.
- વિકલાંગ બાળકોનું સામાજિકરણ.

- સરકાર તરફથી શિક્ષણ અર્થે ફાળવાયેલી ચોક્કસ રકમને યોગ્ય ધ્યેયલક્ષી સમાજના છેવાડાના વિકલાંગો સુધી પહોંચતી કરવા.
- શિક્ષણનો ઓછા ખર્ચે વધુ વ્યાપ.
- શિક્ષણનો મૂળભૂત અધિકાર.
- 'સૌને માટે શિક્ષણ' એ ઉદ્દેશ્યની પરિપૂર્તતા કરવી.

### 5.1.5 વિશિષ્ટ શિક્ષણ માટેની રાષ્ટ્રીય સંસ્થાઓ

દેશભરમાં છ મુખ્ય સંસ્થાઓ પથરાયેલી છે.

1. નેશનલ ઈન્સ્ટીટ્યૂટ ફોર વિઝ્યુઅલી હેન્ડીકેપ્ડ, (N.I.H.V) દહેરાદૂન.
2. નેશનલ ઈન્સ્ટીટ્યૂટ ફોર ઓર્થોપેડીકલી હેન્ડીકેપ્ડ, (N.I.O.H) કલકત્તા.
3. નેશનલ ઈન્સ્ટીટ્યૂટ ફોર પુનર્વસન તાલીમ અને સંશોધન (N.I.R.T.A.R) ઓલાતુર, કટક.
4. ઈન્સ્ટીટ્યૂટ ફોર ફિઝીકલી હેન્ડીકેપ્ડ, (I.P.H) નવી દિલ્હી
5. અલીયાવરજંગ નેશનલ ઈન્સ્ટીટ્યૂટ ફોર હિયરીંગ હેન્ડીકેપ્ડ, (N.I.H.H.) મુંબઈ
6. નેશનલ ઈન્સ્ટીટ્યૂટ ફોર મેન્ટલી હેન્ડીકેપ્ડ, (N.I.M.H.) સિંકદરાબાદ.

હવે આપણે પ્રત્યેક સંસ્થાની શી સેવા આપે છે અને તેનાં હેતુઓ શા છે તે તપાસીએ કે જેથી શિક્ષક તરીકે તમે વિકલાંગ બાળકોને યોગ્ય સ્થળે જવા માર્ગદર્શન આપી શકશો.

- **નેશનલ ઈન્સ્ટીટ્યૂટ ફોર વિઝ્યુઅલી હેન્ડીકેપ્ડ, (N.I.H.V) દહેરાદૂન**

તેની સ્થાપના જુલાઈ-1979માં થઈ તે મિનિસ્ટ્રી ઓફ વેલ્ફેર એન્ડ વિમેન્સ વેલફેર નીચે રજીસ્ટર્ડ સોસાયટી છે. સંસ્થાનાં ધ્યેય છે.

- સંશોધનને ઉત્તેજન
- વ્યક્તિઓ (પર્સોનલ)ની તાલીમ હાથમાં લેવી.
- કેટલીક રાષ્ટ્રીય કક્ષાની સેવાઓ પૂરી પાડવી.

સંસ્થાના નીચે મુજબ વિભાગો છે :

- સ્કૂલ ડિવિઝન
- તાલીમ ડિવિઝન
- એડઝ-એપ્લાયન્સ ડિવિઝન
- પુસ્તક ડિવિઝન
- ઈન્ડસ્ટ્રીયલ સાઈકોલોજી વિભાગ

સંસ્થાની પ્રવૃત્તિઓમાં અંધો માટે શાળાઓ ખોલવી, ધંધાને લગતી તાલીમ આપવી, શેલ્ટર્ડ વર્કશોપ ચલાવવી, બ્રેઈલ પ્રેસ, શિક્ષક તાલીમ કેન્દ્ર અને અંધત્વનાં કેટલાંક પાસાંઓ પર સંશોધન વગેરેનો સમાવેશ થાય છે.

સંસ્થા બે શાળા ચલાવે છે. અંધ અને આંશિક દૃષ્ટિવાળા બન્ને માટે એક શાળા અંધબાળકોને માધ્યમિક શિક્ષણ માટે તૈયાર કરે છે.

પુખ્ત અંધ વ્યક્તિઓ માટે હસ્તાક્ષરમાં ધંધાને લગતી તાલીમ, બ્રેઈલ ટાઈપરાઈટીંગ, બ્રેઈલ શોર્ડહેન્ડ, સંગીત, બુક બાઈડીંગ, રેડિયો, એન્જિનીયરીંગ વગેરે એડલ્ટ બ્લાઈન્ડ માટેના કેન્દ્ર તરફથી પૂરા પડાય છે.

N.I.V.Hના ચાર તાલીમ કેન્દ્રો છે. જે ઓલ ઈન્ડિયા કોમન એક્ઝામિનેશન દ્વારા એક વર્ષનો ડિપ્લોમા કોર્સ ચલાવે છે.

સંસ્થાને કેન્દ્રીય બ્રેઈલ પ્રેસ છે જે હિન્દી અને અંગ્રેજીમાં બ્રેઈલ સાહિત્ય છાપે છે. યુનિસેફે પ્રેસને શ્રેણી 6 સુધીનાં બ્રેઈલ પાઠ્યપુસ્તકો મફત વહેંચણી માટે છાપવા/અથવા તૈયાર કરવા ફંડની જોગવાઈ કરી છે. સંસ્થાનું પુસ્તકાલય અંધ વાંચનારાઓને દેશભરમાં બ્રેઈલ પુસ્તકો મફત ધરાવે છે.

એક વર્કશોપ પણ છે જ્યાં વિવિધ સાધનો-બ્રેઈલ સ્લેટ, અંકગણિત સ્લેટ, પ્લાસ્ટિક સ્ટાઈલ્સ, મેસ બોર્ડ, પ્લેઈંગ કાર્ડ્ઝ, પોકેટ ફ્રેમ, ફોલ્ડિંગ સ્ટીક, બ્રેઈલ સ્કેઈલ વગેરે વર્કશોપમાં ઓછા ખર્ચે બનાવવામાં આવે છે.

સંસ્થાને છાપરાંવાળી વર્કશોપ, રૂરલ એક્સ્પાન્શન પ્રોગ્રામ માટેનાં, નવા અંધોની વ્યવસ્થા માટેનાં , હોમ મેનેજમેન્ટ, માર્ગદર્શન અને સલાહ, ઓરિએન્ટેશન અને મોબિલીટી સર્વિસીઝ માટેનાં યુનિટો છે.

N.I.V.H નાં કોર્ષ નીચે મુજબ છે.

- ડિપ્લોમા ઈન ટિચીંગ ધ બ્લાઈન્ડ.
- અંધોના ઈન-સર્વિસ શિક્ષકો માટે સંપર્ક વત્તા કોરસ્પોન્ડેન્સ પત્ર વ્યવહાર કોર્સ.
- દૃષ્ટિની ખામીવાળાઓમાં માધ્યમિક શિક્ષકો માટે ડિપ્લોમાં કોર્સ.
- દૃષ્ટિની ખામીવાળાઓનાં પ્રાથમિક સ્કૂલ શિક્ષકો માટે તાલીમ કોર્સ.
- બી.એસ.સી. ઓનર્સ ઈન ઓક્યુપેશનલ થેરાપી.
- ઓર્થોટિક્સ અને પ્રોસ્થોટિક્સ માટે બે વર્ષનો ડિપ્લોમા કોર્સ.

◆ **નેશનલ ઈન્સ્ટીટ્યૂટ ફોર ઓર્થોપેડીકલી હેન્ડીકેપ્ડ, (N.I.O.H) કલકત્તા.**

મોબીલિટી (હલન-ચલન), સ્નાયુઓનું કો-ઓર્ડિનેશન અને વિવિધ પ્રવૃત્તિ કરવાની શક્તિને મર્યાદિત કરતી વિશાળ રેન્જની વિકલાંગતાઓથી પીડાતા ઓર્થોપેડિક હેન્ડીકેપ બાળકો અને પુખ્ત લોકોનાં શિક્ષણ, તાલીમ અને પુનરાવર્તનને ઉત્તેજન માટે N.I.O.H ની સ્થાપના થઈ એપ્રિલ-1982 માં તે સ્વાયત્ત સોસાયટી તરીકે રજીસ્ટર્ડ થઈ.

આ સંસ્થાના હેતુઓ છે :

- ઓર્થોપેડિક હેન્ડીકેપ O.H લોકોને સેવાઓ પૂરી પાડવા માનવશક્તિ વિકસાવવી. દા.ત.ફિઝીયોથેરાપીસ્ટ, ઓક્યુપેશનલ થેરાપીસ્ટની તાલીમ, ઓર્થેપેડીક અને પ્રોસ્થેટીક ટેકનીશીયનની તાલીમ, એમ્પ્લોયમેન્ટ અને પ્લેસમેન્ટ ઓફિસર અને ધંધાકીય સલાહકારોની તાલીમ.
- ઓર્થેપેડિક હેન્ડીકેપ લોકો માટે રેસ્ટોરેટીવ સર્જરી, એઈડ્સ અને એપ્લાઈન્સીઝ, ધંધાકીય તાલીમ માટે મોડેલ સેવાઓ વિકસાવવી.
- ઓર્થેપેડિક હેન્ડીકેપ લોકોનાં સંપૂર્ણ પુનર્વસન સાથે સંબંધિત બધા પાસાંઓમાં સંશોધન ચલાવવું અને ઉત્તેજન આપવું.
- ઓર્થોપેડિક હેન્ડીકેપ લોકોનાં સંપૂર્ણ પુનર્વસન સાથે સંબંધિત બધા પાસાંઓમાં સંશોધન ચલાવવું અને ઉત્તેજન આપવું.
- ઓર્થોપેડિક હેન્ડીકેપવાળાં માટે એઈડ્સ અને એપ્લાઈન્સીઝને સ્ટાન્ડર્ડાઈઝ કરવા અને તેને બનાવટ અને વહેંચણીને ઉત્તેજન આપવું.
- ઓર્થોપેડિક હેન્ડીકેપના ક્ષેત્રમાં એપેક્સ ડોક્યુમેન્ટેશન અને માહિતી કેન્દ્ર તરીકે સેવા આપવી.
- ઓર્થોપેડિક હેન્ડીકેપના પુનર્વસન માટે કામ કરતાં રાજ્ય સરકાર અને સ્વૈચ્છિક સંગઠનોને કન્સલ્ટન્સી સેવાઓ પૂરી પાડવી.

- **નેશનલ ઈન્સ્ટીટ્યૂટ ફોર પુનર્વસન તાલીમ અને સંશોધન (N.I.R.T.A.R) ઓલાતુર, કટક.**

જ્યારે નેશનલ ઈન્સ્ટીટ્યૂટ ઓફ પ્રોસ્થેટીક એન્ડ ટ્રેઈનિંગ-આર્ટીફીશીયલ લીમ્બ્સ મેન્યુફેક્ચરીંગ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (સ્થાપના 1075)નું આ યુનિટ ફેબ્રુઆરી-12, 1984 મિનિસ્ટ્રી ઓફ સોશ્યલ જસ્ટીસ એન્ડ એમ્પાવરમેન્ટ નીચે સ્વાયત બોડીમાં ફેરવાયું ત્યારે N.I.R.T.R. અસ્તિત્ત્વમાં આવ્યું.

N.I.R.T.R ના હેતુઓ છે.

- ડોક્ટરો, પ્રોસ્ટેથીક્સ, ઓર્થોટીસ્ટ, પ્રોસ્થેટીક અને ઓર્થોટીક ટેકનિશિયનો, ફિઝીયોથેરાપીસ્ટ, ઓક્યુપેશનલ થેરાપીસ્ટ અને આવા બીજા શારીરિક રીતે હેન્ડીકેપવાળાઓનાં પુનર્વસન માટેનાં પર્સોનલ્સ જેવાઓની તાલીમ સ્પાન્સર કરવા અથવા કો-ઓર્ડિનેટર કરવી.
- ઓર્થોપેડીક હેન્ડીકેપવાળા માટે મોબીલીટી સહાયનાં અસરકારક મૂલ્યાંકન તરફી ઘેર જતાં બાયો-મેડિકલ એન્જીનીયરીંગ પર સંશોધન ચલાવવું. કો-ઓર્ડિનેટ કરવું કે સબસીડી આપવી અથવા યોગ્ય સર્જીકલ અથવા મેડીકલ પ્રોસીઝર અથવા નવા સાધનોનાં વિકાસ માટે સંશોધન, કો-ઓર્ડિનેશન કે સબસીડી.
- શારીરિક હેન્ડીકેપ (P.H) ના શિક્ષણ અને પુનર્વસન થેરાપીનાં કોઈપણ પાસાંને ઉત્તેજન આપવા પ્રોટોટાઈપ ડિઝાઈનવાળા સાધનો તૈયાર કરવા ઉત્તેજન આપવા અને વહેંચણી માટે સબસીડી.
- પુનર્વસન માટે સર્વિસ ડિલીવરી પ્રોગ્રામોનાં મોડેલ વિકસાવવાં.
- શારીરિક હેન્ડીકેપ ધંધાકીય તાલીમ, પ્લેસમેન્ટ અને પુનર્વસન સંભાળવાં.
- ભારત અને પરદેશમાં પુનર્વસન પર માહિતી ફેલાવવાની પ્રક્રિયાને ઉત્તેજન આપવું.
- શારીરિક હેન્ડીકેપવાળાઓના પુનર્વસન ક્ષેત્રોમાં બીજું કોઈપણ કાર્ય હાથમાં લેવું.

  ઉપરના હેતુ અને ધ્યેયો માટે બધી આવક વપરાય છે.

  આ સંસ્થા સાથે પ્રાદેશિક પુનર્વસન તાલીમ કેન્દ્ર પણ જોડાયેલું છે. N.I.R.T.A.R કેટલાંક કોર્સ પર ચલાવે છે.

(1) ડિપ્લોમા ઈન પ્રોસ્થેટીક/ઓર્થોટીક એન્જિનીયરીંગ

(2) ડિગ્રી ઈન ફિઝીયોથેરાપી

(3) ડિગ્રી ઈન ઓક્યુપેશનલ થેરાપી

(4) ઓર્થોપેડિક સર્જન, ફિઝીયોથેરાપી મેડિસીન થેરાપીસ્ટ ઈન રીહેબીલીટેશન માટે ટૂંકાગાળાના કોર્સ પણ ચલાવાય છે.

(5) ઓરિએન્ટેશન કોર્સ સાથેનાં સાઈકોલોજિસ્ટ, શિક્ષક અને સામાજિક કાર્યકરો પણ પૂરાં પડાય છે.

- **ઈન્સ્ટીટ્યૂટ ફોર ફીઝીકલી હેન્ડીકેપ્ડ, (I.P.H) નવી દિલ્હી**

P.H માટેની સંસ્થા સોસાયટી રજીસ્ટ્રેશન એક્ટ-1860 નીચે રજીસ્ટર્ડ થયેલ સ્વાયત બોડી છે અને મિનિસ્ટ્રી ઓફ સોશ્યલ જસ્ટીસ એન્ડ એમ્પાવરમેન્ટ, ભારત સરકાર દ્વારા 1976માં સ્થપાયેલ શારીરિક રીતે વિકલાંગ લોકોનાં પુનર્વસન માટેની મેનપાવરના વિકાસનાં ક્ષેત્રમાં એપેક્સ લેવલ સંસ્થા છે.

આ સંસ્થાના હેતુઓ છે.

- 3 $\frac{1}{2}$ વર્ષનાં કોર્સ ફિઝિયોથેરાપી અને ઓક્યુપેશનલ થેરાપી માટે ચલાવવા.
- 2 $\frac{1}{2}$ વર્ષનાં ગાળાનો પ્રોસ્થેટીક/ઓર્થોટિક ડિપ્લોમા કોર્સ ચલાવવો.
- ઓર્થોટિક અને પ્રોસ્થેટીક સાધનો બનાવવા માટે વર્કશોપ ચલાવવી.
- ફીઝિયોથેરાપી, ઓક્યુપેશનલ થેરાપી અને સ્પીચ થેરાપી આઉટ પેશન્ટ ડિપાર્ટમેન્ટ સેવાઓ ચલાવવી.

- ઓર્થોપેડીક હેન્ડીકેપ બાળકો માટે પ્રાયમરી લેવલ સુધી ખાસ શિક્ષણ ચલાવવું અને સોશ્યલ અને વોકેશનલ ગાઈડન્સ યુનિટ ચલાવવું.

- **અલીયાવરજંગ નેશનલ ઈન્સ્ટીટ્યૂટ ફોર હિયરીંગ હેન્ડીકેપ્ડ, (N.I.H.H.) મુંબઈ**

આ સંસ્થાની સ્થાપના ભારત સરકારે ઈ.સ. 1983માં કરી એનું નામકરણ સ્વ. અલિયાવર જંગ (ભૂતપૂર્વ ગવર્નર, કેળવણીકાર અને માનવતાવાદી)ની યાદમાં તેમની શ્રવણની ખામીવાળી વ્યક્તિઓમાં રૂચિને કારણે અને સંસ્થાની સ્થાપનાનાં પ્રયત્નો ફાયદાયી થવાને કારણે તેની કદરરૂપે કરવામાં આવ્યું. દેશમાં પુનર્વસનના ક્ષેત્રે એ એપેક્સ સંસ્થા છે.

**સંસ્થાના હેતુઓ છે :-**

- શ્રવણની ખામીવાળાઓની સેવાઓ માટે ખૂબ જ સ્પેશ્યલાઈઝ્ડ બનેલા ધંધાદારીઓની કેડર ઉત્પન્ન કરવા માનવ શક્તિને તાલીમ, તેનાં -- મુંબઈ કેન્દ્રમાં ડિપ્લોમા ઈન હિયરીંગ, લેંગવેઝ એન્ડ સ્પીચ દિલ્હીમાં અને પટનાનું પ્રાદેશિક કેન્દ્રો ચલાવાય છે.
- પુનર્વસન સેવાઓ સુધારવા અને મોટી સંખ્યાની બધી જ વ્યક્તિઓ સુધી પહોંચવા સમાજ આધારિત સંશોધન ચલાવવું. કેટલાંક સંશોધનનું ધ્યેય બીજા સંગઠનો દ્વારા વાપરી શકાય કે જેના રેપ્લીકા બનાવી શકાય. તેવો મોડ્યુલ અને નિદાનાત્મક કસોટીઓ તૈયાર કરવાનું પણ છે.
- શૈક્ષણિક તાલીમ અને ક્લિનિકલ હેતુઓ માટે સામગ્રી વિકસાવવી.

  A.Y.J.N.I.H.H આ સંસ્થાઓ ન્યૂ દિલ્હી, કલકત્તા અને સિકંદરાબાદમાં અને કેટલાંક બિનસરકારી સંગઠનો દ્વારા સહકારી કેન્દ્રો વોલાક્કમ, ચેન્નાઈ, અલાહાબાદ, બેંગ્લોર વગેરે સંસ્થાઓ રિહેબીલીટેશન કાઉન્સિલ ઓફ ઈન્ડિયા નીચે ડિપ્લોમા કોર્સ માટે સ્થાપ્યા છે.

  આ ઉપરાંત સંસ્થા સિકંદરાબાદમાં એડલ્ટ ડેફ ટ્રેઈનિંગ સેન્ટર પણ ચલાવે છે.

  આ સંસ્થા શ્રવણ અને સ્પીચની ખામીવાળાઓને માટે સર્વગ્રાહી નિદાનાત્મક, થેરાપેટિક, શૈક્ષણિક અને વોકેશનલ સેવાઓ પૂરી પડાય છે.

તેના દ્વારા નીચેની સેવાઓ ઉપલબ્ધ છે.

- શ્રવણનું મૂલ્યાંકન અને નિદાન
- શૈક્ષણિક મૂલ્યાંકન અને માર્ગદર્શન
- શ્રવણનાં સાધનોની પસંદગી અને ફિટ કરવાની પ્રક્રિયા અને ઈયર મોલ્ડઝ.
- મનોવૈજ્ઞાનિક મૂલ્યાંકન
- સાઈકોથેરાપી, બિહેવીયર થેરાપી અને પ્લે થેરાપી
- વૈદકીય કન્સલ્ટેશન
- સ્પીચ અને લેંગ્વેઝ થેરાપી
- મા-બાપને માર્ગદર્શન અને સલાહ
- ધંધાદારી તાલીમ અને પ્લેસમેન્ટ
- રેફરલ અને ફોલોઅપ
- આઉટ રીચ અને વિસ્તાર સેવાઓ
- શ્રવણની વિકલાંગતાનું સર્ટીફીકેશન

આ સંસ્થા દ્વારા ચલાવાતા કોર્સ છે :

D.Ed. (Deaf), B.Ed. (Deaf) B.Sc. (AST) કોર્સ D.C.D.

- **નેશનલ ઈન્સ્ટીટ્યૂટ ફોર મેન્ટલી હેન્ડીકેપ્ડ, (N.I.M.H.) સિંકદરાબાદ.**

N.I.M.H. ની ઓટોનોમસ બોડી તરીકે મિનિસ્ટ્રી ઓફ વેલ્ફેર ગવર્નમેન્ટ ઓફ ઈન્ડિયા નીચે ઈ.સ. 1984માં સ્થાપના થઈ. તે તાલીમ અને સંશોધન પર ભાર મૂકતું એપેક્સ બોડી તરીકે સેવાઓ આપે છે.

આ સંસ્થાના હેતુઓ નીચે મુજબ છે.

- માનસિક પછાત વ્યક્તિઓ માટે ભારતની સ્થિતિને યોગ્ય એવાં સંભાળ અને પુનર્વસનનાં યોગ્ય મોડલો વિકસાવવાં.
- માનસિક પછાતોનાં ક્ષેત્રોમાં સ્વૈચ્છિક સંગઠનોને કન્સલ્ટન્સીની સેવાઓ આપવી અને તેમને મદદ કરવી.
- દેશની માનસિક પછાત વ્યક્તિઓની મેગ્નીટ્યુટ (વ્યાપકતા), કારણો અને સોસ્યો-ઈકોનોમિક પાસાનું માપ કાઢવા જરૂરી (સંબંધિત) માહિતી પ્રાપ્ત કરવી.
- માનસિક પછાત વ્યક્તિઓ માટે ગુણાત્મક પ્રકારની વિવિધ સેવાઓનાં વિકાસને ઉત્તેજન અને બઢતી.

સંસ્થાઓના હેડક્વાર્ટરમાં છ ખાતા છે.

(1) મેડિકલ સાયન્સ

(2) મનોવિજ્ઞાન

(3) ખાસ શિક્ષણ

(4) સ્પીચ પેથોલોજી અને ઓડિયોલોજી

(5) માહિતી અને ડોક્યુમેન્ટેશન સેવાઓ અને

(6) ધંધાદારી તાલીમ

સંસ્થાને મુંબઈ, કલકત્તા, ન્યુ દિલ્હીમાં ત્રણ પ્રાદેશીક કેન્દ્રો છે.

નેશનલ ઈન્સ્ટીટ્યૂટ, પ્રિ-સર્વિસ, ઈન-સર્વિસ સેમિનાર અને બીજા તાલીમી કાર્યક્રમો ચલાવે છે. બીજા કોર્સ નીચે મુજબ છે.

- સિકંદરાબાદમાં માનસિક પછાતપણા માટે ત્રણ વર્ષનો બેચલર્સનો ડિગ્રી કોર્સ
- માનસિક પછાતપણા માટે ડિપ્લોમા કોર્સ
- પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા
- B.Ed. (ખાસ શિક્ષણ) M.R.

  સંસ્થા 10થી 12 ટૂંકાગાળાના કોર્સ પણ ગોઠવે છે અને પોર્ટેજ (એક સ્થાનેથી બીજા સ્થાને લઈ જવું) વોકેશનલ તાલીમ, વર્તનમાં રૂપાંતર (ફેરફાર), વિકલાંગતામાં મીડીયાવર્કશોપ જેવી બાબતો સમાવે છે. આ ઉપરાંત તે પ્રતિવર્ષ માનસિક પછાતપણાનાં ક્ષેત્રમાં પેરન્ટ-ટીચર પ્રોગ્રામો અંગે માહિતીની અદલા-બદલી કરવા સહિતનાં એ ક્ષેત્રમાં કામ કરતાં ધંધાદારીઓ માટે પ્લેટ ફોર્મનું કામ કરતી રાષ્ટ્રીય વર્કશોપો પ્રતિવર્ષ યોજે છે.

સંસ્થા માનસિક પછાત વ્યક્તિઓ અને તેમનાં મા-બાપને મદદ કરવા મલ્ટી ડિસિપ્લીનરી ટીમ પૂરી પાડે છે. આવશ્યકતાઓની ઓળખ પછી ઈન્ટરવેનશન પ્રોગ્રામો (દરમ્યાનગીરી-એવી વ્યક્તિઓને અપાતી સેવા )નક્કી કરવામાં આવે છે. જેમાં યોગ્ય રેફરલ, ઉપાય માટે બીજી શાળાઓને કન્સલ્ટન્સી પૂરી પાડવી વગેરેનો સમાવેશ થાય છે.

એક ખાસ શાળા ×Karwalambam× છે. જે 3-16 વર્ષના ગાળાનાં 85 માનસિક પછાતોને પ્રવેશ આપે છે. તેમને પ્રિ-પ્રાયમરી, સેકન્ડરી અને પ્રિ-વોકેશનલ લેવલે જૂથમાં વહેંચી દેવાય છે. દૂર ક્ષેત્રોમાં રહેતા લોકો માટે સંસ્થા ગ્રામ્ય કેમ્પો યોજે છે.

- સ્ક્રીનીંગ અને કેસ ડિટેક્શન

- વ્યક્તિગત એસેસટમેન્ટ અને સલાહ

- મા-બાપને તાલીમ

- જાગૃતિ ઊભી કરવી

- સંદર્ભ

N.C.E.R.T અને સેન્ટ્રલ ઈન્સ્ટીટ્યૂટ ઓફ એજયુકેશન ટેક્નોલોજીનાં સહકારમાં સંસ્થાએ પ્રોગ્રામ્સ તૈયાર કર્યા છે. જેને દૂરદર્શન પર ઓલ્ટરનેટ શનિવારે શાળાના તાલીમ કાર્યક્રમના ભાગરૂપે નિયમિત પ્રસારિત કરાય છે. તે માનસિક પછાત બાળકોનાં મા-બાપ તરફ નિર્દેશિત કરાય છે અને બાળકને ઘરમાં કેવી રીતે સંભાળવું તે અંગે સૂચનો આપે છે.

**હેન્ડીકેપ્ડ બાળકો માટેની શાળાઓ**

ઈ.સ. 1884માં બહેરા મૂંગા-માટેની સંસ્થા મુંબઈમાં પ્રથમવાર સ્થપાઈ.

- કલકત્તા ડેફ એન્ડ ડમ્બ સ્કૂલ- તે કલકત્તાનાં બધાં બાળકોને શિક્ષણ આપે છે. તેની સ્થાપના ઈ.સ. 1893માં થઈ.
- કલાર્ક સ્કૂલ ફોર ડેફ- આ શાળા ચેન્નઈમાં શ્રવણની ખામીવાળા અને માનસિક પડકારોવાળા બાળકોને શિક્ષણ પુરું પાડે છે.
- એમ.જી.આર.હાયર સેકન્ડરી સ્કૂલ એન્ડ હોમ ફોર ધી સ્પીચ એન્ડ હિયરીંગ ઈમ્પેર્ડ- તે ચેન્નાઈમાં સ્પીચ અને શ્રવણની વિકલાંગતવાળા બાળકોને આશ્રય આપે છે.
- નીલમ પટેલ બહુશ્રુત ફાઉન્ડેશન તે મુંબઈમાં શ્રવણની ખામીવાળા બાળકો માટે શિક્ષણ આપે છે અને તેમને નિયમિત શાળાઓનો મુખ્ય પ્રવાહમાં ભેળવે છે.
- વાગ દેવી- એ શાળા બેંગ્લોર ગ્રામ્ય ક્ષેત્રોમાં સ્પીચ અને હેન્ડીકેપ બાળકોનું એસેસમેન્ટ, નિદાન અને દરમિયાનગીરી પુરી પાડે છે.
- નેશનલ સોસાયટી ફોર ઈક્વલ ઓપોર્ચ્યુનિટી ફોર ધી હેન્ડીકેપ્ડ (NASEOH) મુંબઈમાં શ્રવણની ખામીવાળા બાળકોને શિક્ષણ, ધંધાદારી તાલીમ, કામ અને રિક્રિએશન પૂરું પાડે છે.
- અર્પણ-બરોડામાં શ્રવણની ખામીવાળા, અને માનસિક પછાત બાળકોને શિક્ષણ, અને પુનર્વસન પૂરું પાડે છે.
- અક્ષર ટ્રસ્ટ ફોર હિયરીંગ ઈમ્પેર્ડ-આ ટ્રસ્ટ વડોદરામાં શ્રવણની ખામીવાળાને ઔપચારિક શાળા પ્રોગ્રામ, શિક્ષણ તાલીમ પ્રોગ્રામ અને બાળ-કાર્યક્રમ આપે છે.
- AIAED તે શૈક્ષણિક તકો વિકસાવે છે અને ભારતમાં બધિર માટે શૈક્ષણિક સગવડો વધારે છે અને બધિર લોકોને સમજવા માટેનું સાહિત્ય મફત આપે છે.
- નાગપુર હિયરિંગ સેવાઓ-શ્રવણની ખામીવાળા બાળકોના પુનર્વસન માટે સેવાઓ પૂરી પાડે છે. બધિર પ્રકારના શ્રવણ-સાધનો આપે છે. એસેસમેન્ટ અને શ્રવણની ખામીવાળાઓની મેનેજમેન્ટ પણ ઉપલબ્ધ છે.
- મહારાષ્ટ્ર ડેફ ફેલોસિફ ઓફ ઈન્ડિયા-તે મહારાષ્ટ્રનાં બધિરો સુધી પહોંચી વળે છે. ત્યાં મુખ્ય ફોક્સ ઔરંગાબાદમાં છોકરીઓ માટે શાળા અને હૉસ્ટેલ દ્વારા શિક્ષણ પણ પૂરું પાડે છે.
- હીયર એજયુકેશન ઓડિયોલોજી એન્ડ રીસર્ચ સોસાયટી આ સંસ્થા મુંબઈમાં બધિરોને શિક્ષણ અને એસેસમેન્ટ પૂરી પાડે છે.

- **દ્દષ્ટિની ખામીવાળા/અંધજનો માટે શાળાઓ :**

પ્રથમ કેન્દ્ર જુલાઈ-1943માં દહેરાદુન સેંટ ડન્સટન હોસ્ટેલમાં યુદ્ધમાં અંધ બનેલા ભારતીયો માટે સ્થપાયું હતું.

- નેશનલ એસોસિયેશન ફોર ધી બ્લાઈન્ડ (N.A.B), મુંબઈ અને બેંગલોરમાં ઈ.સ. 1952માં સ્થપાયા. સંસ્થા દ્દષ્ટિની ખામીવાળા બાળકોને શિક્ષણ અને સોશ્યો-ઈકોનોમિક પુનર્વસન પૂરું પાડે છે.
- બ્લાઈન્ડ પીપલ એસોશીયેશન-અમદાવાદમાં અંધ અને દ્દષ્ટિની ખામીવાળાઓને શિક્ષણ અને સેવાઓ આપે છે.
- શ્રી રામકૃષ્ણ મિશન-કોઈમ્બતુરમાં શાળાએ જતા અંધ બાળકોને શિક્ષણ આપે છે.
- ફેઈથ ઈન્ડિયા- ઈર્નાક્યૂલમમાં દ્દષ્ટિની ખામીવાળા બાળકો શિક્ષણ અને બીજી સેવાઓ પૂરી પાડે છે.
- બ્લાઈન્ડ રિલીફ એસોશિયેશન દિલ્હીમાં દ્દષ્ટિની ખામીવાળા બાળકોને શિક્ષણ.
- શિશુ રક્ષા- કર્ણાટક સ્ટેટ કાઉન્સિલ- બેંગ્લોરમાં બાળ કલ્યાણ માટે.
- કેરાલા ફેડરેશન ઓફ ધી બ્લાઈન્ડ- દ્દષ્ટિની ખામીવાળા બાળકોની બ્રેઈલ શોર્ટહેન્ડ અને કમ્પ્યુટર ટ્રેનીંગ, બ્રેઈલ ટ્રાન્સ્ક્રીપ્શન એઈડ, મોબીલીટી અને ઓરિએન્ટેશન પ્રોગ્રામ.
- વિક્ટોરીયા મેમોરીયલ સ્કૂલ- મુંબઈમાં દ્દષ્ટિની ખામીવાળાને શિક્ષણ આપે છે. એ નિવાસી શાળા છે.
- સ્કૂલ ફોર બ્લાઈન્ડ- બેંગલોરમાં દ્દષ્ટિની ખામીવાળા બાળકો માટે મફત નિવાસી શાળા ચલાવે છે. બ્રેઈલ દ્વારા વાંચન-લેખનની તાલીમ આપે છે. સલાહ અને માર્ગદર્શન પણ મળે છે.
- રોયલ મેમનવેલ્થ સોસાયટી ફોર બ્લાઈન્ડ- મુંબઈમાં છે તે અંધાપો દૂર કરવા કે અટકાવવા અને અંધજનોના પુનર્વસન માટે કામ કરે છે. મફત આઈ-કેમ્પો ગામડાના પ્રદેશોમાં ગોઠવવા નાણાંકીય સહાય આપે છે.
- રોટરી કલબ ઓફ-ચંદીગઢમાં છે. આ સંસ્થા બાળકોને બ્રેઈલ માટે મદદ કરે છે.

- **માનસિક પછાત માટે શાળાઓ :-**

  માનસિક પછાતો માટેની પ્રથમ શાળા ભારતમાં મુંબઈમાં ઈ.સ. 1944માં સ્થપાઈ. જય વકીલ સ્કૂલ- માનસિક પછાત માટે સંશોધન, શિક્ષણ અને ધંધાદારી તાલીમ આપે છે.

- ઈ.સ. 1914માં અખિલ ભારતીય ઈન્સ્ટી. ફોર મેન્ટલ હેલ્થની સ્થાપના થઈ.
- કામાયની સ્કૂલ ઈ.સ. 1964માં માનસિક પછાત વ્યક્તિઓ માટેનાં શિક્ષણ અને ધંધાદારી તાલીમ માટે સ્થપાઈ.
- મોડેલ્સ સ્કૂલ ફોર મેન્ટલી ડેફીશિયન્ટ - તે માનસિક પછાત વિદ્યાર્થીઓની ન્યુ દિલ્હીમાં શૈક્ષણિક, પ્રિ-વોકેશનલ અને પુનર્વસન સેવાઓ આપે છે. તેની સાથે હૉસ્ટેલ પણ જોડાયેલી છે.
- આરૂષી તે માનસિક પછાત બાળકોને શિક્ષણ, પ્રિવોકેશનલ તાલીમ આપે છે.
- દિશા ડે સ્કૂલ ફોર ધી મેન્ટલી રીટાર્ટેડ ચિલ્ડ્રન્સ મહેસાણા.
- મમતા મંદિર પાલનપુર.
- અંધજન મંડળ, વસ્ત્રાપુર
- બી.એમ. ઈન્સ્ટીટ્યૂટ, અમદાવાદ.
- અંકુર સ્કૂલ, ભાવનગર

## 5.2 સારાંશ

વિશિષ્ટ શિક્ષણના વિકાસ માટે અનેક સંસ્થાઓનો ફાળો છે. વિશિષ્ટ શિક્ષણના વિકાસ માટે વિવિધ પંચો, જાહરનામાઓ અને નીતિઓ અમલમાં આવી. સરકારે 1986 ની નવી શિક્ષણનીતિમાં વિશિષ્ટ બાળકો માટે સંકલિત શિક્ષણની યોજના દાખલ કરી શિક્ષણમાં સમાન તકને ભાર આપવામાં આવ્યો. પ્રસ્તુત પ્રકરણમાં ભારતમાં વિશિષ્ટ શિક્ષણ, વિશિષ્ટ શિક્ષણ અંતર્ગત સંકલિત શિક્ષણ, વિશિષ્ટ શિક્ષણ માટેની રાષ્ટ્રીય સંસ્થાઓ વિશે ચર્ચા કરેલ છે.

## 5.3 તમારી પ્રગતિ ચકાસો

1. **વિશિષ્ટ શિક્ષણ માટેની ભલામણો લખો.**

   **(ક) ઈન્ડિયન એજ્યુકેશન કમિશન**

   .................................................................................

   .................................................................................

   **(ખ) રાષ્ટ્રીય શિક્ષણ નીતિ**

   .................................................................................

   .................................................................................

2. **સંકલિત શિક્ષણ એટલે શું ?**

   .................................................................................

   .................................................................................

   .................................................................................

   .................................................................................

   .................................................................................

   .................................................................................

3. **વિશિષ્ટ શિક્ષણ માટેની બે સંસ્થાઓના નામ લખો.**

   .................................................................................

   .................................................................................

   .................................................................................

   .................................................................................

   .................................................................................

   .................................................................................

## 5.4 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

1. પાના નં. 2 જુઓ
2. પાના નં. 14 જુઓ
3. પાના નં. 15 થી 17 જુઓ

# એકમ 6 સંમિલિત શિક્ષણ

: રૂપરેખા :

6.1 સંમિલિત શિક્ષણ

6.1.1 સંમિલિત શિક્ષણ અર્થ સંકલ્પના, સ્વરૂપ

6.1.2 સંમિલિત શિક્ષણની વિશેષતાઓ

6.1.3 સંમિલિત શિક્ષણના સિદ્ધાંતો

6.1.4 સંમિલિત શિક્ષણની જરૂરિયાતો

6.1.5 સંમિલિત શિક્ષણની વ્યૂહરચના અને કાયદા

6.2 સારાંશ

6.3 તમારી પ્રગતિ ચકાસો

6.4 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

## 6.1 સંમેલિત શિક્ષણ

### 6.1.1 સંમેલિત શિક્ષણ : અર્થ, સંકલ્પના અને સ્વરૂપ

ભારતમાં વિકલાંગ બાળકોની કેળવણી એક સદી કરતાં વધારે પ્રાચીન છે. જો કે ખાસ નિવાસી શાળાની ભારતમાં લાગુ પડાયેલી સૌથી વધારે પહેલી સંકલ્પના હતી. પરંતુ એ એવી સેવાના લાભાર્થીઓને સમાવી લેવા અને તેનું ક્ષેત્ર વધારવા સક્ષમ ન હતી. પરિણામે વિકલાંગ બાળકોને શિક્ષણ પૂરું પાડવા 'સંકલિત શિક્ષણ' સંકલ્પનાનો ઉદય થયો. હાલમાં ભારતના તમામ વિકલાંગ બાળકોને શિક્ષણ પૂરું પાડવા 'સમિલિત શિક્ષણ'ની વિભાવનાનો ઉદ્ભવ થઈ રહ્યો છે. જેમાં શાળાના વડાઓ, શિક્ષકો, વાલીઓ, સમુદાયો અને જે તે શાળામાં યોગ્ય પર્યાવરણ જેવા ઘટકોએ બાળકના સર્વાંગીણ શિક્ષણના વિકાસ માટે જવાબદારીઓ ઉપાડી લેવાની રહે છે.

વિકલાંગ બાળકોના શિક્ષણ માટે ભારતમાં વિવિધ આદર્શરૂપ કાર્યદક્ષ પદ્ધતિઓ-તરાહ પ્રાપ્ય છે. અત્યારે સંમિલિત શિક્ષણના વિચાર સાથે વિવિધ પ્રકારની વિકલાંગતા ધરાવતાં બાળકોને સામાન્ય શિક્ષણની તરાહમાં આવરી લેવાના હેતુ સાથેના પ્રયત્નો ચાલુ છે.

**સંમિલિત શિક્ષણ : અર્થ**

સંમિલિત શિક્ષણનો આશય અને હેતુ વિકલાંગ બાળકોને અવરોધમુક્ત વાતાવરણમાં ગુણવત્તાયુક્ત શિક્ષણ સામાન્ય શાળામાં સામાન્ય બાળકોની સાથે જ મળી રહે તેવો છે.

સંમિલિત શિક્ષણની આદર્શ પદ્ધતિઓ એ છે કે વિકલાંગ બાળકો સામાન્ય શિક્ષણમાં પોતે એક અખંડ અગર તો સંપૂર્ણ હિસ્સો બની રહે. અર્થાત્ સામાન્ય શાળાના સામાન્ય વર્ગ શિક્ષકો પણ વિકલાંગ બાળકોની જરૂરિયાતોને સમજી તેને યોગ્ય શિક્ષણ આપી શકે તેવું કૌશલ્ય ધરાવતાં થયા હોવા જોઈએ, જેથી વિશિષ્ટ શિક્ષકોના વિકલ્પે સામાન્ય વર્ગ શિક્ષકો જ વિકલાંગ બાળકોની જરૂરિયાતો સમજી શિક્ષણ આપી ઉત્કૃષ્ટ સેવા પ્રદાન કરી શકે.

મોટાભાગના લોકો એવું અનુભવે છે કે સંમિલિત શિક્ષણ અત્યારે જ સફળતા પ્રાપ્ત કરી શકે કે જ્યારે સામાન્ય શાળાના વર્ગ શિક્ષકો આવા વિકલાંગ બાળકો માટેની જવાબદારી અંગે ખાસ કાળજી લેતાં થાય. ભારતના મોટાભાગના ગ્રામ્ય અંતરિયાળ વિસ્તારોમાં જુદાં-જુદાં પ્રકારની વિકલાંગતા ધરાવતાં બાળકો હાલ પણ શિક્ષણથી વંચિત છે. પરિણામ સ્વરૂપ ગ્રામ્ય વિસ્તારનાં આ બાળકોનું સામાન્ય શાળામાં સમાવેશ કરવો અનિવાર્ય બન્યું છે.

ભારતમાં સામાન્ય શાળાના વર્ગમાં જુદી જુદી ક્ષમતાઓ (IQ) ધરાવતાં બાળકો એકસાથે જ અભ્યાસ કરે છે અને વર્ગ શિક્ષક પણ સામાન્ય રીતે સરેરાશ બાળકોને ધ્યાનમાં લઈને જ તેનું શિક્ષણકાર્ય કરે છે. જે તે પરિસ્થિતિને હલ કરવાનું પણ તેને જ ફાળે આવે છે.

આથી એમ કહી શકાય કે 'સંમિલિત શિક્ષણ'નો તેમાં પ્રવેશ થઈ ચૂક્યો છે. આ શિક્ષણના બીજ સામાન્ય વર્ગખંડોમાં રોપાઈ ચૂક્યાં છે. આ વિચાર ભારત માટે નવો નથી કે આ શિક્ષણ પ્રણાલી પણ નવી નથી. કેમ કે તેની શરૂઆત તો સામાન્ય વર્ગખંડોમાં ક્યારની થઈ ચૂકી છે.

**સંમિલિત શિક્ષણ : સંકલ્પના અને સ્વરૂપ**

શિક્ષક તરીકે આપણે અવલોકન કર્યું હશે કે, દરેક બાળક બીજા બાળકથી કાંઈક અલગ હોય છે. ઉદાહરણ તરીકે કેટલાંક બાળકો ધીમી ગતિએ શીખે છે. જ્યારે કેટલાંક ઝડપથી શીખે છે. કેટલાંક બાળકોને શીખવામાં વિશેષ માર્ગદર્શન અને ટેકાની જરૂરિયાત હોય છે. જ્યારે કેટલાંક બાળકો પોતાની જાતે, સ્વપ્રયત્ને શીખે છે. આપે એ પણ અવલોકન કર્યું હશે કે કેટલાંક બાળકો પાછળ વિશેષ સમય વર્ગખંડ દરમિયાન અને બહાર ફાળવવાની જરૂરિયાત હોય છે.

આમ, સંમિલિત શિક્ષણ એ છે કે જે સમવય જૂથનાં દરેક બાળકો કે જેઓમાં વિવિધતા છે. તેઓ તમામને એકજ વર્ગખંડમાં અભ્યાસ કરવાની સમાન તક મળવી જોઈએ અને તે પ્રક્રિયાથી તેઓ પોતાની ક્ષમતા અનુસાર સમાન અભ્યાસક્રમમાં શીખવાની તક મેળવશે. બીજા શબ્દોમાં કહીએ તો સંમિલિત શિક્ષણ એટલે શાળાના સંચાલકો અને શિક્ષકો દ્વારા વિશિષ્ટ શૈક્ષણિક જરૂરિયાતો, રસ, રૂચિ અને પ્રકૃતિ ધરાવતાં બધાં જ બાળકોનો આ શિક્ષણ પદ્ધતિથી શીખવાની અલગ અલગ ક્ષમતા અને અલગ અલગ જરૂરિયાત ધરાવતાં બાળકોને એકસાથે અભ્યાસ કરવાની તક સાંપડે !

જહૉન્સ (1994) ઉક્ત સૌ વિગતોને આવરી લેતી સંમિલિત શિક્ષણની અત્યંત સર્વગ્રાહી સંકલ્પના આ પ્રમાણે આપે છે. 'જેઓની (વિકલાંગતાના અથવા કોઈ અન્ય કારણસર) વિશેષ શૈક્ષણિક જરૂરિયાત ઉદ્‌ભવી હોય તેવાં બાળકો અને યુવાનો માટેની તે એક પરિવર્તનક્ષમ અને વ્યક્તિલક્ષી આકાર આપવાની પ્રણાલી છે. તે સમગ્ર પ્રણાલીનું એક સ્વતંત્ર સંકલિત ઘટક રચે છે અને સૌને માટે યોગ્ય શિક્ષણ આપવા પ્રતિબદ્ધ એવી સામાન્ય શાળાઓમાં તે પૂરું પાડવામાં આવે છે.'

**સંમિલિત શિક્ષણના વિકાસના તબક્કા :**

1. સાર્જન્ટ રીપોર્ટ 1994, ભારતની આઝાદી પહેલાં ભારતમાં શિક્ષણની સ્થિતિ અને તેના વિકાસ ઉપર રીપોર્ટ તૈયાર કરવામાં આવેલ અને તેમાં એવું જાણવા મળેલ કે ભારતમાં વિકલાંગોના શિક્ષણ માટે ખાસ કામ થયેલ નથી. તેથી એવી ભલામણ કરવામાં આવેલ કે, સરકાર આ અંગે બેદરકાર રહી શકશે નહીં, ઈંગ્લેન્ડ શિક્ષણ કાયદો 1944 અનુસાર શારીરિક અને માનસિક વિકલાંગતા ધરાવતાં બાળકો માટે વિશિષ્ટ શિક્ષણ આપવું.
2. વિકલાંગો માટેની સંકલિત શિક્ષણ યોજના 1974.
3. સમાજ કલ્યાણ મંત્રાલય તથા પાછળથી માનવ સંશાધન વિકાસ મંત્રાલયમાં સંકલિત શિક્ષણ યોજનાનો સમાવેશ.
4. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-1986
5. સુધારા સાથેનો એક્શન પ્લન-1992
6. 1995ના યુનેસ્કોના ઠરાવ મુજબ દુનિયાના 95% દેશોમાં વિકલાંગોના શિક્ષણની જવાબદારી શિક્ષણ ખાતાના શિરે મૂકવામાં આવી.
7. વિકલાંગ અધિનિયમ-1995ની વિવિધ કલમો અનુસાર વિકલાંગ બાળક 18 વર્ષનું થાય ત્યાં સુધી તેને નિઃશુલ્ક શિક્ષણ યોગ્ય પર્યાવરણમાં આપવું.
8. સર્વ શિક્ષા અભિયાન-2000 તથા ડી.પી.ઈ.પી. 1997ના વિવિધ પાસાઓ અનુસાર સંમિલિત શિક્ષણની જરૂરિયાત.

9. પૂર્વમાં માનનીય માનવ સંશાધન વિકાસ મંત્રીશ્રી અર્જુનસિંઘના મત અનુસાર સંમિલિત શિક્ષણનો એક્શન પ્લાન તૈયાર કરવામાં આવેલ છે. શૈક્ષણિક સંસ્થાઓના પ્રયત્નો અને પ્રોત્સાહન દ્વારા બધા જ વિકલાંગ બાળકો સંમિલિત શિક્ષણમાં ભણી શકે તેવું સમજાયું છે. સામાન્ય પ્રવાહમાં લાવીને તેની ગુણાત્મકતા વધારી વિકલાંગ બાળકોને સમાન તક મળે તેવું વિચારવું.

સર્વ શિક્ષા અભિયાન, વિકલાંગ ધારો તથા બંધારણની વિવિધ કલમોનો અમલ કરવા માટે હવે સંમિલિત શિક્ષણ એક શ્રેષ્ઠ વિકલ્પ છે.

**આંતરરાષ્ટ્રીય મંતવ્યો :**

વિકલાંગ બાળકો સહિત પ્રત્યેક નાગરિક માટે શિક્ષણ પ્રાપ્ય બનવું જોઈએ એ વાત પર ભાર મૂકતાં શિક્ષણ વિશેના વિવિધ પંચો, જાહેરનામાઓ અને નીતિઓના સારાંશ રજૂ થયા છે. તેમાંના કેટલાંક વિધાન નીચે મુજબ છે.


- વિકલાંગ બાળક સહિત દરેકને શિક્ષણનો અધિકાર છે. (માનવ અધિકારો માટે વૈશ્વિક જાહેરનામું 1948) (યુનિવર્સલ ડિક્લેરેશન ઓફ હ્યુમન રાઈટ્સ)
- વિકલાંગ બાળકોનું શિક્ષણ સામાન્ય શિક્ષણ પ્રણાલીનું એક અવિભાજ્ય અંગ છે (ઈન્ડિયન એજ્યુકેશનલ કમિશન-1964-66)
- વિકલાંગ બાળકો નિયમિત શાળાઓમાં અભ્યાસ કરી શકે તે માટે આંતરગ્રથિત કાર્યક્રમો વિકસાવવાના દરેક પ્રયત્ન કરવા જોઈએ. (શિક્ષણ વિશેની રાષ્ટ્રીય નીતિ-1967)
- અન્ય કોઈપણ જે બધા અધિકાર ભોગવે છે તે વિકલાંગ બાળક ભોગવશે. (યુ.એન.જનરલ એસેમ્બલી ડિક્લેરેશન ઓન ધ રાઈટ્સ ઓફ પર્સન વીથ ડિસેબીલીટીઝ, 1975)
- વિકલાંગ બાળકોનાં શિક્ષણનાં વ્યાપક વિસ્તરણ માટે શક્ય તે દરેક પ્રયત્ન કરવો જોઈએ (નેશનલ પોલીસી ઓન એજ્યુકેશન-1979)
- તમામ પ્રકારના વિકલાંગ બાળકોને નિયમિત શાળાઓમાં પ્રવેશ મળે તે માટે વિશેષ સહાયકારી સાધનો અને ઉપકરણો પૂરાં પાડવાં જોઈએ. (વર્કિંગ ગૃપ ડિસેબીલીટીઝ, મે-1970)
- ગમે તેવાં વ્યક્તિગત તફાવતો હોય તો પણ દરેક વ્યક્તિને શિક્ષણનો અધિકાર તો છે જ. (વર્લ્ડ કોન્ફરન્સ ફોર ઓલ-1990)
- વિકલાંગ બાળકને જો સામાન્ય શાળામાં શિક્ષણ આપી શકાતું હોય તો તેને ફક્ત ત્યાં જ શિક્ષણ આપવું જોઈએ. (નેશનલ પોલિસી ઓન એજ્યુકેશનલ-1992)
- વિકલાંગોનું શિક્ષણ શિક્ષણપ્રણાલીનો એક સંપૂર્ણ સ્વતંત્ર ભાગ છે. (યુ.એન.સ્ટેન્ડર્ડ રૂલ્સ વીથ ઈક્વલાઈઝેશન ઓફ અપોર્ચ્યુનિટિઝ ફોર પર્સન્સ વીથ ડિસેબીલીટીઝ-1993)
- સામાન્ય શિક્ષણ પ્રણાલીમાંના વિશેષ શૈક્ષણિક જરૂરિયાતવાળા બાળકોને શિક્ષણ પૂરું પાડવું. (જાહેરનામું-1994)
- વિકલાંગ બાળકોને દાખલ કરી શકાય તે માટે તમામ પૂર્વ પ્રાથમિક અને પ્રાથમિક શાળાઓને તાલીમ પામેલા માનવશક્તિ અને સુવિધાઓથી સજ્જ કરી સબળ બનાવવી. (રાઈટ્સ ઓફ ચિલ્ડ્રન વીથ ડિસેબીલીટઝ, એનઆઈવીસીસીડી-1999)
- ઈ.સ. 2002 સુધીમાં વિકલાંગ બાળકો અને પ્રૌઢો તેમના ઓછામાં ઓછા 75%ને બિન-વિકલાંગ સહાધ્યાયીઓ સાથે સમાનતાના ધોરણે વૈધિક અને બિન-વૈધિક શૈક્ષણિક કાર્યક્રમોમાં ભાગ લઈ શકે તેવાં બનાવવા. (એશિયા પેસિફિક ડિકેડ ફોર પર્સન્સ વીથ ડિસેબીલીટઝ)

**ભારતમાં વિશિષ્ટ બાળકોના શિક્ષણ માટેના ઉપલબ્ધ વિકલ્પો :**

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (1986) અંતર્ગત

- ઘેર બેઠાં શિક્ષણ
- વિશિષ્ટ શાળા
- અવૈધિક કેળવણી
- ડિસ્ટ્રીક્ટ પ્રાયમરી એજ્યુકેશન પ્રોગ્રામ
- સંકલિત શિક્ષણ યોજના
- રાષ્ટ્રીય મુક્ત શાળા એવાં વિકલ્પો છે કે જેમાં વિકલાંગ બાળકો, શિક્ષણ પ્રાપ્ત કરવાની તકો મેળવે છે.

સલમાનકા સ્ટેટમેન્ટ આર્ટીકલ 7 મુજબ જ્યાં શક્ય હો ત્યાં તમામ વિકલાંગતા ધરાવતાં બાળકો એક છત્ર નીચે શિક્ષણ માટે ભેગા થવા જોઈએ. તેઓની મુશ્કેલીઓ અને તફાવતોને ધ્યાનમાં લીધા સિવાય આ બાળકોની અસામાન્ય પાયાની જરૂરિયાતો, શીખવાની જુદી-જુદી પદ્ધતિઓ, ગુણવત્તાસભર શિક્ષણની બાહેંધરી આપવી, યોગ્ય અભ્યાસક્રમ, આયોજનને લગતી વ્યવસ્થા, શૈક્ષણિક પ્રયુક્તિઓ, સંસાધનોનો ઉપયોગ અને સમુદાયની ભાગીદારી દ્વારા સલમાનકા નિવેદન મુજબ સંમિલિત શિક્ષણની સુવિધાઓ ધરાવતી સામાન્ય શાળાઓ ભેદભાવવાળા વલણ રહિત સમુદાયને આવકારવું અસરકારક પરિબળ છે. આ ઉપરાંત તેઓ મોટા પ્રમાણમાં બાળકોને અસરકારક શિક્ષણ પૂરું પાડતી અને ક્ષમતા વધારતી અને અંતે બિનખર્ચાળ શિક્ષણ પ્રણાલી પૂરી પાડતી વ્યવસ્થા છે.




**સંમિલિત શિક્ષણમાં ત્રણ પ્રકારની સેવાઓ :**

**આવશ્યક સેવાઓ;** સૌથી વધારે આવશ્યક સેવાઓ સંમિલિત શિક્ષણમાં સામાન્ય વર્ગખંડના શિક્ષકો દ્વારા જ પૂરી પાડવામાં આવે.

**સહાયક સેવાઓ ;** આવશ્યક સેવાઓમાં સંપૂર્ણ યોગ્યતા ધરાવતાં વિશિષ્ટ શિક્ષકો દ્વારા અપાતી આધારરૂપ સેવાઓને આવરી લેવામાં આવે છે. આ શિક્ષકો સામાન્ય વર્ગખંડમાં શિક્ષકોની જરૂરી શૈક્ષણિક સાધન સામગ્રી, સહાયક સેવા અને પ્રસંગોપાત્ત શૈક્ષણિક સેવાઓ પૂરી પાડે.

**સીમાવર્તી સેવાઓ ;** આ સીમાવર્તી સેવાઓ કે જે અમુક નિશ્ચી હેતુ પૂરતી મર્યાદિત સેવાઓ છે, જેમ કે, તબીબી પુનર્વસન કેન્દ્રો ઈત્યાદિ.

### 6.1.2 સંમેલિત શિક્ષણ : લાક્ષણિકતાઓ/વિશેષતાઆ

સામાન્ય રીતે સંમિલિત શાળાની લાક્ષણિકતાઓ નીચે મુજબ હોઈ શકે :

- તે વિદ્યાર્થીની નજીકમાં નજીક આવેલી સામાન્ય શાળાના નિયમિત વર્ગમાં સમાન તક આપે છે.
- તે બાળકોની શીખવાની રીતો અને ગતિઓનો સમાવેશ કરતાં તેમની જરૂરિયાતો અને આવડતની વિવિધતાઓને માન્યતા આપે છે અને પ્રતિભાવ પણ આપે છે.
- તે વ્યક્તિલક્ષી શીખવાની પદ્ધતિઓ, અપનાવેલ (સ્વીકાર થયેલ) અભ્યાસક્રમ અને શીખવાનાં સાધનોના ઉપયોગ કરવાના ઉત્તેજન પર્યાપ્ત પ્રમાણમાં પૂરું પાડે છે
- જેને નીચે જેવી સહાયક સેવાઓ પૂરી પાડવામાં આવી છે તે વર્ગશિક્ષક સહિત સમગ્ર શાળાનું તેનું સંગઠિત જૂથકાર્ય તેમાં મુખ્ય ભૂમિકા ભજવે છે.
- વિશેષ શીખવાનાં સહાયક સાધનો અને શૈક્ષણિક સામગ્રીનો પુરવઠો
- માતા-પિતા, સ્વયંસેવકો-કાર્યકરો અને સહાધ્યાયીઓની મદદની પ્રાપ્યતા

- બાળકની વિશિષ્ટ જરૂરિયાત પ્રમાણે ભૌતિક પર્યાવરણ અભ્યાસક્રમ, સમય-પત્રક અને મૂલ્યાંકનની કાર્યવિધિમાં સુધારા-વધારા અથવા અનુકૂલન
- વર્ગશિક્ષકનાં જ્ઞાન અને કુશળતાની સપાટીને ઊંચે લઈ જવા તેને નોકરી દરમિયાન તાલીમની સુવિધા
- માર્ગદર્શન અને સલાહસૂચન માટે યોગ્ય સેવાઓ

  અર્થાત કાળજીપૂર્વકના આયોજનથી શિક્ષણની એકજૂથ કરેલી પ્રણાલીમાં- એક એવી પ્રણાલી જે તફાવતોને માન્યતા આપે છે અને સમાવી લેવાનો અવકાશ આપે છે. તેમાં જ બધા વિદ્યાર્થીઓની અન્ય જરૂરિયાતો પૂરી કરવાનું શક્ય થવું જોઈએ.

**સંમિલિત શિક્ષણનાં ચાવીરૂપ સંસાધનો :-**

જ્યારે આપણે સંમિલિત શિક્ષણની વાત કરીએ છીએ ત્યારે શાળાની દરેક વ્યક્તિઓનો સંમિલિતમાં સમાવેશ થવો જોઈએ, જેનાં ચાવીરૂપ સંશાધનો આ મુજબ છે.

- સામાન્ય શિક્ષકો
- માતા-પિતા
- સમુદાય
- આચાર્યશ્રી
- વિશિષ્ટ શિક્ષક
- સામાન્ય બાળકો
- વિશિષ્ટ જરૂરિયાત ધરાવતાં બાળકો
- વિશિષ્ટ શૈક્ષણિક સાધનસામગ્રી
- સ્થાનિક શૈક્ષણિક સત્તાધારીઓ

જેમ કે :

- તાલુકા કેળવણી નિરીક્ષક
- જિલ્લા કેળવણી નિરીક્ષક
- બી.આર.સી.
- સી.આર.સી.ઈત્યાદિ.....

### 6.1.3 સંમિલિત શિક્ષણ : સિદ્ધાંતો

1. શાળાના તમામ કર્મચારીઓની જવાબદારી બને છે કે વિદ્યાર્થીઓને સહાય કરવી.
2. શિક્ષકે નિશ્ચિત માળખામાં કાર્ય કરવાની ક્ષમતા વિકસાવવી.
3. વિકલાંગતાની અસર દરેક બાળકમાં અલગ-અલગ જોવા મળે છે. માટે તેમનું સંમિલન દરેક બાળકે અલગ જોવા મળશે.
4. બાળકને સંમિલિત શિક્ષણમાં સમાવતાં પહેલાં બાળકના કૌટુંબિક અને સામાજિક સંજોગોની માહિતી જાણવી અત્યંત જરૂર છે.
5. દરેક બાળકને અર્થપૂર્ણ પડકારો, જવાબદારીઓ, સહભાગીદારીતા, વિકાસના કાર્યમાં સક્રિયતા, અભ્યાસ અને અભ્યાસેત્તર પ્રવૃત્તિઓ, આંતરિક અને બાહ્ય પ્રવૃત્તિઓમાં શિક્ષણના ભાગરૂપે (અનુભવની) સમાન તક આપવી.
6. આ સિદ્ધાંતોના અમલીકરણ માટે સમુદાયનો સતત સહકાર, બૃહદ આયોજન, તાલીમ અને મૂલ્યાંકન ઉપર આધારિત છે. દરેક વિકલાંગ બાળકોની જરૂરિયાતો સંતોષાય તે રીતે શાળાકીય પર્યાવરણમાં ફેરફાર લાવવા જરૂરી બને છે.

### 6.1.4 સંમિલિત શિક્ષણ શા માટે ? (Why Inclusion?)

- વિકલાંગ વ્યક્તિઓની જરૂરિયાત
- કાયદાકીય જોગવાઈ
- બંધારણના મૂળભૂત અધિકાર
- વિકલાંગ અધિનિયમ-1995
- માનવ અધિકાર
- બાળ અધિકાર ઉદ્‌ઘોષણા (યુ.એન)
- શિક્ષણશાસ્ત્રની જાહેરાત અર્થે
- બિનખર્ચાળ

### 6.1.5 સંમિલિત શિક્ષણની વ્યૂહરચના :-

1. **કાર્યની તૈયારી :**

   નીતિઘડતર અને આયોજન પહેલાં સંમિલિતના વિશાળ ક્ષેત્રને મનોમંથન અને હિમાયતની ખૂબ જ જરૂર છે. આપણા દેશમાં આ કાર્યની પૂર્વ તૈયારી રૂપે RCI ACT-1992 તથા PWD ACT-ઈ.સ. 1995 નું કાયદાકીય રક્ષણ પ્રાપ્ત થયેલ છે. આ ઉપરાંત શિક્ષકોને તૈયાર કરવા માટે નિયમિત અભ્યાસક્રમ, દૂરવર્તી શિક્ષણ તથા સંપર્ક અને ટૂંકા કાર્યક્રમની સુવિધા ઉપલબ્ધ કરવા કેટલીક મહાવિદ્યાલયોને પ્રોત્સાહન આપવામાં આવેલ છે. વિકલાંગ બાળકોને શાળામાં ચાલુ રાખવા માટે તાલીમબદ્ધ શિક્ષક અતિ આવશ્યક છે. આપણા દેશમાં વહીવટકર્તાઓને ખાતરી કરાવવા, ક્ષમતાઓનું પ્રદર્શન અને હિમાયત કરવી જરૂરી છે. સાચા માધ્યમ દ્વારા વિકલાંગ બાળકને શિક્ષણ પ્રાપ્ત કરવાનો અધિકાર છે.

   સરકારશ્રી સાથે બેઠક કરી સંમિલિત શિક્ષણને નક્કર વ્યવહારદક્ષ અને પ્રાપ્ત કરી શકાય તેવું બનાવી શકાય.

2. **શિક્ષણવર્ગની કડીઓ :** સંમિલિત શિક્ષણના સફળ અમલીકરણ માટે વર્ગશિક્ષણ વિકલાંગતા ધરાવતાં બાળકોનો સ્વીકાર કરે એ ખૂબ જ જરૂરી છે.

3. **સમુદાયનાં વિશાળ સંસાધનોનો ઉપયોગ :** સંમિલિત શિક્ષણમાં ઘણાબધા વધારાના સંસાધનોની મોટાપાયે જરૂરિયાત પડે એ અવાસ્તવિક બાબત છે. ઉપલબ્ધ સંસાધનોનો મહત્તમ ઉપયોગ થાય એ મહત્ત્વની બાબત છે.

4. **વાલીની સહભાગિતા :** બાળકની વિશિષ્ટ જરૂરિયાતને અનુલક્ષીને પરિવાર અને સમુદાયના મોટાભાગને શરૂઆતથી જ સાંકળવા જરૂરી છે.

5. સારી શિક્ષણ પ્રક્રિયાના સિદ્ધાંતોની જાણકારી હોવા છતાં શિક્ષકોમાં વિશિષ્ટ જરૂરિયાતવાળા બાળકોને શીખવવા માટેનો આત્મવાલીની સહભાગીતા બાળકની વિશિષ્ટ જરૂરિયાતને અનુલક્ષીને પરિવાર અને સમુદાયના મોટાભાગને શરૂઆતથી જ સાંકળવા જરૂરી છે.

6. વિકલાંગ બાળકોને સામાન્ય વર્ગમાં સમાવતા સમયે વર્ગમાં વિદ્યાર્થીની સંખ્યા વધુ હોવા છતાં ગુણવત્તાસભર શિક્ષણ આપવાની શક્તિઓ વિકસાવવી જોઈએ.

7. સામાન્ય શિક્ષકો માટે વિશિષ્ટ જરૂરિયાત ધરાવતાં બાળકો માટે વ્યક્તિગત શૈક્ષણિક કાર્યક્રમ (Individual Education Programme) બનાવવા અંગેની જાણકારી વિકસાવવી.

8. બાળકની વિશિષ્ટ શૈક્ષણિક જરૂરિયાતો સંતોષવાના આયોજન માટે માતા-પિતા અને શાળાના કર્મચારીઓ વચ્ચે નિયમિત સંપર્ક એ બાળકના શૈક્ષણિક વિકાસને વેગ આપી શકે.

9. સંલગન વિભાગોનું કેન્દ્રીકરણ સંમિલિત શિક્ષણનાં સંલગ્ન વિભાગોનાં સહકારથી કેન્દ્રીકરણ થવું જરૂરી છે, જેમ કે :

**(અ) Media : (સંચાર માધ્યમ)**

જેમાં વિકલાંગ બાળક પ્રત્યેની વાતો જેમ કે, વિકલાંગ બાળક એ સૌથી પ્રથમ બાળક છે. તેને સ્વીકારી તેમની હકારાત્મક ક્ષમતાઓ દર્શાવવી જોઈએ. સત્ય ઘટનાઓ, સાચી માહિતી અને જવાબદારીઓથી તેમને માહિતગાર કરવા. તેઓના અહેવાલ દ્વારા વિકલાંગતાને 'દાર્શનિક' બનાવવો.

**(બ) વિશિષ્ટ શાળા :**

- બાળકોની ઓળખ, ચકાસણી કરવામાં મદદ લેવી.
- સામાન્ય શિક્ષકોને તાલીમ પૂરી પાડવી.
- બ્રેઈલ પાટી તથા ગણિત પાટી જેવા વિશિષ્ટ ઉપકરણોનો ઉપયોગ વિશે તાલીમ આપવી.

**(ક) સ્વાસ્થ્ય :**

વિકલાંગતાના પ્રમાણપત્રની પ્રક્રિયા જણાવવી જ્યાં શક્ય હોય ત્યાં વિકલાંગતાની માત્રા ઘટાડવી.

**સંમિલિત શિક્ષણમાં વિવિધ વિભાગોની જવાબદારીઓ :-**

સંકલિત શિક્ષણની પ્રણાલી વિશિષ્ટ અને સામાન્ય શિક્ષક પર અવલંબે છે. હજુ વિકલાંગ બાળકો માટેના શિક્ષણની સંપૂર્ણ જવાબદારી સામાન્ય શિક્ષક હેઠળ આવરી લેવામાં થોડો સમય લાગશે. આથી જ અત્યારે શાળાના વર્ગશિક્ષકોને સંમિલિત શિક્ષણ આપવા માટે વિશિષ્ટ શિક્ષકોની સહાયક સેવાઓની જરૂરિયાત છે. આ તરાહને ચેતનવંતી, ગુણવત્તાયુક્ત અને ગતિશીલ બનાવવા નીચે જેવા વિભાગોની જવાબદારીઓ હોઈ શકે.

'સંમિલિત શિક્ષણ કાર્યક્રમ' એ નિયમિત શિક્ષક અને વિશિષ્ટ શિક્ષક બંને વચ્ચેનું એક ભાગીદારીનું કાર્ય છે. નિયમિત શિક્ષક મોટાભાગે અભ્યાસક્રમ અનુસાર શિક્ષણ આપવા માટે જવાબદાર છે. જ્યારે વિશિષ્ટ શિક્ષકે વધારાની સહઅભ્યાસ પ્રવૃત્તિઓમાં કૌશલ્યો ખીલવવાની રહે. બાળકને શૈક્ષણિક સુવિધાઓ વધારે પ્રાપ્ત થાય તે માટે સમયાંતરે નિયમિત શિક્ષક અને વિશિષ્ટ શિક્ષકે ચર્ચાઓ યોજવી જોઈએ.

યોગ્ય સમયે, યોગ્ય ઢાંચામાં, યોગ્ય સંસાધનોનો ઉપયોગ કરવાથી સંમિલિત શિક્ષણની સફળતા હાંસલ કરી શકાય.

વિકલાંગ બાળકોના શિક્ષણમાં સહઅભ્યાસિક પ્રવૃત્તિઓનું કૌશલ્ય પ્રાપ્ત કરવાની જરૂરિયાત ઉપર વિશેષ ભાર મૂકે છે.

નિયમિત વર્ગખંડ શિક્ષક અને વિશિષ્ટ શિક્ષકે વિકલાંગ બાળક માટે ઉપચારાત્મક શિક્ષણ આપવાની જરૂરિયાત ઉપર સંયુક્ત રીતે કાર્ય કરવાની સજ્જતા કેળવવી પડશે.

સંસ્થાના વડાએ નિયમિત શિક્ષકોની વ્યાવસાયિક સજ્જતા માટે વ્યાવસાયિક કાર્યક્રમનું આયોજન કરવું જોઈએ. જેથી વર્ગશિક્ષકો દ્વારા અપાતા શિક્ષણમાં કોઈ કચાસ ન રહે તેમજ વિકલાંગ બાળકો સામાન્ય શાળામાં સામાન્ય બાળકોની સાથે જ શિક્ષણ પ્રાપ્ત કરે તેવી સમજ કેળવવામાં માતા-પિતાને પ્રોત્સાહન મળે.

**સંમિલિત શિક્ષણની સફળતા માટે કઈ-કઈ બાબતો મહત્ત્વની છે ?**

- અસરકારક અમલીકરણ માટે સામાન્ય શાળાના વર્ગખંડ શિક્ષકોએ તમામ પ્રકારના વિકલાંગ બાળકોની શૈક્ષણિક જરૂરિયાતોને સમજવા વિશિષ્ટ તાલીમની આવશ્યકતા રહે છે.
- 'પ્રિ સર્વિસ ટીચર પ્રિપેરેશન કોર્સ'માં વિકલાંગ બાળકોની વિશિષ્ટ જરૂરિયાતોની બાબતો વિષયવસ્તુમાં સામેલ કરવી જોઈએ. આ રીતે તાલીમ પામેલ શિક્ષકો વર્ગખંડમાં પૂરતી કાળજી રાખીને શીખવી શકશે.
- સંમિલિત શિક્ષણનો અર્થ વિકલાંગતા ધરાવતાં બાળકોને માત્ર સામાન્ય શાળાના વર્ગખંડમાં

પ્રવેશ અપાવવો એવું નથી. પરંતુ બાળક કેન્દ્રસ્થાને રહે, સામાન્ય વર્ગખંડમાં શિક્ષણમાં જોડાયેલો રહે તે માટે મદદ કરવી જોઈએ. પ્રત્યેક બાળકને તેની વિશિષ્ટ જરૂરિયાત અનુસાર માર્ગદર્શન, સલાહ-સૂચન અને સહાયક સેવાઓ મળતી રહે તેવી ગોઠવણ કરવી ખૂબ જ આવશ્યક છે.

**સંમિલિત શિક્ષણ : ફાયદા :-**

- સમવયસ્કતા ધરાવતાં દરેક બાળકો કે જેઓમાં વિવિધતા છે તેઓ તમામ એક જ વર્ગખંડમાં શિક્ષણની સમાન તક મેળવશે અને તે પ્રક્રિયાથી તેઓ પોતાની ક્ષમતા અનુસાર સમાન અભ્યાસક્રમમાં શીખવાની તક મેળવશે.
- એકલતાના બદલે અનુકૂળ લોકોને સંગત પુરી પાડવાની તક સંમિલિત શિક્ષણ આપે છે.
- સ્થાનિક લોકોને વિકલાંગો પ્રત્યેના વલણની સમજાવવાની- સુધારવાની તક પૂરી પાડે છે.
- સંમિલિત શિક્ષણ પ્રણાલી ઓછું ખર્ચાળ અને કોઈ મોટી ભૌતિક માળખાકીય આવશ્યકતા ધરાવતી નથી. જેથી જે તે રાજ્ય સરકાર કે કેન્દ્ર સરકાર ઉપર અથવા તો સમાજ પર બોજારૂપ બનતી નથી.
- પ્રાથમિક, માધ્યમિક અને તકનિકી શિક્ષણમાં સમાન તકો પૂરી પાડી સામાજિક સંકલનમાં મદદરૂપ થાય છે.
- સૌ માટે ગુણવત્તાસભર શિક્ષણ પુરું પાડે.
- વિવિધતાનો સ્વીકાર અને સ્વીકૃતિ.
- સુંદર વિશ્વ બનાવવા માટેનું વૈશ્વિક કદમ.

**ભારતમાં સંમિલિત શિક્ષણનું ભવિષ્ય :-**

સામાન્ય શાળાના વર્ગખંડ શિક્ષકોને સામાન્ય શિક્ષણ પ્રણાલી-પ્રવિધિની સાથે સાથે વિશિષ્ટ જરૂરિયાતવાળાં બાળકોની શૈક્ષણિક બાબતો અંગેની તાલીમની હિમાયત RCI (ભારતીય પુનર્વાસ પરિષદ) કરે છે. આ બાબત એવું સૂચવે છે કે વિશિષ્ટ શિક્ષણની પૃષ્ઠભૂમિકા ધરાવતાં શિક્ષકો સામક્ય શિક્ષક તરીકે કામગીરી બજાવે છે. કે જે સંમિલિત શિક્ષણ માટે લાભપ્રદ છે.

કેટલાંક મંડળો-સંગઠનોએ વિશિષ્ટ જરૂરિયાતવાળા બાળકો તેમની ખાસ જરૂરિયાતોની પૂર્ણતા કરવા બહાદુરીભર્યા, સંનિષ્ઠ પ્રયાસો કરીને આ શિક્ષણપ્રણાલીને વધુ સફળતાના માર્ગે આગળ વધારેલ છે.

દુનિયાના બીજાં વિકસતાં રાષ્ટ્રોને સંમિલિત શિક્ષણના વિકાસ માટેની નીતિઓ અને શિક્ષણ નમૂનાઓનો પ્રશ્ન નથી. પરંતુ પ્રસરણ અગર તો વિસ્તરણનો છે. એક સમૂહ વૈશ્વિક ચળવળ થવી જોઈએ. ભારતના પરિપ્રેક્ષ્યમાં કહી શકાય કે વિશિષ્ટ જરૂરિયાતવાળા બાળકોના વિકાસ માટે નીતિમાં કોઈ અવરોધ કે અંતરાય નડે તેમ નથી. વિશ્વના તમામ દેશોમાં સંમિલિત શિક્ષણની બાબતમાં ભારત ખૂબ જ આગળ છે અને રહેશે.

**ઉપસંહાર :-**

સામાજિક, શારીરિક અને ભાવનાત્મક રીતે વિશિષ્ટ રીતે શક્તિ ધરાવતાં બાળકને જો માતા-પિતા અન્ય બાળકો અને શિક્ષક તરફથી અસ્વીકાર થાય તો તેની હતાશા બેવડાય છે. વિશિષ્ટ જરૂરિયાતવાળા બાળકોની ક્ષમતા અનુસારના શિક્ષણની જરૂર છે.

શાળાના સંચાલકો અને શિક્ષકો દ્વારા વિશિષ્ટ શૈક્ષણિક જરૂરિયાતોને ધ્યાન પર લઈ અભ્યાસ કરાવવાની શિક્ષણપ્રક્રિયા એટલે જ સંમિલિત શિક્ષણ.

×જો તમે 100 વર્ષનું આયોજન કરતાં હોય તો વિકલાંગ બાળકોને સંમિલિત શિક્ષણ આપો.×

## 6.2 સારાંશ

સંમિલિત શિક્ષણનો આશય અને હેતુ વિકલાંગ બાળકોને અવરોધમુક્ત વાતાવરણમાં ગુણવત્તાયુક્ત શિક્ષણ સામાન્ય શાળામાં સામાન્ય બાળકોની સાથે મળી રહે તેવો છે. શાળામાં આવતા બાળકોની

શીખવાની ગતિ જુદી જુદી હોય છે. તેથી દરેક બાળકને સરખી ગતિએ શીખવી શકાય નહિં પરંતુ દરેક બાળકને તેના રસ, રુચિ, વલણ પારખી તેના અનુસાર તેના સર્વાંગી વિકાસ માટેના પ્રયત્નો શાળા, શિક્ષક અને સંચાલક દ્વારા કરવામાં આવે તે તેનો હેતુ છે. બાળકોને એક સાથે અભ્યાસ કરવાની તક મળે તે માટેનો છે. પ્રસ્તુત પ્રકરણમાં સંમિલિત શિક્ષણની સંકલ્પના સ્વરૂપ, લાક્ષણિકતાઓ, સિદ્ધાંતો જરૂરિયાત તેમજ તેના કાયદા વિશે વિગતે ચર્ચા કરેલ છે.

પ્રસ્તુત એકમમાં વિશિષ્ટ શિક્ષણની વ્યાખ્યા, સંકલ્પના સ્વરૂપ, હેતુઓ, સિદ્ધાંતો, જરૂરિયાત અને વિશેષતાઓની ચર્ચા કરવામાં આવી. 'સામાન્ય શિક્ષણની જોગવાઈ વડે જેમણે પોતાની વયને અનુરૂપ શૈક્ષણિક, સામાજિક અને સિદ્ધિઓના સ્તર પ્રાપ્ત કર્યા નથી અને જેઓ પ્રાપ્ત કરી શકે તેવાં શિક્ષણના સ્વરૂપને વિશિષ્ટ શિક્ષણ કહેવામાં આવે છે.'

વિશિષ્ટ શિક્ષણના સિદ્ધાંતોમાં બધા જને સામેલ કરવું, સમાન મૂલ્યાંકન, ઉચિત શિક્ષણ, સહકારયુક્ત વાતાવરણ અને વાલી અને બાળકની સહભાગીદારીનો સમાવેશ થાય છે.

વિશિષ્ટ બાળકો સુધી શિક્ષણનો અધિકાર વહેંચતો કરવા માટે અને સૌને માટે શિક્ષણએ ઉદ્દેશ્યની પરિપૂર્ણતા કરવા માટે વિશિષ્ટ શિક્ષણ જરૂરી છે. વિશિષ્ટ શિક્ષણ માટે સ્વૈચ્છિક સંસ્થા, સામાન્ય શાળાના આચાર્ય અને વર્ગશિક્ષક, કુટુંબ તથા સમાજ, બાળક સ્વયં, રિસોર્સરૂમ વગેરે મહત્ત્વની ભૂમિકા ભજવી શકે છે.

વિશિષ્ટ શિક્ષણનાં વિકાસમાં આંતરરાષ્ટ્રીય મંતવ્યો, ઈતિહાસ, ભારતમાં વિશિષ્ટ શિક્ષણ અને વિશિષ્ટ શિક્ષણ માટેની સંસ્થાઓ વિશે ચર્ચા કરેલ છે. સંયુક્ત રાષ્ટ્રોએ 1981ના વર્ષને- 'અપંગો માટેનું આંતરરાષ્ટ્રીય વર્ષ' જાહેર કરીને આવા બાળકો તરફ દુનિયાનું ધ્યાન ખેંચ્યુ.

વિશ્વ અંધદિન- 18મી સપ્ટેમ્બરે,

વિશ્વ યુદ્ધ દિન - 1 ઓક્ટોબરે, વિશ્વ અપંગ દિન 3જી ડિસેમ્બરે અને વિશ્વ માનસિક વિકલાંગદિન 8મી ડિસેમ્બરે દર વર્ષ વિશ્વભરમાં ઉજવવામાં આવે છે.

વિશિષ્ટ શિક્ષણ માટે, NIHV, દહેરાદૂન : NIOH, કલકત્તા; NIRTAR કટકાં NIHH મુંબઈ; NIMH, સિકંદરાબાદ જેવી સંસ્થાઓ ભારતમાં કાર્યરત છે.

વિશિષ્ટ શિક્ષણનું મહત્ત્વ સમજીને વિશિષ્ટ શિક્ષણના વિકાસ અને અમલીકરણમાં સહાય આપવી આજના સમયની જરૂરિયાત છે. સંમિલિત શિક્ષણ વિશિષ્ટ બાળકોના સામાજિક અને શૈક્ષણિક વિકાસમાં સહાયરૂપ થઈ.

## 6.3 તમારી પ્રગતિ ચકાસો

1. **સંમિલિત શિક્ષણ એટલે શું ?**

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

2. **સંમિલિત શિક્ષણની ત્રણ વિશેષતાઓ જણાવો.**

.....................................................................

.....................................................................

.....................................................................

.................................................................

.................................................................

.................................................................

3. **સંમિલિત શિક્ષણના બે સિદ્ધાંતો લખો.**

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

## 6.4 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

1. પાના નં. 23 જુઓ.
2. પાના નં. 26 જુઓ.
3. પાના નં. 27 જુઓ.

ડૉ. બાબાસાહેબ આંબેડકર
ઓપન યુનિવર્સિટી

# ES-134
# વિશિષ્ટ શિક્ષણ
# (સ્પે. એજ્યુકેશન)

વિભાગ

# 3

## શારીરિક ક્ષતિ ધરાવતા બાળકો


એકમ-7 શારીરિક વિશિષ્ટ બાળકો

એકમ-8 બધિર બાળકો

એકમ-9 અસ્થિવિષયક બાળકો

એકમ-10 મંદબુદ્ધિ ધરાવતા બાળકો

એકમ-11 અંધ બાળકો

**ES-134, વિશિષ્ટ શિક્ષણ(સ્પે. એજ્યુકેશન) (વિભાગ-3)**


| **લેખક** | |
|---|---|
| **ડૉ. ધર્મેન્દ્ર બકરાણિયા** | ક્રાંતિગુરુ શ્યામજીકૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટી, કચ્છ. |
| **પરામર્શક (વિષય)** | |
| **ડૉ. રામજીભાઈ એન. પટેલ** | એમ. એડ્. કૉલેજ, વડું |
| **પરામર્શક (ભાષા)** | |
| **ડૉ. દિવ્યા શર્મા** | આઈ. આઈ. ટી. ઈ. ગાંધીનગર |
| **સંપાદન અને સંયોજન** | |
| **પ્રો. (ડૉ.) અજીતસિંહ પી. રાણા** | નિયામકશ્રી (શિક્ષણશાસ્ત્ર) ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી. અમદાવાદ. |
| **સંયોજન સહાય** | |
| **ડૉ. મીના આઈ. રાજપૂત** | ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી. અમદાવાદ. |



**પ્રકાશક :** કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ-382481

**આવૃત્તિ :** પ્રથમ આવૃત્તિ-2020, **નકલ :** 1200

દ્વિતીય આવૃત્તિ-2021, **નકલ :** 1200

**ISBN : 978-93-5598-192-9**



Copyright © Registrar, Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad. December 2020

While all efforts have been made by editors to check accuracy of the content, the representation of facts, principles, descriptions and methods are that of the respective module writers. Views expressed in the publication are that of the authors, and do not necessarily reflect the views of Dr. Babasaheb Ambedkar Open University. All products and services mentioned are owned by their respective copyrights holders, and mere presentation in the publication does not mean endorsement by Dr. Babasaheb Ambedkar Open University. Every effort has been made to acknowledge and attribute all sources of information used in preparation of this Self Learning Material. Readers are requested to kindly notify missing attribution, if any.

## ES-134 વિશિષ્ટ શિક્ષણ (સ્પે. એજ્યુકેશન)

**વિભાગ-1 : વિશિષ્ટ બાળક**

1. વિશિષ્ટ જરૂરિયાતવાળા બાળકોની સંકલ્પના
2. વિશિષ્ટ બાળકોના પ્રકાર
3. વિશિષ્ટ બાળકોની શૈક્ષણિક જોગવાઈ

**વિભાગ-2 : વિકલાંગતા ધરાવતા બાળકોનું શિક્ષણ**

4. વિશિષ્ટ શિક્ષણ
5. વિશિષ્ટ શિક્ષણનો વિકાસ
6. સંમિલિત શિક્ષણ

**વિભાગ-3 : શારીરિક ક્ષતિ ધરાવતા બાળકો**

7. શારીરિક વિશિષ્ટ બાળકો
8. બધિર બાળકો
9. અસ્થિવિષયક બાળકો
10. મંદબુદ્ધિ ધરાવતા બાળકો
11. અંધ બાળકો

**વિભાગ-4 : વિશિષ્ટ બાળકોનું અધ્યયન**

12. અધ્યયન વિશિષ્ટ બાળકો
13. ડિસ્લકિસક બાળકો
14. ડાયસગ્રાફિયા બાળકો
15. પ્રતિભાશાળી બાળકો

## દૂરવર્તી અધ્યયનમાં સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રીની ભૂમિકા

દૂરવર્તી શિક્ષણ પ્રણાલીમાં અસરકારક સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રી અનિવાર્ય છે. આ અભ્યાસ-સામગ્રીના લેખકો, અધ્યાપકો અને વિદ્યાર્થીઓ એકબીજાથી ઘણાં દૂર અને ક્યારેક તો ક્યારેય ન મળી શકે તેવી સ્થિતિમાં હોવાથી આવી અધ્યયન સામગ્રી સુગમ અને અસરકારક હોવી જરૂરી છે. દૂરવર્તી શિક્ષણ માટેની અભ્યાસ-સામગ્રીમાં વિદ્યાર્થીના બૌદ્ધિક ચિંતનને ઉદ્દીપ્ત કરવાની ક્ષમતા તથા આવશ્યક તમામ અધ્યયન પ્રવૃત્તિઓ હોવી જોઈએ. આ સામગ્રી પાઠ્યક્રમના સામાન્ય અને વિશિષ્ટ હેતુઓના અનુસંધાને વિદ્યાર્થીને પર્યાપ્ત માર્ગદર્શન આપવા સક્ષમ હોવી જોઈએ. સ્વ-અધ્યયન સામગ્રીમાં અભ્યાસક્રમમાં સૂચિત તમામ બાબતોનો સમાવેશ થાય તે જરૂરી છે.

અસરકારક અધ્યયન સિદ્ધ કરવા માટે અનેક પ્રકારના આયોજનનો ઉપયોગ કરવામાં આવે છે; જેનાથી વિદ્યાર્થી જ્ઞાનોપાર્જન કરી શકે. બૌદ્ધિક અને મનોશારીરિક કૌશલ્યો કેળવી શકે અને વર્તન તથા અભિગમમાં આવશ્યક પરિવર્તનો સાધી શકે. આથી જ વિદ્યાર્થીનું મૂલ્યાંકન પણ પાઠ્યસામગ્રીમાં આવરી લેવામાં આવ્યું છે.

દૂરવર્તી શિક્ષણની સ્વ-અધ્યયન અભ્યાસ સામગ્રીમાં ઉપયોગમાં લેવામાં આવેલી શૈક્ષણિક પ્રવૃત્તિઓનું સ્વરૂપ તે શિક્ષણના જ્ઞાનાત્મક, ભાવાત્મક કે મનોશારીરિક હેતુમાંથી કયા હેતુને સંલગ્ન છે ? તેના પર આધારિત છે. આ હેતુઓ ભવિષ્યમાં અનુક્રમે જ્ઞાન, બૌદ્ધિક કૌશલ્યો અને મનોશારીરિક કૌશલ્યોની ઉપલબ્ધિમાં પરિણમે છે. વિદ્યાર્થીએ મેળવેલ જ્ઞાનની પ્રાપ્તિ, ઉપયોગ અને અભિવ્યક્તિ કરવા માટે પ્રોત્સાહિત કરી શકાય. વિદ્યાર્થીઓના પૂર્વજ્ઞાનનો અને અનુભવોનો આધાર લઈને રચવામાં આવેલ શિક્ષણ સામગ્રી દ્વારા બૌદ્ધિક કૌશલ્યના હેતુને સિદ્ધ કરી શકાય છે અને તેના દ્વારા નવીન જ્ઞાન પ્રાપ્તિનો માર્ગ પ્રશસ્ત થાય છે.

અભ્યાસ-સામગ્રીમાં સ્વાધ્યાય પ્રોજેક્ટ અને પ્રતિપૃષ્ટિ(Feedback)ના સ્વરૂપે અભ્યાસનું આયોજન જરૂરી છે. શારીરિક કૌશલ્ય સંબંધિત શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં ચિત્રાત્મક રજૂઆત હોવી જોઈએ અને ત્યારબાદ ઉચિત અભ્યાસનું આયોજન હોવું જોઈએ. વર્તન અને અભિગમમાં પરિવર્તન માટે આયોજિત શિક્ષણ પ્રવૃત્તિઓ રસ જન્માવે તેવી તથા આ પરિવર્તન દ્વારા થતાં લાભ અને તેની જરૂરિયાતને પ્રતિબિંબિત કરે તેવી હોવી જોઈએ. ત્યાર પછી નવાં અભિગમોને અપનાવવાની અને તે સંબંધિત પ્રક્રિયાના યોગ્ય અભ્યાસનું ઉચિત આલેખન થવું જોઈએ.

**દૂરવર્તી શિક્ષણની ભૂમિકા.**

પ્રત્યક્ષ અધ્યાપનમાં જોવા મળતી પ્રત્યાયનની વિશેષતાઓ; જેવી કે અંતરાલાપ, પૂર્વઅભિસંધાન, યોગ્ય સ્થાને વિરામ, આરોહ-અવરોહ, ભાવ-ભંગીમાં, સ્વરભાર વગેરે દૂરવર્તી અધ્યયનમાં ઉપલબ્ધ નથી. આ ઉણપ વિશેષતઃ મુદ્રિત સાહિત્યમાં (લેખિત સાહિત્યમાં) જોવા મળે છે. વિદ્યાર્થી અને શિક્ષક વચ્ચેના વ્યવહારની આ ખૂટતી કડીને જોડવા માટે જ દૂરવર્તી સ્વ-અધ્યયન સામગ્રીમાં શૈક્ષણિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. માટે જ આવી પ્રવૃત્તિઓનું આયોજન વૈકલ્પિક નહીં; પરંતુ અનિવાર્ય છે.

સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રીને નાના એકમોમાં વિભાજિત કરીને શિક્ષણના ઉત્તમ સાધન તરીકે વિકસાવવાની સંકલ્પના છે. શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં વૈવિધ્ય દ્વારા શિક્ષણના વિવિધ ક્ષેત્રના હેતુઓ સિદ્ધ થાય તેવો પ્રયત્ન કરવાનો છે.

દૂરવર્તી શિક્ષણની સ્વ-અધ્યયન સામગ્રીનું આયોજન પૂર્વનિશ્ચિત શૈક્ષણિક નીપજને ધ્યાનમાં લઈને કરવાનું હોવાથી તેના હેતુઓ અને ધ્યેયો નિશ્ચિત હોય છે. વળી અધ્યેતાઓ દૂરસ્થ હોવાથી આ સામગ્રી દ્વારા તેઓ નિશ્ચિત અધ્યયન પ્રવૃત્તિઓમાં સંલગ્ન રહે તેવું આયોજન કરવામાં આવે છે. જેથી અધ્યેતાઓ સંબંધિત સંકલ્પનાઓને બરાબર સમજી શકે. સ્વ-અધ્યયન સામગ્રીમાં સાથે સંકળાયેલ સ્વાધ્યાયો, પ્રાયોગિક કાર્યો, પ્રવૃત્તિઓ અને પ્રકલ્પોનો પણ આ જ હેતુ છે. આ સામગ્રી માટે ઉચિત શૈક્ષણિક પ્રવૃત્તિઓની ઉદાહરણરૂપ સૂચિ ઘણી મોટી હોઈ શકે. આ સંદર્ભે શૈક્ષણિક પ્રવૃત્તિઓ વિદ્યાર્થીને અભિપ્રેરિત કરે છે, માર્ગદર્શન આપે છે અને વિદ્યાર્થીની પ્રગતિ અને પ્રદર્શનનું સતત માપન-મૂલ્યાંકન પણ કરે છે.

એકમ 7

# શારીરિક વિશિષ્ટ બાળકો

## : રૂપરેખા :

7.1 પ્રસ્તાવના

7.2 ઉદ્દેશો

7.3 શારીરિક વિશિષ્ટ બાળકોના પ્રકાર

7.3.1 અંધ : વ્યાખ્યા, સ્વરૂપ અને સંકલ્પના

7.3.2 દષ્ટ્રિક્ષતિવાળા બાળકોની ઓળખ

7.3.3 દષ્ટિક્ષતિવાળા બાળકોના લક્ષણો

7.3.4 દષ્ટિક્ષતિવાળા બાળકોની શૈક્ષણિક જરૂરિયાત

7.3.5 અલ્પદષ્ટિ : વ્યાખ્યા, સ્વરૂપ અને સંકલ્પના

7.3.6 અલ્પદષ્ટિની લાક્ષણિકતા અને શૈક્ષણિક જરૂરિયાત

7.3.7 અલ્પદષ્ટિવાળા બાળકો માટે શૈક્ષણિક જોગવાઈ

7.4 સારાંશ

7.5 તમારી પ્રગતિ ચકાસો

7.6 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

### 7.1 પ્રસ્તાવના

સામાન્ય રીતે શાળાઓમાં આવતાં બધા જ બાળકોને તેમની કક્ષા અનુસાર શિક્ષણ આપવાનો પ્રયત્ન કરીએ છીએ. એક જ વર્ગખંડમાં અભ્યાસ કરતાં બાળકોની માનસિક કક્ષા જુદી-જુદી હોય છે. આ બાળકો માનસિક કક્ષા, રસ, રુચિ, વલણો કે અભિયોગ્યતામાં વૈયક્તિક તફાવત ધરાવે છે. કેટલાંક બાળકોમાં શક્તિ વધારે હોય છે, તો કેટલાંક બાળકો નિમ્ન શક્તિ ધરાવે છે. વર્ગખંડમાં આપણે જે શિક્ષણ આપીએ છીએ તે સર્વસામાન્ય શિક્ષણ હોય છે. પરંતુ જે બાળકો સામાન્ય બુદ્ધિકક્ષા ધરાવતાં નથી. તે બાળકો માનસિક કે બૌદ્ધિક રીતે પછાત હોય છે. જે બાળકો શારીરિક કે માનસિક રીતે વિકલાંગ હોય છે તેઓ માટે સામાન્ય બાળકોને માટે અપાતું શિક્ષણ આપવું હિતાવહ નથી. જે બાળકો વર્ગના અન્ય બાળકો જેવાં સામાન્ય હોતાં નથી પરંતુ તેમનામાં શારીરિક, માનસિક રીતે કંઈક વિશિષ્ટ હોય છે. તેવા બાળકો વિશિષ્ટ બાળકો તરીકે ઓળખાય છે. તેમના શારીરિક વિશિષ્ટતા મુજબ તેના પાલન-પોષણ, સંતુલિત વિકાસ, સમાયોજન માટે વિશેષ દેખરેખ રાખવી પડે છે. તેમની સમસ્યાઓના સંદર્ભમાં ખાસ પ્રકારનું શિક્ષણ આયોજન કરવામાં આવે છે. શારીરિક વિશિષ્ટ બાળકોના શિક્ષણ માટે ખાસ જોગવાઈ કરવામાં આવે છે.

### 7.2 ઉદ્દેશો

1. શારીરિક વિશિષ્ટ બાળકોની વ્યાખ્યા, સંકલ્પના અને સ્વરૂપ જાણી શકાશે.
2. શારીરિક વિશિષ્ટ બાળકોના લક્ષણો અને જરૂરિયાતો જાણી શકાશે.
3. અંધ બાળકોની લાક્ષણિકતા અને જરૂરિયાતો જાણી શકાશે.
4. અલ્પદષ્ટિવાળા બાળકોની સંકલ્પના, લાક્ષણિકતાઓ અને જરૂરિયાતો જાણી શકાશે.
5. બધિર બાળકોની સંકલ્પના, લાક્ષણિકતાઓ અને શૈક્ષણિક જરૂરિયાતો જાણી શકાશે.

6. અસ્થિવિષયક બાળકોની સંકલ્પના, લાક્ષણિકતાઓ અને શૈક્ષણિક જરૂરિયાતો જાણી શકાશે.

7. શારીરિક વિશિષ્ટ બાળકોની સમસ્યાઓ અને તેના ઉકેલ જાણી શકાશે.

## 7.3 શારીરિક વિશિષ્ટ બાળકોના પ્રકાર

### 7.3.1 અંધ : વ્યાખ્યા, સ્વરૂપ અને સંકલ્પના

જે બાળકો શારીરિક ક્ષતિ ધરાવતા હોય અથવા શારીરિક ખોડખાંપણ ધરાવતા હોય તેમનો શારીરિક વિશિષ્ટ બાળકમાં સમાવેશ કરવામાં આવે છે. શારીરિક ક્ષતિમાં અંધત્વ કે બધિરતાની ખામી જોવા મળે છે. અસ્થિતંત્રની વિકલાંગતા જેમ કે, બાળલકવો, પંગુતા, કુપોષણને લીધે વિકલાંગતા જોવા મળે છે. શારીરિક રીતે વિકલાંગ બાળકો પરાવલંબી બની જાય છે. તેમણે માતા-પિતા, સ્વજનો કે મિત્રો અને શિક્ષકોનો સહારો લેવા પડે છે. પોતાની દૈનિક ક્રિયાઓ માટે સમાજ અને સ્વજનોની મદદ લેવી પડે છે. તેઓને અન્ય લોકો પર આધાર રાખવો પડતો હોવાથી લઘુતાગ્રંથિથી પીડાય છે. શારીરિક વિકલાંગ બાળકો સામાજિક વિકલાંગતાનો અનુભવ કરે છે. આ બાળકોનો સામાજિક વિકાસ થતો નથી. વિકલાંગતાને કારણે મનોવૈજ્ઞાનિક સમસ્યાઓનો શિકાર બને છે. અંધ બાળકોના શિક્ષણ માટે વિશિષ્ટ વિદ્યાલયો તેમજ બ્રેઈલ લિપીના માધ્યમથી ભણાવવામાં આવે છે.

દૃષ્ટિક્ષતિને મુખ્ય ત્રણ ભાગમાં વહેંચવામાં આવે છે.

(1) સંપૂર્ણ અંધ (2) અંશતઃ અંધ (3) અલ્પ દૃષ્ટિ

**સંપૂર્ણ અંધ :**

જે બાળકને દૃષ્ટિનો સંપૂર્ણ અભાવ હોય તેને સંપૂર્ણ અંધ કહેવામાં આવે છે. આ ઉપરાંત 6/60 દૃષ્ટિક્ષમતા બાળકને સંપૂર્ણઅંધ કહી શકાય.

**અંશતઃ અંધ :**

જેઓની દૃષ્ટિ ક્ષમતા 3/60-6/60 હોય તેઓને અંશતઃ અંધ ગણવામાં આવે છે.

**અલ્પદૃષ્ટિ :**

જેઓની દૃષ્ટિ ક્ષમતા 6/60 ની 18/60 હોય તેઓ અલ્પદૃષ્ટિ ધરાવે છે.

પ્રજ્ઞાચક્ષુ બાળકોના શિક્ષણ માટે વિશિષ્ટ વ્યવસ્થા કરવામાં આવે છે. સંકલિત શિક્ષણ, સંમિલિત શિક્ષણનો લાભ આપવામાં આવે છે. તેમની લખવા સંબંધી કુશળતાને વિકસાવવા માટે ખાસ ઉપકરણોનો ઉપયોગ કરવામાં આવે છે. વિશિષ્ટ પ્રકારનો પાઠ્યક્રમ રચવામાં આવે છે. જેથી વાંચન, લેખન, ગણનનો વિકાસ સાધી શકે ખાસ કરીને બ્રેઈલ લિપીનો ઉપયોગ કરવામાં આવે છે. સંગીત, કલા, ઉદ્યોગની તાલીમ આપવામાં આવે છે. દૃષ્ટિક્ષતિવાળા બાળકો સ્વાવલંબી બને તે માટે વિવિધ કૌશલ્યોની તાલીમ આપવામાં આવે છે. વ્યાવસાયિક તાલીમ દ્વારા પગભર બનાવવામાં આવે છે. પગલૂંછણીયા, ફાઈલ બનાવવી, વણાટકામ, ચર્મકામ, બોક્ષ બનાવવા વગેરેનું પ્રશિક્ષણ આપવામાં આવે છે. પ્રજ્ઞાચક્ષુ બાળકોના, શિક્ષણ અને સમાયોજન માટે, 'દૃષ્ટિ વિકલાંગ રાષ્ટ્રીય સંસ્થાન' (National Institute for the Visually Handicapped) સન ઇ.સ.1971 થી દેહરાદુનમાં કાર્યરત છે.

દૃષ્ટિક્ષતિ ધરાવતાં બાળકો માટે

(1) અંધજન મંડળ

આઇ.આઇ.એમ. પાસે, વસ્ત્રાપુર, અમદાવાદ.

(2) અંધશાળા

આશ્રમ રોડ, નવરંગપુરા, અમદાવાદ.

શિક્ષણકાર્ય કરી રહી છે.

(3) નેશનલ એસોસિયેશન ફોર ધી બ્લાઈન્ડ (N.A.B.) મુંબઈ અને બેંગ્લોરમાં ઇ.સ.1952માં સ્થાપના.

(4) શ્રી રામકૃષ્ણમિશન કોઇમ્બતુર અંધ બાળકોને શિક્ષણ આપે છે.

(5) વિક્ટોરીયા મેમોરીયલ સ્કુલ મુંબઈ અંધબાળકોને શિક્ષણ આવે છે. રોયલ મેમનવેલ્થ સોસાયટી ફોર મુંબઈમાં છે જે અંધાપો દૂર કરવા માટે કે અટકાવવા માટે અને અંધજનોના પુર્ન વસન માટે કામ કરે છે.

(6) સ્કૂલ ફોર બ્લાઈન્ડ, બેંગ્લોર દૃષ્ટિની ખામીવાળા બાળકો માટે મફત નિવાસી શાળા ચલાવે છે.

### 7.3.2 દૃષ્ટિક્ષતિવાળા બાળકોની ઓળખ

સામાન્ય રીતે પોતાના બાળકને દૃષ્ટિની તકલીફ છે. તેવું ઘણાં લાંબા સમયગાળા સુધી માતા-પિતા જાણી શકતા નથી. પોતાનું બાળક જો સામાન્ય બાળક કરતાં જુદાં પ્રકારનું વર્તન કરે તો માતા-પિતાએ તરત જ ચેતવાની જરૂર છે. આ વાત વર્ગશિક્ષકને એટલી જ લાગુ પડે છે. પોતાના ઘરમાં કે વર્ગમાં રહેલ બાળક દૃષ્ટિની ખામી છે તે સમજવાની જરૂર છે. બાળક નેત્રહીન છે કે નહી ? તેની દૃષ્ટિક્ષમતા કેટલી છે ? તે જાણવા માટે કેટલીક લક્ષણો ધ્યાનમાં રાખવા જરૂરી છે.ે ની ઓળખ માટે નીચે જેવા લક્ષણો જોવા મળે છે.

- આંખ વારંવાર લાલ થઈ જવી.
- આંખ વારંવાર ભીની થઈ જવી.
- પ્રકાશના ઉદ્‌ગમસ્થાન તરફ આંખ, માથું વગેરે ફેરવ્યા કરવું.
- એક આંખ બંધ કરી બીજી આંખથી જોવાનો પ્રયત્ન કરવો.
- નાની વસ્તુને નજીકથી જોવાનો પ્રયત્ન કરવો.
- કોઈપણ વસ્તુ સ્પષ્ટ જોવા માથું, ઊંચુ-નીચું કરવું.
- વધારે પ્રકાશમાં બરાબર ન જોઈ શકવું.
- વાંચન વખતે માથું ડાબી, જમણ બાજુ કે નજીક દૂર લઈ જવું.
- દૂરની વસ્તુ જોવામાં તકલીફ અનુભવવી.
- કાળાં પાટીયા પરની નોંધ વાંચતી વખતે બીજાને વારંવાર પૂછ્યાં કરવું.
- આંખમાં બળતરાં કે ખંજવાળની ફરિયાદ હોવી.
- બારીકાઈથી કામ કર્યા પછી કે વાંચન બાદ માથું દુઃખાવાની, થાક કે માનસિક તાણ અનુભવવી.
- એક મીટર દૂરથી આંગળાઓ કે વસ્તુઓ સરળ કે સારી રીતે ન ગણી શકવા.
- આંખ એકદમ ઝીણી કે મોટી હોવી કે બહાર નીકળી ગયેલી હોવી.
- આંખ સ્થિર રહેવી એટલે કે ચકળવકળ થયા કરવી.
- આંખ ત્રાંસી હોવી.
- આંખની કીકીમાં સફેદ ડાઘ હોવો.
- કીકી નાની કે મોટી હોવી.
- આંખનો સફેદભાગ કાળા ભાગ પર અડી ગયેલો હોવો.
- નેત્રખીલ કે આંજણી જેવા રોગના લક્ષણો દેખાવા.
- વાંચતી વખતે ક્યાં સુધી વાંચ્યું તે ભૂલી જવું.
- આંખ અને હાથ પરસ્પરના અનુકુલનનો અભાવ.
- લોકો કે પદાર્થો સાથે અથડાઈ જવું.
- પોતાનાથી અમુક અંતરે પડેલી વસ્તુનું મૂળ સ્થાન ન જાણી શકે.
- વારંવાર આંખો પટપટાવવી.

### 7.3.3 દૃષ્ટિક્ષતિવાળા બાળકોના લક્ષણો

- દૃષ્ટિક્ષતિ ધરાવતા બાળકોની દૃષ્ટિક્ષમતા 3/60, 6/60, 18/60 હોય છે.
- આવાં બાળકોની આંખો વારંવાર ભીની થઈ જાય છે.
- બાળકોને દૂરની વસ્તુ જોવામાં તકલીફ પડે છે.
- બાળકો વધારે પ્રકાશમાં બરાબર જોઈ શકતાં નથી.
- આવાં બાળકોને વસ્તુ જોવાં માટે માથું ઊંચું-નીચું કરવું પડે છે.
- બાળકોની કીકી પર સફેદ ડાઘ જોવા મળે છે.
- બાળકોની આંખોમાં ખીલ કે આંજણીઓ જોવા મળે છે.
- બાળકોની આંખ ત્રાંસી હોય કે મોટી હોય છે.
- દૃષ્ટિક્ષતિ ધરાવતા બાળકો અથડાઈ જાય છે.
- કાળાં પાટિયા પર લખેલ બાબતો વાંચતી વખતે વારંવાર બીજાને પૂછે છે.
- વાંચતી વખતે ક્યાં સુધી વાંચ્યું તે ભૂલી જાય છે.
- દૂરની વસ્તુ જોવામાં તકલીફ અનુભવે છે.
- નાની વસ્તુને નજીકથી જોવા પ્રયત્ન કરે છે.
- એક આંખ બંધ કરી બીજી આંખથી જોવાનો પ્રયત્ન કરે છે.

### 7.3.4 દૃષ્ટિક્ષતિવાળા બાળકોની શૈક્ષણિક જરૂરિયાત

સામાન્ય રીતે આપણા સમાજમાં એક એવી ખોટી માન્યતા પ્રવર્તે છે કે દૃષ્ટિહીન વ્યક્તિ દૃષ્ટિના અભાવને લીધે કશું જ કરી શકે નહી. દૃષ્ટિહીન વ્યક્તિને લખવા, વાંચવા, પોતાની દૈનિક ક્રિયાઓ કરવામાં મુશ્કેલી પડે છે. પરંતુ તેઓ દૃષ્ટિ સિવાયની બીજા જ્ઞાનેન્દ્રિયો જેવી કે શ્રવણ, સ્પર્શ, સ્વાદનો ઉપયોગ કરી ઉત્તમ શિક્ષણ પ્રાપ્ત કરી શકે છે. જેના માટે જરૂર છે તેઓને યોગ્ય કેળવણી, માર્ગદર્શનની. દૃષ્ટિહીન વ્યક્તિને ઘરના સભ્યો, માતા-પિતા, સમાજમાંથી યોગ્ય કેળવણી કે માર્ગદર્શન મળે તો સમાજમાં ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કરી શકે છે. પ્રાચીન સમયમાં અંધ બાળકોને શિક્ષણ આપવામાં આવતું ન હતું અને એવી માન્યતા પ્રવર્તતી હતી કે દૃષ્ટિહીન વ્યક્તિને ઘરમાં બેસાડી રાખવી તેને ઘરની બહાર કઢાય જ નહી. સંયુક્ત કુટુંબ પ્રથામાં અંધ બાળકને ઘરના અન્ય વ્યક્તિનો સહારો મળી જતો પરંતુ, આજના વિભક્ત કુટુંબ પ્રથામાં અંધ બાળકનું કોણ ? જેથી તેને પોતાના પગ પર ઊભા રહેવાની ફરજ પડી. દૃષ્ટિહીનો માટેની પ્રથમ નિવાસી શાળા ઈ.સ. 1784માં પેરિસમાં શરૂ કરવામાં આવી. આમ, અંધ બાળકોના શિક્ષણ માટે નિવાસી શાળાની વિશ્વમાં શરૂઆત થઈ.

અંધ બાળકના શિક્ષણની જરૂરિયાતો માટે નીચે જેવા મહત્ત્વના પરિબળો ભાગ ભજવે છે.

- જ્ઞાનની સાધના હેતુ માટે પણ અંધ વ્યક્તિએ શિક્ષણ મેળવવું જોઇએ.
- સમાજ પ્રત્યે પોતાની ઉત્પાદકતા સાબિત કરવા માટે શિક્ષણ મેળવવું જોઇએ.
- શિક્ષણ દ્વારા અંધ વ્યક્તિમાં ચારિત્ર્ય ઘડતર અને આત્મસાક્ષરતાના ગુણો વિકસે છે.
- શિક્ષણ જ અંધ વ્યક્તિને નાગરિકતાની સાચી તાલીમ આપે છે.
- પૂર્ણ જીવન જીવવા અને આર્થિક ઉપાર્જન માટે અંધ વ્યક્તિને શિક્ષણની જરૂર પડે છે.
- સ્વદેશાભિમાન અને વિશ્વબંધુત્વની ભાવના વિકસાવવા શિક્ષણ જરૂરી છે.

શિક્ષણના માળખાને બે વિભાગમાં વહેંચવામાં આવે છે.

(1) નિવાસી શાળા (2) સંકલિત શિક્ષણ

**(1) નિવાસી શાળા :** નિયમિત શાળા પદ્ધતિ એવી છે કે જેમાં દૃષ્ટિહીન બાળક હૉસ્ટેલમાં રહી હૉસ્ટેલ સાથે જોડાયેલી શાળામાં પોતાના જેવાં જ વિદ્યાર્થી સાથે રહીને અભ્યાસ કરે છે.

**(2) સંકલિત શિક્ષણ :** નિવાસી શાળાની અમુક મર્યાદામાંથી સંકલિત શિક્ષણનો જન્મ થયો છે. આ પદ્ધતિ ઇ.સ.1986માં ઘડવામાં આવી હતી. આ પદ્ધતિમાં બાળકો તેના ઘર, કુટુંબ, પડોશી, સમાજ વચ્ચે રહી પોતાના ગામમાં કે ઘરની નજીકની સામાન્ય શાળામાં સામાન્ય બાળકો વચ્ચે રહી અભ્યાસ કરે છે. પ્રવાસી શિક્ષક અઠવાડિયામાં ઓછામાં ઓછી એક મુલાકાત દરેક વિદ્યાર્થીની લેતાં હોય છે અને તેને વિશિષ્ટ સાધનોનો ઉપયોગ, બ્રેઈલ લિપી, ઑરિએન્ટેશન, મોબાલિટી વગેરે જેવી વિશિષ્ટ તાલીમ આપે છે.

### 7.3.5 અલ્પદૃષ્ટિ : વ્યાખ્યા, સ્વરૂપ અને સંકલ્પના

સામાન્ય રીતે બાળકોમાં શારીરિક વિકલાંગતામાં હાથ-પગ, કાન, આંખનો સમાવેશ થાય છે. આંખની વિકલાંગતા દૃષ્ટિક્ષતિ, કાનની વિકલાંગતા શ્રવણક્ષતિ અને હાથ-પગની વિકલાંગતા ઘણીવાર લકવાગ્રસ્ત સ્વરૂપે કે અન્ય ખામી સ્વરૂપે જોવા મળે છે. આવી વિકલાંગતા ધરાવતા બાળકોને શિક્ષણ આપવા ખાસ પ્રકારનું અધ્યયન-અધ્યાપનની જરૂર હોય છે. તેમાં પણ આંખની વિકલાંગતા જે દૃષ્ટિક્ષતિ નામે ઓળખાય છે. ઘણીવાર બાળક જન્મથી જ સંપૂર્ણ અંધ કે જીવન દરમ્યાન રોગ કે અકસ્માતને લીધે આંખોનું તેજ ગુમાવેલું હોય છે. તો ઘણીવાર અંશતઃ દૃષ્ટિ ધરાવે છે. કેટલાંક બાળકોને રાત્રે દેખાતું નથી. આવી ઘણા પ્રકારની ખામીઓ જોવા મળે છે. દૃષ્ટિક્ષતિ ધરાવતા બાળકની ક્ષતિ નક્કી કરવા માટે દૃષ્ટિની અક્ષમતા અને દૃષ્ટિનું ક્ષેત્ર નક્કી કરવામાં આવે છે. આ ઉપરાંત ઈ.સ. 1995ના વિકલાંગ ધારાને આધારે અલ્પદૃષ્ટિને પણ દૃષ્ટિક્ષતિનો એક પ્રકાર ગણવામાં આવે છે. W.H.O. એ દૃષ્ટિક્ષતિને ત્રણ ભાગમાં વહેંચી છે. સંપૂર્ણ અંધ, અંશતઃ અંધ અને અલ્પદૃષ્ટિ. આમ, સંપૂર્ણ અંધ કે જેની દૃષ્ટિ ક્ષમતા 6/60 હોય, અંશતઃ અંધ કે જેની દૃષ્ટિક્ષમતા 3/60 થી 6/60 હોય જ્યારે અલ્પદૃષ્ટિ કે જેની દૃષ્ટિક્ષમતા 6/30 થી 18/60 હોય તે પ્રમાણે દૃષ્ટિક્ષતિનું વર્ગીકરણ કરવામાં આવે છે. W.H.O. ની વ્યાખ્યાઓને આધારે દૃષ્ટિક્ષતિને માપી શકાય છે. ઈ.સ.1995ના વિકલાંગધારાને આધારે અલ્પદૃષ્ટિને પણ દૃષ્ટિક્ષતિનો એક પ્રકાર ગણવામાં આવ્યો છે.

**વ્યાખ્યા :**

સારવાર પછી અથવા પ્રમાણિત વકીભવન ક્ષમતામાં સુધારો કર્યા પછી પણ જો દૃષ્ટિની ખામી રહી જાય અને આવી વ્યક્તિ યથાયોગ્ય સાધન વડે દૃષ્ટિનો ઉપયોગ કાર્ય માટે કરતી હોય અથવા કરવાને અક્ષમ હોય તેવી વ્યક્તિ અલ્પદૃષ્ટિ ધરાવે છે. દૃષ્ટિક્ષતિને ત્રણ ભાગમાં નીચે મુજબ વ્યાખ્યાયિત કરવામાં આવી છે.

**(1) સંપૂર્ણ અંધ :** જેઓ દૃષ્ટિનો સંપૂર્ણ અભાવ હોય તેઓને સંપૂર્ણ અંધ કહેવામાં આવે છે.

**(2) અંશતઃ અંધ :** જેમની દૃષ્ટિક્ષમતા 3/60 થી 6/60 હોય તેમને અંશતઃ અંધ ગણવામાં આવે છે.

**(3) અલ્પદૃષ્ટિ :** જેમની દૃષ્ટિક્ષમતા 6/60 થી 18/60 હોય તેમને અલ્પદૃષ્ટિ ગણવામાં આવે છે.

અલ્પદૃષ્ટિની ખામી ધરાવતો બાળક પૂરેપૂરું સ્પષ્ટ જોઈ શકતો નથી. તેને ખામીને લીધે કોઇપણ વસ્તુ જોવામાં, ઓળખવામાં, વાંચવામાં તકલીફ પડે છે.

અલ્પદૃષ્ટિ ધરાવતાં બાળકોનાં લક્ષણો :

- દૃષ્ટિ ખામીને લીધે કોઇપણ વસ્તુને જોવા માટે નજર યોગ્ય રીતે સ્થિર થતી હોતી નથી.
- અલ્પદૃષ્ટિ ધરાવતું બાળક સામાન્ય બાળકની માફક ઝડપથી હરીફરી શકતું નથી. બીજાનો સહારો લેવો પડે છે.
- અલ્પદૃષ્ટિ ધરાવતું બાળક કોઇપણ વસ્તુ તરફ જોવા માટે વારંવાર માથું ફેરવ્યાં કરે છે. આંખો પટપટાવે છે.

- અલ્પદૃષ્ટિની ક્ષતિ ધરાવતું બાળકને વાંચન માટે મુશ્કેલી અનુભવે છે. વારંવાર બીજાને પૂછ્યાં કરે છે.
- આવાં બાળકો પોતાનાથી અમુક અંતરે પડેલી વસ્તુનું મૂળસ્થાન જાણી શકતા નથી કે ઓળખી શકતાં નથી.
- આવાં બાળકો વાંચતી વખતે પોતે વારંવાર છેલ્લું વાક્ય ક્યાં સુધી વાંચ્યું તે ભૂલી જાય છે.
- આવાં બાળકોની આંખો વાંચતી વખતે સ્થિર રહેતી નથી કે ચકળવકળ થયા કરે છે.
- આવાં બાળકને દૂરની વસ્તુ જોવામાં તકલીફ પડે છે. ઘણીવાર માથું દુઃખવાની ફરિયાદ કરે છે.
- આવાં બાળકોની આંખો લાલ થઈ જવી, વાંચવા કે જોવા માટે આંખોને વધુ રગડતો જોવા મળે છે.
- આવાં બાળકો વધારે પ્રકાશમાં વસ્તુને બરાબર જોઈ શકતાં નથી.
- આવાં બાળકો 1 મીટર દૂરથી વસ્તુ કે આંગળા સારી રીતે ગણી શકતાં નથી.
- આવાં પ્રકારની ક્ષતિ ધરાવનાર બાળક વાંચતી વખતે ખૂબ મુશ્કેલી અનુભવે છે.

### 7.3.6 અલ્પદૃષ્ટિની લાક્ષણિકતા અને શૈક્ષણિક જરૂરિયાત

1. બાળકના માનસિક અને શારીરિક વિકાસને ચોક્કસ ધ્યાનમાં રાખી જરૂરી પદ્ધતિ દ્વારા શિક્ષણ આપવામાં આવે છે.
2. શરૂઆતમાં ખાસ કરીને દૈનિક જીવનના કૌશલ્યો નાહવું, દાંત સાફ કરવા, સ્વચ્છતા રાખવી વગેરે માટે વ્યક્તિગત જરૂરિયાત મુજબ શીખવવામાં આવે છે.
3. અલ્પદૃષ્ટિવાળા બાળકોને તેમની જરૂરિયાત મુજબ યોગ્ય માર્ગદર્શન આપવામાં આવે છે. તેમજ સામાજિક કુશળતા વિકસાવવા માટે અનુભવો પુરા પાડવામાં આવે છે.
4. વ્યક્તિત્વના વિકાસ માટેની યોગ્ય તકો પુરી પાડવામાં આવે છે તેમજ જવાબદારી લેવા સક્ષમ બનાવવામાં આવે છે.
5. વિવિધ પ્રવૃત્તિ દ્વારા કુટુંબ તેમજ સમુદાય સાથે કાયમી સ્થાન બનાવી શકે તે માટેના પ્રયત્નો કરવામાં આવે છે.
6. સર્વાંગી વિકાસ માટેની તકો મળે તે માટે શ્રેષ્ઠ શાળામાં શિક્ષણની તકો પુરી પાડવામાં આવે છે.
7. અલ્પદૃષ્ટિ ધરાવતા બાળકની યોગ્ય તપાસ કરવી જરૂરી ઓપરેશન દ્વારા કે સાધનો દ્વારા સ્પષ્ટ દૃષ્ટિ કેળવે તે માટેના પ્રયત્નો કરવામાં આવે છે.
8. આવા બાળકને શિક્ષણના અનુભવો સટીક અને અન્ય અનુભવ તેમજ ક્રિયા દ્વારા શિક્ષણ આપવામાં આવે છે. વાસ્તવિક વસ્તુ સાથે પ્રતિક્રિયા કરાવવામાં આવે છે.
9. શિક્ષક દ્વારા અમૂર્ત બાબતો સમજાવવા મૂર્ત ખ્યાલો આપવામાં આવે છે. મૉડેલ તરફ લઈ જઈ શીખવવું તેમજ સમજાવવામાં આવે છે. તેથી તર્કશક્તિ અને વિચાર શક્તિનો વિકાસ કરી શકાય છે.
10. વિવિધ સમયે વાલી-મીટિંગ યોજીને આવા બાળકો માટે યોગ્ય માર્ગદર્શન આપવામાં આવે છે.
11. અલ્પદૃષ્ટિ ધરાવતા બાળકોને વર્ગખંડમાં કાળાં પાટિયા નજીક પ્રકાશ મળી રહે તેવી જગ્યાએ બેસાડવામાં આવે છે.

### 7.3.7 અલ્પદૃષ્ટિવાળા બાળકો માટે શૈક્ષણિક જોગવાઈ

ભારત સરકારે The person with (Disabilities Equal Opportunies protection of

Right and full praticipation) Act ઇ.સ.1995 અનુસાર દૃષ્ટ્રિનો સંપૂર્ણ અભાવ હોવો કે દૃષ્ટિક્ષમતા 6/60 અથવા 20/200 સ્નેલથી વધુ ન હોવી અથવા દૃષ્ટિક્ષેત્રની મર્યાદા 20 કોણ સુધીની અથવા તેનાથી વધારે ખરાબ હોવી. ઈ.સ. 1995નો વિકલાંગ ધારો અલ્પદૃષ્ટિને પણ દૃષ્ટિક્ષતિના એક પ્રકાર તરીકે માન્યતા આપે છે. અલ્પદૃષ્ટિવાળા બાળકો સાધનનો ઉપયોગ કરી વાંચન ક્ષમતામાં સુધાર લાવવો જોઇએ.

– અલ્પ દૃષ્ટિક્ષતિવાળા બાળકોને ચશ્મા ઉપચાર અને શસ્ત્રક્રિયા દ્વારા દૃષ્ટિમાં સુધારો કરાવવો જોઇએ જેથી શિક્ષણ મેળવવા સક્ષમ બને.

– અલ્પ દૃષ્ટિવાળા બાળકોને વર્ગખંડમાં શિક્ષણ આપતી વખતે કાળાં પાટિયા નજીક તેમજ હવા-ઉજાસની સગવડ હોવી જોઇએ જેથી અધ્યયન પ્રક્રિયા સરળ બને.

– શિક્ષકે આવા બાળકો તરફથી મળતી ફરિયાદોની નોંધ લઇ બાળકોના અનુઉપયોગી દૃષ્ટિ વ્યવહારો અથવા લક્ષણોને બાળકના પરીક્ષણ દસ્તાવેજ પર નોંધવા જોઇએ. મૂલ્યાંકન માત્ર પ્રક્રિયા આધારિત નહિ, પરંતુ સાધન અથવા પરીક્ષણ આધારિત હોવું જોઇએ.

– મૂલ્યાંકન બધા સભ્યોની સક્રિય ભાગીદારી અને સહયોગાત્મક પ્રયાસ વડે થવું જોઇએ. જેથી અલ્પદૃષ્ટિ ધરાવતા બાળકોની શૈક્ષણિક આવશ્યકતાઓને ધ્યાનમાં રાખીને કરવું જોઇએ.

– બાળકોના દૃષ્ટિ મૂલ્યાંકન માટે દૃષ્ટિ પરીક્ષણ ઉપકરણના (સાધન) પ્રયોગની આવશ્યકતા હોય છે. દૃષ્ટિગત સમસ્યાઓની ઓળખ માટે શૈક્ષણિક, ચિકિત્સક સ્વાસ્થ્ય કાર્યકર્તા અને સ્વયંસેવી દ્વારા સતત નિરીક્ષણ કરી મૂલ્યાંકન કરવું જોઇએ. જેથી શૈક્ષણિક વિકાસ સાધવામાં ઉપયોગી નીવડે.

– શિક્ષણની સાથે-સાથે બાળકને વિવિધ કાર્યક્રમોમાં જોડાવવાની તક આપવામાં આવે છે. તેમજ વિવિધ તાલીમો આપવામાં આવે છે.

– બાળકોને શ્રેષ્ઠ શિક્ષણ મળી રહે તેમજ સ્થાનિક વિસ્તારમાં, સામાન્ય સમુદાયમાં તેમજ પરિવાર સાથે નજીકની શાળામાં શિક્ષણ મળી શકે તેવી જોગવાઈ કરવામાં આવે છે.

– બાળકની વ્યક્તિગત જરૂરિયાતો સંતોષાય તેમજ બહારની જરૂરિયાતો સંતોષાય તે માટેનું માર્ગદર્શન આપવામાં આવે છે.

– અલ્પદૃષ્ટિ ધરાવતા બાળકો પણ સમાજમાં સ્વમાનભેર જીવી શકે તે માટે તેમનામાં સાક્ષરતાનું પ્રમાણ વધે તેવા પ્રયત્નો કરવામાં આવે છે તેમજ આધુનિક ટેકનોલોજીનો તેઓ માત્ર ઉપયોગ કરે તે માટે માર્ગદર્શન અને તાલીમ આપવામાં આવે છે.

– આવા બાળકોને વિવિધ મૉડેલો દ્વારા વાસ્તવિક અનુભવો પૂરાં પાડવામાં આવે છે જેથી તેઓ વિચાર કરતાં થાય, તર્ક કરતાં થાય, સ્વના અનુભવો પ્રાપ્ત કરે. તેમજ ભેદપારખતા થાય અને વિવિધ કૌશલ્યો કેળવતા થાય.

– એકસૂત્રી અનુભવો દ્વારા વિવિધ વિષયોનું શિક્ષણ આપવામાં આવે છે, જેથી વિદ્યાર્થી અન્ય વિદ્યાર્થીના સંપર્કમાં ચર્ચા દ્વારા આવે વિસ્તૃત એકમો શીખવા મળે છે તેમજ શબ્દભંડોળ વધે છે.

– વિદ્યાર્થીના રસ રુચિ અનુસાર પ્રવૃત્તિઓ કાર્યવિશ્લેષણ, મૉડેલિંગ, પ્રદર્શન, દિનચર્યામાં જોડવામાં આવે છે જેથી તેમની કાર્યક્ષમતામાં વધારો કરી શકાય છે.

– અલ્પદૃષ્ટિ ધરાવતા બાળકો માટે ખાસ પુસ્તકો દ્વારા તેમજ તાલીમ પામેલા શિક્ષકો દ્વારા પ્રત્યક્ષ અને પરોક્ષ અનુભવો પૂરાં પાડવામાં આવે છે.

– અલ્પદૃષ્ટિ ધરાવતા બાળકોના અધ્યાપન માટે વિવિધ એકમો માટે ખાસ પ્રકારના દશ્ય-શ્રાવ્ય સાધનો મૉડેલો દ્વારા શિક્ષણ આપવામાં આવે છે.

## 7.4 સારાંશ

જે બાળકો શારીરિક ક્ષતિ ધરાવતા હોય તેમનો શારીરિક વિશિષ્ટ બાળકોમાં સમાવેશ થાય છે. જેમ કે બાળ લકવો, પંગુતા કુપોષણને લીધે વિકલાંગતા જોવા મળે છે. આવા બાળકો લઘુતાગ્રંથીથી પીડાય છે. આવા બાળકો સામાજિક વિકલાંગતાનો અનુભવ કરે છે. દષ્ટિક્ષતિ ધરાવતા બાળકોની ઓળખ, લાક્ષણિકતા તેમજ અલ્પદષ્ટિ ધરાવતા બાળકોની ઓળખ, લાક્ષણિકતા શૈક્ષણિક જોગવાઈઓની ચર્ચા પ્રસ્તુત એકમમાં કરેલ છે.

## 7.5 તમારી પ્રગતિ ચકાસો

**1. અલ્પ દષ્ટિ ધરાવતા બાળકોના પ્રકાર જણાવો.**

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

**2. અલ્પદષ્ટિ ધરાવતા બાળકોના લક્ષણો જણાવો.**

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

**3. અલ્પદષ્ટિ ધરાવતા બાળકોની શૈક્ષણિક જરૂરિયાત જણાવો.**

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

## 7.6 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

1. પાના નં. 5 જુઓ
2. પાના નં. 6 જુઓ
3. પાના નં. 7 જુઓ

# એકમ 8 બધિર બાળકો

**: રૂપરેખા :**


**8.1 બધિર બાળકો**

**8.1.1 સંપૂર્ણ બધિર : વ્યાખ્યા, સંકલ્પના, સ્વરૂપ**

**8.1.2 સંપૂર્ણ બધિરની લાક્ષણિકતા અને શૈક્ષણિક જરૂરિયાત**

**8.1.3 અલ્પબધિર : વ્યાખ્યા, સંકલ્પના, સ્વરૂપ**

**8.1.4 અલ્પબધિરની લાક્ષણિકતા અને શૈક્ષણિક જરૂરિયાત**

**8.1.5 બધિરબાળકો માટે શિક્ષણની જોગવાઈ**

**8.2 સારાંશ**

**8.3 તમારી પ્રગતિ ચકાસો**

**8.4 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો**


## 8.1 બધિર બાળકો

### 8.1.1 સંપૂર્ણ બધિર : વ્યાખ્યા, સંકલ્પના, સ્વરૂપ

વિકલાંગ બાળકોમાં બધિર બાળકોની સમસ્યાઓ અન્ય વિકલાંગ બાળકો કરતાં જુદાં પ્રકારની હોય છે. બધિરતા ધરાવતાં બાળકોનો ઈન્દ્રિયોની ખામીને લીધે સર્વાંગી વિકાસમાં પાછા પડે છે. બધિરતા ધરાવતાં બાળકો માટે સૌ પ્રથમ શાળા હેલન-કેલર ઈન્સ્ટિટ્યૂટ ફોર ધી ડેફ એન્ડ ડેફ બ્લાઈન્ડ મુંબઈમાં શરૂ કરવામાં આવી ઇ.સ.1914ની સાલમાં મીસીસ બેરોઝ વારછા નામની શિક્ષિકોએ આ સંસ્થા શરૂ કરી. બધિરતા ધરાવતા બાળકોને કોઇ વિકલાંગતા ધરાવતાં બાળકોની શાળામાં મૂકવામાં આવે તો શિક્ષણ મેળવવામાં મુશ્કેલી પડે છે. બધિરતા એ બહુવિકલાંગતાની એક શાખા જ છે. દરેક બધિરતા ધરાવતાં બાળકની દૃષ્ટિક્ષતિ અને શ્રવણક્ષતિ અલગ-અલગ પ્રકારની હોય છે. બધિરતા ધરાવતાં બાળકો માટે યોગ્ય શૈક્ષણિક કાર્યક્રમ બનાવેલ હોય તો તે ઘણી સારી રીતે શિક્ષણ મેળવી શકે છે. બધિરતા ધરાવતા વ્યક્તિઓ સાંકેતિક ભાષા, બ્રેઈલ તથા વાણીનો ઉપયોગ કરી પ્રત્યાયન કરતાં હોય છે. જો બધિરતાં ધરાવતાં વ્યક્તિને હિયરીંગ એઇડ, ચશ્માં, કેન (લાકડી) જેવાં સાધનો પૂરાં પાડવામાં આવે છે. હેલન-કેલર ડેફ બ્લાઈન્ડ (બધિર અંધ) હોવાં છતાં અમેરિકાની પ્રખ્યાત શાળા પાર્કીન્સ સ્કુલમાં ભણીને તેઓ વિશ્વ ભ્રમણ કરીને ઘણાં બધાં પુસ્તકો લખ્યાં હતા. તે વિકલાંગ વ્યક્તિઓ માટેના પ્રેરણાશ્રોત રહ્યાં છે.

''જે વ્યક્તિઓને દૃષ્ટિ તથા શ્રવણક્ષતિઓનું સંયોજન થયેલ હોય તેમને બધિરતા ધરાવતા વ્યક્તિઓ કહેવામાં આવે છે.''

બધિરતાં ધરાવતા બાળકો સામાન્ય બાળકોની માફક જગત વિશેનો ખ્યાલ મેળવી શકતા નથી. તેઓની દુનિયા હાથની આંગળીઓ સુધીની જ હોય છે. તેઓ સ્પર્શ કે શારીરિક સ્પર્શને આધારે અનુભવ કરે છે.

ડિપાર્ટમેન્ટ ઑફ એજ્યુકેશન પોલિસી સ્ટેટમેન્ટ (માર્ચ-1989) બ્રીટન પ્રમાણે બધિરતા શબ્દ એવાં વિજાતીય બાળકો જેઓ વિવિધ પ્રકારની દૃષ્ટિક્ષતિ અને શ્રવણક્ષતિ ધરાવે છે. તેને કારણે શીખવાની શારીરિક સમસ્યાઓ ધરાવે છે. તેથી બધિરતા ધરાવતાં બાળકોનો અલગ શૈક્ષણિક કાર્યક્રમ રાખવામાં આવે છે. બાળકોને શીખવા માટે વિચારપૂર્ણ અને અનન્ય શૈક્ષણિક અભિગમની જરૂર પડે છે. આવાં બાળકોને વ્યક્તિગત તાલીમની વ્યવસ્થા પણ કરવી પડે છે. આવાં બાળકોનો વિકાસ થાય

તે માટે વિશિષ્ટ અનુભવોની જરૂરિયાત રહે છે. બધિરતાં જન્મથી કે જીવન દરમ્યાન રોગનો ભોગ બનવાની અસર પામેલ હોય છે. ઘણીવાર આનુવંશિકતા અકસ્માત, આઘાત, જન્મ સમયે ઓછું વજન, રૂબેલાં વાયરસની અસર જેવાં ઘણાં બધી કારણો બધિરતાં માટે જવાબદાર છે. બધિર બાળકો પણ સમાજમાં સ્વમાનભેર જીવી શકે તે માટે સૌની ફરજ બને છે.

### 8.2.2 સંપૂર્ણ બધિરની લાક્ષણિકતા અને શૈક્ષણિક જરૂરિયાત

- બધિર બાળકોને પોતાની આસપાસના વાતાવરણમાં અર્થપૂર્ણ રીતે સંપ્રેક્ષણ ક્ષમતાનો અભાવ જોવા મળે છે.
- બધીર બાળકોને જગત વિશેની અલ્પદૃષ્ટિ વિશેનો ખ્યાલ ઓછો જોવા મળે છે. સ્પર્શને આધારે જ અનુમાન કરે છે.
- બધિર બાળકોને વિશ્વની વિવિધ ઘટનાઓ, વસ્તુઓ, બાબતો વિશેની જાણકારીનો અભાવ હોવાથી ભવિષ્યમાં થનારી ઘટનાઓ વિશે અનુમાન કરી શકતા નથી.
- બધિર બાળકો પાયાની આગંતૂક પ્રેરણાથી વંચિત રહે છે.
- બધિર બાળકોનું અર્થઘટન અયોગ્ય રીતે થાય છે. ઘણીવાર માનસિક વિકલાંગ તરીકે ઓળખવામાં આવે છે.
- બધિર બાળકોને તેમની ઈન્દ્રિયોની ખામીના પ્રમાણે અલગ શીખવાની પદ્ધતિની વ્યવસ્થા કરવામાં આવે છે.
- બધિર બાળકો અન્ય સાથે સંબંધો પ્રસ્થાપિત કરવામાં ખૂબ મુશ્કેલી અનુભવે છે.
- બધિર બાળકો જન્મજાત કે રોગને લીધે ઘણીવાર ભોગ બન્યા હોય છે.
- બધિર બાળકો મર્યાદિત મળેલ માહિતીને આધારે બાહ્યજગત વિશેનો ખ્યાલ બાંધે છે.
- બધિર બાળકોમાં વર્તનલક્ષી અને આવેગલક્ષી સમસ્યાઓ જોવા મળે છે. અલગ-અલગ વ્યક્તિઓ સાથેની પ્રતિક્રિયાઓ અલગ જોવા મળે છે.
- બધિર બાળક જગતના વ્યક્તિઓ, વસ્તુ અને પર્યાવરણને સમજવા સતત ઝઝુમે છે.
- બધિર બાળકને આજુબાજુની દુનિયામાં મુક્ત રીતે તેમજ સ્વતંત્ર રીતે હરવા-ફરવાનું તેના માટે પડકારરૂપ હોય છે.
- બધિર બાળકને શીખવાની ઘટનાનો આધાર અસપાસના પર્યાવરણમાં બનતી વિવિધ ઘટનાઓની શ્રેણી પર રહે છે.
- બધિર બાળકો પુખ્તવયની વ્યક્તિને સમજવા તેમજ સંપ્રેશણ કરવાની અસમર્થતાને લીધે સતત ડર અનુભવે છે.
- બધિર બાળકો આકસ્મિક રીતે શીખવામાં વધુ સમસ્યા અનુભવે છે. તેથી આસપાસના વાતાવરણમાં ફરવા માટેનો રસ ઘુમાવે છે.

**સંપૂર્ણ બધિર બાળકોની શૈક્ષણિક જરૂરિયાત :**

માનવી સામાન્ય રીતે 95% જેટલી જાણકારી પોતાની આંખ અને કર્ણ દ્વારા મેળવતો હોય છે. બધિર વ્યક્તિ દૃષ્ટિ અને શ્રવણશક્તિનું સંયોજન હોવાથી માહિતી વિનિમય, હલન-ચલન આકલન અને શિક્ષણ મેળવવા માટે ખૂબ મુશ્કેલી અનુભવે છે. બધિરતાની સાથે વર્તન તેમજ આવેગ માટેની સમસ્યા સંકળાયેલી હોય છે. બધિર બાળકો સ્પર્શ, ગંધ અને જેટલી પણ દૃષ્ટિ, શ્રવણશક્તિ હોય તેનો ઉપયોગ કરીને ભેદ પારખે છે. બાળક સતત મહાવરાને પરિણામે પર્યાવરણ કે વાતાવરણમાંથી શીખે છે.

- બધિર બાળકોને શિક્ષણ આપતી વખતે વિશિષ્ટ તાલીમ પામેલાં શિક્ષકની જરૂરિયાત રહે છે.

- બધિર બાળકની જરૂરિયાત, ક્ષમતાઓ, ઉંમર, જાતિ, અનુકૂલન વગેરે બાબતોને ધ્યાનમાં રાખીને વિવિધ શૈક્ષણિક અનુભવો આપવા જોઇએ.
- બધિર બાળકના સામાજિક સાંસ્કૃતિક હોદ્દાને ધ્યાનમાં રાખીને અભ્યાસક્રમમાં અનુકૂલન કરવું જરૂરી છે.
- બધિર બાળકની સંપ્રેક્ષણ તીવ્રતા, કાર્ય, વાસ્તવિક જીવનના અનુભવો ધ્યાનમાં રાખી તેનો પાયો તૈયાર કરવો મહત્ત્વનો છે.
- બધિર બાળકોને શૈક્ષણિક અનુભવો પૂરાં પાડવા શીખવાની પદ્ધતિમાં તેનો રસ, સ્પર્શકીય વસ્તુઓ, વાસ્તવિક વસ્તુઓનો ઉપયોગ કરીને અનુભવો પૂરાં પાડવામાં આવે તો શીખવાની ઝડપ વધે છે.
- બધિર વિદ્યાર્થી ખાસ કરીને આકસ્મિક રીતે શીખવાની રીતમાં વધારે પાછળ હોય છે.
- બધિર બાળકોને શીખતી વખતે વિવિધ પ્રવૃત્તિઓને નાના-નાના ભાગમાં વહેંચવી જેથી શીખવાની ક્રિયા સરળ બને. પ્રવૃત્તિઓનું પુનરાવર્તન કરવું જોઇએ.
- બધિર બાળકોને ખાસ કરીને બાળકોને શિક્ષકે સ્પર્શેન્દ્રિયનો વધુ ઉપયોગ કરવો જોઈએ. બાળકની સાથે શિક્ષકે ક્રિયા કરવી જોઇએ.
- બધિર બાળકોને તેની ઉંમર, રસ જરૂરિયાતને આધારે ધીમે ધીમે વિવિધ પ્રવૃત્તિઓ કરાવીને અનુભવો આપી તેમની જરૂરિયાતો સંતોષવી જોઈએ.
- બધિર બાળકો બીજી ઈન્દ્રિયોનો ઉપયોગ કરીને શીખવા માટે પ્રયત્ન કરે ત્યારે સતત પ્રોત્સાહન આપી તેની જરૂરિયાત સંતોષવી જોઇએ.
- બધિર બાળકો શીખવા માટે તમને જે પદ્ધતિ વધુ અનુકૂળ રહે તેનો જ ઉપયોગ કરીને શીખવવામાં આવે તો તેનો આત્મવિશ્વાસ વધે છે.
- બધિર બાળકના સાથે રહી વાતાવરણની ઓળખ અને સ્થાનાંતર કૌશલ્યો અને સાધનો વાપરવા જરૂરી છે.
- બધિર બાળકોની જરૂરિયાત પ્રમાણે સાંકેતિક ભાષાનો ઉપયોગ કરવામાં આવે તો સારી રીતે સમજી શકે છે.

### 8.1.3 અલ્પબધિર : વ્યાખ્યા, સંકલ્પના, સ્વરૂપ

જે બાળકોમાં દૃષ્ટિક્ષતિ કે શ્રવણક્ષતિનું પ્રમાણ ઓછું હોય અથવા દૃષ્ટિ થોડાંક પ્રમાણમાં હોય અથવા શ્રવણમંદતા હોય તેવા બાળકો અલ્પ બધિર કહેવામાં આવે છે.

જો અલ્પબધિર બાળકમાં દૃષ્ટિ અલ્પ પ્રમાણમાં હોય તો હાથમાં હાથ રાખીને ઉપયોગ કરવામાં આવે છે. દૃશ્ય સાંકેતિક ભાષા જે વ્યક્તિઓની દૃષ્ટિનું પ્રમાણ સારું હોય તેઓ સાંકેતિક ભાષા સમજીને શીખે છે. જો બધિર બાળકમાં શ્રવણશક્તિનું અલ્પ પ્રમાણ હોય તો તે શ્રવણશક્તિને આધારે શબ્દો સાંભળી અર્થગ્રહણ કરે છે. આવા બાળકો ગંધ, સ્પર્શના અનુભવોને આધારે દુનિયા વિશે જાણે છે. બધિર બાળક થોડા ઘણાં અવાજો સાંભળી શકતું હોય તો વાતાવરણમાં એક જગ્યાએથી બીજી જગ્યાએ જઈ શકે છે. પોતાના કુટુંબમાંથી વ્યક્તિઓને ઓળખી શકે છે. અલ્પબધિર બાળકને થોડાં ઘણાં પ્રમાણમાં દૃષ્ટિ હોય તો તેને ઘણી બધી સમસ્યાઓ હલ થઈ શકે છે. શીખવામાં વસ્તુને ઓળખવામાં ખૂબ સરળ રીતે સમજી શકે છે. અલ્પબધિર વ્યક્તિને સંવેદન અનુભવો વસ્તુને વ્યક્તિને ઓળખવા ઉપયોગી બને છે. બધિર વ્યક્તિને ભાષા શીખવાની સમસ્યા પણ હળવી બને છે.

### 8.1.4 અલ્પબધિરની લાક્ષણિકતા અને શૈક્ષણિક જરૂરિયાત

- અલ્પ બધિર એ દૃષ્ટિક્ષમતા કે શ્રણવક્ષમતા થોડાં-ઘણા પ્રમાણમાં હોય છે.
- અલ્પબધિર બાળકો થોડાં ઘણે અંશે દૃષ્ટિ ધરાવતાં હોય છે અથવા શ્રવણશક્તિ ધરાવતાં હોય છે.

- આવાં બાળકો સ્પર્શેન્દ્રિયનો ઉપયોગ કરી વસ્તુ કે વ્યક્તિને ઓળખવા પ્રયત્ન કરે છે.
- આવાં બાળકો જો શ્રવણશક્તિ હોય તો અવાજને પારખી વ્યક્તિને ઓળખે છે. પ્રાણીને ઓળખે છે.
- આવાં બાળકોને આસપાસની ઘટનાઓને સમજવામાં ઘણું સરળ રહે છે તે સાંકેતિક ભાષા નજીકથી જોઈને સમજી શકે છે.
- અલ્પબધિર બાળકોને સંબંધો પ્રસ્થાપિત કરવામાં ઘણી મૂંઝવણ અનુભવે છે.
- અલ્પબધિરતા ઘણીવાર રોગના લીધે કે જન્મ સમયની હોય છે. જેનો તે ભોગ બન્યા હોય છે.
- ઘણીવાર અકસ્માતનો ભોગ બનવાથી પણ દૃષ્ટિ ગુમાવી હોય છે કે શ્રવણક્ષમતા ગુમાવી હોય છે.
- અલ્પ બધિરતાંના મુખ્ય કારણોમાં જન્મ સમયે ઓછું વજન, અધૂરાં માસે જન્મ, વાઇરસજન્ય રોગથી ઇન્દ્રિયોની કાર્યક્ષમતા ઓછી થવી, તેમજ આનુવંશિક કે રંગસૂત્રીય ખામીઓ જવાબદાર હોય છે. જેને લીધે જીવનભર મુશ્કેલી અનુભવે છે.
- અલ્પબધિર બાળકો તેના રોજ-બરોજના કુટુંબના સભ્યો સાથેના પરસ્પર વ્યવહાર, વર્ગખંડમાં વર્ગવ્યવહાર પરથી તેનામાં રહેલી ખામીઓ જણાઈ આવે છે. વારંવાર નજીક જઇને જોવું, વારંવાર પૂછવું જેવાં લક્ષણોથી ખામી પારખવામાં આવે છે.

**અલ્પ બધિર બાળકોની શિક્ષણ જરૂરિયાત :**

- અલ્પબધિર બાળકોને સમાજમાં સ્વમાનભેર જીવી શકે તે માટે ખાસ પ્રકારની શાળામાં શિક્ષણ આપવું જોઇએ.
- અલ્પબધિર બાળકોને બધિરતા દૂર કરવા સારવાર કે જરૂરી ઓપરેશન કે સાધનોનો ઉપયોગ કરી બધીરતાં ઓછી થાય તે માટેના પ્રયત્ન કરવા જોઇએ. જેથી શિક્ષણ મેળવવા પડતી મુશ્કેલી નિવારી શકાય.
- અલ્પબધિર બાળકને સ્વાવલંબી બનાવવા માટે વ્યાવસાયિક તાલીમ આપવી જોઇએ.
- અલ્પબધિર બાળક પણ સામાન્ય બાળકની માફક હરી-ફરી શકે, સર્વાંગી વિકાસ સાધી શકે તે માટેના પ્રયત્નો કરવા જોઇએ.
- અલ્પબધિર બાળકો શિક્ષણ મેળવી આત્મનિર્ભર બને તે માટે જરૂરી સુવિધાઓ પુરી પાડવી જોઇએ.
- આવા બાળકોને ખાસ કરીને સહાનુભૂતિ પ્રેમ કુટુંબ અને સમાજ તરફથી મળી રહે તો તેઓની તાણ કે સમસ્યા હળવી બને છે. જરૂરિયાતો સંતોષી શકે છે.
- અલ્પબધિર બાળકના રસ, ઉંમર, જરૂરિયાત, જાતિને ધ્યાનમાં રાખીને વિવિધ અનુભવો પૂરાં પાડી કૌશલ્યો વિકસાવવા જોઇએ.
- બધિર બાળકો જો શિક્ષણ મેળવે તો સમાજમાં સ્વમાનભેર જીવી શકે. આત્મનિર્ભર બને અને અનુકૂલન સાધી શકે તેથી તેને શિક્ષણ મેળવે તે માટે વિવિધ જોવાઈઓ કરવી જોઇએ.

**8.1.5 બધિરબાળકો માટે શિક્ષણની જોગવાઈ**

- બધિર બાળકો અન્ય ઇન્દ્રિયોનો ઉપયોગ કરીને શીખવા પ્રયત્ન કરતો હોય તો પ્રોત્સાહિત કરવો જોઇએ.
- બધિર બાળકની ઉંમરને ધ્યાનમાં રાખીને વિવિધ પ્રવૃત્તિઓ આપવી તેમજ તેને હૂંફ અને પ્રોત્સાહન મળે તે માટે વિવિધ પ્રવૃત્તિઓમાં જોડવા જોઇએ.
- બધિર બાળકોની સાથે પ્રેમપૂર્વકનું વર્તન તેમજ ધીરજપૂર્વકનું કામ કરવું જોઇએ. કોઈપણ

શૈક્ષણિક કામ ખૂબ ધીમેથી અવલોકનપૂર્વક કરવું જોઇએ. તેઓ સમજે છે કે નહિ તે સતત ધ્યાન રાખવું જોઇએ.

- બધિર બાળકોને શીખવવા વિશિષ્ટ શિક્ષકોની મદદ લેવી જરૂરી છે. કારણ કે, તેઓ સ્પર્શ તેમજ શ્રવણની મદદથી શીખતા હોય છે.
- બધિર બાળકો ઇશારા, સંકેત, સ્પર્શ, સંપ્રેક્ષણની મદદથી શીખતા હોય છે. તેથી તે માટે તાલીમ પામેલા શિક્ષકો વડે જ શિક્ષણકાર્ય થવું જોઇએ.
- બધિર બાળકોને સાંકેતિક ભાષા, ઓષ્ટ વાંચન કે હાથના સ્પર્શ દ્વારા અનુભવો આપવા જોઇએ.
- બધિર બાળકો સાથેની વિવિધ આંતરક્રિયાઓ માટે તેની નજીક પ્રેમથી રહી કરવી જોઈએ જેથી ડર ન અનુભવે.
- બધિર બાળકો ઓળખી શકે એવી વસ્તુના સંદર્ભનો ઉપયોગ કરી અનુભવો આપવા જોઈએ.
- બધિર બાળકોને મહત્ત્વની બાબતો સાથે સંકેતોનો ઉપયોગ કરી શીખવવું જોઈએ. તેને વિવિધ પ્રવૃત્તિમાં શરૂ કરતાં પહેલાં જાણ કરો, મદદ કરો અને પ્રવૃત્તિ પૂરી થાય ત્યારે પણ જાણ કરવી જોઇએ.
- બધિર બાળકની બધિરતા, જરૂરિયાત, ઉંમરને ધ્યાનમાં રાખીને શિક્ષણકાર્ય કરવું જોઇએ.
- બધિર બાળકોને વિવિધ કૌશલ્યોની તાલીમ, ઓળખ માટે વિશિષ્ટ સાંકેતિક ભાષા દ્વારા શીખવવું જોઇએ.
- બધિરતા ધરાવતાં વ્યક્તિની હાથની હથેળી પર અક્ષરો લખી સ્પર્શનો અનુભવ કરાવી અક્ષર ઓળખ કરાવવી જોઇએ જેથી સરળતાથી શીખી શકે છે.

## 8.2 સારાંશ

વિકલાંગ બાળકોમાં બધિરની સમસ્યાઓ વિકલાંગ કરતા જુદા પ્રકારની હોય છે. બધિર બાળકો ઇન્દ્રિયોની ખામીને કારણે સર્વાંગી વિકાસ સાધી શકતા નથી. બાળકો દૃષ્ટિ કે શ્રવણ ક્ષતિ ધરાવતા હોય છે. આવા બાળકો શીખવામાં મુશ્કેલી અનુભવે છે. પ્રસ્તુત એકમમાં સંપૂર્ણ બધિર અને અલ્પબધિર બાળકોની સંકલ્પના, લક્ષણો અને શૈક્ષણિક જરૂરિયાતો અને શૈક્ષણિક જોગવાઈ વિશે ચર્ચા કરેલ છે.

## 8.3 તમારી પ્રગતિ ચકાસો

1. સંપૂર્ણ બધિર બાળકની લાક્ષણિકતાઓ જણાવો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

2. સંપૂર્ણ બધિર બાળકોની જરૂરિયાતો જણાવો.

.................................................................

.................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

3. બધિર બાળકોની શિક્ષણની જોગવાઈઓ જણાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

## 8.4 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

1. પાના નં. 14 જુઓ
2. પાના નં. 11 જુઓ
3. પાના નં. 12 જુઓ

# એકમ 9 અસ્થિવિષયક બાળકો

: રૂપરેખા :


9.1 અસ્થિવિષયક બાળકો

9.1.1 વ્યાખ્યા, સ્વરૂપ અને સંકલ્પના

9.1.2 અસ્થિવિષયક વિશિષ્ટતાના પ્રકાર

9.1.3 અસ્થિવિષયકની લાક્ષણિકતા

9.1.4 અસ્થિવિષયકની શૈક્ષણિક જરૂરિયાત

9.1.5 અસ્થિવિષયક બાળકો માટે શિક્ષણની જોગવાઈ

9.2 સારાંશ

9.3 તમારી પ્રગતિ ચકાસો

9.4 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો


## 9.1 અસ્થિવિષયક બાળકો

### 9.1.1 વ્યાખ્યા, સ્વરૂપ અને સંકલ્પના

શાળામાં આવતાં બાળકોમાં વૈયક્તિક તફાવત જોવા મળે છે. શારીરિક, માનસિક, સાંવેગિક બાબતોમાં વિવિધતા જોવા મળે છે. જે બાળકો શારીરિક રીતે વિકલાંગ હોય છે તેમને સામાન્ય બાળકોની સાથે શિક્ષણ આપવું હિતાવહ નથી. ઘણીવાર બાળકને જન્મજાત ખોડ હોય છે. તો કેટલીકવાર બાલ્યવસ્થા દરમ્યાન થતા રોગ કે અકસ્માતને લીધે ખોડ-ખાંપણ ધરાવે છે. શારીરિક ક્ષતિ ધરાવતા બાળકો માટે વિશિષ્ટ શાળાની જોગવાઈ કરવામાં આવે છે. શારીરિક ખોડ-ખાંપણ ધરાવતા બાળકોને અન્ય મિત્રો, કુટુંબીજનો કે શિક્ષકોનો સહારો લેવો પડે છે. આવા બાળકોને પ્રેમ, સ્નેહ, હૂંફ ન મળે તો માનસિક તંગદીલી અનુભવે છે.

**અસ્થિવિષયક વિશિષ્ટતા :**

જે બાળકોમાં હાડકાં, સાંધા, સ્નાયુઓ અને ચેતાની ખામીને કારણે હલન-ચલનની પ્રક્રિયામાં ઉદ્ભવતી મુશ્કેલીને અસ્થિ વિષયક વિશિષ્ટતા કહે છે.

### 9.1.2 અસ્થિવિષયક વિશિષ્ટતાના પ્રકાર

અસ્થિ વિષયક વિશિષ્ટતાને મુખ્ય ચાર ભાગોમાં જુદી પાડવામાં આવે છે.

1. ચેતાતીય ખામીઓ
2. સ્નાયુ અસ્થિવિષયક ખામીઓ
3. જન્મજાત દોષ
4. અકસ્માતને લીધે થતી ખામીઓ

**1. ચેતાતંત્રીય ખામીઓ :**

ઘણીવાર બાળકને વાઈરસ જન્ય રોગ થાય ત્યારે તેના ચેતાતંત્ર પર અસર પડે છે. ચેતાતંત્ર એ શરીરની બધી જ ક્રિયાઓ માટેનું મુખ્યતંત્ર છે. જેમાં મગજ અને કરોડરજ્જુની ચેતાઓનો સમાવેશ થાય છે. જ્યારે બાળકને થતાં વાઇરસજન્ય રોગમાં વાઈરસ એ ચેતાતંત્રને નુકસાન કરે છે. ત્યારે બાળકના હાથ-પગના સ્નાયુઓ શિથિલ બની જાય છે. ઘણીવાર આંખ પણ ત્રાંસી થઈ જાય છે. હાથ-પગનું હલન-ચલન થઈ શકતું નથી. તે સામાન્ય બાળકની માફક ચાલી શકતો નથી.

**2. સ્નાયુ અસ્થિવિષયક ખામીઓ :**

બાળક ઘણીવાર દસ વર્ષથી નાનું હોય ત્યારે શીતળા, પોલીયો, ઈન્ફ્લુએન્ઝા, હીપેટાઈસ-બી જેવા રોગોનો શિકાર બને છે. આવા વાઈરસજન્ય રોગો બાળકના ચેતાતંત્રને નુકસાન કરે છે. ચેતાતંત્રની સીધી અસર હાથ-પગના સ્નાયુઓ કે જે ચેતાતંત્રનું તેના પર નિયંત્રણ હોય છે તેના પર અસર થાય છે. જેથી હાથના સ્નાયુઓ પર અસર થાય છે. આંગળા વળી જવા, હાથ કોણીવાળા ભાગના પર અસર થવી, પગનો પંજો વળી જવો. જેવી અસરો જોવા મળે છે. આવા બાળકો પોતાની જાતે હરી-ફરી શકતાં નથી. તેને સાધન કે અન્યનો સહારો લેવો પડે છે. આવા બાળકોને અલગ શાળામાં યોગ્ય સાધન સગવડની સુવિધા કરી શિક્ષણ આપવું પડે છે.

**3. જન્મજાત દોષ :**

કેટલીક વખત બાળક જ્યારે ગર્ભાવસ્થામાં વિકાસ પામતું હોય છે ત્યારે માતાને થતાં રોગથી કે કસુવાવડને લીધે બાળક ગર્ભવસ્થામાં જ અપૂરતો વિકાસ કે પૂરાં સમય પહેલાં જન્મેલાં બાળકમાં પૂરતો વિકાસ જોવા મળતો નથી. જન્મ સમયે જ ખોડખાંપણ સાથે જન્મે છે. હાથ-પગ પાતળાં હોવા, ખૂબ જ ઓછા વિકસિત હોવા, મગજનો પૂરતો વિકાસ થયેલ ન હોવો, હાથ કે પગ વળેલા હોવા જેવી અનેક ખામીઓ જન્મજાત દોષ હોય છે. ઘણી વાર જન્મ સમયની ખામીઓ સમય જતાં દૂર પણ થતી હોય છે તો કેટલીકવાર વાઈરસજન્ય રોગનો ભોગ બનેલું બાળક શારીરિક ખોડખાંપણ કાયમી રહે છે. જેને લીધે રોજ-બરોજની તમામ ક્રિયાઓ માટે બીજાનો સહારો લેવો પડે છે. આવા બાળકો માટે શિક્ષણની ખાસ જોગવાઈ કરવી પડે છે.

**4. અકસ્માતને લીધે થતી અસ્થિવિષયક ખામીઓ**

ઘણીવાર બાળક તંદુરસ્ત હોય પરંતુ બાલ્યાવસ્થા દરમ્યાન અકસ્માતને લીધે શરીરનું કોઈ અંગ કામ કરતું બંધ થઈ જાય અથવા ગુમાવવાનો વારો આવે છે. રમતાં-રમતાં બોલ વાગવાથી આંખ ગુમાવવી. વાહન અકસ્માતને લીધે પગ કપાવવો પડે કે હાથ ગુમાવવો પડે છે. હાથ-પગ જેવાં મુખ્ય અંગો પૂરેપૂરી રીતે સારી રીતે સામાન્ય બાળકની જેમ કામ કરી શકતા નથી. તેને લાકડી કે ઘોડીનો સહારો લેવો પડે છે. પોતે તંદુરસ્ત હતો પરંતુ અકસ્માતને લીધે ખોડખાંપણયુક્ત બને છે. આવા બાળકને પણ અપંગ બાળકની શાળામાં પ્રવેશ આપવો પડે છે. તેની સાથે શિક્ષણ લેવું પડે છે. આવા બાળકો સ્વસ્થ બાળકની જેમ રમત-ગમતમાં કે અન્ય પ્રવૃત્તિઓમાં ભાગ લઈ શકતાં નથી. સામાજિક રીતે કે માનસિક રીતે હીનતા અનુભવે છે.

### 9.1.3 અસ્થિવિષયકની લાક્ષણિકતા

- આવા પ્રકારની ખામી જન્મજાત કે કોઇ રોગ દ્વારા આવેલી હોય છે.
- બાળકને ઘણીવાર મગજનો લકવો કે અન્ય વાઈરસજન્ય રોગને લીધે થયેલી હોય છે.
- બાળક દાઝી જાય કે અકસ્માતને લીધે અંગ ગુમાવે ત્યારે પણ શારીરિક અંગમાં ખામી આવે છે.
- અકસ્માતને લીધે હાથ કે પગ કપાવવો પડે ત્યારે પણ પંગુતા આવે છે જેને લીધે કાયમી ખોડ-ખાંપણ ધરાવે છે.
- આવી ખામીવાળા બાળકોને બીજાના સહારા કે ઘોડીનો સહારો લેવો પડે છે.
- ઘણીવાર બંને પગે લકવાગ્રસ્ત બાળકને ઘસડાઈને એક જગ્યાએથી બીજી જગ્યાએ જવું પડે છે. બીજાની મદદ લેવી પડે છે.
- હાથના લકવાગ્રસ્ત બાળકને તે હાથ વડે હલન-ચલન કે કોઇ કામ થઈ શકતા નથી. વસ્તુને પકડવામાં કે વસ્તુ ઊંચકવામાં તે હાથ કામ કરતો નથી. એક જ હાથે કામ કરવું પડે છે.
- અકસ્માતને લીધે બંને પગ ગુમાવનારને પગ માટેની ઘોડી વડે કે ત્રિપગી સાયકલ વડે એક જગ્યાએથી બીજી જગ્યાએ જવું પડે છે.

– અકસ્માતમાં આંગળીઓ કપાઈ જવી, પગનો પંજો ગુમાવવો, હાથનો પંજો ગુમાવવો પડે ત્યારે મુશ્કેલી પડે છે. જે તે અન્ય અંગ વડે કાર્ય કરવું પડે છે.

– ઘણીવાર જન્મથી અપંગ બાળકને મિત્ર કુટુંબીજનો કે અન્યનો સહારો લઈ રોજબરોજની ક્રિયાઓ કરવી પડે છે.

– બાલ્યાવસ્થા દરમ્યાન વાઈરસ જન્ય કે અન્ય રોગથી ભોગ બનેલ બાળકને મજ્જાતંત્ર કે અસ્થિતંત્ર પર અસર થવાથી હાથ કે પગ કામ કરી શકતા હોતા નથી. તેથી તે અન્યને સહારે જીવે છે.

– શારીરિક અક્ષમતા કે કમજોરી દૂર કરવા માટેના પ્રયત્નો છતાં દૂર ન થાય તો તેને અપંગ શાળામાં શિક્ષણ લેવું પડે છે.

– બાળકને હાથ-પગનો લકવો થાય ત્યારે હાથ કે પગ દ્વારા યોગ્ય હલન-ચલન કે રોજીંદી ક્રિયાઓ કરી શકતો નથી.

– મગજનો લકવાગ્રસ્ત બાળક એ પોતાનું માથું સ્થિર રાખી શકતો નથી. આ ઉપરાંત તેની વિચારશક્તિ, તર્કશક્તિ કે અન્યને સમજવાની શક્તિ ખૂબ ઓછી ધરાવે છે.

– ઘણીવાર અકસ્માતમાં કરોડરજ્જુ પર અસર થાય ત્યારે હાથ કે પગના સ્નાયુ કાર્ય કરતાં બંધ થાય છે. જેથી રોજીંદા કાર્ય કરવામાં કે અનેક સમસ્યાઓનો સામનો કરવો પડે છે.

– ઘણીવાર બાળકના જન્મ સમયથી જ હાથનાં આંગળા ન હોવા કે ઓછી આંગળીઓ હોવી, અંગૂઠો ન હોવો જેવી ખામીઓને લીધે લખવામાં, ચાલવા ફરવામાં કે કોઈ કાર્ય કરવામાં મુશ્કેલી અનુભવે છે.

### 9.1.4 અસ્થિવિષયકની શૈક્ષણિક જરૂરિયાત

– અસ્થિવિષયક દોષયુક્ત બાળકોને શિક્ષણ આપવા માટે અલગ શાળાને બદલે સામાન્ય શાળામાં વિદ્યાર્થીઓ સાથે શિક્ષણ આપવા માટે પ્રયત્ન કરવા જોઇએ.

– અસ્થિદોષયુક્ત બાળકોને સ્વાવલંબી બનાવવા માટે વ્યાવસાયિક કે શૈક્ષણિક રીતે તૈયાર કરવા જોઇએ.

– અસ્થિદોષયુક્ત બાળકો સમાજમાં સ્વમાનભેર જીવી શકે તે માટે વ્યાવસાયિક તાલીમ આપવી જોઇએ.

– અસ્થિદોષયુક્ત બાળકને શક્ય હોય ત્યાં સુધી હોસ્પિટલ દ્વારા સારવાર ઑપરેશનથી ખામી દૂર કરવાના પ્રયત્નો કરવા જોઈએ.

– અસ્થિદોષયુક્ત બાળક ડગલેને પગલે મુશ્કેલી ન અનુભવે તે માટે વિકલાંગ માટેના સાધનો પૂરાં પાડવાં જોઇએ.

– અસ્થિદોષયુક્ત બાળક જે પ્રકારની શારીરિક અક્ષમતા હોય તેને ધ્યાનમાં રાખીને તેનો સર્વાંગી વિકાસ કરવો જોઈએ. પગની પંગુતા હોય તો કમ્પ્યૂટર શિક્ષણ દ્વારા સ્વાવલંબી બનાવવો જોઈએ.

– અસ્થિદોષયુક્ત બાળકને અપંગની શાળામાં કે સામાન્ય શાળામાં શિક્ષણ આપી તે પગભર બને તેવા પ્રયત્નો કરવા જોઇએ.

– આવા બાળકો આત્મવિશ્વાસ કેળવે તે માટે તમામ પ્રયત્નો કરવા જોઈએ.

– આવા બાળકો જેવી જ ખોડ-ખાંપણ ધરાવતા વિશિષ્ટ મહાનુભવોના પ્રવચનો યોજવા જોઈએ. તેમની સિદ્ધિઓને બિરદાવવી જોઇએ.

– શારીરિક વિકલાંગતા ધરાવતા બાળકોને વ્યાવસાયિક તાલીમ આપી પગભર બને તેવા પ્રયત્નો

કરવા જોઈએ. તેમને તેમની વિકલાંગતાનો લાભ અપાવવો જોઇએ. નોકરીમાં અનામતની જોગવાઈ કરવી જોઈએ.

– આવા બાળકોના વાલી સામે અવાર-નવાર મીટીંગો યોજી યોગ્ય માર્ગદર્શન આપવું જોઇએ.

– આવા બાળકો સાથે શાળાના અન્ય બાળકો હળીમળીને રહે તેવું વાતાવરણ સર્જવું જોઈએ. તેમને પણ સામાન્ય બાળક સાથે વિવિધ પ્રવૃત્તિઓમાં ભાગ લેવડાવવો જોઈએ.

– આવા બાળકોએ મેળવેલી વિશિષ્ટ સિદ્ધિઓનું સન્માન કરવું જોઈએ. તેમનામાં રહેલી સર્જનાત્મકતા બહાર આવે તે માટે વિશિષ્ટ કૃતિઓનું પ્રદર્શન યોજવું જોઈએ.

**9.1.5 અસ્થિવિષયક બાળકો માટે શિક્ષણની જોગવાઈ**

– શરીરની રચના સંબંધી ખામી હાથ-પગની રચનામાં ખામી હોય ત્યારે તેવા બાળકોને બેસવા માટે ખાસ પ્રકારની બેઠક વ્યવસ્થા કરવી જોઈએ.

– ખાસ કરીને પગની અપંગતા ધરાવતા બાળકો કે જે બે પગે અપંગતા ધરાવતા હોય તેને માટે શૌચાલય, વર્ગખંડ, બ્લેકબોર્ડ માટે વિશિષ્ટ જોગવાઈ કરવી જોઇએ.

– અસ્થિ વિષયક ખામી ધરાવતા બાળકો ડગલેને પગલે મુશ્કેલી અનુભવે છે તેથી તે અન્ય લોકો પર આધાર રાખવાનો હોવાથી લઘુતાગ્રંથીથી પીડાય છે. તેથી ખાસ તેમને પ્રેમ, સહકાર, સહાનુભૂતિપૂર્વક તેમની સાથે શાળાકીય પ્રવૃત્તિ દરમિયાન કે કૌટુંબિક વાતાવરણ વર્તવું જોઈએ.

– અસ્થિવિષયકમાં ખાસ કરીને પગની વિકલાંગતાવાળા બાળકોને ચાલવા માટેના સાધન, સાયકલની વ્યવસ્થા કરવી જોઇએ.

– આવા બાળકો મનોવૈજ્ઞાનિક કે સામાજિક સમસ્યાથી ન પીડાય તે માટે શાળાકીય પ્રવૃત્તિમાં ભાગ લેવડાવવો જોઇએ.

– આવાં બાળકો રોજ-બરોજના કાર્યો જાતે કરી શકે, રસ્તો ઓળંગી શકે તે માટેની તાલીમ આપવી જોઇએ.

– આવાં બાળકોને શિક્ષણને સાથે ખેલકૂદ, સંગીત, ચિત્રકામ, કલાનું પ્રશિક્ષણ આપવું જોઇએ.

– આવાં બાળકોને સ્વાવલંબી બનાવવા માટે ઉદ્યોગનું પણ શિક્ષણ આપી વણાટકામ, ચર્મકામ, માટીકામ, ભરતગુંથણ વગેરેની તાલીમ આપવી જોઇએ.

– આવાં બાળકોને શિક્ષણ આપવા માટે ખાસ પ્રકારની તાલીમ પામેલાં શિક્ષકો દ્વારા શિક્ષણ આપવું જોઇએ.

– આવાં બાળકો માટે ખાસ પ્રકારના શૈક્ષણિક સાધનો, તેમજ દાર્શનિક કે રોલ-પ્લે જેવી વિશિષ્ટ ટેક્નીકથી શિક્ષણ આપવું જોઇએ.

– વર્તમાન ટેક્નોલોજીના યુગમાં કમ્પ્યૂટરનો ઉપયોગ કરી વિશિષ્ટ પાઠ્યક્રમ તૈયારી કરી અધ્યાપન કરવું જોઇએ.

– જે બાળકમાં જે પ્રકારની શારીરિક ખામી હોય તે પ્રકારને ધ્યાનમાં રાખી શીખવવાની પરિસ્થિતિ અને અધ્યાપન અનુભવો આપવા માટે આયોજન કરવું જોઇએ.

– જે બાળકોને પગની વિકલાંગતા હોય તેમને કૃત્રિમ અંગો દ્વારા ચાલી શકે તેવા પ્રયત્ન કરવા જોઇએ. ઑપરેશનથી કોઇ અપંગતા દૂર થઈ શકતી હોય તો તેમ કરવું જોઇએ.

– શારીરિક વિકલાંગતા ધરાવતાં બાળકો માટે વિવિધ હરિફાઈઓ યોજી તેમણે મેળવેલી વિશિષ્ટ સિદ્ધિઓનું સન્માન કરવું જોઇએ.

– આવાં બાળકોને સમાન તક પૂરી પાડવી, તેમની સાથે હકારાત્મક વલણ, સહાનુભૂતિ પૂર્વકનું વર્તન તેમના કુટુંબીજનો ઉપરાંત સમાજે કરવું જોઇએ.

– આવાં બાળકોની સરખામણી સામાન્ય બાળકો સાથે ન કરવી જોઇએ. તેમની અભિવ્યક્તિને બિરદાવવી જોઇએ. તેમના વિચારોને ધ્યાનથી સાંભળી બિરદાવવા જોઈએ.

– શિક્ષણકાર્ય કરતી વખતે બની શકે તો તેમને પ્રથમ હરોળમાં બેસાડવા જોઇએ. તેમની ગતિ-પ્રગતિને ધ્યાનમાં રાખીને શિક્ષણની ઝડપ રાખવી જોઇએ.

– આવા બાળકો નવું શીખે તે માટે પ્રેરણા અને પ્રોત્સાહન પૂરાં પાડવા જોઈએ. તેમની વિકલાંગતાને અનુરૂપ શિક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરવો જોઈએ.

– વિકલાંગ બાળકો માટે શૈક્ષણિક એકમોનું દઢીકરણ કરી તેમની જીજ્ઞાસા સંતોષાય, પૂરતી સમજ પડે તેવા વાતાવરણમાં શૈક્ષણિક કાર્ય કરવું જોઈએ.

– શારીરિક વિકલાંગ બાળકને પોતાની વિચારો બાબતોને અભિવ્યક્ત કરવાની પૂરતી તક આપવી જોઇએ.

## 9.2 સારાંશ

શાળામાં આવતાં બાળકોમાં વૈયક્તિક તફાવત જોવા મળે છે. શારીરિક, માનસિક અને સાંવેગિક બાબતોમાં વિવિધતા જોવા મળે છે. ઘણીવાર બાળકોને જન્મજાત ખોડ હોય છે અથવા જીવનકાળ દરમ્યાન રોગ કે અકસ્માતને લીધે અંગ ગુમાવવા પડે છે કે ખામી સર્જાય છે. પ્રસ્તુત એકમમાં અસ્થિવિષયક બાળકોની સંકલ્પના, સ્વરૂપ તેમજ તેના પ્રકારની ચર્ચા કરેલ છે. આ ઉપરાંત અસ્થિવિષયક લાક્ષણિકતા, તેમની શૈક્ષણિક જરૂરિયાતો અને શિક્ષણની જોગવાઈઓની ચર્ચા કરેલ છે.

## 9.3 તમારી પ્રગતિ ચકાસો

**1. અસ્થિવિષયક બાળકોની લાક્ષણિકતા જણાવો.**

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

**2. અસ્થિવિષયક બાળકોને શિક્ષણની જોગવાઈઓ જણાવો.**

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

**3. અસ્થિવિષયક વિશિષ્ટતાના પ્રકાર સમજાવો.**

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

## 9.4 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

1. પાના નં. 16 જુઓ
2. પાના નં. 18 જુઓ
3. પાના નં. 15 જુઓ

એકમ 10

# મંદબુદ્ધિ ધરાવતા બાળકો

## : રૂપરેખા :


10.1 મંદબુદ્ધિ

10.2 મંદબુદ્ધિ : વ્યાખ્યા, સંકલ્પના અને સ્વરૂપ

10.3 મંદબુદ્ધિના પ્રકારો

10.3.1 મંદબુદ્ધિના બાળકોના લક્ષણો

(1) શૈક્ષણિક રીતે

(2) મનોવિજ્ઞાનિક રીતે

(3) મેડીકલ રીતે

10.4 મંદબુદ્ધિના કારણો

(1) કૌટુંબિક કારણો

(2) જ્ઞાનતંત્રિય કારણો

(3) પોષણવિષયક કારણો

(4) પર્યાવરણ વિષયક કારણો

(5) જન્મ પહેલાં, પછી અને જન્મ સમયના કારણો

10.5 મંદબુદ્ધિના બાળકો માટેની શૈક્ષણિક જોગવાઈ

10.6 સારાંશ

10.7 તમારી પ્રગતિ ચકાસો

10.8 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો


## 10.1 મંદબુદ્ધિ

સામાન્ય રીતે શાળાઓમાં આવતા બાળકો વિવિધ સમાજમાંથી, વિવિધ વિસ્તારમાંથી, વિવિધ સામાજિક અને આર્થિક સ્થિતિ ધરાવતા હોય છે. વર્ગખંડમાં અભ્યાસ કરતા બાળકોની માનસિક કક્ષા જુદી જુદી હોય છે. તેમના રસ, રુચિ અને વલણમાં ભિન્નતા જોવા મળે છે. વર્ગખંડમાં સામાન્ય શિક્ષણ આપવામાં આવે છે. જે બાળકો સામાન્ય બુદ્ધિકક્ષા ધરાવતા નથી તે માનસિક કે બૌદ્ધિક રીતે પછાત હોય છે. આવા બાળકો વાંચન, લેખન ગ્રહણ કરી શકતા નથી. તેમનું મગજ સંપૂર્ણ અથવા સામાન્ય વિકાસ સાધવામાં નિષ્ફળ ગયું હોય છે. આવા બાળકો મંદબુદ્ધિ ધરાવે છે.

## 10.2 મંદબુદ્ધિ : વ્યાખ્યા, સંકલ્પના અને સ્વરૂપ

**પ્રસ્તાવના :**

સામાન્ય રીતે મંદબુદ્ધિના બાળકોને સમાજમાં માનસિક રોગી તરીકે જોવામાં આવે છે. વાસ્તવમાં એ જન્મ સમયે કે બાલ્યાવસ્થાની શરૂઆતની માનસિક વિકાસની સ્થિતિ દર્શાવે છે. તે કોઈ રોગી નથી. આવા બાળકોનો બુદ્ધિઆંક 50 થી 70 વચ્ચેનો હોય છે. આવા બાળકોને મંદબુદ્ધિના કે કમ અક્કલવાળા બાળકો કહેવામાં આવે છે. તેમનામાં તર્કશક્તિ અને વિચારશક્તિનો અભાવ હોય છે તેમને જેવી ટેવો પાડીએ તેમ જીવન પસાર કરે છે. આવા બાળકોને સ્વચ્છતાના પાઠો પણ શીખવી શકાય છે. આવા બાળકો અધ્યયન, સામાજિક અનુકૂલન અને આર્થિક ઉત્પાદનમાં મુશ્કેલી અનુભવે છે.

**સંકલ્પના :**

મનોવિજ્ઞાનમાં મંદબુદ્ધિ માટે બે શબ્દો પર્યાય તરીકે વપરાય છે. mentally retarded અને mentally handicapped આ બંને શબ્દો માનસિક પછાતપણું, ઊણપ, પંગુતા કે ક્ષતિનો અર્થ દર્શાવે છે.

''માનસિક ઉણપ એ એક એવી સ્થિતિ છે કે જેમાં મગજ સંપૂર્ણ અથવા સામાન્ય વિકાસ સાધવામાં નિષ્ફળ ગયું છે.''

***—ટ્રેડ ગોલ્ડ***

મંદબુદ્ધિના બાળકો એને ગણવામાં આવે છે કે જેઓ હંગામી અથવા લાંબા સમયથી તેના પોતાના જુથના અન્ય બાળકોથી સામાન્ય કરતાં નિમ્ન કક્ષાના માનસિક કાર્યો કરે છે, પરંતુ તેમની સામાજિક પર્યાપ્તતા અંગે પ્રશ્ન હોતો નથી. હોય તો પણ તે સમાજમાં સ્વતંત્ર રીતે પર્યાપ્ત રીતે કાર્ય કરવાનું શીખી શકે છે.

***—સોરેન્સ***

''માનસિક ઉણપ એ એવી સ્થિતિ છે કે જેમાં મગજ સંપૂર્ણ અથવા સામાન્ય વિકાસ સાધવામાં નિષ્ફળ ગયું છે.''

ઈન્ગ્રામ (1953) ના મત મુજબ,

''મંદબુદ્ધિ અથવા 'માનસિક રીતે અપંગ' શબ્દ પ્રયોગ તેઓ માટે કરવામાં આવે છે કે જેઓનો બુદ્ધિઆંક 50 થી 75 વચ્ચે હોય છે.''

અમેરિકન મનોચિકિત્સક સંઘે (APA, ઈ.સ.1962) આપેલ વ્યાખ્યા અનુસાર,

''મંદબુદ્ધિપણું એ સાધારણ બૌદ્ધિક કાર્યમાં અધૂરપ છે કે જે વિકાસાત્મક તબક્કામાં ઉદ્‌ભવે છે. જે અધ્યયન અને સામાજિક અનુકૂલન અથવા પરિપક્વ અથવા બંનેમાં ઘટાડા સાથે સંબંધિત છે.''

**મંદબુદ્ધિ વિશે મહત્ત્વની બાબતો :**

- મંદબુદ્ધિપણું અસાધ્ય છે.
- મંદબુદ્ધિ ધરાવતાં બાળકોનો માનસિક વિકાસ તેના સમયયસ્કોના માનસિક વિકાસ કરતાં ઘણો ઓછો હોય છે.
- મંદબુદ્ધિપણું પુખ્તવયે પણ ચાલું રહે છે.
- મંદબુદ્ધિ ધરાવતા બાળકનો બુદ્ધિઆંક 50 થી 70 વચ્ચે હોય છે.
- આવા બાળકોમાં તર્કશક્તિ કે વિચાર શક્તિનો અભાવ હોય છે.
- મંદબુદ્ધિ ધરાવતા બાળકો અધ્યયન તેમજ સામાજિક અનુકૂલનમાં મુશ્કેલી અનુભવે છે.
- મંદબુદ્ધિવાળા બાળકોની સ્મૃતિશક્તિ ખૂબ ઓછી હોય છે.
- મંદબુદ્ધિવાળા બાળકોનો માનસિક વિકાસ તેની શારીરિક ઉંમરના પ્રમાણમાં થયો હોતો નથી.
- તેમની માનસિક આયુ 7 થી 12 વર્ષ જેટલી હોય છે.
- આવા બાળકોની કલ્પનાશક્તિ કુંઠિત થયેલ હોય છે.
- તેઓમાં સામાજિક સમાજ નીતિનો અભાવ હોય છે.

## 10.3 મંદબુદ્ધિના પ્રકારો

### 10.3.1 મંદબુદ્ધિના બાળકોના લક્ષણો

- તે સામાજિક અનુકૂલન સાધવામાં મુશ્કેલી અનુભવે છે.

- તેમની સ્મૃતિશક્તિ ખૂબ ઓછી હોય છે.
- તેમનામાં વિવેચનશક્તિ કે વિવેકશક્તિનો અભાવ જોવા મળે છે.
- તેઓ પ્રાથમિક કક્ષા સુધી માંડમાંડ પહોંચે છે.
- આવા બાળકોની સ્મૃતિશક્તિ ખૂબ ઓછી હોય છે.
- સામાન્ય બાળકો કરતાં વધારે પ્રમાણમાં નિષ્ફળતા અનુભવે છે.
- આવા બાળકો સમસ્યા ઉકેલવામાં, ગણતરી કરવામાં, વાંચન ટેવો ઘટાડવામાં, અમૂર્ત ખ્યાલો સમજવામાં સામાન્ય બાળકો કરતાં નબળાં હોય છે.
- તેમનામાં અન્ય માનસિક ક્ષતિગ્રસ્ત બાળકો કરતાં બુદ્ધિશક્તિ વધારે હોવાથી કેટલાંક અસામાજિક તત્ત્વો તેમનો દૂર ઉપયોગ કરે છે.
- તે વસ્તુ કે વિચાર પર ધ્યાનકેન્દ્રિત કરી શકતા નથી.
- તેમનામાં બીજી માનસિક શક્તિઓનો વિકાસ પણ ઓછો જોવા મળે છે.

**(1) શૈક્ષણિક રીતે**

- આવા બાળકો દૃષ્ટિ, શ્રવણ અને અંગ સંયોજનની ખામી ધરાવે છે.
- આવા બાળકોનો બુદ્ધિઆંક 50 થી 70 ની વચ્ચે હોય છે.
- તેઓ સાધારણ બાળકો કરતાં પોણાથી અડધા ભાગનું બૌદ્ધિક સ્તર ધરાવે છે.
- આવા બાળકો બે ધોરણ સુધી કે વધુમાં વધુ સાત ધોરણ સુધી પહોંચી શકે છે.
- આવા બાળકોમાં વર્તન સમસ્યાઓ અને અપરાધશીલતા જોવા મળે છે.
- આવા બાળકો કુશળ અર્ધ-કુશળ કામદાર બની શકે છે.
- આવા બાળકોમાં સમય જતાં પ્રગતિમાં વધારો જોવા મળતો નથી.
- આવા બાળકો વાંચન, ગણન ખૂબ નબળું હોય છે.
- તેમને શીખવા માટે વધુ સમય લાગે છે.
- તેઓ શૈક્ષણિક રીતે પછાત અને અક્ષમ હોય છે.

**(2) તાલીમપાત્ર મંદબુદ્ધિના બાળકો**

- આવા બાળકોનો બુદ્ધિઆંક 30 થી 50 વચ્ચે હોય છે.
- સાધારણ બાળકો કરતાં અડધાથી ત્રીજા ભાગ જેટલું બૌદ્ધિક સ્તર ધરાવે છે.
- આવા બાળકોમાં પુખ્ત ઉંમરે પણ આર્થિક ઉપયોગીતા ઘણી ઓછી જોવા મળે છે.
- આવા બાળકો સાધારણ બાળકોની માફક શાળામાં ભણી શકતા નથી.
- આવા બાળકોને સ્વસંભાળ અને વ્યવહારની તાલીમ આપવી પડે છે.
- આવા બાળકો એ સામાન્ય બાળકોની તુલનામાં ચહેરો વિચિત્ર, તેમજ દેખાવ વિચિત્ર ધરાવતા હોય છે.
- આવા બાળકો અકુશળ શ્રમ કરી શકે છે.

**(3) અતિશય મંદબુદ્ધિના બાળકો**

- અતિશય મંદબુદ્ધિના બાળકો સંપૂર્ણ પરાવલંબી હોય છે.
- આવા બાળકોને નાનપણથી જ સારસંભાળ લેવાની જરૂર પડે છે.
- આવા બાળકોને ઔપચારિક શિક્ષણ આપી શકાતું નથી.
- આવા બાળકો પુખ્ત થાય પછી પણ બીજાના સહારાની જરૂર પડે છે. દૈનિક ક્રિયાઓમાં પણ

સહારાની જરૂર પડે છે.

- આવા બાળકોનો બુદ્ધિઆંક 30 થી ઓછો હોય છે.
- આવા બાળકોનો શારીરિક વિકાસ પણ રૂંધાયેલો રહે છે.
- આવા બાળકો સામાજિક અસ્વીકૃતિનો ભોગ બને છે.
- આવા બાળકોને વિશિષ્ટ શાળામાં શિક્ષણ આપવું પડે છે.

**10.3.2 મંદબુદ્ધિના બાળકોના લક્ષણો**

**(1) શૈક્ષણિક રીતે**

- ઔપચારિક શિક્ષણ આપી શકાતું નથી.
- સામાન્ય બાળકો સાથે શિક્ષણ આપી શકાતું નથી.
- મોટા ભાગના બાળકો પ્રાથમિક શિક્ષણની આગળ વધી શકતા નથી.
- ઝડપથી વાંચન, લેખન, ગ્રહણ કરી શકતા નથી.
- શાળાકીય સિદ્ધિઓ મેળવવામાં નિષ્ફળ જાય છે.
- શાળામાં વર્તન સમસ્યાઓ અને અપરાધશીલતા જોવા મળે છે.

**(2) મનોવિજ્ઞાનિક રીતે**

- વર્તન વિષયક સમસ્યાઓ જોવા મળે છે.
- તેમનામાં અપરાધશીલતા જોવા મળે છે.
- સામાજિક અનુકૂલન સાધી શકતા નથી.
- તેમની ગ્રહણશક્તિ મંદ હોય છે.
- તેઓ સામાન્ય બુદ્ધિકક્ષા કરતાં પણ નિમ્નબુદ્ધિ કક્ષા ધરાવે છે.
- આવા બાળકો અમૂર્ત કે સૂક્ષ્મ બાબતો સહેલાઈથી ગ્રહણ કરી શકતાં નથી.
- આવા બાળકોની વ્યક્તિગત સંભાળ લેવી પડે છે.
- વર્તમાન અનુભવોને ભૂતકાલીન અનુભવો સાથે સાંકળી શકતા નથી.
- આવા બાળકો અમુક ઉંમરે જે કક્ષામાં હોવા જોઇએ તેના કરતાં નિમ્ન કક્ષામાં હોય છે.
- વાણી દ્વારા વિચારો વ્યક્ત કરવામાં મુશ્કેલી અનુભવે છે.

**(3) મેડીકલ રીતે**

- મંદબુદ્ધિના બાળકોની બુદ્ધિ કક્ષા સામાન્ય કક્ષા કરતાં નિમ્ન કક્ષાની હોય છે.
- મંદબુદ્ધિના બાળકોના શરીર અને ચહેરો વિચિત્ર દેખાય છે.
- મંદબુદ્ધિના બાળકો સંપૂર્ણ પરાવલંબી હોય છે.
- દૃષ્ટિ, શ્રવણ અને અંગ સંયોજનની ખામી ધરાવે છે.
- ગ્રહણ કરતાં ખૂબ સમય લાગે છે.
- વિચારો લાગણીઓ વ્યક્ત કરવામાં મુશ્કેલી અનુભવે છે.
- આવા બાળકો પોતાની જાત પર નિયંત્રણ રાખી શકતા નથી.
- આવા બાળકો આવેગો સ્પષ્ટ દર્શાવી શકતા નથી.
- આવા બાળકોનો શારીરિક વિકાસ ખૂબ મંદ હોય છે.
- આવા બાળકો અસલામતી અનુભવે છે.
- આવા બાળકો શારીરિક તકલીફોથી પીડાય છે. શારીરિક વિકાસ રૂંધાયેલો જોવા મળે છે.

## 10.4 મંદબુદ્ધિના કારણો

મંદબુદ્ધિ માટેના મનોવૈજ્ઞાનિક અભ્યાસના તારણોમાં 200 થી વધુ રોગને લીધે મંદબુદ્ધિ હોવા માટે જવાબદાર ઠેરવ્યા છે.

મંદબુદ્ધિ હોવા માટેના અનેક કારણોમાં કૌટુંબિક, જ્ઞાનતંત્રીય, પોષણ વિષયક પર્યાવરણ વિષયક, જન્મવિષયક જેવા મુખ્ય કારણોને જવાબદાર ગણવામાં આવ્યા છે જે નીચે મુજબ છે.

**(1) કૌટુંબિક કારણો :**

કુટુંબનું સામાજિક-આર્થિક સ્તર, માતાનું આરોગ્ય, બાળ ઉછેર-સંભાળ અને બાળકને પ્રોત્સાહન આપવાની રીત વગેરે મુખ્ય બાબતો ગણાય છે. ગર્ભાવસ્થા દરમ્યાન માતાનું આરોગ્ય તંદુરસ્ત ન હોય તો તેના બાળકના માનસિક વિકાસ રૂંધાય છે જેને પરિણામે જન્મેલું બાળકમાં મંદબુદ્ધિ જોવા મળે છે.

**(2) જ્ઞાનતંત્રિય કારણો**

માતાના સગર્ભાવસ્થા દરમ્યાન માતાને થયેલ વાઈરસ જન્ય રોગો કમળો, ઈન્ફ્લુએન્ઝા, જેવા અન્ય રોગો થાય તો બાળકના જ્ઞાનતંત્રીય અસરો નીપજાવે છે. આવા બાળકના જ્ઞાનતંત્ર પર અસર થાય છે જે મંદબુદ્ધિનું કારણ બને છે.

**(3) પોષણવિષયક કારણો**

માતા અને બાળકને પૂરતા પ્રમાણમાં પોષકદ્રવ્યો સભર ખોરાક સગર્ભાવસ્થા દરમ્યાન કે બાળકને શરૂઆતના તબક્કે ન મળે તો બાળકનો માનસિક વિકાસને અવરોધે છે. બાળકને શરૂઆતના તબક્કે માતાનું દૂધ મળવું જોઈએ તે ન મળે તો પણ મંદબુદ્ધિ માટે જવાબદાર બને છે. માતાનું દૂધ એન્ટિબાયોટિક છે જે રોગો સામે રક્ષણ આપે છે.

**(4) પર્યાવરણ વિષયક કારણો**

બાળકની શૈશવ અવસ્થામાં અપૂરતાં ઈન્દ્રિયગ્રાહ્ય અનુભવો, પ્રત્યક્ષીકરણના અનુભવો પુરા પાડવામાં ન આવે તો પણ મંદબુદ્ધિ કે માનસિક વિકાસ અવરોધક કારણો પૈકીનું એક પરિબળ બને છે. કુટુંબમાં મોટા વ્યક્તિના વાણી, વર્તન એ બાળકના માનસિક વિકાસ પર અસર કરે છે. માટે કૌટુંબિક તેમજ આસપાસનું વાતાવરણ પણ માનસિક વિકાસનું અગત્યનું પરિબળ બને છે જે અસર કરે છે.

**(5) જન્મ પહેલાં, પછી અને જન્મ સમયના કારણો**

બાળકના જન્મ પહેલાં આનુવંશિક રંગસૂત્રોની અવસ્થા મંદબુદ્ધિ માટે જવાબદાર બને છે. બાળકના જન્મ પહેલાં માતાને થયેલ ફ્લુ, ઓરી, બાળકના લોહીના પ્રતિકૂળ ગ્રુપને લીધે પેદા થયેલ વિષેશ બાળકના મગજને નુકસાન કરે છે અને તે મંદબુદ્ધિનું કારણ બને છે.

બાળકના જન્મ સમય કસૂવાવડ, અપરિપક્વતા, જન્મ, પ્રસુતિમાં વધુ પડતો સમય લાગતાં બાળકના મગજને નુકસાન થાય છે. આમ, અપરિપક્વ સમયે થયેલ જન્મ પણ મંદબુદ્ધિ માટે જવાબદાર બને છે. ચિપિયાથી મગજને થતી ઈજા પણ મંદબુદ્ધિ માટે જવાબદાર બને છે.

બાળકને જન્મ પછી એન્ફેડ લાઈટીસ, મેન્જાઈટીસ જેવા બાળરોગો મગજને નુકસાન કરે છે. આ ઉપરાંત વાઈરસ જન્ય તાવ પણ મગજને નુકસાન કરે છે. બાળપણમાં મગજને થયેલ ઈજા પણ મંદ બુદ્ધિ માટેનું કારણ બને છે. બાળક સીસાના રમકડાં મોં વડે ચાટીને રમવાથી શરીરમાં ગયેલ ઝેર ટ્યુમર વગેરે મંદબુદ્ધિનું કારણ બને છે. આમ, 200 થી પણ વધુ રોગ જેવી પરિસ્થિતિઓ મંદબુદ્ધિ હોવા કે થવા માટે જવાબદાર છે. માતા-પિતા કે પૂર્વજો મંદબુદ્ધિ ધરાવતા હોય તો તેનું બાળક મંદબુદ્ધિ થવાની શક્યતા 80 ટકા જેટલી છે. ટી.બી., ડાયાબીટીસ, વિટામીનની ઉણપ પણ મંદબુદ્ધિનું કારણ બને છે.

## 10.5 મંદબુદ્ધિના બાળકો માટેની શૈક્ષણિક જોગવાઈ

1. મંદબુદ્ધિના બાળકોમાં વાચન, લેખન, ગણન, ભાષા અને કલા સંબંધી કૌશલ્ય વિકસે તેવા શૈક્ષણિક કાર્યક્રમો યોજવાં જોઈએ.
2. મંદબુદ્ધિના બાળકોનું શારીરિક સ્વાસ્થ્ય જળવાઈ રહે તે માટે શાળાકીય કાર્યક્રમોમાં સ્વાસ્થ્ય જળવાય તેવી પ્રવૃત્તિઓનું આયોજન કરવું જોઇએ.
3. મંદબુદ્ધિના બાળકો માટે નિવાસી શાળાની વ્યવસ્થા કરવી તેમજ સમવયસ્કો સાથે સંબંધો, વિકસાવવા વિવિધ સહઅભ્યાસિક પ્રવૃત્તિઓનું આયોજન કરવું.
4. મંદબુદ્ધિના બાળકોને વ્યાવસાયિક કૌશલ્યોની તાલીમ આપવી જેથી પગભર બની શકે.
5. મંદબુદ્ધિના બાળકો માટે ખાસ વર્ગો, નિવાસી શાળાઓ કે નિયમિત વર્ગોમાં શિક્ષણની ખાસ જોગવાઈ કરવામાં આવે છે.
6. મંદબુદ્ધિના બાળકોની શિક્ષણકાર્ય દરમ્યાન પુનરાવર્તન માટેની તક, પ્રતિચાર આપે ત્યારે પ્રોત્સાહન આપવું જોઈએ.
7. વિવિધ શૈક્ષણિક કાર્યક્રમો અને સહઅભ્યાસિક પ્રવૃત્તિઓમાં ભાગ લેવડાવવો જોઇએ.
8. શિક્ષણ-વિષયક સમસ્યા જાણી તેને હલ કરવી જોઇએ.
9. મંદબુદ્ધિના બાળકોના વાલીની અવાર-નવાર મીટીંગ યોજીને યોગ્ય માર્ગદર્શન આપવું તેમજ પોતાના બાળક સાથે કેવો વ્યવહાર કરવો તેની સમજ આપવી જોઇએ.
10. મંદબુદ્ધિના બાળકોના વાલીને બાળઉછેર માટેના અસરકારક કૌશલ્યોની તાલીમ આપવી.
11. મંદબુદ્ધિના બાળકોનો મહત્તમ વિકાસ કુટુંબ દ્વારા થાય માટે તેમના સાંવેગિક વિકાસ, સામાજિક વિકાસને પ્રોત્સાહન દૈનિક કાર્યમાં અનુભવોનો ઉપયોગ ભાષાવિકાસને પ્રોત્સાહન માટે વિવિધ તાલીમ આપવી જેથી બાળકનો મહત્તમ વિકાસ થાય.
12. નિવાસી શાળામાં વિવિધ શૈક્ષણિક સાધનો ખરીદવા અને તેનો શિક્ષણ કાર્ય દરમ્યાન ઉપયોગ કરી વધુમાં વધુ સઘન શિક્ષણ વર્ગ-વ્યવહારને જીવંત બનાવવું.
13. મંદબુદ્ધિના બાળકો સામે શિક્ષણકાર્ય કરતી વખતે જે તે એકમ માટે મર્યાદિત સમયમાં મર્યાદિત સંખ્યામાં ખ્યાલો રજૂ કરવાં જોઇએ.
14. મંદબુદ્ધિનાં બાળકો સમક્ષ નાના અને ક્રમિક સોપાનો વડે અધ્યાપન કાર્ય કરવું જોઈએ.
15. મંદબુદ્ધિના બાળકો માટેના પાઠ્ય પુસ્તકમાં એકમો સરળ, રસપ્રદ, રંગીન ચિત્રો, સ્વાધ્યાય પ્રવૃત્તિઓ રસપ્રદ હોવી જોઈએ.
16. મંદબુદ્ધિના બાળકોની માનસિક અધ્યયનકક્ષા સૌ પ્રથમ શોધી કાઢવી જોઈએ જેથી શૈક્ષણિક કાર્ય કેવી રીતે કરવું તેની જાણ રહે.
17. મંદબુદ્ધિના બાળકોને સહાયતા, પરામર્શન અને નિદર્શન આપવા શિક્ષકે હંમેશા તત્પર રહેવું જોઇએ.
18. મંદબુદ્ધિના બાળકોનો શિક્ષણ આપવાના હેતુ અને પ્રવૃત્તિઓ સંબંધિત માહિતી વાલીઓને આપવી જોઇએ.
19. મંદબુદ્ધિના બાળકોને વ્યાવસાયિક તેમજ હસ્ત ઉદ્યોગની તાલીમ આપવી જોઈએ.
20. મંદબુદ્ધિના બાળકો સમક્ષ અધ્યાપનકાર્ય ધીમી ગતિએ, ધીરજપૂર્વક, સહાનુભૂતિપૂર્વક આપવું જોઇએ.
21. આવા બાળકો વર્ગમાં એકલા અટૂલા ન પડી જાય તેની કાળજી રાખવી જોઈએ.

## 10.6 સારાંશ

સામાન્ય રીતે મંદબુદ્ધિ ધરાવતા બાળકોનો બુદ્ધિઆંક 50 થી 70 વચ્ચેનો હોય છે. તેઓમાં તર્કશક્તિ કે વિચારશક્તિની ગતિ ધીમી હોય છે અને આવા બાળકો સામાજિક અનુકૂલન અનુભવે છે. આવાં બાળકોની સ્મૃતિશક્તિ ખૂબ ઓછી હોય છે. તેઓ પરાવલંબી હોય છે. આવા બાળકોને બીજાનાં સહારાની જરૂર હોય છે. આવા બાળકોના લક્ષણો શિક્ષક માટે જાણવા ખૂબ જરૂરી છે. તેમના માટે વિશિષ્ટ શાળામાં શિક્ષણ આપી હૂંફ અને પ્રેમ આપવો પડે છે. તેઓ ઝડપથી વાંચન, લેખન અને ગ્રહણ કરી શકતાં નથી. આવા બાળકો માટે નિવાસી શાળા તેમજ વિવિધ સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ તેમજ વ્યાવસાયિક કૌશલ્યો વિકસાવવાની ખાસ તક આપવી જોઇએ. તેમના માટે વિશિષ્ટ તાલીમ પામેલ શિક્ષકોની જોગવાઈ કરવી જોઈએ.

## 10.7 તમારી પ્રગતિ ચકાસો

**1. મંદબુદ્ધિના બાળકોની સંકલ્પના અને સ્વરૂપ સમજાવો.**

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

**2. મંદબુદ્ધિના બાળકોના શૈક્ષણિક અને મનોવૈજ્ઞાનિક લક્ષણો જણાવો.**

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

**3. મંદબુદ્ધિના બાળકો માટેની શૈક્ષણિક જોગવાઈઓ જણાવો.**

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

## 10.8 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

1. પાના નં. 21 જુઓ
2. પાના નં. 24 જુઓ
3. પાના નં. 25 જુઓ

એકમ 11

# અંધ બાળકો

## : રૂપરેખા :

**11.1 પ્રસ્તાવના**

**11.2 અંધ બાળકો વ્યાખ્યા, સ્વરૂપ**

**11.3 અંધત્વના કારણો**

**11.4 અંધત્વના લક્ષણો**

**11.5 અંધબાળકોની સમસ્યાઓ**

**11.6 અંધ બાળકો માટેની શૈક્ષણિક જોગવાઈઓ**

**11.7 સારાંશ**

**11.8 તમારી પ્રગતિ ચકાસો**

**11.9 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો**

## 11.1 પ્રસ્તાવના :

દરેક શાળામાં એવા બાળકો હોય છે જેઓ સામાન્ય બાળકો કરતાં ભિન્ન હોય છે. પ્રત્યેક વિદ્યાર્થી તેનાં શારીરિક અને માનસિક લક્ષણોની બાબતમાં અનેક ભિન્નતાઓ ધરાવે છે. ફલતઃ તેના વર્તનોમાં પણ તફાવત જોવા મળે છે. આવા વર્તનો પૈકી કેટલાંક વર્તનો સામાન્ય લાગે છે તો કેટલાંક વર્તનો અસામાન્ય લાગે છે. આવા અસામાન્ય વર્તનો શારીરિક રચના સાથે સંબંધિત હોય છે. એક જ વર્ગના વિદ્યાર્થીઓ રસ-રુચિ, માનસિક સ્તર, અભિયોગ્યતાઓ અને લક્ષણોના સંબંધમાં વ્યક્તિગત તફાવતો ધરાવે છે. કેટલાક વિદ્યાર્થીઓમાં માનસિક શક્તિ વધારે હોય છે તો કેટલાંક વિદ્યાર્થીઓ મંદબુદ્ધિ ધરાવતાં હોય છે. કેટલાક વિદ્યાર્થીઓની સ્મરણશક્તિ તેજ હોય છે. જ્યારે કેટલાક વિદ્યાર્થીઓ શીખેલું ઝડપથી ભૂલી જાય છે. જે વિદ્યાર્થીઓ શારીરિક કે માનસિક રીતે વિકલાંગ હોય તેમને સામાન્ય વિદ્યાર્થીઓ માટે અપાતું શિક્ષણ આપવું યોગ્ય નથી. નાની ઉંમરમાં અપવાદરૂપ વર્તન ધરાવતા વિદ્યાર્થીઓને શોધી કાઢીને તેમને યોગ્ય માર્ગદર્શન આપવું જોઈએ. અપવાદરૂપ બાળકોનું પાંચ મુખ્ય ભાગોમાં વહેંચવામાં આવે છે.

1. **શારીરિક ખામીઓ ધરાવતાં બાળકો :** શારીરિક ખોડખાંપણ ધરાવતા બાળકો (હાથ, પગ, હોઠ, આંખ, કાન કે શરીરના કોઈક અંગમાં રહેલી ખામી) મૂક બધીર બાળકો અને અંધ બાળકો.

2. **માનસિક શક્તિમાં વિચલિતતાવાળા બાળકો**

   (અ) બૌદ્ધિક રીતે શ્રેષ્ઠ

   (બ) માનસિક ક્ષતિવાળા એટલે ઓછી બુદ્ધિવાળા બાળકો

3. **વર્તન વિચલનવાળા બાળકો :**

   (અ) સાંવેગિક ખલેલ (બ) સામાજિક અપાનુકૂલન ધરાવતાં બાળકો

4. **પ્રત્યાયન શક્તિમાં વિચલન ધરાવતા બાળકો**

   (અ) અધ્યયન અક્ષમતા

   (બ) મંદગતિ અધ્યયન

   (ક) વાણીદોષવાળા બાળકો

   શારીરિક રીતે ખોડખાંપણ ધરાવતા બાળકોમાં શારીરિક ન્યુનતા કેટલીકવાર જન્મજાત હોય

છે તો કેટલીકવાર અકલ્પીનના કારણે જન્મે છે. વિકલાંગ બાળકોમાં ઈન્દ્રિયોની પંગુતામાં નીચે મુજબ ત્રણ પ્રકારની પંગુતા જોવા મળે છે.

(1) દષ્ટિકોણ અથવા સંપૂર્ણ અંધત્વ (Defective vision or rovision)

(2) પૂર્ણ બધિર અથવા અર્ધબધિર (Deaf or Hard of hearing)

(3) તોતડાપણું અથવા પૂર્ણ મુંગાપણું (Defective speech or dumb)

શારીરિક પંગુતામાં સંપૂર્ણ અંધતા ધરાવતા બાળકો મોટે ભાગે પરાવલંબીપણું ધરાવે છે. આવા બાળકોને મિત્રો, સ્વજનોની ડગલેને પગલે જરૂર પડે છે. આવા અંધ બાળકો પ્રત્યે સમાજે ખાસ સહાનુભૂતિ અને મદદની જરૂર પડે છે. સંપૂર્ણ અંધબાળકો માટે ખાસ પ્રકારની અંધશાળાઓમાં પ્રવેશ અપાવવો જોઈએ. સંપૂર્ણ અંધ બાળકોને સંગીત અને અન્ય હસ્તકળાઓનું શિક્ષણ આપવું જોઇએ. આવા બાળકોને વ્યાવસાયિક તાલીમની પણ જરૂર રહે છે. આવા બાળકો વિશે ઊંડાણ પૂર્વકનો અભ્યાસ જરૂરી છે.

## 11.2 વ્યાખ્યા, સ્વરૂપ

દષ્ટિક્ષતિને મુખ્ય ત્રણ ભાગમાં વહેંચવામાં આવે છે.

**(1)** **સંપૂર્ણ અંધ :** જે બાળકોમાં દષ્ટિનો સંપૂર્ણ અભાવ હોય તેમને સંપૂર્ણ અંધ કહેવામાં આવે છે. આ ઉપરાંત 6/60 દષ્ટિક્ષમતા ધરાવતા વ્યક્તિને સંપૂર્ણ અંધ ગણી શકાય.

**(2)** **અંશતઃ અંધ :** જે બાળકની દષ્ટિક્ષમતા 3/60-6/60 હોય તેમને અંશતઃ અંધ ગણવામાં આવે છે.

**(3)** **અલ્પ દષ્ટિ :** જે બાળકની દષ્ટિ ક્ષમતા 6/60 થી 18/60 હોય તેઓને અલ્પદષ્ટિ ધરાવતા બાળકોમાં સમાવેશ કરવામાં આવે છે.

**અંધત્વ :**

અંધત્વ ઘણીવાર કોઈ અકસ્માતથી કે કોઈ રોગને લીધે કે જન્મજાત શારીરિક વિકલાંગતા છે. આવા બાળકો પરાવલંબી બની જાય છે. અંધ બાળકને ચાલવા કે રોજબરોજની ક્રિયા કરવા બીજાનો સહારો લેવો પડે છે. આવા બાળકો સમાજમાં ક્યારેક ધારેલી પ્રગતિ કરી શકતા નથી. પરોપજીવી હોવાને લીધે લોકોની સહાનુભૂતિ અને પ્રેમને ઝંખે છે અન્ય લોકો પર આધાર રાખવો પડતો હોવાથી તે લઘુતાગ્રંથીથી પીડાય છે. ક્યારેક હતાશાનો ભોગ પણ બને છે. શારીરિક વિકલાંગ બાળકો સામાજિક વિકલાંગતાનો ભોગ બને છે. આવા બાળકોનો સામાજિક વિકાસ થતો નથી. તેઓ સામાજિક પ્રવૃત્તિઓમાં નહીવત્ ભાગ લે છે. તેથી તે મનોવૈજ્ઞાનિક અને સામાજિક સમસ્યાઓનો ભોગ બને છે. માનસિક તંગદિલી અનુભવે છે. તેમાંથી તેમના સાંવેગિક વિકાસ પર અસર પડે છે.

દષ્ટિક્ષતિ ધરાવતા બાળકોના શિક્ષણ અને સમાયોજન માટે દષ્ટિ વિકલાંગ રાષ્ટ્રીય સંસ્થાન (National Institute for the Visually Handicapped) સન્ ઇ.સ.1971 થી દહેરાદુનમાં કાર્યરત છે. આ ઉપરાંત નીચે મુજબની સંસ્થાઓ પણ કાર્યરત છે.

1. અંધજન મંડળ, વસ્ત્રાપુર, આઈ.આઈ.એમ. પાસે, અમદાવાદ.
2. અંધશાળા, આશ્રમરોડ, નવરંગપુરા, અમદાવાદ.
3. નેશનલ એસોસિયેશન ફોર ધી બ્લાઇન્ડ (N.A.B.) મુંબઈ અને બેંગ્લોરમાં ઇ.સ. 1952માં સ્થપાઈ
4. શ્રી રામકૃષ્ણમિશન અંધશાળા, કોઈમ્બતુર
5. વિક્ટોરિયા મેમોરીયલ સ્કૂલ, મુંબઈ.
6. સ્કૂલ ફોર બ્લાઈન્ડ, બેંગ્લોર

## 11.3 અંધત્વના કારણો

શારીરિક વિકલાંગતામાં ઈન્દ્રિયોની વિકલાંગતામાં અંધત્વનો સમાવેશ થાય છે. બાળકમાં અંધવ્ય બે પ્રકારે જોવા મળે છે. (1) જન્મજાત (2) કોઈ રોગના ભોગથી કે અકસ્માતને લીધે

**(1)** **જન્મજાત અંધત્વ :** ઘણીવાર બાળક જ્યારે માતાના ગર્ભમાં હોય ત્યારે માતાને કોઈ રોગ લાગુ પડે અથવા બાળકને કોઈ રોગની અસર થાય ત્યારે વિકાસના આ તબક્કા દરમ્યાન આંખો પર અસર થાય છે. કેટલાંક પ્રકારના વાઈરસ કે શીતળા કે મજ્જાતંત્ર પર અસર કરનાર રોગોની અસરને લીધે બાળક જન્મથી જ અંધ હોય છે. આવા બાળકને જીંદગીભર યાતનાઓ વેઠવી પડે છે. તેમને સમાજ, કુટુંબ કે અન્ય વ્યક્તિઓ પર આધાર રાખવો પડે છે.

**(2)** **કોઈ રોગના ભોગથી કે અકસ્માતને લીધે**

ઘણીવાર બાળક જન્મ સમયે બંને આંખો તંદુરસ્ત હોય છે. તે તમામ ક્રિયાઓ જાતે કરતો હોય છે. પરંતુ બાળ અવસ્થામાં ઘણીવાર શીતળા કે વાઈરસ જન્ય રોગનો ભોગ બને છે ત્યારે તેની આડઅસરના ભાગરૂપે આંખોનું તેજ ગુમાવી બેસે છે. કેટલાંક વાઈરસજન્ય રોગો પર આંખ ઉપર અસર કરતાં હોય છે. આવા સંજોગોમાં બાળક પોતાની બંને આંખોનું તેજ ગુમાવી બેસતાં અંધ બને છે અને જીવનભર મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે.

ઘણીવાર બાળક એ અકસ્માતનો ભોગ બનવાથી પણ આંખો ગુમાવી બેસે છે. આંખોમાં તીક્ષ્ણ વસ્તુ ઘુસી જવી કે વાહન અકસ્માતને લીધે આંખો ગુમાવવી પડે છે. આ ઉપરાંત ક્રિકેટ જેવી રમતમાં આપણાં પ્રખ્યાત ક્રિકેટર પટૌડીએ આંખ ગુમાવી પડી હતી. ઘણીવાર એક આંખના અકસ્માતની અસર બીજી આંખ પર પણ થાય છે. ઘણીવાર આંખોમાં લોહી પહોંચાડતી સૂક્ષ્મનળીઓ સુકાઈ જવાથી પણ સંપૂર્ણ અંધત્વ આવે છે. નાની ઉંમરે ડાયાબીટીસને લીધે પણ મોતીયો આવે છે જેમાં ઘણીવાર આંખો ગુમાવવી પડે છે. આમ, અંધત્વના બીજા કારણમાં રોગને લીધે કે અકસ્માતને લીધે પણ સંપૂર્ણ અંધત્વ આવે છે જેને લીધે બાળકને જીવનભર પરાવલંબી બનવું પડે છે. આવા બાળકોને સ્વજનો, મિત્રો કે શિક્ષકોનો આશ્રય લેવો પડે છે. અંધ બાળકને ચાલવા માટે અન્યનો સહારો લેવો પડે છે. પોતાની અન્ય દૈનિક ક્રિયાઓ માટે પણ સ્વજનોની મદદની જરૂર પડે છે. પરોપજીવી જીવન જીવવું પડે છે. ક્યારેક લઘુતાગ્રંથીથી પીડાય છે તેમજ હતાશાનો ભોગ પણ બને છે. આવા બાળકો માટે વાલીએ ખાસ તકેદારી રાખવી જોઈએ. સમાજે પણ સહાનુભૂતિ દાખવવી જોઈએ.

## 11.4 અંધત્વના લક્ષણો

1. સંપૂર્ણ અંધ બાળક કશું જ જોઈ શકતો નથી.
2. સંપૂર્ણ અંધ બાળકને રોજબરોજની તમામ ક્રિયાઓ માટે બીજા સ્નેહીજનોનો સહારો લેવો પડે છે.
3. સંપૂર્ણ અંધ બાળક જોઈ શકતું ન હોવાથી સ્પર્શને આધારે કે અવાજને આધારે સામેની વ્યક્તિ કે વસ્તુને ઓળખવાનો પ્રયત્ન કરે છે.
4. સંપૂર્ણ અંધ બાળકો વાંચવા કે લખવામાં મુશ્કેલી અનુભવે છે.
5. સંપૂર્ણ અંધ બાળક એક જગ્યાએથી બીજી જગ્યાએ જવામાં, વસ્તુ કે સ્થળને ઓળખવામાં મુશ્કેલી અનુભવે છે.
6. સંપૂર્ણ અંધતાને લીધે તે વ્યક્તિને જોઈ શકતો ન હોવાથી તેના અવાજ પરથી અનુમાન લગાવવું પડે છે.
7. સંપૂર્ણ અંધ વ્યક્તિને સ્પર્શનો સહારો લઈ વસ્તુને સ્પર્શીને તે વિશે જાણે છે.
8. સંપૂર્ણ અંધ વ્યક્તિ લાકડીને સહારે એક જગ્યાએથી બીજી જગ્યાએ જાય છે.

9. નાહવા-ધોવા, જમવા તેમજ શૌચક્રિયા માટે બીજાનો સહારો લેવો પડે છે.

10. સંપૂર્ણ અંધ વ્યક્તિને પણ જો તાલીમ આપવામાં આવે તો કેટલીક ક્રિયાઓ જાતે કરી શકે છે કે રમત-ગમતોમાં પણ ભાગ લઈ શકે છે.

11. સંપૂર્ણ અંધ વ્યક્તિની આંખની કીકી મોટી, સફેદ કે ઉપસેલી જણાય છે.

12. સંપૂર્ણ અંધ વ્યક્તિની આંખો પરના ચામડી (પોપચા) હંમેશા ઢંકાયેલા રહે છે.

## 11.5 અંધબાળકોની સમસ્યાઓ

1. અંધ બાળકોની અંધત્વને લીધે હંમેશા પરાવલંબી રહેવું પડે છે.

2. અંધત્વને લીધે તે કોઇ વ્યક્તિ કે વસ્તુને જોઇ શકતો ન હોવાથી ઓળખવામાં મુશ્કેલી અનુભવે છે. ડગલે ને પગલે ઠોકર ખાય છે અથવા બીજાના સહારાની જરૂર પડે છે.

3. અંધત્વને લીધે રોજ-બરોજની ક્રિયાઓ જાતે કરી શકતો નથી. અન્ય સ્નેહીજનો પર આધાર રાખવો પડે છે.

4. શિક્ષણ મેળવવા સામાન્ય શાળામાં સામાન્ય બાળકની જોડે બેસી શિક્ષણ મેળવી શકતો નથી. તે લઘુતાગ્રંથીથી પીડાય છે.

5. અંધ બાળક જોઈ શકતો ન હોવાથી પુસ્તકો વાંચી શકતો નથી ફક્ત સાંભળીને જ જ્ઞાન મેળવી શકે છે. પરંતુ હવે બ્રેઈલ લીપીને સહારે શિક્ષણ મેળવી શકે છે.

6. અંધ બાળક અન્ય બાળકની જેમ રમી શકતો નથી, દોડી શકતો નથી, કુદી શકતો નથી, દશ્ય અનુભવો મળી શકતા નથી.

7. દૃષ્ટિ એ મુખ્ય બાબત હોવાથી ડગલેને પગલે બીજા પર આધાર રાખવાનો હોવાથી હતાશાનો ભોગ બને છે.

8. આજના કમ્પ્યૂટર યુગમાં આંખો વગર તમામ ક્રિયાઓ માટે મુશ્કેલી અનુભવાય છે જેથી લઘુતાગ્રંથીથી પીડાય છે.

## 11.6 અંધ બાળકો માટેની શૈક્ષણિક જોગવાઈઓ

1. અંધ બાળકોના શિક્ષણ માટે અંધ શાળા (Blind School)ની વ્યવસ્થા કરવી જોઈએ.

2. અંધ બાળકો માટે માતા-પિતા, શિક્ષક, સ્વજનો અને સમાજે સહાનુભૂતિપૂર્વક વર્તવું જોઈએ.

3. અંધ બાળકો માટે બ્રેઈલલિપીના પુસ્તકોની ગોઠવણ કરવી જોઇએ.

4. અંધ બાળકોના શિક્ષણ માટે ખાસ પ્રકારની તાલીમ પામેલા શિક્ષકોની જોગવાઈ કરવી જોઈએ.

5. અંધ બાળકોને સંગીત, કલા, નૃત્ય જેમાં રસ હોય તે પ્રકારના શિક્ષક દ્વારા તાલીમ આપવી જોઈએ.

6. અંધ બાળકોને કુટુંબ, સમાજ, શાળા અને શિક્ષક તરફથી પ્રેમ, હૂંફ અને સહાનુભૂતિભર્યું વાતાવરણ મળી રહે તેવી જોગવાઈ કરવી જોઈએ.

7. અંધ બાળકોને વ્યાવસાયિક તાલીમ આપી આત્મનિર્ભર બનાવવા જોઈએ.

8. અંધ બાળકોમાં રહેલી વિશિષ્ટ શક્તિનો ખ્યાલ મેળવી તે ક્ષેત્રમાં તાલીમ આપી આત્મનિર્ભર બનાવવા જોઈએ.

9. અંધ બાળકોને ખાસ પ્રકારની ઘડિયાળ, ઘંટડીવાળી લાકડી, ચશ્મા વગેરે પૂરા પાડવા જોઈએ.

10. અંધ બાળકો માટે પણ ક્રિકેટ, દોડ, સાયકલ રેસ, જેવી વિવિધ રમતોનું આયોજન કરવું જોઇએ જેથી લઘુતાગ્રંથીનો ભોગ ન બને.

11. અંધ બાળકોના વાલીઓનો અવાર-નવાર સંપર્ક કરી બાળકને અનુકૂળ એવા સંગીત, ચર્મકામ, ભરતગૂંથણ જેવા વ્યવસાયોની તાલીમ આપવી જોઈએ જેથી આત્મનિર્ભર બની શકે.

12. અંધ બાળકોએ રચેલી વિશિષ્ટ કૃતિઓનું પ્રદર્શન યોજી પ્રોત્સાહન આપવું જોઇએ.

13. સંપૂર્ણ અંધ બાળકો માટે સંગીત તથા અન્ય હસ્તકલાઓનું શિક્ષણ આપવું જોઈએ. મોટે ભાગે અંધ બાળકો સારા ગાયકો હોય છે અને સંગીતના વાજિંત્રો વગાડી શકે તેવી સિદ્ધિ મેળવી શકે છે. આવા બાળકોને સંગીત અને વાદ્ય સાધનો વગાડવાની તાલીમ આપવી જોઈએ. આવા બ બાળકો સામાજિક મોભો ગીત-સંગીતથી મેળવી શકે છે.

14. સંપૂર્ણ અંધ બાળકો માટે સમાજે અંધશાળાઓ તેમજ હોસ્ટેલ ખોલાવવી જોઈએ. સરકારે પણ તે માટે પ્રયત્નો કરવા જોઈએ.

15. અંધ બાળકોની સિદ્ધિઓને જાહેરમાં બિરદાવવી જોઈએ. તેઓ સમાજમાં સ્વમાનભેર જીવી શકે તે માટેના પ્રયત્નો કરવા જોઈએ.

16. દાક્તરી તપાસ દ્વારા જો આંખોની ખામી દૂર થઈ શકે તે માટે તપાસ તેમજ તબીબી સહાયની વ્યવસ્થા કરવી જોઈએ.

17. સંપૂર્ણ અંધ બાળકો માટે અંધશાળાઓમાં પ્રવેશ અપાવવો જોઈએ.

## 11.7 સારાંશ

સામાન્ય રીતે શાળામાં આવતા બાળકો ભિન્ન ભિન્ન લક્ષણો ધરાવે છે. બાળકોના શારીરિક અને માનસિક લક્ષણોમાં ભિન્નતા જોવા મળે છે. આમ, ભિન્નતા ધરાવતા બાળકોને એક સરખી શૈક્ષણિક પદ્ધતિથી શિક્ષણ આપવું યોગ્ય નથી. કેટલાંક બાળકો જન્મથી અંધ હોય છે તો કેટલાકને જીવનકાળ દરમ્યાન કોઇ ઘટના, રોગ કે બનાવથી અંધાપો આવે છે. આવા બાળકો સમસ્યા અનુભવે છે. અહીં એકમમાં અંધતાના કારણો, અંધત્વના લક્ષણો તેમજ અંધ બાળકોની સમસ્યાઓની ચર્ચા કરેલ છે. અંધત્વ ધરાવતા બાળકની શૈક્ષણિક જોગવાઈઓની પણ ચર્ચા કરેલ છે. આવા બાળકો સમાજમાં સ્વમાનભેર જીવી શકે તે માટે સમાજ અને શિક્ષણની શી જવાબદારી છે તેની ચર્ચા કરેલ છે.

## 11.8 તમારી પ્રગતિ ચકાસો

1. અંધત્વના કારણો જણાવો.

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

2. અંધ બાળકના લક્ષણો જણાવો.

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.................................................................

3. અંધ બાળકના શિક્ષણ માટે કઈ કઈ બાબતો ધ્યાન રાખશો ?

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

## 11.9 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

1. પાના નં. 30 જુઓ
2. પાના નં. 31 જુઓ
3. પાના નં. 32 જુઓ

BAOU Education for All

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

# ES-134
# વિશિષ્ટ શિક્ષણ
# (સ્પે. એજ્યુકેશન)

વિભાગ

# 4

## વિશિષ્ટ બાળકોનું અધ્યયન

એકમ-12 અધ્યયન વિશિષ્ટ બાળકો

એકમ-13 ડિસ્લક્સિક બાળકો

એકમ-14 ડાયસગ્રાફિયા બાળકો

એકમ-15 પ્રતિભાશાળી બાળકો

**ES-134, વિશિષ્ટ શિક્ષણ(સ્પે. એજ્યુકેશન) (વિભાગ-4)**


| | |
|---|---|
| **લેખક** | |
| **ડૉ. રામજીભાઈ એન. પટેલ** | એમ. એડ્. કૉલેજ, વડું |
| **પરામર્શક (વિષય)** | |
| **ડૉ. દિવ્યા શર્મા** | આઈ. આઈ. ટી. ઈ. ગાંધીનગર |
| **પરામર્શક (ભાષા)** | |
| **ડૉ. સોનલ પટેલ** | ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ. |
| **સંપાદન અને સંયોજન** | |
| **પ્રો. (ડૉ.) અજીતસિંહ પી. રાણા** | નિયામકશ્રી (શિક્ષણશાસ્ત્ર)<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી.<br>અમદાવાદ. |
| **સંયોજન સહાય** | |
| **ડૉ. મીના આઈ. રાજપૂત** | ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી.<br>અમદાવાદ. |



**પ્રકાશક :** કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ-382481

**આવૃત્તિ :** પ્રથમ આવૃત્તિ-2020, **નકલ :** 1200
દ્વિતીય આવૃત્તિ-2021, **નકલ :** 1200

**ISBN : 978-93-5598-193-6**



Copyright © Registrar, Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad.
December 2020

While all efforts have been made by editors to check accuracy of the content, the representation of facts, principles, descriptions and methods are that of the respective module writers. Views expressed in the publication are that of the authors, and do not necessarily reflect the views of Dr. Babasaheb Ambedkar Open University. All products and services mentioned are owned by their respective copyrights holders, and mere presentation in the publication does not mean endorsement by Dr. Babasaheb Ambedkar Open University. Every effort has been made to acknowledge and attribute all sources of information used in preparation of this Self Learning Material. Readers are requested to kindly notify missing attribution, if any.

## ES-134 વિશિષ્ટ શિક્ષણ (સ્પે. એજ્યુકેશન)

**વિભાગ-1 : વિશિષ્ટ બાળક**

1. વિશિષ્ટ જરૂરિયાતવાળા બાળકોની સંકલ્પના
2. વિશિષ્ટ બાળકોના પ્રકાર
3. વિશિષ્ટ બાળકોની શૈક્ષણિક જોગવાઈ

**વિભાગ-2 : વિકલાંગતા ધરાવતા બાળકોનું શિક્ષણ**

4. વિશિષ્ટ શિક્ષણ
5. વિશિષ્ટ શિક્ષણનો વિકાસ
6. સંમિલિત શિક્ષણ

**વિભાગ-3 : શારીરિક ક્ષતિ ધરાવતા બાળકો**

7. શારીરિક વિશિષ્ટ બાળકો
8. બધિર બાળકો
9. અસ્થિવિષયક બાળકો
10. મંદબુદ્ધિ ધરાવતા બાળકો
11. અંધ બાળકો

**વિભાગ-4 : વિશિષ્ટ બાળકોનું અધ્યયન**

12. અધ્યયન વિશિષ્ટ બાળકો
13. ડિસ્લેક્સિક બાળકો
14. ડાયસગ્રાફિયા બાળકો
15. પ્રતિભાશાળી બાળકો

## દૂરવર્તી અધ્યયનમાં સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રીની ભૂમિકા

દૂરવર્તી શિક્ષણ પ્રણાલીમાં અસરકારક સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રી અનિવાર્ય છે. આ અભ્યાસ-સામગ્રીના લેખકો, અધ્યાપકો અને વિદ્યાર્થીઓ એકબીજાથી ઘણાં દૂર અને ક્યારેક તો ક્યારેય ન મળી શકે તેવી સ્થિતિમાં હોવાથી આવી અધ્યયન સામગ્રી સુગમ અને અસરકારક હોવી જરૂરી છે. દૂરવર્તી શિક્ષણ માટેની અભ્યાસ-સામગ્રીમાં વિદ્યાર્થીના બૌદ્ધિક ચિંતનને ઉદ્દીપ્ત કરવાની ક્ષમતા તથા આવશ્યક તમામ અધ્યયન પ્રવૃત્તિઓ હોવી જોઈએ. આ સામગ્રી પાઠ્યક્રમના સામાન્ય અને વિશિષ્ટ હેતુઓના અનુસંધાને વિદ્યાર્થીને પર્યાપ્ત માર્ગદર્શન આપવા સક્ષમ હોવી જોઈએ. સ્વ-અધ્યયન સામગ્રીમાં અભ્યાસક્રમમાં સૂચિત તમામ બાબતોનો સમાવેશ થાય તે જરૂરી છે.

અસરકારક અધ્યયન સિદ્ધ કરવા માટે અનેક પ્રકારના આયોજનનો ઉપયોગ કરવામાં આવે છે; જેનાથી વિદ્યાર્થી જ્ઞાનોપાર્જન કરી શકે. બૌદ્ધિક અને મનોશારીરિક કૌશલ્યો કેળવી શકે અને વર્તન તથા અભિગમમાં આવશ્યક પરિવર્તનો સાધી શકે. આથી જ વિદ્યાર્થીનું મૂલ્યાંકન પણ પાઠ્યસામગ્રીમાં આવરી લેવામાં આવ્યું છે.

દૂરવર્તી શિક્ષણની સ્વ-અધ્યયન અભ્યાસ સામગ્રીમાં ઉપયોગમાં લેવામાં આવેલી શૈક્ષણિક પ્રવૃત્તિઓનું સ્વરૂપ તે શિક્ષણના જ્ઞાનાત્મક, ભાવાત્મક કે મનોશારીરિક હેતુમાંથી કયા હેતુને સંલગ્ન છે ? તેના પર આધારિત છે. આ હેતુઓ ભવિષ્યમાં અનુક્રમે જ્ઞાન, બૌદ્ધિક કૌશલ્યો અને મનોશારીરિક કૌશલ્યોની ઉપલબ્ધિમાં પરિણમે છે. વિદ્યાર્થીએ મેળવેલ જ્ઞાનની પ્રાપ્તિ, ઉપયોગ અને અભિવ્યક્તિ કરવા માટે પ્રોત્સાહિત કરી શકાય. વિદ્યાર્થીઓના પૂર્વજ્ઞાનનો અને અનુભવોનો આધાર લઈને રચવામાં આવેલ શિક્ષણ સામગ્રી દ્વારા બૌદ્ધિક કૌશલ્યના હેતુને સિદ્ધ કરી શકાય છે અને તેના દ્વારા નવીન જ્ઞાન પ્રાપ્તિનો માર્ગ પ્રશસ્ત થાય છે.

અભ્યાસ-સામગ્રીમાં સ્વાધ્યાય પ્રોજેક્ટ અને પ્રતિપૃષ્ટિ(Feedback)ના સ્વરૂપે અભ્યાસનું આયોજન જરૂરી છે. શારીરિક કૌશલ્ય સંબંધિત શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં ચિત્રાત્મક રજૂઆત હોવી જોઈએ અને ત્યારબાદ ઉચિત અભ્યાસનું આયોજન હોવું જોઈએ. વર્તન અને અભિગમમાં પરિવર્તન માટે આયોજિત શિક્ષણ પ્રવૃત્તિઓ રસ જન્માવે તેવી તથા આ પરિવર્તન દ્વારા થતાં લાભ અને તેની જરૂરિયાતને પ્રતિબિંબિત કરે તેવી હોવી જોઈએ. ત્યાર પછી નવાં અભિગમોને અપનાવવાની અને તે સંબંધિત પ્રક્રિયાના યોગ્ય અભ્યાસનું ઉચિત આલેખન થવું જોઈએ.

## દૂરવર્તી શિક્ષણની ભૂમિકા.

પ્રત્યક્ષ અધ્યાપનમાં જોવા મળતી પ્રત્યાયનની વિશેષતાઓ; જેવી કે અંતરાલાપ, પૂર્વઅભિસંધાન, યોગ્ય સ્થાને વિરામ, આરોહ-અવરોહ, ભાવ-ભંગીમાં, સ્વરભાર વગેરે દૂરવર્તી અધ્યયનમાં ઉપલબ્ધ નથી. આ ઉણપ વિશેષતઃ મુદ્રિત સાહિત્યમાં (લેખિત સાહિત્યમાં) જોવા મળે છે. વિદ્યાર્થી અને શિક્ષક વચ્ચેના વ્યવહારની આ ખૂટતી કડીને જોડવા માટે જ દૂરવર્તી સ્વ-અધ્યયન સામગ્રીમાં શૈક્ષણિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. માટે જ આવી પ્રવૃત્તિઓનું આયોજન વૈકલ્પિક નહીં; પરંતુ અનિવાર્ય છે.

સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રીને નાના એકમોમાં વિભાજિત કરીને શિક્ષણના ઉત્તમ સાધન તરીકે વિકસાવવાની સંકલ્પના છે. શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં વૈવિધ્ય દ્વારા શિક્ષણના વિવિધ ક્ષેત્રના હેતુઓ સિદ્ધ થાય તેવો પ્રયત્ન કરવાનો છે.

દૂરવર્તી શિક્ષણની સ્વ-અધ્યયન સામગ્રીનું આયોજન પૂર્વનિશ્ચિત શૈક્ષણિક નીપજને ધ્યાનમાં લઈને કરવાનું હોવાથી તેના હેતુઓ અને ધ્યેયો નિશ્ચિત હોય છે. વળી અધ્યેતાઓ દૂરસ્થ હોવાથી આ સામગ્રી દ્વારા તેઓ નિશ્ચિત અધ્યયન પ્રવૃત્તિઓમાં સંલગ્ન રહે તેવું આયોજન કરવામાં આવે છે. જેથી અધ્યેતાઓ સંબંધિત સંકલ્પનાઓને બરાબર સમજી શકે. સ્વ-અધ્યયન સામગ્રીમાં સાથે સંકળાયેલ સ્વાધ્યાયો, પ્રાયોગિક કાર્યો, પ્રવૃત્તિઓ અને પ્રકલ્પોનો પણ આ જ હેતુ છે. આ સામગ્રી માટે ઉચિત શૈક્ષણિક પ્રવૃત્તિઓની ઉદાહરણરૂપ સૂચિ ઘણી મોટી હોઈ શકે. આ સંદર્ભે શૈક્ષણિક પ્રવૃત્તિઓ વિદ્યાર્થીને અભિપ્રેરિત કરે છે, માર્ગદર્શન આપે છે અને વિદ્યાર્થીની પ્રગતિ અને પ્રદર્શનનું સતત માપન-મૂલ્યાંકન પણ કરે છે.

એકમ 12

# અધ્યયન વિશિષ્ટ બાળકો

## : રૂપરેખા :


12.1 પ્રસ્તાવના

12.2 ઉદ્દેશો

12.3 અધ્યયન વિશિષ્ટ બાળકો એટલે શું ?

12.3.1 વ્યાખ્યા, સ્વરૂપ, સંકલ્પના, લાક્ષમિકતા

12.3.2 ધ્યાન કેન્દ્રીત સંબંધિત

12.3.3 વર્તન સંબંધિત

12.3.4 આવેદન સંબંધિત

12.3.5 બાળગુનેગારો

12.4 સારાંશ

12.5 તમારી પ્રગતિ ચકાસો

12.6 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો


## 12.1 પ્રસ્તાવના

શાળામાં પ્રવેશેલાં બાળક પાસે એવી અપેક્ષા રાખવામાં આવે છે કે તે ચોક્કસ શૈક્ષણિક યોગ્યતા ધરાવે, સામાજિક કૌશલ્યો કેળવે, સાંવેગિક પરિપક્વતા દર્શાવે અને આદર્શ બાળકની રીતે વર્તન કરે.

આ આદર્શ વર્તન અમુક સમય જોવા મળતો નથી. અનેક બાળકો સામાન્ય રીતે ગેર વર્તન કરે છે પરંતુ અમુક સમય બાળકોમાં કંઈક વિશિષ્ટતાના કારણે પર ગેરવર્તન જોવા મળે છે.

શાળામાં, ઘરમાં અને સમાજમાં નક્કી કરેલ રીતભાતો પ્રમાણે જો વર્તનના થાય અને બાળક લોકોને સંતોષવામાં નિષ્ફળ જાય ત્યારે તેનામાં આંતરિક ચિંતા અને વૈકલ્પ નીપજે છે. જે તેને આપાનુકૂલિત વર્તન તરફ લઈ જાય છે. આવી પરિસ્થિતિમાં બાળકના મનમાં સંઘર્ષ ચાલુ થાય છે.

શાળામાં સાધારણ કક્ષાનાં બાળકોમાં અમુક સમય શૈક્ષણિક પ્રગતિ ઓછી હોય છે. નિમ્ન શૈક્ષણિક પ્રગતિથી બાળકો હતાશા અનુભવે છે અને એમને ભણતર અર્થહીન લાગે છે. આવા બાળકોનો વિશિષ્ટ વર્તન અમુક સમય શિક્ષકો સમજી શકતાં નથી. શિક્ષકો અધ્યયન સક્ષમ બાળકોને સમજવામાં મહત્ત્વનો ભૂમિકા ભજવી શકે છે.

તે માટે સૌ પ્રથમ શિક્ષકોને વિદ્યાર્થી-શિક્ષક સંબંધો અને બાળકનો સ્વસંકલ્પનાની તપાસ કરવી જોઈએ.

પ્રસ્તુત એકમમાં અધ્યયન સક્ષમ બાળકોનો ચર્ચા કરેલ છે. અધ્યયન વિશિષ્ટ બાળકોની વ્યાખ્યા, સ્વરૂપ અને લાક્ષણિકતાની સમજૂતી આપેલ છે.

## 12.2 ઉદ્દેશો

1. અધ્યયન વિશિષ્ટ બાળકોની વ્યાખ્યા, સ્વરૂપ, સંકલ્પના અને લાક્ષણિકતા જાણી શકશે.

2. ધ્યાન કેન્દ્રીત બાળકો સંબંધિત માહિતી પ્રાપ્ત કરી શકશે.

3. વર્તન વિશિષ્ટ બાળકો સંબંધિત માહિતી પ્રાપ્ત કરી શકશે.

4. આવેદન વિશિષ્ટ બાળકો સંબંધિત માહિતી પ્રાપ્ત કરી શકશે.

5. બાળગુનેગારો વિષય માહિતી પ્રાપ્ત કરી શકશે.

## 12.3 અધ્યયન વિશિષ્ટ બાળકો એટલે શું ?

### 12.3.1 વ્યાખ્યા, સ્વરૂપ, સંકલ્પના

વિશિષ્ટિતાઓનો સમાવેશ થાય છે જેવા કે વિશિષ્ટ પ્રકારથી શીખવામાં મુશ્કેલી.

અધ્યયન વિશિષ્ટતા શીખવામાં થતી મુશ્કેલીનું એક સમૂહ છે. જેમાં બાળકોને વિશિષ્ટ રીતે શીખવામાં સફળતા મળતી નથી. આમાં જે બાળકો જુદી રીતે શીખે છે તો પણ સમાવેશ થાય છે. આ કારણસર અધ્યયન વિશિષ્ટતાને અધ્યયન તફાવતના નામે પણ ઓળખવામાં આવે છે. 'અધ્યયનની વિશિષ્ટતા', 'અધ્યયન અશક્તાઓ' અને 'અધ્યયન મુશ્કેલી'ને અમુક સમય એકબીજાનો પર્યાય સ્વરૂપે ઉપયોગ થાય છે. પરંતુ આ બધી જ સંકલ્પના એકબીજાંથી અલગ છે.

Learning Disorder અથવા અધ્યયન અશક્તાઓ એટલે શૈક્ષણિક ક્ષેત્રે જોવા મળતી સાર્થક અધ્યયન મુશ્કેલી. આવી મુશ્કેલીમાં નિદાનની જરૂરિયાત ઊભી થતી નથી.

આના વિપરીત Learning Disability અથવા અધ્યયન વિશિષ્ટતા એક અધિકારિક નિદાનાત્મક પ્રક્રિયા છે જેમાં બાળકનો મૂલ્યાંકન વિશેષજ્ઞો દ્વારા આપવામાં આવતી પ્રક્રિયાના આધારે થાય છે.

Learning Disability is an official clinical diagnous, whereby the by the individual meets certain writeria as determined by a professional (Psychological, Pediatrician etc.)

આ તફાવત લાક્ષણિકતાની તરાહ, આવૃત્તિ અને ત્વરિતતા ઉપર આધાર રાખે છે.

"The term Learning disorder is used to describe a group of disorder characterised by inadegrate development of specific acadamic, Language and Speech Skills."

'અધ્યયન વિશિષ્ટતા શબ્દનો ઉપયોગ વિશિષ્ટતાઓનું એક સમૂહને વ્યાખ્યાયિત કરવા માટે થાય છે. આ સમૂહની લાક્ષણિકતામાં વિશિષ્ટ શૈક્ષણિક ક્ષેત્રે ભાષા અને બોલીની અપર્યાપ્ત વિકાસનો સમાવેશ થાય છે.' શીખવાની અસમર્થતા માહિતી સંપાદનનો એક અથવા વધુ પ્રક્રિયાને પ્રવાહિત કરી શકે છે. જેવા કે-

- મૌખિક ભાષા (દા.ત.સાંભળવું, બોલવું, સમજવું)
- વાંચન (દા.ત.Decoding , ધ્વનિ ગ્રહણ, શબ્દ મનન)
- ગણિત (દા.ત.ગણતરી, સમસ્યા ઉકેલ)
- લેખિત ભાષા (દા.ત.જોડણી અને લેખિત અભિવ્યક્તિ)

અધ્યયન વિશિષ્ટ બાળકોને કૌશલ્યમાં નિપુણ્તા કેળવવામાં, માહિતી સંગ્રહણમાં, સામાજિક દ્રષ્ટિકોણ વિકસિત કરવામાં અને સામાજિક ક્રિયા પ્રતિક્રિયા અને પરિપ્રેક્ષ્ય વિકસિત કરવામાં મુશ્કેલી પડે છે. આ પ્રકારની અધ્યયન અશક્તાઓ આજીવન છે. અધ્યયન વિશિષ્ટતા અનુવાંશિક અને અથવા nearobiological પરિબળો અથવા ઈજા કે મગજની શીખવા માટે સંબંધિત એક અથવા વધુ પ્રક્રિયાને અસર કરે છે.

અધ્યયન વિશિષ્ટ બાળકોને વર્ગખંડમાં અને સમાજમાં વધુ પડકારોનો સામનો કરવો પડે છે. વિશિષ્ટતાના પ્રકારને આધારે બાળકોની શૈક્ષણિક પ્રક્રિયાનો નિર્ધારણ થાય છે. આ શૈક્ષણિક પ્રક્રિયા સાધારણથી સંકુલ હોઈ શકે છે.

**લાક્ષણિકતા**

અધ્યયન વિશિષ્ટ બાળકોની ઓળખ કરવા માટે કેટલીક લાક્ષણિતાઓ છે. આ લાક્ષણિકતાઓ નીચે પ્રમાણે છે.

**બાળમંદિરના બાળકો માટે**

1 શબ્દોના વાંચનમાં મુશ્કેલી

2. સાચા શબ્દોની ઓળખ કરવામાં મુશ્કેલી

3 અક્ષરો, અંકો, રંગ, આકાર, દિન વગેરે ઓળખવા અને યાદ રાખવામાં મુશ્કેલી

4. દિશા નિર્દેશને અનુસરવામાં મુશ્કેલી

5. પેન્સિલ, રંગ વગેરેના ઉપયોગમાં મુશ્કેલી

**5-9 આયુવર્ગના બાળકો માટે**

1. અક્ષર અને અવાજની સાંકળ રચવામાં મુશ્કેલી

2. અક્ષરનો મેલ કરી શબ્દોની રચના કરવામાં મુશ્કેલી

3. વાંચનમાં પાયાના શબ્દોની ઓળખ કરવામાં મુશ્કેલી

4. સતત જોડણી ભૂલો

5. સમય યાદ રાખવામાં મુશ્કેલી

6. નવા કૌશલ્ય શીખવામાં ધીમું

**10-13 આયુવર્ગના બાળકો માટે**

1 વાંચન અને ગણિતના કૌશલ્યો કેળવવામાં મુશ્કેલી

2 શાબ્દિક દાખલા અને વિષયલક્ષી કસોટીને હલ કરવામાં મુશ્કેલી

3 વાંચન અને લેખનમાં અરુચિ

4 એક જ પાનામાં વારંવાર આવતાં શબ્દોના ઉચ્ચારણમાં તફાવત

5 અપેક્ષિત પ્રમાણથી ઓછુ સંયોજન કૌશલ્ય

**6. ખરાબ લેખન શૈલી**

બાળકના સામાન્ય વિકાસ માટે એમના ઉપર ધ્યાન આપવું ખૂબ જ જરૂરી છે. સામાન્ય વિકાસમાં કોઈ પણ પ્રકારની બાધા અથવા પરિવર્તન ઉપર ધ્યાન આપીને જો પ્રયાસો કરવામાં આવે તો આવા પ્રકારના બાળકોની ઓળખ પ્રારંભિક તપાસમાં થઈ શકે છે. ઝડપી ઓળખનો ઉપયોગ બાળકો માટે શૈક્ષણિક વ્યૂહરચના તૈયાર કરવા માટે થઈ શકે છે.

**વાંચન, લેખન અને ગણિતમાં થતી મુશ્કેલી**

સામાન્યત : અધ્યયન વિશિષ્ટતાના જૂથ અથવા પ્રકાર શાળા વિસ્તારમાં આવતાં કૌશલ્ય સમૂહના આધારે પાડવામાં આવે છે. જે અધ્યયન વિશિષ્ટતા તરત નજરે ચડે એવું છે. તે વાંચન, લેખન અને ગણિતની આસપાસ ફરે છે. આવી અસામાન્યતાના આધારે અધ્યયન વિશિષ્ટ બાળકોને સામાન્યતઃ ત્રણ જૂથમાં વિભાજિત કરવામાં આવે છે-

1) વાંચનમાં અધ્યયન વિશિષ્ટતા - ડિસ્લેકસીયા (Dyslexia)

2) ગણિતમાં અધ્યયન વિશિષ્ટતા - ડિસ્કલફુલીયા (Dyscalfulia)

3) લેખનમાં અધ્યયન વિશિષ્ટતા - ડિસ્ગ્રાફીયા (Dysgrphia)

આ મુખ્ય અધ્યયન વિશિષ્ટતાઓના સિવાય પણ ઘણી બધી અસામાન્યતા જોવા મળે છે જે આ મુજબ છે.

1. મોટર કૌશલ્ય (Motorskills) શીખવામાં અધ્યયન વિશિષ્ટતા Dyspheriv પ્રસ્તાવના

2. ભાષામાં અધ્યયન વિશિષ્ટતા - Alphasio/Dysphasiv

3. શ્રાવ્ય/સાંભળવાની પ્રક્રિયામાં વિશિષ્ટતા - Auditory Processing disorder

4. દૃષ્ટિ વિષયક પ્રક્રિયામાં વિશિષ્ટતા - Visual Processing Disorder

**અન્ય વિશિષ્ટતાઓ**

- ADHD - Attention Deficit Hyperactivity Disorder
- ઓટીઝમ (Autism)

**અધ્યયન વિશિષ્ટતાના પ્રકારો**

| પ્રકાર | અર્થ | લાક્ષણિકતા |
|---|---|---|
| 1. ડિસ્લેકસીયા (Dyslexia) | વાંચનમાં મુશ્કેલી | વાંચન, લેખન, જોડણી બોલી વગેરેમાં સમસ્યા |
| 2. ડિસ્કેલફુલીયા (Dyscalfulia) | ગણિતમાં મુશ્કેલી | શાબ્દિક દાખલામાં મુશ્કેલી સમયની સંકલ્પના સમજવામાં મુશ્કેલી, પૈસાની ગણતરી કરવામાં મુશ્કેલી |
| 3. ડિસ્ગ્રાફિયા (Dysgraphia) | લેખનમાં મુશ્કેલી | હાથનું લખાણ ખરાબ અને લેખનમાં મુશ્કેલી, જોડણી ભૂલો, વિચારોના સંગઠનમાં મુશ્કેલી |
| 4 ડિસ્પ્રેક્સીયા (Dysprexia) (Senery Integration Disorder) | સૂક્ષ્મ મોટર કૌશલ્ય | કામ કરતી વખતે હાથ અને આંખનો સંકલનમાં મુશ્કેલી, સમતોલન સ્થાપિત કરવામાં મુશ્કેલી, હાથનું કાર્યમાં દક્ષતા દાખવવામાં મુશ્કેલી |
| 5. ડિસ્ફેસીયા/ એફેસીયા (Dyspheasia/Aphesia) | ભાષા કૌશલ્યમાં મુશ્કેલી | બોલચાલની ભાષા સમજવામાં મુશ્કેલી, ખરાબ વાંચન ક્ષમતા, અપઠિત ગધાંશ સમજવામાં મુશ્કેલી |
| 6. શ્રાવ્ય પ્રક્રિયા ડિસઓર્ડર (Auditory Processing Disorder) | ધ્વનિ અથવા અવાજ માં તફાવત ઓળખવામાં મુશ્કેલી | વાંચન, સમાજ, ભાષા વગેરેની મુશ્કેલી |
| 7. દૃષ્ટિ પ્રક્રિયા વિષયક (Auditory Processing | દ્રશ્યમાહિતીનો અર્થઘટન કરવામાં મુશ્કેલી | વાંચન, ગણિત, નકશો, ચાર્ટ્સ, સંકેતો, ચિત્ર વગેરે સમજવામાં મુશ્કેલી |

### 12.3.2 ધ્યાન કેન્દ્રીત સંબંધિત

ધ્યાન કેન્દ્રીત સંબંધિત વિશિષ્ટતાઓને ADHD-Attention Defict Hyperachivity Disorder તરીકે પણ ઓળખવામાં આવે છે. ADHD એક કોનિક પરિસ્થિતિ છે જેની ઓળખ સતત બેધ્યાનપણું, હાયપર એક્ટિવિટી, આવેગપૂર્ણ વ્યવહાર વગેરેથી થાય છે.

"ADHD is a chromic condition marked by pervietent inaflention, hyperactiving and comelines impulacivity"

ADHD in શરૂઆત બાળપણથી થાય છે અને તે પુખ્ત અવસ્થા સુધી ચાલે છે. ત્રણમાંથી વધુમાં વધુ બે બાળકોમાં ADHD પુખ્ત અવસ્થા સુધી ચાલે છે.

લાક્ષણિકતા- ADHD in  લાક્ષણિકતા વ્યક્તિ-વ્યક્તિ માટે અલગ અલગ હોય છે. સામાન્યત : **ADHD ના ત્રણ પ્રકારો છે.-**

1. Primarily Inattentive - મુખ્યત્વે બેધ્યાનપણું

2. Primarily Hyperaetive/Impulcive મુખ્યત્વે હાયપરએક્ટિવ/આવેગપણું

3. Combind- સંયુક્ત (બેધ્યાનપણું+આવેગપણું)

ત્રણે પ્રકારની લાક્ષણિતામાં બેધ્યાનપણું, આવેગપણું, વિક્ષેપ, વ્યગ્રતા વિઘટન, અવસ્થાપણું વગેરેનો સમાવેશ થાય છે.

ADHD છોકરાઓમાં છોકરીઓ કરતાં વધારે પ્રમાણમાં જોવા મળે છે. સામાન્યત : ADHD વશાંનુગત હોય છે. જો પરિવારના એક સદસ્યમાં ADHD હોવાની શક્યતા 25%, 35%. વધી જાય છે. જ્યારે એની તુલનામાં સામાન્ય જનસમૂહમાં ADHD ની શક્યતા 4%, 6% હોય છે.

હાલના સમયમાં ADHD અને બીજી અધ્યયન વિશિષ્ટતાઓ પ્રતિ લોકોની જાગરૂકતા વધવાથી ADHD ધરાવતાં બાળકોની સંખ્યામાં વધારો થયો છે. આ વધારાના કારણોમાં સારું નિદાન પ્રક્રિયા પણ છે,

**ધ્યાન કેન્દ્રીત સંબંધિત બાળકોની લાક્ષણિકતા :**

1. **બેધ્યાનપણું ADHD (Inttentive ADHD)** -
   - સૂક્ષ્મ બાતો અને કાર્યો પ્રતિ બેધ્યાનપણું
   - ખેલ અને ગૃહકાર્ય પ્રત્યે બેધ્યાનપણું
   - સૂચનાનો પાલન કરવામાં મુશ્કેલી
   - કાર્ય અને પ્રક્રિયાઓના સંગઠનમાં મુશ્કેલી
   - સરળતાથી ધ્યાન ખોઈ દે છે.
   - રમકડાં, પુસ્તકો, ચોપડી વગેરે ગુમાવી દે છે.
2. **અતિસક્રિયતા ADHD (Hyperactive ADHD)**
   - અવસ્થાપણે હરે ફરે છે. (Fidget)
   - સળવળાટ (Squirn, Wriggle) કરે છે.
   - જ્યારે કક્ષામાં બેસવું હોય ત્યારે તેમની ખુરશીથી નીકળી જાય છે.
   - સતત દોડતા રહે છે.
   - ખૂબ વાતો કરે છે.
   - શાંતિથી રમવામાં મુશ્કેલી
   - પ્રશ્ન પૂરા થયા  પહેલાં જવાબ આપવાનો પ્રયાસ કરે છે.
   - તેમના વળાંક માટે રાહ જોવામાં મુશ્કેલી
3. **સંયુક્ત ADHD- Combind (ADHD)**
   - સંયુક્ત ADHD માં બેધ્યાનપણું અને અતિસક્રિયતા બંને ADHD ની લાક્ષણિકતા હોય છે.
   - ધ્યાન આપવામાં મુશ્કેલી
   - સતત અતિસક્રિયતા
   - બેચેન, ઉત્સુક, વ્યગ્ર, ઉચાટિયું
   - પોતાને માટે અનિશ્ચિત વલણ

     ADHD માટે કોઈપણ પ્રકારની સારવાર ઉપલબ્ધ નથી. પરિવાર અને શિક્ષકોને ADHD બાળકોનો વ્યવસ્થાપન કરવાં આવો જોઈએ.
   - ADHD બાળકો માટે સારવાર માર્ગદર્શિકા
   - ADHD બાળકો માટે સારવાર કાર્યક્રમની સ્થાપના. આ કાર્યક્રમનો અમલીકરણ અને

મૂલ્યાંકન/મોનીટરીંગ આવશ્યક છે. તે માટે કાર્યક્રમ અને સારવારનો બાળક ઉપર પ્રભાવનો મૂલ્યાંકન કરી શકાય છે.

- બાળક, વિશિષ્ટ શિક્ષક, વાલી વગેરેને સાથે મળીને સારવાર કરવી.
- જો ઉચિત હોય તો બાળકને Behaviour Therapy આપી શકાય.
- ADHD બાળક માટે સતત ફોલોઅપ કરવું.
- ADHD બાળકો માટે શૈક્ષણિક પ્રયુક્તિ
- બે પ્રકારની માહિતી એક સાથે આપવું નહીં. દાખલા તરીકે જોડણી i.e. (believe) અને e.i.(Perceive) એક સાથે સમજાવવું નહીં.
- નવી માહિતી આવતી વખતે મહત્ત્વની લાક્ષણિકતા ઉપર ધ્યાન આપવું.
- ચિત્ત નીચે તેના વર્ણન આપીને લીટી દોરવી.
- મુશ્કેલ જોડણી નીચે લીટી દોરવી.
- એક જ પ્રકારની ધ્વનિના શબ્દો ઉપર વધારે ભાર આપવું.
- ધ્યાન જાળવવા માટે
- લાંબા કાર્યને ભાગ પાડીને નાના ભાગોમાં આપવા
- એક પાનાં ઉપર ઓછી માહિતી આપવી.
- ક્રમશઃ વર્ગખંડના સમય ગાળામાં વધારો કરવો.
- મહત્ત્વની માહિતી આપતી વખતે સંકેતોનો ઉપયોગ કરવો.
- લેખિત સંકેતો જેવા કે કસોટીનો આરંભિક સૂચનાઓને જાડા અક્ષરોમાં લખવું.
- મૌખિક સંકેતો જેવા કે સાંકેતિક શબ્દોનો ઉપયોગ
- સૂચનાત્મક સંકેતો જેવા બાળકોથી સૂચનાનો મૌખિક પુનરાવર્તન કરાવવું.
- વિદ્યાર્થીઓને માહિતીની ઓળખ અને સમજ વધારવા માટેની પ્રયુક્તિ શીખવવું.

### 12.3.3 વર્તન સંબંધિત-Behavioral Emohonal Disorder

બાળકોમાં વિકસિત થતા મગજ પર્યાવરણીય પરિબળ અને ઘટકો પ્રત્યે અત્યાધિક સંવેદનશીલ હોય છે. એવાં પર્યાવરણીય ઘટકો કે જે પુખ્ત મગજ ઉપર કાઈ પણ જાતનું કાયમી અસર નાખીના શકતાં હોય, એજ ઘટકો જન્મ પહેલાં અથવા બાળપણ દરમિયાન મગજ ઉપર સાર્થક રીતે અસર કરી શકે છે.

**વર્તન સંબંધિત વિશિષ્ટતાઓની લાક્ષણિકતા**

- શીખવાની અશક્યતા અથવા અક્ષમતા આવી અક્ષમતા કોઈપણ પ્રકારના બૌદ્ધિક, સંવેદનાત્મક અથવા સ્વાસ્થ્ય પરિબળો દ્વારા સમજાવી ન શકાય.
- શિક્ષકો અને સાથિદારો સાથે સંતોષકારક સંબંધો જાળવવામાં મુશ્કેલી.
- સામાન્ય સંજોગોમાં અયોગ્ય પ્રકારના વર્તન અથવા લાગણીઓ.
- સામાન્યત : દુઃખ અથવા ડિપ્રેસન જેવી મન : સ્થિતિ
- વ્યક્તિગત અને શાળાકીય સમસ્યાઓ શારીરિક લક્ષણો અથવા ભય સાથે સંકળાયેલ

ઓટિસ્મ (Autism) જીવન પર્યંત થતી પ્રત્યાપન, સામાજિક આંતરક્રિયા, પ્રતિબંધિત અથવા પુનરાવર્તિત રુચિ અને વર્તન જેવી સમસ્યાઓનો સમાવેશ કરે છે. ઓટિસ્મથી પ્રભાવિત બાળકોમાં સામાન્ય આંતરક્રિયાનો અભાવ મળે છે અને તે આંખનો સંપર્ક ટાળવાનો પ્રયાસ કરે છે.

લગભગ દરેક 1,000 માંથી 2 બાળકો ઓટિસ્મથી પ્રભાવિત હોય છે. અને તેની સંખ્યામાં સતત

વધારો જોવા મળે છે. જો કે તે વધારો નિદાનમાં થતી ફેરફારો અને લાકોમાં થતી જાગરુકતાના કારણ છે, તે તપાસનો વિષય છે.

### 12.3.4 આવેદન સંબંધિત

સંબંધિત સાહિત્ય અને સંશોધનો નિષ્કર્ષો અનુસાર બાળકોમાં સામાજિક વિકૃતિ માટે સહભાગીદારિતા, સહકારપણું, આંતરક્રિયા, હકારાત્મક વલણ, વાતચીત કરવી જેવા ગુણ હોવા જોઈએ. ક્યારેક અધ્યયન વિશિષ્ટ બાળકોમાં આ બધી જ લાક્ષણિકતા ઓછા અથવા નહિંવત પ્રમાણમાં જોવા મળે છે. અધ્યયન વિશિષ્ટ બાળકોમાં સામાજિક કૌશલ્યોનો અભાવ તેમનો સામાજિક અને સાંવેગિક જીવનમાં મુશ્કેલી ઉત્પન્ન કરી શકે છે. સામાન્યત : આવેદન સંબંધિત મુશ્કેલીમાં ખરાબ સ્વસંકલ્પના જોવા મળે છે.

**લાક્ષણિકતા -**

- સામાજિક સંકેતો સમજવામાં ભૂલો
- બીજાના સંવેગો અને ભાવનાઓ જાણવા અને સમજવામાં મુશ્કેલી
- કોઈએ પર તેમના વર્તનની અસરથી અજાણ
- અન્યના પરિપ્રેક્ષ્ય જાણવા અને સમજવામાં અસમર્થ
- આવેદન સંબંધિત વિશિષ્ટતા ધરાવતાં બાળકોમાં નીચેના સામાજિક કૌશલ્યોનો અભાવ જોવા મળે છે.
- સાથી વિદ્યાર્થીઓ સાથે સ્વીકૃતિનો અભાવ
- મીણ બનાવવામાં મુશ્કેલી
- સાથી મિત્રો ઉપર વધારે પડતા નિર્ભર
- નેતા બનવાની શક્યતા ઓછી હોય છે.
- સંઘર્ષ ઉકેલવામાં મુશ્કેલી
- હતાશા વ્યવસ્થાપનમાં મુશ્કેલી
- જૂથમાં કાર્ય કરવામાં મુશ્કેલી
- સાંભળવામાં મુશ્કેલી

ક્યારેક અધ્યયન વિશિષ્ટ બાળકોમાં કોઈ પણ પ્રકારની આવેદન સંબંધિત સમસ્યા જોવા મળતી નથી અને તેમનો સામાજિક અનુભવો હકારાત્મક હોય છે.

**અધ્યયન વિશિષ્ટ બાળકોનો નિદાન અને પરીક્ષણ**

અધ્યયન વિશિષ્ટ બાળકોનો નિદાન એક સરળ પ્રક્રિયા નથી. બાળકનો સમસ્ય લક્ષમો જોવાથી જાણી શકાય નથી. તે માટે યોગ્ય લાયકાત ધરાવતાં નિષ્ણાતની મદદ લેવી જરૂરી છે. વાલી તરીકે મા-બાપ બાળકની વધારે નજીક હોય છે. જો તેઓને લાગે કંઈક ખોટું છે તો બાળકને તરત જ વિશેજ્ઞ પાસે લઈ જવો જોઈએ. જો માં-બાપ અથવા શિક્ષક બાળકને અધ્યયન માટે સંઘર્ષ કરતાં જોએ તો તરત જ એમનું પરીક્ષણ કરાવવું.

અધ્યયન વિશિષ્ટ બાળકોની સમસ્યાનો નિદાન એક પ્રક્રિયા છે જેમાં- નિદાન, પૂર્વ વિગત, અને નિષ્ણાત દ્વારા અવલોકનનો સમાવેશ થાય છે.

**નિષ્ણાત ના પ્રકારો :**

- તબીબી મનોવૈજ્ઞાનિકો
- શાળા મનોવૈજ્ઞાનિકો

- બાળ ચિકિત્સક
- શૈક્ષણિક મનોવૈજ્ઞાનિક
- ન્યૂરોસાઈકોલોજિસ્ટ
- વાણી અને ભાષા ચિકિત્સક

**અધ્યયન વિશિષ્ટ બાળકોની મદદ માટે**

- બાળકની અધ્યયન વિશિષ્ટતા અને તેનાથી સંબંધિત સૂક્ષ્મ માહિતી પળની જાણકારી વાલી અને શિક્ષકને હોવી જોઈએ.
- વાલીને નવી સારવાર પદ્ધતિઓ અને સેવાઓ વિશે જાણવા માટે સતત પ્રયાસો કરવા જોઈએ.
- સારવાર પ્રક્રિયા માટે વિશેષજ્ઞો અથવા ચિકિત્સકોને બાળકના ઘેર આવીને સેવા આપવાનો પ્રયાસ વાલીઓએ કરવી જોઈએ.
- વાલીઓએ તેમના બાળકની તાકાત ઓળખીને તેને વધારવા માટેના પ્રયાસો કરવા જોઈએ.

**12.3.5 બાળગુનેગારો :-**

સામાન્ય રીતે બાળગુનેગારો સમાજમાંથી પેદા થાય કે બાળકો ગુનાહિત પ્રવૃત્તિઓ તરફ વળે છે. તેનું સપનું કારણ સમાજની પરિસ્થિતિ છે. આવાં બાળકો માન્યત ગરીબ કુટુંબો કે ગરીબીની રેખા નીચે જીવતાંહોય તેમાંથી આવે છે. પ્રવર્તમાન પરિસ્થિતિમાં સમાજનું પરિવર્તન અતિ ઝડપથી થઈ રહ્યું છે. છેલ્લાં દોઢસો બસો વર્ષમાં સમાજનું પરિવર્તન જે રીતે થતું હતું. તેનાથી તીવ્ર ઝડપે છેલ્લાં ચાર કે પાંચ દાયકાથી થઈ રહ્યું છે. આજના માળખામાં સમાજની પરંપરાઓ અને પ્રણાલીઓમાં આજના આંતર વ્યવહારોમાં વગેરેમાં ઔદ્યોગિક ક્રાંતિ, શિક્ષણ અને વિજ્ઞાન અને ટેક્નોલોજીની અસરોને લીધે તીવ્ર ઝડપે સમાજ પરિવર્તનનો ભોગ બન્યો છે. આથી ગામડાં તૂટ્યાં છે. શહેરોમાં સિમેન્ટ ક્રોંક્રિટનાં જંગલો વધવાની સાથે ઝૂંપડપટ્ટીઓ થવા લાગી છે. ગામડાંમાંથી શહેરો તરફ માનવ મહેરામણ ઉમટવા લાગ્યો છે. આ પરિસ્થિતિમાં શહેરોમાં ઝૂપડપટ્ટીઓની સાથે ગરીબી વધવા માંડી છે. તદ્ઉપરાંત શહેરનાં કેટલાંક આકર્ષણોએ માનવ જીવનને અસ્તવ્યસ્ત કરી નાંખ્યુ છે. જે પરિવારમાં શિશુઅવસ્થાનાં બાળકોની શારીરિક, માનસિક કે સાંવેગિક જરૂરિયાતો તૃપ્ત થતી નથી. તેમની આર્થિક કે સામાજિક જરૂરિયાતો પૂરતા પ્રમાણમાં સંતોષાતી નથી. તેવાં બાળકો અનેક ગ્રંથિઓ અને પૂર્વગ્રહોનો ભોગ બનીને ગુનાહીત પ્રવૃત્તિઓ તરફ આકર્ષાય છે અને પોતાના જીવનનો નકશો વિકૃત બનાવી દે છે. સામાજિક ઝડપી પરિવર્તનને લીધે નિમ્ન-આર્થિક-સામાજિક પરિવારનાં બાળકોમાં પદાનુકૂલનની સમસ્યાઓ પેદા થાય છે. આથી એક મનોવિજ્ઞાનીએ નોંધ્યુ છે કે,

"Modern society is passing through a period of extensive changes and social disonganisation. Maludjustments seem to be the inevietable consequences of rapid and unequal changes in the social order. Juveuiles, in particular, seem to be ditected in an unsusual way by these repeatedghychanging conditions." -M.H.Meamayer

આથી, એમ કહી શકાય કે બાળગુનેગારી એક સામાજિક સમસ્યા છે. સામાજિક વિભિન્નતાના લીધે જે અસલામતીની લાગણી જન્મે છે. તેમાંથી આવી સમસ્યાઓ ઊભી થાય છે. બદલાતી જતી પરિસ્થિતિના સંદર્ભમાં પરિવારોની છે. સામાન્ય સામાજિક ગતિશીલતાને લીધે બાળકોની મૂળભૂત જરૂરિયાતો તૃપ્ત થતી નથી. તેમાંથી આવી સમસ્યાઓ ઊભી થાય છે. આમ, જોઈએ તો બાળગુનેગારો માટે નીચેના કારણે જવાબદાર ગણી શકાય.

**કારણો :**

1. માતા-પિતાની આર્થિક ગરીબી
2. સામાજિક અસમાનતા
3. વારંવારનું સ્થળાંતર

4. માતા-પિતાની નિરક્ષરતા

5. સમાજની ઉપેક્ષા

6. પૂરતા પોષણનો અભાવ

7. બાળકોની આર્થિક, સામાજિક અને સાંવેગિક જરૂરિયાતોની પૂર્તિનો અભાવ

8. માતા-પિતાનું ગુનાહિત આચરણ

9. ભૌતિક જરૂરિયાતોની તૃપ્તિનો અભાવ

10. બાળકોની શિક્ષણની ઉપેક્ષા

11. માતા-પિતાની બાળઉછેરમાં બેકાળજી

12. ઘરનું ક્લેશમય વાતાવરણ

13. આજુબાજના સમાજમાં આચરતી ગુનાહિત પ્રવૃત્તિઓનું નિરીક્ષણ

14. ખરાબ સોબત

15. સતત માનસિક તંગદિલી

16. શિક્ષકો તરફથી ઉપેક્ષાપૂર્ણ વર્તન

17. શાળામાં થતાં શિક્ષકા કે દંડ

18. સમૂહ માધ્યમોની વિપરીત અસરો

આવાં વિભિન્ન કારણોને લીધે લીધે બાળગુનેગારો પેદા થાય છે. આમ તો સમાજ માન્ય કાનૂનો કે કાયદાનો બાળકો દ્વારા થતો ભંગ એ બાળગુનેગારો કહેવાય છે.

**બાળગુનેગારીનાં પ્રકારો : (Crime Connected With Juvenile delinnuenoy)**

1. દાદાગીરી

2. રીઢા ગુનેગારો સાથેનું ગઠબંધન

3. રીઢા ગુનેગારો સાથેનું ગઠબંધન

4. માતા-પિતા કે વાલીઓનો છડેચોક અનાદર

5. નાના ગુનાઓ જેવા કે ચોરી-ચપાટી કરવી.

6. આક્રમણ કરીને ઈજા પહોંચાડવી

7. માતા-પિતાની સંમતિ સિવાય ઘરેથી ભાગી જવું.

8. અનૈતિક આચરણ

9. બીભત્સ શબ્દ પ્રયોગો, ગાળો અને બિભત્સ-વાણીનો ઉપયોગ

10. અસામાજિક તત્ત્વો સાથે ઘરોબો

11. કોઈની વસ્તુઓ પડાવી લેવી

12. જુગાર કે દારૂના અડ્ડા પર જવું-તેમનું સંચાલન કરવું.

13. જાહેરમાં અનુચિત વર્તન

14. ગેરકાનૂની ધંધાઓમાં જોડાવું.

15. વારંવાર સિગારેટ કે માદક દ્રવ્યોનું સેવન કરવું.

16. રાત્રે મોડા સુધી ઘરની બહાર રહેવું અને અનૈતિક કાર્યો કરવાં.

17. માદક દ્રવ્યો કે ડ્રગ્સનું સતત સેવન કરવું.

18. પાગલની જેમ વર્તાવ કરો.

19. ભીખ માંગવી

20. દારૂ પીવો

21. ગેરકાનૂની સ્થળે સતત આવ-જા કરવી.

22. નશીલા પદાર્થોનું સેવન કરી વાહનો ચલાવવા.

23. સંમતિ સિવાય લગ્ન કરવાં, અત્યાચાર કે બળાત્કાર કરવો.

ઉપરનાં કૃત્યો બાળગુનેગારી દર્શાવે છે. યોગ્ય ઉછેર કે સંસ્કાર સંવર્ધનના અભાવમાં બાળકો ગુન્હાહિત પ્રવૃત્તિઓ તરફ વળે છે.

- **બાળ ગુનેગારોને શિક્ષણ અને માર્ગદર્શન :- (Education and guidance for delinqent Children)**

આપણે જોયું કે બાળગુનેગારો સમાજની ઉપેક્ષાને પરિણામે અને તેમના સંવર્ધનમાં કે સંસ્કાર સિંચનમાં રહેલી ખામીઓને પરિણામે પેદા થાય છે. આથી આ સંજોગોમાં બાળગુનેગારોને યોગ્ય માર્ગે વાળવા માટે કેટલાંક રચનાત્મક ઉપાયો (શિક્ષણ અને માર્ગદર્શન) સહિતના જરૂરી બને છે.

**શિક્ષણ અને માર્ગદર્શન અંગેના ઉપાયો :-**

- સૌ પ્રથમ તો આવાં બાળકોને યોગ્ય માર્ગે વાળવા માટે સામાજિક વાતાવરણમાં સુધારો લાવવો જરૂરી છે.
- માતા-પિતાએ બાળકોનાં ઉછેરમાં ખૂબ કાળજી રાખવી જોઈએ. તેમને પૂરતા પ્રમાણમાં પ્રેમ, સહાનુ-ભૂતિ કે વાત્સલ્ય પૂરા પાડવાં જોઈએ.
- બાળકોની ક્યારેય ઉપેક્ષા કરવી જોઈએ નહિં તેમની જરૂરિયાતો તરફ પૂર્ણ ધ્યાન આપવું જોઈએ.
- શિક્ષકોએ આવાં બાળકોની ઉપેક્ષા કરવાને બદલે તેમને પ્રેમ અને સહાનુભૂતિથી જીતી લઈને તેમનામાં આત્મવિશ્વાસ પેદા કરવો જોઈએ. તેમને ખાસ હૂંફની જરૂર હોય છે.
- આ બાબતમાં કેર ફ્રેન્ડલેન્ડર નામના મનોવિજ્ઞાનીએ ત્રણ સોપાનો, સૂચવ્યાં છે. તેમણે સામાજીક, આર્થિક અને પારિવારિક ક્ષેત્રોને ધ્યાનમાં લઈને સુધારા સૂચવ્યાં છે. બાળક બાળગુનેગારીમાં સીધો પ્રવેશતો નથી. તેનામાં એના કેટલાંક લક્ષણો પ્રારંભિક અવસ્થામાં દેખાય છે. આથી તેમણે ત્રણ તબક્કાઓમાં બાળકોનાં સુધારા માટે ઉપાયો સૂચવ્યા છે.

**(1) સુષુપ્ત બાળગુનેગારી (Latent delinguend)**

આ અવસ્થામાં બાળકમાં ગુનેગારીનાં કેટલાંક લક્ષણો જોવા મળે છે. આ અવસ્થામાં જો સંભાળપૂર્વક કાળજી લેવામાં આવે, માતા-પિતા શિક્ષકો જો આવાં બાળકો તરફ દુર્લક્ષ્ય ન સેવે તેમને વિકૃતિઓમાંથી બચાવી શકાય છે. આ અવસ્થામાં સુધાર માટે ત્રણ ઉપાયો સુચવવામાં આવે છે.

**(a) આર્થિક સુધારા :-**

માતા-પિતાની સ્થિતિ સુધારી શકાય બાળકોની ભૌતિક કે આર્થિક જરૂરિયાતો તરફ પુરતું ધ્યાન આપીને તેમની જરૂરિયાતો સંતોષવામાં આવે તો તે ગુન્હાહિત પ્રવૃત્તિ કરતાં અટકી જાય છે. બાળકોનો સર્વે કરી તેનાં માતા-પિતાને બાળકના શિક્ષણ માટે જો યોગ્ય આર્થિક સહાય પૂરી પાડવામાં આવે તો બાળકો સુગ્ધાવસ્થામાં સહેલાઈથી પાછાં વળી જશે.

**(b) માતા-પિતા કે વાલીઓને શિક્ષિત કરવા :-**

ખાસ કરીને જે માતા-પિતા કે વાલી નિચા હોય છે, જેઓ બાળકનું અને શિક્ષણનું મહત્ત્વ સમજતાં નથી તેઓ બાળકોને અન્યાય કરે છે. તેમનું યોગ્ય સંવર્ધન કે સંસ્કાર ચિંતન કરી શકી

નથી. આથી માતા-પિતાને શિક્ષિત કરી, તેમને યોગ્ય શિક્ષણ આપી, બાળકોના શિક્ષણનું મહત્ત્વ સમજાવવામાં આવે તો તે બાળકોમાં સદ્‌ગુણ સંસ્કાર ચિંતન કરી શકશે.

**(C) અપાનુકૂલિત માતા-પિતાની સારવાર**

એમ કહેવાય છે કે "Problem Parents have Problem Children જેમનાં માતા-પિતાના વર્તન સમસ્યાત્મક હોય તેવાં બાળકો પણ સમસ્યાત્મક બની જાય છે. આપણે જાણીએ છીએ કે બાપ તેવાં બેટા અને વડ તેવાં ટેટા, મા-બાપ ગુન્હાહિત આચરણ કરતાં હોય તો બાળકો તેમ અનુકરણ કરે છે.×

"Maladjust parents have maladjusted children and delinouent parents have delinquent children" જેમના માતા-પિતા સમાજ સાથે અનુકૂલન સાધી શકતાં ન હોય, જે સામાન્ય વર્તન કરતાં ન હોય તેમનાં બાળકો ગુનેગારો બને છે. આથી નાના બાળકોમાં બાળગુનેગારીનાં લક્ષણો જણાય તો સૌ પ્રથમ તેમના માતા-પિતાની યોગ્ય સારવાર કરી તેમને યોગ્ય માર્ગો વાળી શકાય તો બાળગુનેગારીને અંકુરિત થતાં જ ડામી શકાય.

**(d) બાળગુનેગારીનો આવિર્ભાવ**

બાળગુનેગારી અંકુરિત થઈને જ્યારે બીજા તબક્કામાં પહુંચે છે ત્યારે બાળકનું વર્તન સમાજ માન્ય ન રહેતાં અસામાજીક બને છે. તે ગુનેગારી આચરે છે. ચોરી કરે છે. આક્રમણ કરે છે. આ બધા લક્ષણો ખુલ્લેઆમ ગુનેગારી દર્શાવે છે. આ પરિસ્થિતિમાં માતા-પિતાને યોગ્ય માર્ગદર્શન આપવા ઉપરાંત નીચે જેવા ઉપાયો યોજવા.

**શિક્ષણ :-**

આવા બાળકોને ચીલાચાલુ પદ્ધતિએ શિક્ષણ આપવા કરતાં, નૂતન પદ્ધતિ અને પ્રયુક્તિનો આશય લઈને શિક્ષણ આપવું, વિદ્યાર્થીઓની સક્રિય ભાગીદારી વધે તેના પ્રયોગો વર્ગખંડમાં કરવા જોઈએ. તેની જીજ્ઞાસાવૃત્તિને ઉત્તેજે અને તેમનામાં સ્વ-અધ્યયન પ્રતિ રૂચિ પેદા થાય તે માટે દૃશ્ય-શ્રાવ્ય અને અન્ય શૈક્ષણિક ઉપકરણોનો ઉપયોગ કરી તેમને શિક્ષણ આપવું. ખાસ તો તેઓ સ્વ-અધ્યયન માટે પ્રેરાય તેવી રસપ્રદ પદ્ધતિઓ અને પ્રયુક્તિઓનો વર્ગખંડમાં આશ્રય લઈ શિક્ષકોએ શિક્ષણ આપવું જોઈએ.

વર્ગખંડમાં જે વિદ્યાર્થીનું વર્તન વિકૃત કે વિપદાગામી અથવા અસામાજિક લાગે, તેવાં વિદ્યાર્થીઓ અસામાજિક લાગે, તેવાં વિદ્યાર્થીઓ તરફ નિષ્કાળજી રાખ્યા વિના તાત્કાલિક ઉપાયો યોજવા તેની આર્થિક સામાજિક ભૂમિકાની તપાસ, તેની આર્થિક સામાજીક ભૂમિકાની તપાસ તેની અંગત સમસ્યા વગેરેની તપાસ કરી, તેના વર્તનનું સતત અવલોકન કે નિરીક્ષણ કરતાં રહેવું. પ્રારંભિક અવસ્થામાં આવાં લક્ષણો દેખાય તો તેમને ઊગતાં જ દાબી દેવામાં શ્રેય રહેલું છે.

શાળામાં આવા અસામાજિક વર્તનો કરતાં બાળકોને સતત પ્રવૃત્તિમય રાખવા, આવા બાળકો માટે યોગ્ય સહ-અભ્યાસ કે અભ્યાસ પ્રવૃત્તિઓનું આયોજન કરી તેમાં આ પ્રકારનાં વિદ્યાર્થીઓને સંલગ્ન કરવા તેને જે પ્રવૃત્તિમાં આનંદ આવે તે પ્રવૃત્તિઓ યોજવી.

**(2) શાળા છોડ્યા પછીની પ્રવૃત્તિઓ :-**

આ પ્રકારના વિદ્યાર્થીઓને વધુને વધુ અસામાજિક તત્ત્વોના હાથ ન બને, તેઓ વધુ ગુન્હાહિત પ્રવૃત્તિઓમાં ન સંકળાય તે માટે શાળા જીવન દરમિયાન તેને શૈક્ષણિક ઉપરાંત અન્ય પ્રકારનું માર્ગદર્શન આપવું જોઈએ કે જેથી તેઓ પોતાના ભાવિજીવનની સુખદ રૂપરેખા કંડારી શકે.

(1) વ્યાવસાયિક માર્ગદર્શન શાળાજીવન દરમિયાન આવા વિદ્યાર્થીઓની રસ-રૂચિ અને અભિયોગ્યતાઓ જાણીને તેમને વ્યાવસાયિક માર્ગદર્શન આપવાનો પ્રયાસ કરવો જોઈએ. વાલીઓને પણ આ અંગેનું માર્ગદર્શન આપવું જોઈએ.

(2) તેમને યોગ્ય કાર્ય મળી રહે તેવો પ્રબંધ કરવો જોઈએ કેટલીકવાર શાળા જીવન પછી બેકાર

બનેલા વિદ્યાર્થીઓ વધુ અસામાજિક પ્રવૃત્તિઓમાં સંડોવાય છે. આથી તેમના માટે યોગ્ય કામ યા પ્રવૃત્તિ મળી રહે તેવો પ્રબંધ કરવો જોઈએ.

(3) બાળગુનેગારીમાં સંડોવાયેલા વિદ્યાર્થીઓને જાતીય શિક્ષણ યોગ્ય અને પ્રૌઢ શિક્ષકો દ્વારા આપવાનો પ્રબંધ થવો જોઈએ. કેટલીકવાર આવા વિદ્યાર્થીઓ જાતીય શિક્ષણમાં અભાવે ગુનાહિત પ્રવૃત્તિઓ આચરતા જોવા મળે છે. આ સંજોગોમાં જો શાળાજીવન દરમિયાન તેમને યોગ્ય રીતે જાતીય શિક્ષણ આપવામાં આવ્યું હોય તે તેમની જાતીય વૃત્તિઓનું માર્ગાન્તરીકરણ કે ઊર્ધ્વીકરણ શક્ય બને છે.

(4) શાળા જીવન દરમ્યાન જો એમ લાગે કે આવા બાળકોનાં ઘરનું કે પરિવારનું વાતાવરણ યોગ્ય નથી, તેમનાં માતા-પિતા તેમને યોગ્ય માર્ગદર્શન આપી શકે તેમ નથી. તો આવા વિદ્યાર્થીઓને યોગ્ય સંસ્થાઓમાં આશ્રય આપવાનો પ્રબંધ કરવો જોઈએ.

**ગુનાહિત પ્રવૃત્તિ આચાર્યા પછી :-**

કેટલીકવાર આવાં બાળકો ભાગ્યે સજારૂપે આવી ગુનાહિત પ્રવૃત્તિઓમાં સંડોવાઈ જતાં હોય છે. તેમનું વિકૃત વર્તન તેમને ક્યારેક ગુનો (Crime) કરવા પ્રેરે છે. જે કાનૂની દૃષ્ટિએ ગુનો દેખાય છે. આવાં સંજોગોમાં બાળગુનેગારો તરફ સહાનુભૂતિ રાખીને-

(1) તેઓને જ્યારે પ્રથમવાર કોર્ટમાં રજૂ કરવામાં આવે ત્યારે તેમના વર્તનનું અને ગુનાહિત પ્રવૃત્તિઓનું વિશ્લેષણ કરવું જોઈએ.

(2) તેમના તરફ સહાનુભૂતિ રાખીને તેમની વૈજ્ઞાનિક અંગે મનોવૈજ્ઞાનિક ચિકિત્સા કરીને, તેમને યોગ્ય સ્થળે મોકલીને રિમાન્ડ હોમ કે કોઈ સ્વૈચ્છિક સંસ્થાઓમાં તેમની યોગ્ય મનોવૈજ્ઞાનિક સારવાર કરવી જોઈએ. આમ થવાથી તે ભવિષ્યમાં ભયંકર ગુનાઓ કરવામાંથી બાકાત રહી શકશે.

(3) આ પ્રકારની ચિકિત્સા અને સારવાર માટે યોગ્ય પ્રકારના ઉમેદવારોને કે ક્ષેત્રીય કાર્યકરોને તાલીમ આપી તૈયાર કરવા જોઈએ કે જેથી તેઓ આવાં બાળકોની જરૂરિયાતો સમજીને યોગ્ય સારવાર અને માર્ગદર્શન આપી શકે.

આજે જ્યારે સમાજમાં બાળગુનેગારી વ્યાપક પ્રમાણમાં વધી રહી છે બાળકો દિનપ્રતિદિન બેફામ અને સ્વરછંદ વર્તન કરતાં થયા છે. ક્યાંક ચોરી, ક્યાંક બળાત્કાર, ક્યાંક છેડતી, ક્યાંક અત્યાચાર આવા ગુનાઓમાં બાળકો અને યુવાનાં દિનપ્રતિદિન વધુને વધુ સંડોવાતા જાય છે. આ સ્વસ્થ સમાજનું લક્ષણ નથી. તે રોગિષ્ઠ સમાજવ્યવસ્થાનો નિર્દેશ કરે છે. સારું અને ઉચિત શિક્ષણ જે વૈજ્ઞાનિક, નૈતિક અને આધ્યાત્મિક મૂલ્યોનું સિંચન કરતું હોય તેવાં શિક્ષણની અને યોગ્ય માર્ગદર્શનની આજના તરુણો અને યુવાનોની તાતી જરૂરિયાત છે. સંવેદનશીલ શિક્ષકો, શિક્ષણવિદો અને સમાજનાં અગ્રણીઓ જેટલી વહેલી આ સમજ કેળવશે તેટલા પ્રમાણમાં બાળ-ગુનેગારીનો આંક ઓછો થશે.આજનાં સ્વપ્રદષ્ટા બાળકો આપણા માર્ગદર્શનની યોગ્ય પ્રતીક્ષા કરે છે.

## 12.4 સારાંશ

શાળામાં પ્રવેશતા બાળકો પાસે અમુક સમય પછી તેનામાં અમુક ગુણો, કૌશલ્યો, મૂલ્યો વિકસે તેવી અપેક્ષા રાખવામાં આવે છે પરંતુ સમય જતા અપેક્ષાઓ પૂરી થતી નથી. ઉપરાંત બાળક ગેરવર્તન કરતો થાય છે. તો કેટલાક બાળકને વધુ શીખવું છે પરંતુ તક મળતી નથી. જે બાળક સફળતા હાંસલ ન કરે ત્યારે આંતરિક ચિંતા અનુભવે છે. જે અપાનુકૂલિત તરફ લઈ જાય છે. બાળકો નિમ્ન પ્રગતિથી હતાશા અનુભવે છે. તેમને શિક્ષણ પ્રત્યેનો રસ ઊડી જાય છે ત્યારે શિક્ષકે બાળમનોવિજ્ઞાનનું ઊંડું જ્ઞાન લેવું જરૂરી છે. પ્રસ્તુત પ્રકરણમાં અધ્યયન વિશિષ્ટ બાળકોની સંકલ્પના, સ્વરૂપ, લાક્ષણિકતાઓની ચર્ચા કરેલ છે. તે ઉપરાંત બાળ ગુનેગારો, તેના પ્રકારો અને બાળ ગુનેગારો માટે શૈક્ષણિક માર્ગદર્શનની ચર્ચા કરેલ છે.

## 12.5 સારાંશ

**1. અધ્યયન વિશિષ્ટ બાળકો એટલે શું ?**

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

**2. અધ્યયન વિશિષ્ટતાના પ્રકારો જણાવો.**

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

**3. બાળ ગુનેગારીના પાંચ પ્રકારો જણાવો.**

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

## 12.6 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

1. પાના નં. 2 જુઓ
2. પાના નં. 4 જુઓ
3. પાના નં. 9 જુઓ

એકમ 13

# ડિસ્લકિસક બાળકો

## : રૂપરેખા :


13.1 ડિસલેક્સિક બાળકો

13.1.1 વ્યાખ્યા સંકલ્પના પ્રકાર

13.1.2 ડિસલેક્સિક બાળકોના લક્ષણો

13.1.3 ડિસલેક્સિક બાળકોના કારણો

13.1.4 ડિસલેક્સિક બાળકોની સમસ્યાઓ

13.1.5 ડિસલેક્સિક બાળકો માટે શિક્ષણની જોગવાઈઓ

13.2 સારાંશ

13.3 તમારી પ્રગતિ ચકાસો

13.4 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો


## 13.1 ડિસ્લકિસક બાળકો

### 13.1.1 વ્યાખ્યા અને સંકલ્પના

ડિસ્લેક્સીયા અને પ્રકારની અધ્યયન વિશિષ્ટતાઓમાંથી એક છે. ડિસ્લેક્સીયા વિશિષ્ટ અને ચોક્કસ ભાષા-આધારિત વિશિષ્ટતા છે. તેની મુખ્ય લાક્ષણિકતા એકલું શબ્દ સંકેતો (Single Word decoding) ને સમજવામાં પડતી મુશ્કેલી છે. આ બાબત બાળકમાં ઉચ્ચારલક્ષી પ્રક્રિયા ક્ષમતાઓનો અભાવને દર્શાવે છે.

શબ્દ સંકેતોને સમજવામાં પડતી મુશ્કેલી બાળકની ઉંમરના પ્રમાણમાં અપેક્ષિત સ્તર સુધી હોતી નથી.


'Dyslexia is a type of reading disorder in which student fails to recognise and comprehend written words'

''ડિસ્લેક્સીયા એક પ્રકારનો વાંચન ડિસઓર્ડર છે જેમાં વિદ્યાર્થી શબ્દોની ઓળખ કરવામાં અને તેમને સમજવામાં અસફળ થઈ જાય છે''

- ડિસ્લેક્સીયા, બાળકના વાંચન કૌશલ્યમાં થતી ગંભીર ક્ષતિ છે ડિસ્લેક્સીક બાળક પાસે સામાન્ય બુદ્ધિ, સમાન તક અને સમુચિત પારિવારિક પર્યાવરણ હોવા છતાં આવી ક્ષતિ જોવા મળે છે.
- ડિસ્લેક્સીયાનું ચોક્કસ કારણ હાલ સુધી અક્ષાત છે.
- સામાન્યત : માનવામાં આવે છે, ડિસ્લેક્સીયાનું મુખ્ય કારણ- ઉચ્ચારલક્ષી સભાનતામાં મુશ્કેલી છે.- બાળક પાસે ચોક્કસ આવાજો અને ચોક્કસ અક્ષરો કે શબ્દોના સંચલન કરતાં નિયમોની સમજનો અભાવ હોય છે.
- ડિસ્લેક્સીયા એક ભાષાકીય સમસ્યા છે. આ વિશિષ્ટતા ધરાવતાં લોકો તેજસ્વી હોઈ શકે છે.
- ડિસ્લેક્સીયાની અસરો વ્યક્તિ-વ્યક્તિ માટે અલગ હોય છે. ડિસ્લેક્સીયા ધરાવતાં લોકો વચ્ચે એક માતા સમાન લક્ષણ છે. કે તેઓ તેમના ઉંમરના લોકો માટે વિશિષ્ટ કરતાં નોંધપાત્ર રીતે નીચે સ્તરે વાંચે છે.
- ડિસ્લેક્સીયા, વિલંબ વાંચન વિકાસ, જે માનસિક અપંગતા અથવા સાંસ્કૃતિક પછાતપણું પ્રતિબિંબિત કરી શકે છે, થી અલગ છે.

- મિશિગન યુનિવર્સિટી ઓફ આરોગ્ય સિસ્ટમ (Unity of Helth) મુજબ ડિસ્લેક્સીયા સ્રાવધિક રીતે થતી અધ્યયન વિશિષ્ટતા છે. 80% અધ્યયન વિશિષ્ટ બાળકો ડિસ્લેક્સીયાના લક્ષણો ધરાવે છે.
- આંતરરાષ્ટ્રીય ડિસ્લેક્સીયા એસોસિએશનનો એક અંદાજ મુજબ 15% થી 20% અમેરિકન વસતી ખાટું વાંચન, જોડણી ભૂલો, ખરાબ લેખન શૈલી, સમાન શબ્દોની જોડણી વચ્ચે ભૂલો જેવી લાક્ષણિકતાઓ ધરાવે છે.
- બ્રિટીશ નેશનલ હેલ્થ સર્વિસનો એક અંદાજ મુજબ ઈંગ્લેન્ડમાં શાળા જાવતા 4% થી 8% બાળકોમાં ડિસ્લેક્સીયાના લક્ષણો જોવા મળે છે.
- એક અંદાજ મુજબ છોકરાઓ છોકરીઓ કરતાં 11/2 થી 3% વધારે ડિસ્લેક્સીયા થવાની શક્યતા ધરાવે છે.
- ઓસ્ટ્રેલિયા ડિસ્લેક્સીયા એસોસિએશન મુજ ડિસ્લેક્સીક બાળકો આવાં લક્ષણો ધરાવતાં છતાં સફળ થઈ શકે છે. આ બાળકોના સફળ થવા માટેના સંઘર્ષો અધ્યયન પર્યાવરણમાં ઉદ્‌ભવતાં નકારાત્મક અધ્યયન અનુભવો સાથે હોય છે.
- જે ભાષામાં લેખિત શબ્દ અને મૌખિક ધ્વનિ વચ્ચે સ્પષ્ટ જોડાણ હોય, આવી ભાષા ઓછું પ્રમાણમાં ડિસ્લેક્સીયા ધરાવતાં બાળકો માટે વધુ સરળ હોઈ શકે છે. ઈટાલિયન અને સ્પેનિશ આવી ભાષાઓ છે.
- અંગ્રેજી જેવા ભાષામાં લેખિત શબ્દ અને મૌખિક ધ્વનિ વચ્ચે સ્પષ્ટ જોડાણ હોય, આવી ભાષા ઓછું પ્રમાણમાં ડિસ્લેક્સીયા ધરાવતાં બાળકો માટે વધુ સરળ હોઈ શકે છે. ઈટાલિયન અને સ્પેનિશ આવી ભાષાઓ છે.
- અંગ્રેજી જેવી ભાષામાં લેખિત અને મૌખિક સ્વરૂપો વચ્ચે અમુક સમય સ્પષ્ટ જોડાણ જોવા મળતો નથી. જેમ કે 'Cough' (કફ) અને Dough (ડો) આવા શબ્દો ડિસ્લેક્સીક બાળકો માટે પડકારરૂપ હોઈ શકે છે.

**ડિસ્લેક્સીયાના પ્રકાર**




ધ્વનિ ભાષા પ્રક્રિયામાં ક્ષતિ- (Phonological Deficit)- બાળકને ધ્વનિના આધારે શબ્દો એકત્રિત કરીને સમજવામાં મુશ્કેલી. સડવતમાં ક્ષતિ (Speed Naming Deficit) ધીમું વાંચન અને સરલ અને સામાન્ય શબ્દોની ઓળખમાં ક્ષતિ

સમજ ક્ષતિ (Comprehensim deficit) -વાંચેલ, સમજવામાં મુશ્કેલી ત્રણ પ્રકારોમાંથી 80% ને ધ્વનિ પ્રક્રિયામાં ક્ષતિ હોય છે અને તે ધ્વનિ-ધ્વનિ વચ્ચે તફાવત કરવામાં અસમર્થ હોય છે. તેથી

શબ્દ અને ધ્વનિ વચ્ચે સાંકળ બનતી નથી. 20% લોકોને ઝડપ અથવા સમજમાં કમી હોય છે. તકનીકી રીતે આ લોકો ડિસ્લેક્સીયા ધરાવતાં નથી.80% લોકોને બીજા પ્રકારોમાં વિભાજિત કરવામાં આવેલ છે.

**ડિસ્લેક્સીયા**

| ઈન્દ્રિયોના આધારે | ક્ષતિના આધારે | શરૂઆતના આધારે |
|---|---|---|
| 1. શ્રવણ ડિસ્લેક્સીયા | 1.ધ્વનિભાષા -પ્રક્રિયા | 1.વંશાનુગત ડિસ્લેક્સીયા |
| 2. દ્રશ્ય ડિસ્લેક્સીયા | 2.સતહી ડિસ્લેક્સીયા | 2. ઉપાર્જીત ડિસ્લેક્સીયા |
| 3. ધ્યાન ડિસ્લેક્સીયા | 3. ડિસ્લેક્સીયા (Deep) | |

**- ઈન્દ્રિયોના આધારે**

1) શ્રવણ ડિસ્લેક્સીયા- અક્ષરો અને શબ્દ સમૂહની ધ્વનિગ્રહણ પ્રક્રિયા અને સમજમાં મુશ્કેલી
2) દ્રશ્ય ડિસ્લેક્સીયા- અલ્પદ્રષ્ટિના કારણે વાંચનમાં ઉદ્ભવતી મુશ્કેલી
3) ધ્યાન ડિસ્લેક્સીયા- શબ્દોમાંથી અક્ષરો બીજાં શબ્દો સાથે મળીને વાંચવામાં આવે. દા.ત. 'King wing' બાળક 'Wind king' વાંચશે.

**ક્ષતિના આધારે**

1) ધ્વનિ પ્રક્રિયા ડિસ્લેક્સીયા (Phonological) શબ્દ બનાવવામાં ઉપયોગમાં આવતી વ્યક્તિગત ધ્વનિને બાળક ઓળખી શક્તો નથી અને શબ્દ ધ્વનિ મિશ્રિત થઈને એકજ ધ્વનિ સ્વરૂપો સાંભળે છે.
2) સતદી ડિસ્લેક્સીયા (Surface) - સંપૂર્ણ શબ્દની ઓળખ અને તેની જોડણી સમજવામાં મુશ્કેલી
3) ડિસ્લેક્સીયા (Deep) - બાળકની વાંચનની ક્ષમતા મગજમાં ક્ષતિના કારણે ખોવાઈ જાએ છે.

**શરૂઆતના આધારે**

1 વંશાનુગત ડિસ્લેક્સીયા- બાળકની વાંચનક્ષમતા અને ધ્વનિ વાંચન પ્રક્રિયામાં જન્મથી ક્ષતિ હોવાના કારણે બાળકને વાંચવામાં મુશ્કેલી

2 ઉપાર્જીત ડિસ્લેક્સીયા- જન્મ પછી મગજમાં ઈજા અથવા ચોટના કારણે ઉદ્ભવતા ડિસ્લેક્સીયા.

**13.1.2 લાક્ષણિકતા- ડિસ્લેક્સીક બાળકોની લાક્ષણિકતા**

લક્ષણ દર્દી દ્વારા વર્ણવામાં આવતી બાબતો છે જે તે એમની ઈન્દ્રિયો અને સંવેદનાઓના આધારે અનુભવ કરે છે. જ્યારે સંકેતો ડૉક્ટર અથવા અન્ય લોકો દ્વારા અવલોકિત બાબતો છે. દાખલા તરીકે સુસ્તી એક લક્ષણ હોઈ શકે છે જ્યારે તાવ એક સંકેત છે. ડિસ્લેક્સીયા સંશોધન ટ્રસ્ટ દ્વારા આપેલ ચિહ્નો અને લાક્ષણિકતાઓ આ પ્રમાણે છે.

1. ગૃહકાર્ય કરતી વખતે ડિસ્લેક્સીક બાળકને વાંચન, જોડણી અને ધ્યાન કેન્દ્રિત કરવામાં સામાન્ય કરતાં વધારે તકલીફ થઈ શકે છે.
2. વાંચવા શીખતી વખતે - બાળક પાસે સામાન્ય બુદ્ધિ હોવા છતાં અને યોગ્ય શિક્ષણ અને વાલી સહાય પ્રાપ્ત હોવા છતાં, વાંચવાનું શીખવામાં મુશ્કેલી પડે છે.
3. સામાન્ય વિકાસ કરતાં પાછળ- બાળક ચાલવાનું, વાત કરવાનું, વસ્તુઓ ફેંકવી અથવા પકડવાનું, સાયકલ સવારી જેવી બાબતો સામાન્ય બાળકો કરતાં મોડું શીખે છે.
4. બોલવાનું- ડિસ્લેક્સીક બાળક સામાન્ય બાળક કરતાં બોલવાનું પાછળથી શીખે છે. બાળક સામાન્યતઃ શબ્દોને ખોટું બોલે છે, કાવ્ય પઠન આવા બાળકો માટે અત્યંત પડકારરૂપ હોય છે.

બાળકો બે શબ્દો વચ્ચેની ધ્વનિમાં તફાવત પારખી શકતોં નથી.

5 માહિતી યાદ કરવામાં ધીમું - શાળામાં ડિસ્લેક્સીક બાળકો સામાન્ય બાળકો કરતાં, મૂળાક્ષર અને અક્ષરોને જાણતા અને તેમને ઉચ્ચારવા શીખવામાં વધારે સમય લે છે. અઠવાડિયાના દિવસો યાદ રાખવા, વર્ષના મહિના, રંગો, અંકગણિતના કોષ્ટકોને સ્મરણ કરવામાં પણ મુશ્કેલીના સામનો કરવો પડે છે.

6) સંકલન- ડિસ્લેક્સીક બાળક તેમના સાથીદારોએ કરતાં વધારે અવ્યવસ્થિત હોય છે.

7) ડાબી અને જમણી બાજુની સંકલ્પના- બાળકને જમણી અને ડાબી બાજુની સંકલ્પના સમજવા અને યાદ રાખવામાં મુશ્કેલ હોય છે.

8) Revarsal - અક્ષરો અને અંકો લખવાનું અને બોલવાનું શીખતી વખતે બાળક સામાન્યતઃ એમને ઊલટું લખે છે. અથવા બોલે છે. દાખલા તરીકે 75 ને 57 અથવા Bat ને tab.

9) જોડણી- જોડણી શીખતી વખતે અન્ય બાળકોમાં જોવા મળતું પ્રગતિ અને વિકાસની ગતિ અને શૈલીનો અભાવ મળે છે. ડિસ્લેક્સીક બાળક આજે યાદ કરેલ જોડણીને આગામી દિવસે સંપૂર્ણપણે ભૂલી શકે છે. બાળક એક જ શબ્દને એજ પૃષ્ઠ ઉપર વિવિધ જોડણીમાં લખી શકે છે.

10) ધ્વનિશાસ્ત્ર સમસ્યાઓ - ભાષામાં વાત અથવા બોલતી વખતે થતી ધ્વનિને Phonology અથવા ધ્વનિશાસ્ત્ર કહેવામાં આવે છે. બેથી વધારે અક્ષરોના શબ્દોમાં ફોનોલોજીની પ્રક્રિયા વધુ મુશ્કેલ બની જાય છે. દાખલા તરીકે unfortunately શબ્દમાં બાળક 'un' અને 'Qy' બોલવામાં સક્ષમ હોય પરંતુ વચ્ચેના શબ્દને બોલીના શકતાં હોય.

11) એકાગ્રતાનો સમયગાળો - ડિસ્લેક્સીક બાળકો સામાન્ય બાળકોની સરખામણીમાં લાંબા સમય સુધી ધ્યાન કેન્દ્રિત કરવા માટે સક્ષમ હોતોં નથી. ડિસ્લેક્સીયાથી ગ્રસ્ત પુખ્ત આયુ વર્ગના લોકો માને છે કી શીખવા માટે બાળક સતત સંઘર્ષ કરે છે તેથી થોડા સમય પછી જ તે માનસિક થાક અનુભવ કરે છે. ડિસ્લેક્સીયા ધરાવતાં બાળકોમાંથી એક મોટા ભાગના બાળકોમાં ADHD પણ જોવા મળે છે.

12) ક્રમની સંકલ્પના - ડિસ્લેક્સીક બાળકો જ્યારે તેમના વિચારો ક્રમિક સ્વરૂપમાં પ્રસ્તુત કરે છે, તે ક્રમ સામાન્ય લોકો માટે અતાર્કિક હોય છે.

13) ઓટોઈમ્યુન પરિસ્થિતિ- ડિસ્લેક્સીયા ધરાવતાં બાળકોમાં જ્વર, અસ્થમા, ખંજવાળ અને અન્ય એલર્જી થવાની શક્યતા વધારે હોય છે.

### 13.1.3 કારણો- ડિસ્લેક્સીયા થવાના કારણો

નિષ્ણાત ડોક્ટરો અને સંશોધકોને ખાતરી નથી કે કોઈ પણ વ્યક્તિમાં ડિસ્લેક્સીયા થવાના કારણ શું છે. કેટલાંક પુરાવા આ શક્યતા ઉપર નિર્દેશ કરે છે કે ડિસ્લેક્સીયાની સ્થિતિ વારસાગત છે, કારણ કે ડિસ્લેક્સીયા પરિવારદર પરિવાર ચાલે છે.

**1) વંશાનુગત કારણો -**

આનુવાંશિક ખામી વાંચન સમસ્યાઓથી જોડાયેલી છે.- યેલ સ્કૂલ ઓફ મેડિસિનમાં મળી એક ટીમ મુજબ, DcDc2 જીનમાં થતી ખામી વાંચન સમસ્યાઓ સાથે સંકળાયેલ છે. આ ટીમ મુજબ DcDc2 જીન KIAA0319 જીન સાથે દેખાય છે. KIAA0319 જીન એક ડિસ્લેક્સીયાની જીન છે.

ડચ વૈજ્ઞાનિકોએ 'Dyslexia Journal' ના એક અહેવાલ મુજબ ડિસ્લેક્સીયા એક વ્યાપક અનુવાંશિક અધ્યયન વિશિષ્ટતા છે અને તે જટિલ અનુવાંશિક માળખું ધરાવે છે. તેઓ ઉમેરે છે છેલ્લા દસ વર્ષોમાં વૈજ્ઞાનિકોએ ઘણીબધી સહાયક/ઉમેદવાર જીનોની ખોજ કરી છે કે જેમની ડિસ્લેક્સીયામાં સહાયરૂપ થવાની શક્યતા છે.

**2) ઉપાર્જીત કારણો**

ડિસ્લેક્સીયા ધરાવતાં અનેક નાના વર્ગના લોકોમાં આ પરિસ્થિતિ જન્મ પછી હસ્તગત થઈ. ઉપાર્જીત ડિસ્લેક્સીયાના સૌથી સામાન્ય કારણોમાં-

- મગજ ઈજાઓ (Brain Injuries)

- સ્ટ્રોક (Stroke)

- ટ્રામા (Trama)

**3) ઉચ્ચારલક્ષી પ્રક્રિયામાં ખામી**

નેશનલ હેલ્થ સર્વિસ અનુસાર ડિસ્લેક્સીક બાળકો માટે વાંચન અને લેખન ઉચ્ચારલક્ષી પ્રક્રિયામાં ખામી અથવા ક્ષતિના કારણે હોય છે.

માનવ બોલી સમજવામાં સક્ષમ હોય છે અને તે બચપણથી મગજ સરળતાથી અને કુદરતી રીતે પ્રાપ્ત કરે છે. આજ કારણ સર પ્રારંભિક બાળપણ (3 વર્ષ) થી લોકો જટિલ વાક્યો સમજી અને બોલી શકે છે. ભાષા હસ્તગત કરવાની કુદરતી પ્રક્રિયાને ભાષાશાસ્ત્રીઓ ભાષા સંપાદન ઉપકરણ (LAD-Language Acquisitim Device) તરીકે ઓળખે છે. આપણે મૌખિક પ્રત્યાપન સાંભળતી વખતે સંપૂર્ણ શબ્દ પ્રતિ સભાન હોય છે અને આવાજના નાના એકમો Pheroness ઉપર ધ્યાન આપવામાં આપવામાં આવતો નથી. ડિસ્લેક્સીક બાળકોમાં આવી ઉચ્ચારલક્ષી પ્રક્રિયામાં ક્ષતિ જોવા મળે છે.

### 13.1.4 સમસ્યાઓ- ડિસ્લેક્સીક બાળકોની સમસ્યાઓ

બાળકની શાળા જવાની ઉંમરમાં ડિસ્લેક્સીયાના લક્ષણો તબુ સ્પષ્ટ બની જાય છે. ડિસ્લેક્સી બાળકની આ પ્રમાણેની સમસ્યાઓ છે- શાળા જાવતાં બાળકો

1) ડિસ્લેક્સીક બાળકનું ભાષા વિકાસ ઝડપી થતો નથી તે કારણસર એમને નાના શબ્દો શીખવામાં, કાવ્ય પઠન કરવામાં, રમકડાં રમવામાં મુશ્કેલી થાય છે.

2) સામાન્ય બાળકની અપેક્ષા તેમની વાંચન સ્તર ઓછી હોય છે. તેમને વાંચવાનુ શીખવામાં મુશ્કેલી થાય છે.

3) સાંભળેલી સૂચનાને ગ્રહણ કરવા અને સમજવામાં મુશ્કેલી.

4) ઝડપી સૂચનાઓ સમજવામાં મુશ્કેલી

5) વસ્તુઓના ક્રમ યાદ રાખવામાં મુશ્કેલી

6) સમાન જેવા અક્ષરો અને શબ્દો વચ્ચે તફાવત શોધવામાં મુશ્કેલી

7) અજાણ્યા શબ્દોના ઉચ્ચારણ કરવામાં મુશ્કેલી

8) સાચી જોડણી લખવામાં મુશ્કેલી

9) વિદેશીભાષા શીખવામાં મુશ્કેલી

10) તરુણાવસ્થા અને પુખ્તવયના લોકો

તરુણો અને પુખ્તવયના લોકોમાં બાળકો જેવા જ લક્ષણો જોવા મળે છે.

1) તરુણો અને પુખ્તવયના લોકોમાં બાળકો જેવા જ લક્ષણો જોવા મળે છે.

2) ટુચકાઓ, પદાવલિ, મુહાવરા વગેરે સમજવામાં મુશ્કેલી

3) સમય વ્યવસ્થાપનમાં મુશ્કેલી

4) વાર્તાના સારાંશ બોલવા અથવા લખવામાં મુશ્કેલી

5) વિદેશી ભાષા શીખવામાં મુશ્કેલી

6) આપેલી વસ્તુને સ્મરણ કરવામાં મુશ્કેલી

7) ગણિતના દાખલા ગણવામાં મુશ્કેલી

**13.1.5 શિક્ષણની જોગવાઈ - ડિસ્લેક્સીયાનું નિદાન**

ડિસ્લેક્સીયાનું સમય ઉપર નિદાન કરવો જરૂરી છે. જો વાલી અથવા શિક્ષકને બાળકના સામાન્ય વિકાસ ઉપર શંકા હોય તો એમનું એક સારું નિષ્ણાત અથવા ડૉક્ટર પાસેથી મૂલ્યાંકન અને નિદાન કરાવવું આવશ્યક છે. આથી બાળકને અસરકારક સારવારની શક્યતા વધી જાય છે.

પરીક્ષણના પરિણામો બાળકના વાલીને જાગરૂક બનાવી શકે છે અને બાળક માટે સહાય કાર્યક્રમો અને સેવાઓનો બારણું ખોલી શકે કે જેથી બાળક કોલેજો અને યુનિવર્સિટી માટે લાયક બની શકે.

યુવાન બાળકોના પરીક્ષણ કરતી વખતે સામાન્યઃ પરીક્ષક તેમનો ઉચ્ચારલક્ષી પ્રક્રિયા પર ધ્યાન કેન્દ્રિત કરે છે, બાળકની વાક્પટુતા, ભાષા ક્ષમતા, ગ્રહણ શીલતા, અને અશબ્દ અને ધ્વનિની સાંકળ બનાવવાની ક્ષમતા ઉપર ધ્યાન આપવામાં આવે છે.

બાળકના વિસ્તૃત નિદાન પછી જ એમના માટે સારવાર આપવામાં આવે છે. કુટુંબના સભ્યો અને ડિસ્લેક્સીક બાળકને સમજવું જરૂરી છે. ડિસ્લેક્સીયા એક રોગ નથી સારવાર અને ઉપાય બાળકને સમાજમાં સક્ષમ બનાવવા માટે છે. કે જેથી તે રોજિંદા જીવન માટે વાંચન અને લેખન શીખી શકે.

હાલના સમયમાં ડિસ્લેક્સીયા માટે ઈલાજ નથી, જો કે કેટલાંક નિષ્ણાતો દ્વારા વિકસિત કરેલ ઉપચાર અને સહાય કાર્યક્રમો બાળકોના લેખન અને વાંચન કૌશલ્ય સુધારવામાં મદદરૂપ થાય છે.

આ માટે કેટલીક શૈક્ષણિક જોગવાઈઓ આ મુજબ છે.

1) ડિસ્લેક્સીક બાળકોને દરેક અઠવાડિયે તેમનો નિયમિત શાળાના વર્ગોમાંથી થોડા કલાકો ચૂકી, નિષ્ણાત શૈક્ષણિક સહાય આપવી જોઈએ. આ સહાય વ્યક્તિગત અથવા નાના જૂથ વર્ગોમાં થઈ શકે છે.

2) કેટલાંક કિસ્સાઓમાં જો ડિસ્લેક્સીયા ગંભીર હોય તો તેમને વિશિષ્ટ શાળામાં મૂકવા.

3) બાળકમાં વહેલા નિદાન એમના માટે લાંબા ગાળાના સુધારાઓની શક્યતા વધારી દે છે.

4) મનોવૈજ્ઞાનિક પરીક્ષણ પછી જ બાળક માટે લાક્ષિત શૈક્ષણિક કાર્યક્રમ વિકસાવવું.

5) ડિસ્લેક્સીક બાળકો માટે પ્રશિક્ષિત શિક્ષક રાખવું કે જેથી તે બાળકના વાંચન કૌશલ્ય સુધારવા માટે તકનીકની મદદ લઈ શકે જેવા કે- સ્પર્શ, દ્રશ્ય

6) શીખવવા માટે બાળકોથી અક્ષરોના આકારની આસપાસ તેમની આંગળીથી ટ્રેસીંગ કરવાવી. ટ્રેસીંગ પ્રક્રિયા માહિતી ગ્રહણ કરવામાં વધારે અસરકારક છે.

7) શિક્ષકે બાળકને નીચેને કૌશલ્ય સુધારવામાં મદદ કરી શકે-

- ધ્વનિની ઓળખ
- સમજ કે ધ્વનિમાં અક્ષરો અથવા અક્ષરોના જૂથો સાથે રજૂ થાય છે.
- મોટેથી વાંચન
- શબ્દ ભંડોળનો વિકાસ
- અગઠિત ગદ્યાંશ

8) શિક્ષકે બાળકના સ્વાભિમાન અને મહત્ત્વાકાંક્ષાને સમજીને એમના વિકાસમાં સહાય બનવું.

9) ડિસ્લેક્સીક બાળકોના શિક્ષણ માટે 'E-Readers' જેવી તકનીકી સહાયનો ઉપયોગ કરવો. શિક્ષકો અને વાલીના સહયોગથી બાળક શિક્ષણમાં અને સમાજમાં પ્રગતિ કરી શકે છે.

**ડિસ્લેક્સીયા સામે પ્રખ્યાત લોકો**

1) એલેક્ઝાન્ડર ગ્રેહામબેલ- ટેલિફોનનાશોધક
2) લેવિસ કેરોલ- એલિસ ઈન વન્ટલેન્ડના લેખક
3) રિચાર્ડ બ્રેનસન - ઉદ્યોગપતિ, વર્જિન ગ્રુપના સ્થાપક
4) વસ્તુઓના ક્રમ યાદ રાખવામાં મુશ્કેલી
5) ટોમ ક્રૂઝ- અભિનેતા
6) સ્ટીવ જોબ્સ- એપલના સહસ્થાપક
7) સ્ટીવન સ્પીલબર્ગ - ફિલ્મ દિગ્દર્શક

શિક્ષકને જો એમના અવલોકનથી લાગે કે બાળકને ડિસ્લેક્સીયા હોઈ શકે છે તો શિક્ષકને બાળકના નિદાન કરવા માટે શાળા પાસે ઉપલબ્ધ નિષ્ણાતોની સહાય લેવી જોઈએ કે જેથી બાળકને સમયસર ઉચિત શૈક્ષણિક સહાય મળી રહે.

## 13.2 સારાંશ

ડિસલેક્સીયા એક પ્રકારનો વાંચન ડિસઓડર છે. જેમાં વિદ્યાર્થી શબ્દોની ઓળખ કરવામાં અને સમજવામાં અસફળ થઈ જાય છે. ડિસ્લેક્સીયામાં ઉચ્ચારલક્ષી સભાનતામાં મુશ્કેલી અનુભવે છે. પ્રસ્તુત એકમમાં ડિસ્લેક્સીયાની લાક્ષણિકતાઓ, પ્રકાર, ડિસલેક્સીયા થવાના કારણો તેમજ ડિસલેક્સીયા બાળકોની સમસ્યાઓ અને તે માટે શિક્ષણની વિવિધ જોગવાઈઓની ચર્ચા કરેલ છે.

## 13.3 તમારી પ્રગતિ ચકાસો

1. **ડિસ્લેક્સીક બાળકની એક વ્યાખ્યા લખો.**

..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................

2. **ડિસ્લેક્સીક બાળકની ત્રણ લાક્ષણિકતા લખો.**

..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................

3. **ડિસ્લેક્સીયા થવાનાં ત્રણ કારણો લખો.**

..................................................................
..................................................................
..................................................................
..................................................................

.....................................................................

.....................................................................

## 13.4 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

1. પાના નં. 14 જુઓ
2. પાના નં. 16 જુઓ
3. પાના નં. 17 જુઓ

એકમ 14

# ડાયસગ્રાફિયા બાળકો

## : રૂપરેખા :

**14.1 ડાયસગ્રાફિક બાળકો લેખન (ડાયસગ્રાફિયા-Dysgraphia)**

**14.1.1 ડાયસગ્રાફિક વ્યાખ્યા, સંકલ્પના**

**14.1.2 ડાયસગ્રાફિક બાળકોના લક્ષણો**

**14.1.3 ડાયસગ્રાફિક બાળકોના કારણો**

**14.1.4 ડાયસગ્રાફિક બાળકોની સમસ્યાઓ**

**14.1.5 ડાયસગ્રાફિક બાળકોનાં શિક્ષણની જોગવાઈ**

**14.2 સારાંશ**

**14.3 તમારી પ્રગતિ ચકાસો**

**14.4 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો**

**14.5 સંદર્ભો**

## 14.1 ડાયસગ્રાફિયા (લેખન)

**પ્રસ્તાવના**

કેટલાંક બાળકો સામાન્ય બુદ્ધિ અથવા સામાન્યથી તબુ બુદ્ધિ હોવા છતાં સામાન્ય બાળકોની જેમ શૈક્ષણિક કૌશલ્ય કેળવી શકતાં નથી. આ બાળકોને વાંચન, લેખન, સાંભળવું, બોલવું જેવી સામાન્ય બાબતો શીખવામાં મુશ્કેલીનું સામનો કરવો પડે છે. આવી મુશ્કેલીનું એક કારણ અધ્યયન વિશિષ્ટતા હોઈ શકે છે.

'Learning disability is a condition in which child's achivement is substantially below what one expect for that child.' (The Individuals with Disabilities Education Act-IDEA)

IDEA મુજબ અધ્યયન વિશિષ્ટતા એક પરિસ્થિતિ છે. જેમાં બાળકની શૈક્ષણિક સિદ્ધિ એ જ ઉંમરના સામાન્ય બાળકની તુલનામાં ઓછી હોય છે.- અધ્યયન વિશિષ્ટતામાં બૌદ્ધિક વિશિષ્ટતા, સાંવેગિક વિશિષ્ટતા સમસ્યા અથવા દૃશ્ય અને શ્રાવ્ય વિશિષ્ટતાઓનો સમાવેશ થતો નથી. અધ્યયન વિશિષ્ટતા સામાન્યતઃ ત્રણ પ્રકારોમાં વિભાજિત કરી શકાય-

- વાંચન વિશિષ્ટતા- ડિસલેક્સીયા
- લેખન વિશિષ્ટતા- ડાયસગ્રાફીયા
- ગણિત વિશિષ્ટતા- ડાયસકેલફુલીયા

પ્રસ્તુત એકમમાં ડાયસગ્રાફીયાની વ્યાખ્યા, સંકલ્પના, લક્ષણો, કારણો, સમસ્યાઓ અને શિક્ષણની જોગવાઈ વિશે ચર્ચા કરેલ છે.

### 14.1.1 ડાયસગ્રાફીયા- વ્યાખ્યા અને સંકલ્પના

લેખન કૌશલ્ય વિકસાવવા માટે કેટલાંક મગજના વિસ્તારો અને કાર્યોની જરૂર પડે છે. સામાન્ય વિકાસ માટે શબ્દ ભંડોળ, ભાષા, વ્યાકરણ, હલન-ચલન વગેરેના વિકાસ માટે ઉપયોગમાં લેવાતા મગજ તેમના બધાજ માળખાઓ વ્યવસ્થિત રૂપથી કાર્યશીલ હોવો જોઈએ. મગજના આ વિસ્તારોમાં કોઈપણ પ્રકારની અવ્યવસ્થા વિકાસાત્મક લેખન વિશિષ્ટતાનો કારણ બની શકે છે. દાખલા તરીકે

મૌખિક કૌશલ્ય અથવા બોલતું શીખવા માટે ભાષાની સમજ વિકસિત થવાની જરૂર છે. તેથી કોઈપણ ગરબડ કે જેથી ભાષાનો વિકાસ પ્રભાવિત થશે, મૌખિક કૌશલ્યનો વિકાસને પણ પ્રભાવિત કરશે. આ બધી જ બાબતો વાંચન અને લેખન કૌશલ્યના સામાન્ય વિકાસને પ્રભાવિત કરશે.

ડાયસગ્રાફીયા એક પરિસ્થિતિ છે જે લખવાની અભિવ્યક્તિને પ્રભાવિત કરે છે. ડાયસગ્રાફીયા શબ્દ ગ્રીક શબ્દ dys -ડિસ (અશક્તતા) અને ગ્રાફીયા- Graphia (હાથ દ્વારા અક્ષરો લખવા)પરથી આવેલ છે. ડાયસગ્રાફીયા મગજની અશકતતા છે અને તે બાળકના આળસુ હોવાના કારણસર નથી. ડાયસગ્રાફીયાથી પ્રભાવિત ઘણા બાળકો માટે પેન્સિલ પકડવી અને લીટી ઉપર અક્ષરોને આયોજિત સ્વરૂપમાં લખવું એક મુશ્કેલ કાર્ય છે. આવા બાળકોના હસ્તાક્ષર અવ્યવસ્થિત હોય છે. આ બાળકોને જોડણી અને કાગળ પર વિચારો મૂકવા સાથે ઘણો સંઘર્ષ કરવો પડે છે. આ અને અન્ય લેખન ક્રિયાઓ જેવી કે વિચારોને સંગઠિત ભાષાના સ્વરૂપમાં મૂકવા અને પછી આ વિચારોને મેમરીમાંથી પુનઃપ્રાપ્તિમાં મુશ્કેલી હોય છે. આવી બધી જ મુશ્કેલી બાળકના સંઘર્ષને વધારી દે છે.

વિવિધ નિષ્ણાતો લખવામાં અભિવ્યક્તિ સાથે બાળકના સંઘર્ષનો વર્ણન કરવા માટે જુદાં-જુદાં શબ્દોનો પ્રયોગ કરે છે. ડાયગનાસ્ટિક અને સ્ટેટિસ્ટક્લ મેન્યુઅલ ઓફ મેન્ટલ ડિસઓર્ડર-5 (DSM-5) ડાયસગ્રાફીયા શબ્દનો ઉપયોગ કરતોં નથી પરંતુ તે 'વિશિષ્ટ અધ્યયન વિશિષ્ટ' અંતર્ગત 'લખવાની અભિવ્યક્તિમાં ક્ષતિ' આ શબ્દ સમૂહનો ઉપયોગ કરે છે. મોટાભાગના ડૉક્ટરો અને મનોવૈજ્ઞાનિકો 'લખવાની અભિવ્યક્તિમાં ક્ષતિ શબ્દ સમૂહનો ઉપયોગ કરે છે.'

કેટલાંક શાળા મનોવૈજ્ઞાનિકો અને શિક્ષકો શબ્દ સમૂહની જગ્યાએ ડાયસગ્રાફિયા શબ્દનો ઉપયોગ કરે છે. વિશિષ્ટ શિક્ષણની સેવાઓ પ્રાપ્ત કરવા માટે બાળકની અશક્તતાનો વર્ણન અને નામ Individuals with Disabilities Education Act IDEA) માં હોવો જોઈએ.

ડાયસગ્રાફિયા શબ્દનો ઉપયોગ IDEA માં થતો નથી. જ્યારે લખવાની અશક્તતાઓ વર્ણન વિશિષ્ટ અધ્યયન અશક્તતા હેઠળ કરવામાં આવેલ છે. આની અંતર્ગત ભાષાની સમજ અથવા ઉપયોગ (બોલવું અથવા લખવું)માં પડતી એવી મુશ્કેલી કે જે સાંભળવું, વિચારવું, બોલવું, વાંચવુ, લખવું, જોડણી અને ગણિતના દાખલાઓ ગણવા જેવી ક્રિયાઓને મુશ્કેલ બનાવે છે નો સમાવેશ વિશિષ્ટ અધ્યયન અશક્તતાં અંતર્ગત થાય છે.

ગમે તે વ્યાખ્યા વપરાય તે સમજવા જરૂરી છે કે ધીમું અથવા ગંદુ લેખનનાં મતલબએ નથી કે બાળક પ્રયાસ પૂરતો પ્રયાસ કરતોં નથી. લખવા સૂક્ષ્મ મોટર અને ભાષા કૌશલ્યોના જટિલ સમૂહની જરૂર હોય છે. ડાયસગ્રાફીયાથી ગ્રસિત બાળકો માટે લખવાની પ્રક્રિયા વધારે મુશ્કેલ અને ધીમી હોય છે. સહાય વિના ડાયસગ્રાફિયા બાળક માટે શાળામાં શીખવા અને મુશ્કેલ પ્રક્રિયા હોઈ શકે.

### 14.1.2 ડાયસગ્રાફીયા-લક્ષણો

ડાયસગ્રાફીયા એક પરિચિત શબ્દ નથી પરંતુ ડાયસગ્રાફિયાના લક્ષણો અપરિચિત નથી. ખાસ કરીને એવાં બાળકોમાં કે જે લખવાનું શીખી રહા હો. જો બાળક સમુચિત અભ્યાસ અને સુધારાત્મક ફીડબેંક હોવા છતાં લેખન સાથે સંઘર્ષ ચાલુ હોય તો આવા બાળકોનું વિશિષ્ટ અશક્તાઓ માટે મૂલ્યાંકન જરૂરી બને છે.

ડાયસગ્રાફીયાના લક્ષણોને 6 ભાગોમાં વર્ગીકૃત કરી શકાય-

1) દ્રશ્ય-અવકાશીય

2) સૂક્ષ્મ મોટર

3) ભાષાની પ્રક્રિયા

4) જોડણી/હસ્તાક્ષર

5) વ્યાકરણ

6) ભાષાનું સંગઠન

એક બાળકને ડાયસગ્રાફીયા હોઈ શકે જો તેમના લેખન કૌશલ્યમાં એમના સાથીઓની તુલનામાં ઉણપ હોય.

- આકાર-આકાર વચ્ચે ભેદભાવ કરી શકતાં નથી.
- અક્ષરોમાં અંતર રાખી શકાતો નથી.
- 8 બેથી જમણી બાજુ પાનાં પર શબ્દોનું લખાણ લખી શકતોં નથી.
- લીટી ઉપર લખવામાં મુશ્કેલી
- ધીમું લખાણ
- વિચારોને પાનાં ઉપર સંગઠિત કરીને લખી શકતોં નથી.
- ખોટી જોડણી
- પોતાનું લખેલુ વાંચી શકતોં નથી.
- ઘણો ભૂંસે છે.
- ખોટી વ્યાકરણ અને વિરામચિહ્નોનો ખોટો અને વધુ ઉપયોગ.
- સંપૂર્ણ વાક્યો લખતો નથી.
- માહિતીમાંથી મહત્ત્વના તથ્યો અને વિગતો આપી શકતોં નથી.
- અસ્પષ્ટ વર્ણન
- મહત્ત્વની વાત અને વિચારો લખવાની જગ્યા બોલીને સારી રીતે કહી શકે છે.
- પૂર્વ શાળા જવાની ઉંમરના બાળકો લખવામાં ડગુમગુ હોઈ શકે છે અને રંગો ભરવાનું કાર્યને નાપસંદ કરે છે.
- શાળા જવાની ઉંમરના બાળકોનું હસ્તલખાણ અવાચ્ય હોઈ શકે અને તે વળાંકવાળુ અને પ્રિન્ટ લખાણનું મિશ્રણ હોઈ શકે છે. બાળકો લીટી ઉપર લખવામાં મુશ્કેલી અનુભવ કરી શકે છે, તેમના લખાણમાં અક્ષરોનું કદ અસમાન હોઈ શકે.
- તરૂણો સરળ વાક્યો લખી શકે છે. તેમના લખાણમાં તેમની ઉંમરના અન્ય બાળકો કરતાં વધુ વ્યાકરણીય ભૂલો હોઈ શકે છે.

### 14.1.3 ડાયસગ્રાફીયાના કારણો

નિષ્ણાતોને ડાયસગ્રાફીયા અને લેખિત અભિવ્યક્તિ સાથે સલંગ્ન અન્ય મુશ્કેલીના કારણો વિષય ખાતરી નથી. સામાન્યતઃ મગજ ઈન્દ્રિયો પાસેથી માહિતી એકત્રિત કરે છે અને આ માહિતીનું ભંડારણ બાદમાં ઉપયોગ કરવા માટે કરે છે. લખતા પહલા, બાળક પોતાની ટૂંકા અથવા લાંબા ગાળાની સ્મૃતિમાંથી માહિતી ફરી મેળવીને તેને સંગઠિત કરીને પછી લખવાનું શરૂ કરે છે.

1) નિષ્ણાતોના મતાનુસાર ડાયસગ્રાફીક બાળકમાં સ્મૃતિનું પુનઃ સ્મરણ કરવું અને તેને સંગઠિત કરવું આ બંને પ્રક્રિયા પ્રભાવિત થાય છે-

1) સ્મૃતિમાં સંગ્રહિત માહિતીનું સંગઠન

2) પુનઃ સ્મરણ કરીને હસ્તાક્ષર સ્વરૂપે શબ્દો લખવા.

   આ બંને કારણસર લખેલું માહિતી અસ્પષ્ટ, અવાચ્ય અને ક્ષતિપૂર્ણ બને છે. અને સૌથી મહત્ત્વપૂર્ણ તે બાળક શું જાણે છે અને શું લખવાનું ઈરાદો રાખતો હતો, આ વાતની અભિવ્યક્તિ કરતોં નથી.

2) વર્કિંગ મેમરી પણ ડાયસગ્રાફીયામાં ભૂમિકા ભજવી શકે છે.

   બાળકમાં 'શુદ્ધ જોડણી કોડિંગ' મેમરી સાથે મુશ્કેલી થઈ શકે છે. 'શુદ્ધ જોડણી કોડિંગ અજાણ્યા

લખેલા શબ્દોને વર્કિંગ મેમરીમાં સંસદિત કરવાની ક્ષમતા સાથે જોડાયેલ છે. પરિણામે તેમણે 'કેવી રીતે લખવું' આ બાબતનું સ્મરણ કરવામાં ઘણી મુશ્કેલીનું સામનો કરવું પડી શકે છે.'

3) ડાયસગ્રાફીયાનું એક કારણ અનુવાંશિક પણ હોઈ શકે છે.

**14.14 ડાયસગ્રાફિયાના સમસ્યાઓ**

ડાયસગ્રાફીયાથી ગ્રસ્ત બાળકને ઘણી બધી મુશ્કેલીનું સામનો કરવો પડે છે જે આ મુજબ છે.

**1) દ્રશ્ય અવકાશી સમસ્યાઓ**

- જુદાં-જુદાં આકારો વચ્ચે તફાવત કરવામાં મુશ્કેલી
- અક્ષરો વચ્ચે અંતર રાખવામાં મુશ્કેલી
- પાનાં ઉપર એક લીટીમાં શબ્દો સંગ્રહિત કરવામાં મુશ્કેલી
- લીટી ઉપર સીધુ લખાણ લખવામાં મુશ્કેલી.
- નકશાવાંચન અને ચિત્રો દોરવામાં મુશ્કેલી.

**2) સૂક્ષ્મ મોટર કૌશલ્યની સમસ્યાઓ**

- યોગ્ય રીતે પેન્સિલ પકડવામાં, ફૂ ફલોં/સબ્જી કાપવામાં કોયડાઓ ઉકેલવામાં મુશ્કેલી.
- રંગો ભરવામાં મુશ્કેલી
- લખતા સમય હાથ, શરીર અને કાગળ વચ્ચે સમન્વય બેસાડવામાં મુશ્કેલી.

**3) ભાષાની પ્રક્રિયા સાથેની સમસ્યાઓ**

- જોડણીના નિયમો સમજવામાં મુશ્કેલી
- ખોટી જોડણી શોધવામાં મુશ્કેલી
- જોડણી સાચી બોલી શકે છે પણ એજ શબ્દની જોડણી સાચી લખવામાં મુશ્કેલી.
- પોતાના લેખન વાંચવામાં મુશ્કેલી

**4) વ્યાકરણનો ઉપયોગ સાથેની સમસ્યાઓ**

- વિરામચિહ્નોનો ઉપયોગ કરવામાં મુશ્કેલી
- અલ્પવિરામનો વધારે પડતો ઉપયોગ
- ક્રિયાપદ અને કાળમાં તફાવત કરવામાં મુશ્કેલી
- સંપૂર્ણ વાક્યનો બંધારણ કરવામાં અને લખવામાં મુશ્કેલી

**5) લખાયેલી ભાષાના સંગઠનની સમસ્યાઓ**

- વાર્તા કહેવામાં મુશ્કેલી અને વાર્તા વચ્ચેથી શરૂ કરી શકે છે.
- મહત્ત્વપૂર્ણ હકીકતો અન્ય તથ્યોને સંગઠિત કરીને લખવામાં મુશ્કેલી
- સ્પષ્ટ વર્ણન કરવામાં મુશ્કેલી
- ક્યારેય મુખ્ય વાત ઉપર આવતો નથી અથવા એક જ મુદ્દો વારંવાર બોલે છે.

**ડાયસગ્રાફીયાના કારણે પ્રભાવિત થતા કૌશલ્યો**

ડાયસગ્રાફીયાના કારણે બાળકના સામાન્ય વિકાસ પ્રભાવિત થાય છે અને તેમને ઘણા વિસ્તારોમાં સંઘર્ષ કરવો પડે છે.

1) શૈક્ષણિક-
- બાળક શાળાકીય કાર્યોમાં પાછળ પડી શકે છે.
- નોંધ લેવા એક પડકાર છે.
- તેઓ નાઉમ્મીદ થઈને લખવાનું ટાળી શકે છે.

2) મૂળભૂત જીવન કૌશલ્યો - કેટલાંક બાળકોનો સૂક્ષ્મ મોટર કૌશલ્યો નબળા હોય છે.

- તેઓ રોજિંદા કાર્યો જેવા કે શર્ટના બટન બંધ કરવા, સરળ યાદી બનાવવી જેવા કાર્યોને મુશ્કેલ માને છે.

5) સામાજિક-ભાવનાત્મક કૌશલ્યો -

- કેટલાંક બાળકો શૈક્ષણિક અને જીવનના પડકારોના કારણે હતાશ અથવા બેચૈન થઈ શકે છે.
- જો તેમની ઓળખ ન કરવામાં આવી હોય તો શિક્ષક તેમના ઉપર ટીકા કરી શકે છે. આ તેમના તણાવ વધારી શકે છે.
- તેમના ઓછો આત્મસમ્માન અને સ્વસંકલ્પના, હતાશા અને પ્રત્યાપનથી લગતી સમસ્યાઓ તેમના સામાજિક વિકાસ મુશ્કેલ બનાવી શકે છે.

**ડાયસગ્રાફીયાનું નિદાન**

ડાયસગ્રાફીયાના ચિન્હો ઘણીવાર પ્રારંભિક શાળા દેખાય છે. પણ આ ચિન્હો મિડલ સ્કૂલ સુધી સ્પષ્ટ થતા નથી. કેટલીકવાર આ ચિન્હો સંપૂર્ણપણે અસ્પષ્ટ રહી જાય છે. ડાયગ્રાફીયાના ચિન્હો જેટલો વહેલું ઓળખાય તે સારું કારણ કે બાળકને સમયસર સારવાર મળી શકે.

- ડાયસગ્રાફીયાની ઓળક સામાન્ય રીતે લાઈસન્સબારી નિષ્ણાત મનોવૈજ્ઞાનિકો કે જે અધ્યયન વિશિષ્ટતાના નિષ્ણાત હોય કરે છે. તેઓ શૈક્ષણિક મૂલ્યાંકન અને લિખિત પરીક્ષણથી સૂક્ષ્મ મોટર કૌશલ્યો અને લેખન અભિવ્યક્તિનું માપન કરે છે.
- વિશિષ્ટ શિક્ષકો અને શાળા મનોવૈજ્ઞાનિકો બાળકના ભાવનાત્મક અથવા શૈક્ષણિક વિકાસ પર જાતી અસરનો પણ મૂલ્યાંકન કરી શકે છે.

**14.1.5 ડાયસગ્રાફીક બાળક- શિક્ષણની જોગવાઈ**

બાળકમાં ડાયસગ્રાફીયાની ઓળખ થયા પછી તેમના માટે વિવિધ શૈક્ષણિક સેવાઓની- આયોજન કરી શકાય.

1) વ્યક્તિગત શિક્ષમ કાર્યક્રમ-શાળાના શિક્ષકો અને નિષ્ણાતોની એક ટીમ ડાયસગ્રાફીક બાળક માટે વ્યક્તિગત શિક્ષણ કાર્યક્રમનું આયોજન કરી શકે છે. આ કાર્યક્રમમાં હસ્તાક્ષર સુવ્યવસ્થા માટે વ્યક્તિગત સહાય અને સૂચનોને સામેલ કરી શકાય છે. વિશિષ્ટ શિક્ષણ પછી બાળક માટે શાળા સંકલિત કાર્યક્રમ પણ આપી શકાય.
2) હસ્તક્ષેપ પ્રતિચાર અભિગમ કેટલીક શાળાઓમાં વિદ્યાર્થીઓની ઓળખ કરવા માટે થાય છે. આ અભિગમમાં સમૂહમાં શિક્ષણ પ્રાપ્ત કરતાં વિદ્યાર્થીઓ કે જે પાછળ હોય તો પ્રગતિ માટે નાના સમૂહમાં અથવા વ્યક્તિગત સ્વરૂપમાં સઘન શિક્ષણ આપવામાં આવે છે.
3) અનૌપચારિક સહાય- શિક્ષક બાળકને વર્ગ નોંધોની નકલો આપી શકે અથવા સહાયક ટેકનોલોજી જેવી કે વોઈસ થોટેક્સ્ટ (શ્રુતલેખન) જેવા સોફ્ટવેરની મદદ લઈ શકે છે.
4) સમાયોજન-આ પ્રયુક્તિમાં બાળક કેવી રીતે શીખે છે. આ ફેરફારો કરવામાં આવે છે. સમાયોજનમાં કી બોર્ડ અથવા બીજા ઈલેક્ટ્રોનિક ઉપકરણના લેખન માટે ઉપયોગ જેવી પ્રયુક્તિની મદદ લેવામાં આવે છે. કેટલાંક Apps રેકોર્ડેડ અવાજ નોંધોથી બાળકોની મદદ કરી શકે છે.
5) ફેરફારો/સુધારા-વધારા- આ પ્રયુક્તિમાં બાળક શું શીખે છે માં ફેરફારો કરવામાં આવે છે. દાખલા તરીકે બાળકને ટૂંકા ઉત્તર લખવાની અથવા પરીક્ષામાં ઓછા પ્રશ્નો લખવાની છૂટ આપવી.

6) ઉપચારાત્મક અભિગમ- આ અભિગમ બાળકના પાયાના કૌશલ્યોના વિકાસનો લક્ષ્ય રાખે છે. કેટલાંક બાળકો ઊભી રેખાઓની કોપીમાં અક્ષરો લખવાનું અભ્યાસ કરી શકે છે. ઓક્યુપેશનલ થેરાપિસ્ટ સ્નાયુ મજબુતાઈ અને હસ્ત-આંખ સંકલનમાં દક્ષતા વિકસાવવા માટેની કસરતો આપી શકે છે.

7) શબ્દ પ્રોસેસરનો ઉપયોગ

8) મૌખિક પરીક્ષા

9) વ્યાખ્યાન માટે ટેપરેકોર્ડરનો ઉપયોગ

10) નોંધલેખકનો ઉપયોગ માટે પરવાનગી

11) લેખન કામ ઓછો આપવું- લિખિત નોંધ, વર્કશીટ વગેરે આપવી.

ડાયસરગ્રાફીયા માટે કોઈ પણ પ્રકારની દવા ઉપલબ્ધ નથી

ઘરે શું કરી શકાય -

ડાયસગ્રાફીયા બાળકની સારવાર માટે અને બાળકની મદદ કરવા માટે કેટલીક બાબતો ધ્યાનમાં રાખી શકાય.

1) બાળકનું અવલોકન કરી અને નોંધ લેવા- બાળકની લખન મુશ્કેલી વિશે સતત નોંધપોથીમાં નોંધ લખવા. આથી બાળકની મુશ્કેલીમાં પેટર્ન જોઈ શકાય. આ પૈટર્નનો ઉપયોગ બાળક માટે વ્યૂહરચના વિકસાવવામાં થઈ શકે છે. આ નોંધપોથીનો ઉપયોગ બાળકના ડૉક્ટર, શિક્ષક વગેરેથી મદદ વખતે પણ કરી શકાય.

2) બાળકને લખતા વહેલા અને લખ્યા પછી માટેની કસરતો શીખવવી- લખતા પહેલાં અને લેખનની વચ્ચેના વિરામકાળમાં બાળકના તણાવ રાહત માટે તેમને કસરતો શીખવવી જેવી કે હાથ ઝડપથી થરથરાવવું અથવા ઘસવું.

3) રમતો રમવી- આવી રમતો રમવી કે જેથી બાળકના સૂક્ષ્મ મોટર કૌશલ્યનું વિકાસ થાય. માટી સાથે રમવાથી હાથના સ્નાયુઓ મજબૂત કરી શકાય, સ્કિવમ બોલ હાથ અને કાંડા સ્નાયુઓનું સંકલન સુધારી શકે છે.

આ વ્યૂહરચનાઓનો ઉપયોગ એક પછી એક કરતું અને બાળકને સતત પ્રોત્સાહન આપવાથી બાળક કેટલીક મુશ્કેલીને દૂર કરી શકે છે.

આ સાથે

1) બાળકની સમસ્યા સમજીને સાચું નિદાન કરાવવું.

2) બાળકનું મૂલ્યાંકન કરાવીને સાથી સ્થિતિ સમજી, ઉચિત મદદ મેળવવા માટે પ્રયાસો કરવા.

3) બાળકને એમની દૃષ્ટિથી જોઈને સૂઝ સાથેના પગલાં લેવાં.

4) બીજાવાલી સાથે મણીકને એમના પ્રયાસો જાળવા

5) નિષ્ણાતો પાસેથી સલાહ મેળવવી.

6) બાળક સાથેના વર્તન માટે વેરેટિંગ કોચ પાસેથી સલાહ લેતી.

7) બાળક માટે સામાજિક સહાય મેળવવી.

8) સ્થાનિક અને સરકારી પ્રયાસો જાળીને સહાય અને માહિતી પ્રાપ્ત કરવી.

**ડિસ્લેક્સીયા અને ડાયસગ્રાસીયા વચ્ચેની તફાવત**

| ડિસલેક્સીયા | ડાયસગ્રાફીયા |
|---|---|
| 1. એક સમસ્યા કે જે વાંચન મુશ્કેલી સાથે સંલગ્ન છે. | એક સમસ્યા જે લખવાની મુશ્કેલી સાથે સંલગ્ન છે. |
| 2. બાળક અક્ષરોની વર્તનને મેય અથવા તફાવત કરી શકતોં નથી. | બાળક લિખિત સ્વરૂપમાં તેમના વિચારો અભિવ્યક્ત કરી શકતોં નથી. |
| 3. લક્ષણો | લક્ષણો |
| - વાંચન સાથે સંઘર્ષ | - અવાચ્ય હસ્તાક્ષર |
| - મોટેથી વાંચવામાં મુશ્કેલી | - પ્રિન્ટ અને વળાંકવાળું અક્ષરનું મિશ્રણ |
| - ખરાબ જોડણી અને વ્યાકરણ | - ખરાબ જોડણી અને વ્યાકરણ |
| - વાંચેલું સમજી શકતોં નથી. | - પેન્સિલ પકડવામાં મુશ્કેલી |
| - અક્ષરોના ક્રમમાં મૂંઝવણ | - ખોટો વિરામચિન્હો |
| - દિશાઓના ક્રમ સમજવામાં મુશ્કેલી | - માહિતીના આયોજન કરવામાં મુશ્કેલી |
| - બોલતી વખતે વિચારોના સંગઠનમાં મુશ્કેલી | |
| 4) ભાવનાત્મક અને સામાજિક અસરો | ભાવનાત્મક અને સામાજિક અસરો |
| અપેક્ષાઓ ઉપર ખરાના ઉત્તરવાના કારણે કટાક્ષ, બેકાર અને આળસું શબ્દોના ઉપયોગના કારણે હતાશાનાં અનુભવ | અવ્યવસ્થિત હોવાના કારણે મૂંઝવણ અને હતાશાના અનુભવ અને ઓછી સ્વસંકલ્પના |
| 5) જોગવાઈ | જોગવાઈ |
| - ધ્વનિની ઓળખ માટે વિશિષ્ટ સૂચન | - સૂક્ષ્મ માટેર કૌશલ્યની વિકાસ માટે વ્યાવસાયિક મદદ |
| નાના સમૂહ અથવા વ્યક્તિગત શિક્ષણ | - બાળકોને લખતી વખતે વિરામ આપવું. |
| - એક વાંચન કાર્યક્રમ જે શીખવા માટે બધી જ ઈન્દ્રિયોનો ઉપયોગ કરે. | - તેમની જોડણી, સુઘડતા, વ્યાકરણ, વાક્ય રચના, વિચારોની પ્રગતિ માટે એક ચેકલિસ્ટ રાખવો. |
| | - ગ્રાફિક ઓર્ગેનાઈઝરની મદદ લેવી |
| 6) સમાયોજન | સમાયોજન |
| - વાંચન અને લેખન માટે વધારાનો સમય | - લિખિત પરીક્ષા માટે બીજા વિદ્યાર્થીઓ કરતાં વધારાનું સમય |
| - સરલ સૂચનો | - લિખિત ઉત્તર માટે સંકેતો આપવા. |
| - રેકોર્ડેડ પુસ્તકો | - લેખન ઉપરાંત અન્ય રીતે જવાબ આપવા. |
| - ટૂંકું ગૃહકાર્ય | - લિખિત કાર્યને નાના ભાગમાં વહેંચણી |
| | - શાળામાં વર્ડ પ્રોફેસર અને કી બોર્ડનો ઉપયોગ |

## 14.2 સારાંશ

કેટલાક બાળકો સામાન્ય બુદ્ધિ અથવા સામાન્ય બુદ્ધિ હોવા છતાં સામાન્ય બાળકોની જેમ શૈક્ષણિક કૌશલ્ય કેળવી શકતા નથી. આવા બાળકોને વાંચન, લેખન, સાંભળવું, બોલવામાં તકલીફ પડે છે. આવા બાળકની શૈક્ષણિક સિદ્ધિ તે જ ઉંમરના અન્ય બાળકની તુલનામાં

ઓછી હોય છે. ડાયસગ્રાફિયા ધરાવતા બાળકો લેખન મુશ્કેલી અનુભવે છે. ડાયસગ્રાફીયા એ મગજની અશક્તતા છે. ડાયસગ્રાફીયા પ્રભાવિત બાળકો પેન્સિલ પકડવી અને લીટી ઉપર અક્ષરો લખવા મુશ્કેલી અનુભવે છે. તેમના હસ્તાક્ષર અવ્યવસ્થિત હોય છે. આવા બાળકો સંઘર્ષ અનુભવે છે. પ્રસ્તુત એકમમાં ડાયસગ્રાફીયાની સંકલ્પના, તેના લક્ષણો, થવાના કારણો, આવા બાળકોની સમસ્યાઓ અને શૈક્ષણિક જોગવાઈઓની ચર્ચા કરેલ છે.

## 14.3 તમારી પ્રગતિ ચકાસો

**1. ડાયસગ્રાફીયા બાળકોની ત્રણ લાક્ષણિકતા જણાવો.**

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

**2.ડાયસગ્રાફીયાના ત્રણ કારણો જણાવો.**

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

**3. ડાયસગ્રાફીક બાળકોની શિક્ષણની ત્રણ જોગવાઈ લખો.**

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

## 14.4 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

1. પાના નં. 23 જુઓ
2. પાના નં. 24 જુઓ
3. પાના નં. 26 જુઓ

## 14.5 સંદર્ભો


1. Fisher, Jeni and Michel Retting, "Dys graphia When Writing Hunts" NAESP.org. National Association of Elementry School Principals.
2. International Dyslexia Association, 'understanding Dysgraphia', Wrightslaw.com
3. Specific Language Impairment "NI D DED.nih.gov.National Inshitate Deafness and other communication Disorder"

એકમ 15

# પ્રતિભાશાળી બાળકો

## : રૂપરેખા :

15.1 પ્રસ્તાવના

15.2 ઉદ્દેશો

15.3 પ્રતિભાશાળી બાળકો

15.3.1 પ્રતિભાશાળી બાળકોની વ્યાખ્યા, સંકલ્પના, સ્વરૂપ

15.3.2 પ્રતિભાશાળી બાળકોના પ્રકારો

15.3.3 પ્રતિભાશાળી બાળકોના લક્ષણો

15.3.4 પ્રતિભાશાળી બાળકોની સમસ્યાઓ

15.3.5 પ્રતિભાશાળી બાળકોની શૈક્ષણિક જોગવાઈઓ

15.3.5.1 પ્રતિભાશાળી બાળકોને શિક્ષણ અને માર્ગદર્શન

15.4 સારાંશ

15.5 તમારી પ્રગતિ ચકાસો

15.6 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

## 15.1 પ્રસ્તાવના

વિશિષ્ટ બાળકો એ જે પોચાની યોગ્યતાઓ, ક્ષમતાઓ, વ્યવહાર તથા વ્યક્તિત્વ સંબંધી વિશેષતાઓની દૃષ્ટિથી પોતાની ઉંમરના અન્ય બાળકોની તુલનામાં પોતાની ખાસ વિશેષતા અથવા વિશિષ્ટતા રાખે છે. જેથી સમૂહમાં તે ઉચ્ચકોટિ કે નિમ્નકોટિના બાળકોમાં તેની ગણના થાય છે. આ બાળકો પોતાની ઉંમરના તથા સમૂહના અન્ય સામાન્ય બાળકોથી શારીરિક, માનસિક, સામાજિક અને સંવેગાત્મક વિકાસની દૃષ્ટિથી એકલા પાછળ કે આગળ નીકળતા હોય છે. જીવનમાં ડગને પગલે મુશ્કેલીઓ કે સામાજીક સમસ્યાઓનો સામનો કરવો પડે છે. સામાન્ય માનસિક કક્ષા કરતા ચઢિયાતાં કે ઊતરતી કક્ષાના બાળકો જેમ કે અતિ તેજસ્વી અને મેધાવી બાળકો કે માનસિક કે બૌદ્ધિક રીતે પછાત બાળકો. આવા બાળકો સામાન્ય બાળકો કરતાં જુદાં પડે છે. આવા બાળકો સામાજિક, શારીરિક અને માનસિક લક્ષણોમાં જુદાં પડે છે. જે બાળકો શારીરિક ક્ષતિ ધરાતવતાં હોય તે શારીરિક વિકલાંગતા ધરાવતાં બાળકો છે. કેટલીકવાર તે જન્મજાત હોય છે તો કેટલીકવાર અકસ્માત કે રોગને લીધે ભોગ બનેલ હોય છે. આવા બાળકો લકવાગ્રસ્ત, તોતડાપણું, પંગુતા, અપોષણને લીધે વિકલાંગતા ધરાવે છે. માનસિક વિકલાંગતા ધરાવતા બાળકો તેના લક્ષણો પરથી જુદાં તરી આવે છે. તેમાં મંદબુદ્ધિ, જડ-મૂર્ખની કક્ષામાં આવે છે. અતિ મેધાવી બાળકો ખૂબ ઓછા હોય છે. વિશિષ્ટ બાળકોના વર્ગમાં પ્રતિભાશાળી કે મેધાવી બાળકોનો સમાવેશ થાય છે. સામાન્ય રીતે અતિ તેજસ્વી, પ્રતિભાશાળી કે મેધાવી બાળકોનો બુદ્ધિઆંક 180 કે તેથી ઉપરનો હોય છે.

## 15.2 ઉદ્દેશો

1. માનસિક વિશિષ્ટ બાળકોની વ્યાખ્યા, સંકલ્પના અને સ્વરૂપ જાણી શકાશે.
2. માનસિક વિશિષ્ટ બાળકોના લક્ષણો અને જરૂરિયાતો જાણી શકાશે.
3. માનસિક વિશિષ્ટ બાળકોની સમસ્યાઓ અને ઉપાયો જાણી શકાશે.
4. પ્રતિભાશાળી બાળકોના લક્ષણો અને સમસ્યાઓ જાણી શકાશે.

5. પ્રતિભાશાળી બાળકોના પ્રકાર તેમજ શૈક્ષણિક જોગવાઈ જાણી શકાશે.

6. મંદબુદ્ધિના બાળકોના પ્રકારો લક્ષણો અને જરૂરિયાતો જાણી શકાશે.

7. મંદબુદ્ધિના બાળકો માટે શૈક્ષણિક જોગવાઈ જાણી શકાશે.

8. અંધ બાળકોની ઓળખ, લક્ષણો અને જરૂરિયાતો જાણી શકાશે.

9. અંધ બાળકોની સમસ્યાઓ અને તેના ઉપાયો જાણી શકાશે.

10. અંધ બાળકોની શૈક્ષણિક જોગવાઈ જાણી શકાશે.

## 15.3 પ્રતિભાશાળી બાળકો

### 15.3.1 પ્રતિભાશાળી બાળકોની વ્યાખ્યા, સ્વરૂપ, સંકલ્પના

શાળામાં વિવિધ જાતિના વિવિધ ધર્મના, વિવિધ કોમના, વિવિધ સમાજમાંથી બાળકો આવે છે તેમાં એવાં બાળકો હોય છે કે જે સામાન્ય બાળકો કરતાં ભિન્ન હોય છે. પ્રત્યેક વિદ્યાર્થી શારીરિક, માનસિક અને સામાજિક ભિન્નતા ધરાવે છે. તેથી તેના વર્તનોમાં પણ તફાવત જોવા મળે છે. કેટલાંક વર્તનો સામાન્ય જણાય છે. જ્યારે કેટલાંક વર્તનો અસામાન્ય જણાય છે. આવા અસામાન્ય વર્તનો વ્યક્તિની તરેહ કે માનસિક શક્તિ સાથે સંબંધિત હોય છે. એક જ વર્ગના વિદ્યાર્થીઓ રસ, રુચિ અને વલણની બાબતમાં વિવિધતા ધરાવે છે. કેટલાંક વિદ્યાર્થીની યાદશક્તિ તેજ હોય છે તો કેટલાંક ઝડપથી ભૂલી જાય છે તો કેટલાંકને શીખવામાં વાર લાગે છે. અપવાદરૂપ બાળકોને મનોવૈજ્ઞાનિક કસોટીઓ દ્વારા શોધી કાઢવા જોઈએ. વિવિધ તાલીમ કાર્યક્રમનું આયોજન કરવું જોઇએ. બુદ્ધિ કસોટીમાં આવૃત્તિ વિતરણમાં ઉપલા છેડે રહેલાં બાળકો માટે પ્રચલિત શબ્દ છે. પ્રતિભાશાળી બાળકો અંગ્રેજીમાં 'Gifted Child' તરીકે ઓળખાય છે. પ્રતિભાશાળી બાળકમાં કોઈ કાર્યને વિશિષ્ટ રીતે કરવાની શક્તિ કે કૌશલ્ય હોય છે.

- જે બાળક યોગ્ય રીતે કરવામાં આવતાં પ્રયત્નોમાં નોંધપાત્ર સિદ્ધિ મેળવે તે પ્રતિભાશાળી બાળકનું લક્ષણ છે.
- પ્રતિભાશાળી બાળક સંગીત, કલા, સર્જનાત્મક વલણ, નાટ્યપ્રવૃત્તિ, યાંત્રિક કૌશલ્યો, નેતાગીરી વગેરેમાં સારો દેખાવ કરે છે.
- પ્રતિભાશાળી બાળકોમાં બુદ્ધિ, સર્જનાત્મક વિચારશક્તિ, મૂલ્યાંકન વિચારશક્તિ તથા સમસ્યા ઉકેલ શક્તિ પુષ્કળ હોય છે.
- પ્રતિભાશાળી બાળકનો બુદ્ધિઆંક 170 થી 190 સુધીનો હોય છે.

Gifted child is an individual with social abilities, talents and traits.

***- Terman***

જેનામાં વિશિષ્ટ શક્તિઓ, વિશિષ્ટ બુદ્ધિ પ્રતિભા અને વિશિષ્ટ ગુણોનો સમુચ્ચ હોય તેને તેજસ્વી બાળક કહી શકાય.

### 15.3.2 પ્રતિભાશાળી બાળકોના પ્રકારો

પ્રતિભાશાળી બાળકોના મુખ્ય બે પ્રકારો

(1) કેન્દ્રગામી પ્રતિભાશાળી બાળકો

(2) કેન્દ્રોત્સાહી પ્રતિભાશાળી બાળકો

**કેન્દ્રોગામી પ્રતિભાશાળી બાળકો :**

આવાં પ્રકારના બાળકો નવું નવું શીખવાની તીવ્ર જિજ્ઞાસા ધરાવતા હોય છે. તેમનો સામાન્ય બુદ્ધિઆંક 140 જેટલો હોય છે. ભરપૂર આત્મવિશ્વાસ ધરાવતાં હોય છે તેમજ અતિ ઝડપે શીખે છે.

**કેન્દ્રગામી બાળકોના લક્ષણો :**

- તેઓ શીખવામાં અતિ ઝડપી હોય છે.
- તે ઉંમરમાં અન્ય કરતાં મોટા લાગે છે.
- તે સ્ફૂર્તિશાળી, ભરપૂર આત્મવિશ્વાસ ધરાવનાર હોય છે.
- પોતાનામાં રહેલી શક્તિનો યોગ્ય રીતે તર્કબદ્ધ ઉપયોગ કરે છે.
- તે નવું નવું શીખવાની જિજ્ઞાસા ધરાવે છે.
- શાળા પ્રવેશ વખતે વાંચન ઉંમર 9 થી 10 વર્ષ હોય છે.
- વસ્તીના અડધા ટકા બાળકો આવાં હોય છે.
- તેઓ અભિવ્યક્તિમાં નવા નવા શબ્દોનો ઉપયોગ કરે છે.
- તેઓ ઉત્તર આપતાં સામેની વ્યક્તિ પર છાપ ઊભી કરે છે.

**કેન્દ્રોત્સાહી પ્રતિભાશાળી બાળકો :**

આવા બાળકોમાં સર્જનશક્તિ, મૌલિકતા, શોધવૃત્તિ જેવાં ખાસ લક્ષણો જોવા મળે છે. આવા બાળકો મિત્રો બનાવવામાં ઓછા સફળ હોય છે.

**કેન્દ્રોત્સાહી બાળકોના લક્ષણો :**

- આવા બાળકો તેમની સામે આવી પડેલી પરિસ્થિતિને પડકારે છે.
- તેમને ઈત્તર પ્રવૃત્તિમાં વધુ પડતો રસ ધરાવતાં હોય છે.
- તેમનામાં વિપુલ સર્જનશક્તિ જોવા મળે છે.
- આવા બાળકો મૌલિક અભિવ્યક્તિ અને શોધવૃત્તિ વધુ જોવા મળે છે.
- તેઓ બુદ્ધિ કસોટીમાં હંમેશા સારો દેખાવ કરે જ એવું નથી.
- તેઓ કામ પર લાગણીઓની અસર વર્તાય છે.
- ક્યારેક વ્યગ્રતા અનુભવે છે.
- એક વખત શીખવેલી વસ્તુ ભાગ્યેજ ભૂલી જાય છે.
- આવા બાળકો કલાકાર અને મૌલિક ચિંતક હોય છે.
- તેઓ બહુમતિના દૃષ્ટિકોણ કે વિચારની પરવા કરતાં નથી.
- જે ઘરમાં શિસ્તના ખ્યાલો વધુ કડક ન હોય, મા-બાપ પોતે વિદ્વાન, પડોશીઓના ખ્યાલો પ્રત્યે શંકા કરતાં હોય ત્યાં કેન્દ્રોત્સાહી બાળકોનું સર્જન થાય છે.
- આવા બાળકો વધુ ઉદાર પરંતુ સ્વની ઈચ્છાઓ સંઘર્ષમાં મૂકાય ત્યારે નહીં.
- આવા બાળકોમાં નવું નવું કરવાની વૃત્તિ વધુ જોવા મળે છે.

**15.3.3 પ્રતિભાશાળી બાળકોના લક્ષણો**

- પ્રતિભાશાળી બાળકો શારીરિક રીતે તંદુરસ્ત અને આકર્ષક હોય છે.
- શૈક્ષણિક વિકાસમાં અન્ય કરતાં ચડિયાતાં હોય છે.
- પ્રતિભાશાળી બાળકો ઉચ્ચ ગુણો ધરાવે છે.
- તેમની ગ્રહણશીલતા સામાન્ય બાળકો કરતાં ખૂબ ઊંચા પ્રકારની હોય છે.
- તેમની નિર્ણયશક્તિ અને વિવેકશક્તિ ઉચ્ચકક્ષાની હોય છે.
- તેમનામાં તર્કશક્તિ, સામાન્યીકરણશક્તિ, સંયોજન શક્તિ ઉચ્ચ પ્રકારની હોય છે.
- તેઓ અન્ય બાળકો કરતાં વધુ સંવેદનશીલ હોય છે.
- સાંવેગિક રીતે સારું અનુકૂલન ધરાવે છે.

- તેઓ સામાજિક રીતે સ્વીકૃત હોય છે.
- તેમનામાં નેતાગીરીની અપવાદરૂપશક્તિ જોવા મળે છે.
- તેઓ અન્ય સાથે ઝડપથી સંબંધો બાંધી શકે છે.
- તેઓ પોતાની આંતરસૂઝથી સમસ્યાઓ ઉકેલી શકે છે.
- તેઓ સર્જનશીલ અને મૌલિક હોય છે.
- કઠિન ખ્યાલોના અર્થ ઝડપથી ગ્રહણ કરે છે.
- વિશ્વના પ્રશ્નોમાં અપવાદરૂપ રસ ધરાવે છે.
- તેઓ સર્જનાત્મક ચિંતન અને અમૂર્ત તર્ક કરવામાં શ્રેષ્ઠ હોય છે.
- તેમનામાં સારી એવી રમૂજ શક્તિ હોય છે. તેઓ મુક્ત અને પ્રસન્ન હોય છે. તેમનું વ્યક્તિત્વ હંમેશા નીરખી ઊઠે છે.
- આવા બાળકો સમાજમાં અન્ય બાળકો સાથે વધુ સમાયોજન ધરાવે છે.
- તેઓ પોતાની સમસ્યાઓ જાતે ઉકેલી શકે છે.
- તેઓ ચોકસાઈપૂર્વક અને ચીવટથી કામ કરે છે.
- આવા બાળકો ગણિતશાસ્ત્રમાં વધુ રસ ધરાવે છે તેઓ સર્જનશીલ હોય છે.
- તેમનામાં તીવ્ર જીજ્ઞાસા, નવું જાણવાની વૃત્તિવાળા, ખોજ કરવાની શક્તિવાળા, તીક્ષ્ણ સ્મૃતિ ધરાવે છે.
- તેઓ સામાન્ય કે સરાસરી બાળક કરતાં તે વધુ સુખી, આનંદી અને પ્રફુલિત રહે છે.
- તેઓ અનેક બાબતોમાં કુતૂહલ ધરાવે છે.
- તેઓ વિશ્વાસ મૂકવાં યોગ્ય, ફરજનિષ્ઠ, શાંત, સ્થિર, વાસ્તવવાદી અને પ્રમાણિક હોય છે.
- તેઓમાં અસ્વીકૃતિ વિશેષ હોય છે.
- તેઓની વર્ગમાં હાજરીની નિયમિતતા વધુ હોય છે.
- તેઓ બુદ્ધિપૂર્વકનો સંયમ ધરાવી શકે છે.

### 15.3.4 પ્રતિભાશાળી બાળકોની સમસ્યાઓ

પ્રતિભાશાળી બાળકોની એક મુખ્ય સમસ્યા હોય તો તે છે નિમ્ન સિદ્ધિની સમસ્યા. તેઓ પોતાનું નીચું પરિણામ સહન કરી શકતા નથી. તેઓને એવો ડર રહે છે કે બધા જ વિષયોમાં પોતે ઊંચી સિદ્ધિ પ્રાપ્ત કરશે તો વિદ્યાર્થી જૂથથી પોતે જુદો પડી જશે. સતત આવા ડરને કારણે ક્યારેક અમુક વિષયમાં તેની સિદ્ધિ નબળી પડતી જાય છે. આવા બાળકોની જિજ્ઞાસા ન સંતોષાય ત્યારે ઉગ્ર બને છે. પોતાની જિજ્ઞાસા સંતોષવા ઘણાવાર સમસ્યા પેદા કરે છે.

- પ્રતિભાશાળી બાળક એક વિષયમાં વધુ પડતું તેજસ્વી હોય ત્યારે તેના માતા-પિતા ભારે સંઘર્ષ અનુભવે છે.
- પોતાનું બાળક વિરુદ્ધ જાતિ સાથે સંબંધિત કૌશલ્યોમાં વધુ રસ લે ત્યારે માતા-પિતા ભારે સંઘર્ષ અનુભવે છે.
- પોતાનું બાળક અમુક વખતે ઘરમાં પ્રશ્નો પૂછે છે ત્યારે મા-બાપ પ્રશ્નોના ઉત્તર અંગે સમસ્યા અનુભવે છે. દા.ત. મારે મોટા વ્યક્તિઓની વાતમાં રસ કેમ ન લેવો ?
- પ્રતિભાશાળી બાળકો વહેલાં સૂતા નથી, નિષ્ક્રિય રહેતાં નથી, સ્થિર બેસતાં નથી.
- પ્રતિભાશાળી બાળકના ભાઈ-બહેનો પણ કેટલીક સમસ્યા અનુભવે છે. પ્રતિભાશાળી બાળકનું

ધ્યાન તેના ભાઈ-બહેનની સરખામણીમાં વિશેષ ધ્યાન અપાય છે. તેને વધુ પ્રેમ અને વખાણ મળે છે ત્યારે અન્ય ભાઈ-બહેનો પર તેની નકારાત્મક અસર પડે છે.

- પ્રતિભાશાળી બાળકોની ગ્રહણશીલતા વધુ હોય છે. આ ઉપરાંત જીજ્ઞાસુ હોય છે. તેમની નિર્ણયશક્તિ ઉચ્ચ પ્રકારની હોય છે તેથી વર્ગખંડમાં શિક્ષકના પ્રશ્નોના ઉત્તર તરત જ આપે છે. આ ઉપરાંત જિજ્ઞાસાવૃત્તિને લીધે શિક્ષક પાસેથી વધુ માહિતી મેળવવા વારંવાર પ્રશ્નો કરે છે જો શિક્ષક અભ્યાસુ ન હોય તો ઉત્તર આપવામાં મુશ્કેલી અનુભવે છે.

### 15.3.5 પ્રતિભાશાળી બાળકોની શૈક્ષણિક જોગવાઈ

અમેરિકા જેવા વિકસિત દેશોમાં પ્રતિભાશાળી બાળકો માટે અલાયદી શાળાઓ અને અલગ વર્ગોની જોગવી રાખવામાં આવે છે. આવી શાળામાં કામ કરનાર કર્મચારીઓ પણ ખાસ પ્રકારની તાલીમ પામેલા હોય છે. શાળામાં દાખલ થવા સાથે જ આવા બાળકોને વિશિષ્ટ શિક્ષણ પદ્ધતિથી શીખવાડાય છે.

**(1) શૈક્ષણિક પ્રવેગ (Educational Acceleration)**

શૈક્ષણિક પ્રવેગ એટલે નિયત અભ્યાસક્રમ નાની વયે, ઓછા સમયમાં પૂર્ણ કરી ઝડપથી પ્રગતિ કરવાની છૂટ

ઉદા. (1) એક સાથે બે ધોરણ પાસ કરવા.

(2) શ્રેણીવિહીન વર્ગોમાં ભણાવવા

(3) ગ્રીષ્મવર્ગો વડે શૈક્ષણિક વર્ષ લંબાવવુ

(4) પત્રાચાર અભ્યાસક્રમો ચલાવવા

**(2) શૈક્ષણિક સમૃદ્ધિકરણ (Educational Enrichment)**

સામાન્ય વર્ગોમાં ઊંડાણભર્યા અભ્યાસક્રમ દ્વારા ધોરણ કરતાં કક્ષાનો પાઠ્યક્રમ આપીને બાળકની બૌદ્ધિક કુશળતાના વિકાસ માટે વધારાના અધ્યયન અનુભવો પ્રવૃત્તિઓ આપવાની પ્રવિધિ એટલે શૈક્ષણિક સમૃદ્ધિકરણ

**(3) વિશિષ્ટ શાળાઓ અને વર્ગો**

વિદ્યાર્થીઓની અભિયોગ્યતા અને અભિરુચિઓની સમાનતાને આધારે વિશિષ્ટ વર્ગો, વિશિષ્ટ શાળાઓ, ઊભી કરાય, જેમાં સમૃદ્ધ અને વૈવિધ્યપૂર્ણ અભ્યાસક્રમ હોય, પ્રતિભાશાળી બાળકોને ભણાવવાની ખાસ તાલીમ પામેલાં શિક્ષક હોય જેને કારણે ઉચ્ચ માનસિક શક્તિઓ ધરાવતું બાળક નાની વયે ઝડપી પ્રગતિ સાધી શકે છે.

પ્રતિભાશાળી બાળકોનું સમાજમાં પ્રમાણ 3 થી 5 ટકા, સાધારણ કક્ષાના બાળકોનું પ્રમાણ 68% અભ્યાસમાં મંદ બાળકોનું પ્રમાણ 10 થી 12% અને મંદબુદ્ધિવાળા બાળકોનું પ્રમાણ 12 થી 15% જોવા મળે છે. ભારત જેવા વિકાસશીલ અને વિપુલ વસતી ધરાવતા દેશમાં અલગ શાળા હમણાં શક્ય નથી પરંતુ શાળામાં જ ખાસ જોગવાઈ દ્વારા તેમની જિજ્ઞાસા સંતોષવા માટેના પ્રયત્નો કરવા જોઈએ. તેમ પીટર રૉલેન્ડના અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે.

### 15.3.5.1 પ્રતિભાશાળી બાળકોને શિક્ષણ અને માર્ગદર્શન :

- પ્રતિભાશાળી બાળકોને અલગ વર્ગ બનાવીને શિક્ષણ આપવાની વ્યવસ્થા કરવી.
- પ્રતિભાશાળી બાળકો માટે વિશિષ્ટ વાચન સામગ્રી પસંદી કરીને તેમને અભ્યાસક્રમમાં મદદરૂપ થવું.
- પ્રતિભાશાળી બાળકોને સઘન શૈક્ષણિક અનુભવો પૂરા પાડી તેમની જ્ઞાનની ભૂખ સંતોષવી.
- પ્રતિભાશાળી બાળકોને સામાન્ય વિદ્યાર્થીઓ માટેના બઢતીના નિયમો લાગુ પાડવાની સમકાલીન પદ્ધતિને કારણે આવા બાળકોના 50% સમયનો વ્યય થાય છે. આ વ્યય અટકાવવા માટે જો

વિદ્યાર્થી નિયત કરેલો અભ્યાસક્રમ જેટલા સમયમાં પૂરો કરે તેટલા સમયમાં અંતે ઉપલા ધોરણમાં જવા દેવો જેથી વિદ્યાર્થીનો કંટાળો દૂર કરી શકાય અને પ્રેરણા પણ મળે.

- પ્રતિભાશાળી બાળકોને તેમના મનપસંદ તેમજ રસ-રુચિ વલણ અને અભિયોગ્યતાઓને ધ્યાનમાં રાખીને અભ્યાસક્રમના વિષયો પસંદ કરવાની છૂટ આપવી જોઇએ.
- પ્રતિભાશાળી બાળકોને તેમની સિદ્ધિ માટે જાહેરમાં બિરદાવવા જોઇએ.
- પ્રતિભાશાળી બાળકોને પ્રયોગાત્મક, રચનાત્મક કાર્ય અને શોધકાર્યમાં પ્રોત્સાહન અને માર્ગદર્શન પૂરું પાડવું જોઇએ.
- પ્રતિભાશાળી બાળકોને કરેલ પ્રગતિનો સંપૂર્ણ અહેવાલ આલેખ દર્શાવતું સંગ્રહિત પ્રગતિપત્રક તૈયાર કરી વાલી સંપર્ક કરી. તેમને બાળકની વિશિષ્ટતા જણાવીને તેમના અભ્યાસ અંગે યોગ્ય માર્ગદર્શન પૂરું પાડવું જોઇએ.
- તેજસ્વી વિદ્યાર્થીઓને જૂથમાં અથવા વ્યક્તિગત રીતે વૈજ્ઞાનિક સંશોધન રચનાત્મક લખાણ કે સામાજિક સંશોધન સંબંધી કાર્ય સોંપવા.
- તેજસ્વી બાળકોના વાલી સાથે સતત સંપર્ક રાખી તેમને માર્ગદર્શન આપવું.
- તેજસ્વી બાળકોની રસ રુચિ મુજબ વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવું.
- તેજસ્વી બાળકો સામાન્ય વિદ્યાર્થીઓ સાથે જ શિક્ષણ મેળવે પરંતુ તેમને ગમતી પ્રવૃત્તિ માટે અઠવાડિયામાં અમુક દિવસે તે પ્રવૃત્તિ કરવા માટે મુક્તિ આપવી.
- પ્રતિભાશાળી બાળકો માટે પૂરતા પ્રમાણમાં સાધન સામગ્રી તેમજ સમૃદ્ધ પુસ્તકાલય, દશ્ય-શ્રાવ્ય સાધનો, વિશ્વકોશ, મનોવૈજ્ઞાનિક કસોટીઓ, એનસાયક્લોપીડિયા તેમજ સમૃદ્ધ પ્રયોગશાળાની વ્યવસ્થા કરવી.
- તેજસ્વી બાળકોની જિજ્ઞાસા સંતોષાય તે માટે શાળાના શિક્ષકોએ સંતોષકારક જવાબ આપવા. તેમના પ્રત્યે પ્રેમ, સ્નેહ અને હૂંફ તેમજ પ્રોત્સાહન આપવું.
- પ્રતિભાશાળી બાળકોની જિજ્ઞાસા સંતોષવા તેમજ અન્ય બાળકોને પ્રોત્સાહીત કરવા વિવિધ પ્રયોગશાળા પુસ્તકાલય, વિજ્ઞાનમેળો, ચિત્ર-પ્રદર્શનની મુલાકાતો ગોઠવવી.
- પ્રતિભાશાળી તેમજ સામાન્ય બાળકો માટે પ્રવાસ, પર્યટન તેમજ મુલાકાતોનું આયોજન કરવું.
- પ્રતિભાશાળી બાળકો માટે વધારાના વર્ગોનું શૈક્ષણિક આયોજન કરવું.

## 15.4 સારાંશ

શાળામાં વિવિધ ધર્મ અને કોમના બાળકો અભ્યાસ કરતા હોય છે. દરેક બાળકની શારીરિક, માનસિક ક્ષમતાઓ જુદી જુદી હોય છે. કેટલાંક બાળકો સામાન્ય કરતા ભિન્ન હોય છે. તેમના વર્તનમાં કાર્ય દર્શાવવાની પદ્ધતિમાં ફેરફાર હોય છે. તેમનામાં રસ, રુચિ અને વલણમાં તફાવત જોવા મળે છે. તેમની યાદશક્તિ તેજ હોય છે. તેમના માટે શિક્ષણની જોગવાઈઓ અને અલગ રીતે કરવી જોઈએ. અહીં પ્રતિભાશાળી બાળકોના લક્ષણો તેના પ્રકાર તેમજ પ્રતિભાળી બાળકોની સમસ્યાઓ અંગે ચર્ચા કરેલ છે. તેમજ પ્રતિભાશાળી બાળકોની શૈક્ષણિક જોગવાઈઓ વિશે ચર્ચા કરેલ છે. તેમના માટે શૈક્ષણિક માર્ગદર્શન અંગે સમજૂતી આપેલ છે.

## 15.5 તમારી પ્રગતિ ચકાસો

**1. પ્રતિભાશાળી બાળકોની સંકલ્પના સમજાવો.**

....................................................................

....................................................................

....................................................................

....................................................................

.................................................................

.................................................................

**2. પ્રતિભાશાળી બાળકોના પ્રકારો જણાવો.**

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

**3. પ્રતિભાશાળી બાળકોના લક્ષણો જણાવો.**

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

**4. પ્રતિભાશાળી બાળકો માટેની શૈક્ષણિક જોગવાઈઓ જણાવો.**

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

## 15.6 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

1. પાના નં. 31 જુઓ
2. પાના નં. 32 જુઓ
3. પાના નં. 33 જુઓ
4. પાના નં. 34 જુઓ